

# શ્રી ઉવસગ્ગહર સ્તોત્ર

જૈનવિદ્યાની પારંગત (એમ.એ.)ની પદવી માટેના

અભ્યાસક્રમના ભાગરૂપે પ્રસ્તુત કરવામાં

આવેલ શોધ નિબંધ

# શ્રી ઉવસગ્ગહર સ્તોત્ર : એક અધ્યયન


માર્ગદર્શક

ડૉ. પૂર્ણિમાબહેન મહેતા

શોધકર્તા

બીનાબેન શાહ



આંતરરાષ્ટ્રીય જૈનવિદ્યા અધ્યયન કેન્દ્ર

મહાદેવ દેસાઈ સમાજસેવા મહાવિદ્યાલય,

ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ-૩૮૦ ૦૧૪

વર્ષ : ૨૦૧૨- ૨૦૧૩

## અનુક્રમણિકા


| પ્રકરણ | વિગત | પૃષ્ઠ નં. |
|---|---|---|
| ** | ઋણ સ્વીકાર | 3 |
| ** | પ્રસ્તાવના | ૫ |
| ૧ | ભારતીય પરંપરામાં સ્તોત્ર સાહિત્ય | ૭ |
| ૨ | જિનભક્તિ | ૨૨ |
| 3 | રચયિતા શ્રી ભદ્રબાહુ સ્વામીનું જીવન અને કવન | ૨૬ |
| ૪ | શ્રી ઉવસગ્ગહર સ્તોત્રની ઉત્પત્તિ | 3૪ |
| ૫ | શ્રી ઉવસગ્ગહર સ્તોત્રનો પરિચય અને વિશેષતા | 3૯ |
| ૬ | પુરુષાદાનીય શ્રી પાર્શ્વનાથ ભગાવન અને અધિષ્ઠાયક દેવો | ૫૯ |
| ૭ | શ્રી ઉવસગ્ગહરસ્તોત્ર મૂળ પાંચ ગાથા વિવરણ | ૭૧ |
| ૮ | શ્રી ઉવસગ્ગહર સ્તોત્રમાં મંત્ર - યંત્રની ગૂંથણી | ૧૦૦ |
| ૯ | શ્રી ઉવસગ્ગહર સ્તોત્રના વિશેષ પાઠવાળા સ્તોત્ર | ૧3૦ |
| ૧૦ | શ્રી ઉવસગ્ગહર સ્તોત્રનો પ્રભાવ દર્શાવતું કથાનક વૃતાંત | ૧૫૦ |
| ૧૧ | શ્રી ઉવસગ્ગહર પાર્શ્વ તીર્થ | ૧૬૦ |
| ૧૨ | શ્રી ઉવસગ્ગહર સ્તોત્ર 'આરાધના વિધિ' | ૧૬૮ |
| ૧3 | ચક્રોમાં શ્રી ઉવસગ્ગહર સ્તોત્ર ગણવાની પ્રક્રિયા | ૧૭૨ |
| ૧૪ | શ્રી ઉવસગ્ગહર સ્તોત્રનું વૈજ્ઞાનિક રહસ્ય | ૧૭૬ |
| ૧૫ | ઉપસંહાર | ૧૭૮ |
| ** | સંદર્ભ ગ્રંથસૂચિ | ૧૮૦ |

# ઋણસ્વીકાર

કોઈપણ વ્યક્તિ એકલી સરળતાથી કોઈપણ કામ પાર કરી શકતી નથી. અન્ય વ્યક્તિની મદદથી જ દરેક કાર્ય સરળતાથી અને સારી રીતે પૂર્ણ કરી શકાય છે.

મારો શોધનિબંધ પૂર્ણ કરવામાં ઘણી વ્યક્તિઓનો સહકાર પ્રાપ્ત થયો, તે સર્વેની હું ઋણી છું. જૈન અધ્યયન કેન્દ્રના અધ્યાપક ડૉ. શોભનાબહેન આર. શાહ જેમણે મને એક સુંદર પુસ્તક 'ઉવસગ્ગહર સ્તોત્ર - એક અધ્યયન' આપ્યું, જે મારા માટે ખુબજ ઉપયોગી રહ્યું તે બદલ હું તેમનો આભાર વ્યક્ત કરું છું. શ્રી વિજયભાઈ સાહેબ જેમણે આ સ્તોત્રના પુસ્તકો અંગેની માહિતી પૂરી પાડી તે માટે તેમની હું આભારી છું.

મારી મિત્ર પારૂલ, જે દરેક કાર્યમાં મારી સાથે રહી મને જે સાથ સહકાર આપ્યો તે બદલ હું તેની આભારી છું. સાધ્વીશ્રી માલિનીયશા મ. સા.ના સહકાર બદલ તેમની ઋણી છું.

આ સિવાય જરૂરી પુસ્તકો પૂરા પાડવા બદલ જૈનઅધ્યયન કેન્દ્ર પુસ્તકાલય, ગૂજરાત વિદ્યાપીઠ પુસ્તકાલય, ગીતાર્થગંગા જ્ઞાનમંદિર - પાલડી, કૈલાસસાગરસૂરિશ્વરજી જ્ઞાનમંદિર - કોબા અને પાલડી, શ્રી નેમિસૂરિ સ્વાધ્યાય મંદિર - પાલડી, લાલભાઈ દલપતભાઈ વિદ્યાલય વગેરે ગ્રંથાલય દ્વારા મને જે સહકાર મળ્યો તે બદલ તેમનો હું આભાર વ્યક્ત કરું છું.

પરિવારજનોની પ્રેરણા અને સહકાર વગર તો કોઈ કાર્ય પૂર્ણ થઈ શકતું નથી. જે માટે મારા સસરાશ્રી પૂજ્ય ભોગીભાઈએ આ કાર્યમાં ખૂબજ સાથ સહકાર આપ્યો તે બદલ હું તેમની આભારી છું.

મારા પતિ શ્રી વિરેન્દ્ર કે જેમણે દરેક કાર્યમાં મને સહકાર આપ્યો તે બદલ હું તેમની આજીવન ઋણી રહીશ. મારા બંને પુત્રો - બીરજુ તથા કવિત તેમની ધર્મપત્ની હિરલ તથા કેયુલના સહકાર બદલ તેમની પણ આભારી છું.

આ સિવાય મારા સહાધ્યાયી મિત્રોના સહકાર બદલ તેમની આભારી છું.

આ શોધનિબંધમાં પ્રશસ્ત લાગે તેવું જે કંઈ વિવેચન છે તે મારી અલ્પ સમજ અને વિષય પ્રત્યેનું મારું વિસ્તૃત ચિંતન - મનન અને દોહન છે. જે ક્ષતિઓ છે તે મારી અલ્પબુદ્ધિની સમજને લીધે છે. તે માટે ક્ષમા ચાહું છું.

# પ્રસ્તાવના

જન્મે જૈન હોવા છતાં મારી પાસે જૈનધર્મ વિશેનું જ્ઞાન ખૂબ જ ઓછું હતું. સમય અને જવાબદારીઓના કારણે મહારાજ સાહેબના વ્યાખ્યાનોમાં પણ જઈ શકતી ન હતી. મને અંદરથી સતત દુ:ખ થયા કરતું કે હું જૈન હોવા છતાં, મારા પોતાના ધર્મ વિશે ઊંડાણથી કાંઈ જ જાણતી નથી.

જ્યારે મને મંજુબેન અને રજનીભાઈ મારફતે ખબર પડી કે ગૂજરાત વિદ્યાપીઠમાં જૈન આંતરરાષ્ટ્રીય અધ્યયન કેન્દ્રમાં **'જૈનવિદ્યા'** નામનું કેન્દ્ર છે. અને ત્યાં જૈનધર્મનું ઊંડાણપૂર્વક જ્ઞાન મળે છે. મેં તરત જ પ્રમાણપત્ર અભ્યાસક્રમ શરૂ કર્યો. જેમ જેમ ભણતી ગઈ તેમ તેમ ઊંડાણમાં ઉતરતી ગઈ. મને અંદરથી એક આનંદ આવવા લાગ્યો, કે જાણે કેટલાયે સમયની અંદર રહી ગયેલી મારી ઈચ્છાઓ પરિપૂર્ણ થાય છે. મારી જીવન પ્રત્યેની દ્રષ્ટિ જ બદલાઈ ગઈ. મને લાગ્યું કે જાણે મને જૈનદર્શન રૂપી અગાધ સાગર મળી ગયો છે. તેમાંથી ખોબો ભરીને જ્ઞાન મળવા લાગ્યું. મારી જિજ્ઞાસાઓએ મને પૂરી વિદ્યાર્થીની બનાવી દીધી. જૈનધર્મના આચાર - વિચારો હૃદયમાં ઉતરતા ગયા. પ્રમાણપત્ર અભ્યાસક્રમ સમાપ્ત કર્યા બાદ પારંગત વર્ષ-૧ માં અભ્યાસ શરૂ કર્યો. તેમાં પાસ થયા બાદ પારંગત વર્ષ-૨ શરૂ કર્યું. આ બધા સમય દરમ્યાન ડૉ. પૂર્ણિમાબેન મહેતાનું મને સુંદર માર્ગદર્શન મળતું રહ્યું. તેમનો હંમેશા હસતો ચહેરો, વિદ્યાર્થીઓને હંમેશા કાંઈક નવું શીખવવાની તમન્ના, સૌમ્ય સ્વભાવ અને મૃદુ વાણી મારા માટે પ્રેરણારૂપ બન્યા.

જ્યારે પારંગત વર્ષ-૨માં શોધનિબંધનો વિષય પસંદ કરવાનો હતો ત્યારે મેં તેમને ઉવસગ્ગહર સ્તોત્ર પર લખવાની ઈચ્છા દર્શાવી. તેઓ ખૂબજ ખુશ થઈ ગયા અને મને આ વિષય પર લખવા પૂરતું પ્રોત્સાહન આપ્યું.

આ ઉવસગ્ગહર સ્તોત્ર અંતિમ શ્રુતકેવળી ચૌદપૂર્વધર શ્રી ભદ્રબાહુ સ્વામીની રચના છે. અને તેમાં પ્રભુ પાર્શ્વનાથની સ્તવના છે. બંને ઉચ્ચકોટિના હોય ત્યાં તેની પ્રભાવક્તા સમજી શકાય છે.

આ સ્તોત્રના પઠનથી ઈહલૌકિક અને પરલૌકિક બંને લાભ થાય છે. તે મુમુક્ષુના ઉપસર્ગો દૂર કરી, તેને મોક્ષ માર્ગ સુધી પહોંચવાની દરેક અનુકૂળતાઓ પૂરી પાડે છે. અને સાધકને અજરામર પદ પ્રાપ્ત કરાવે છે. આજના યુગમાં પણ તેનો પ્રભાવ તેટલો જ જોવા મળે છે.

માતાશ્રી સ્વ. કંચનબેન અને પિતાશ્રી પનાલાલ ખૂબ જ ધાર્મિક વૃત્તિના છે. પિતા પનાલાલ તો પદ્માવતી દેવીના આરાધક છે. તેમના તરફથી મને નાનપણથી જ આ સ્તોત્ર ગણવાની પ્રેરણા મળી. પૂ. મોટાબેન સ્વ. ઊર્મિલાબેન તથા હંસાબેન પણ જૈન ધર્મના ઊંડા અભ્યાસી છે. તેઓ તરફથી પણ મને અવારનવાર માર્ગદર્શન મળતું રહ્યું છે. નાનાભાઈ જીગેશ, રાજેશ તેમજ બેન હર્ષના, અમે સૌ જ્યારે પણ કાંઈ મુશ્કેલી આવે ત્યારે ઉવસગ્ગહર સ્તોત્રનો ૨૭ વાર પાઠ કરતા અને જાણે કોઈ ચમત્કાર થતો હોય તેમ બધી મુશ્કેલી દૂર થતી. ધીમે ધીમે આ સ્તોત્ર પર શ્રધ્ધા દ્રઢ થતી ગઈ. આ સ્તોત્ર અંગે ઊંડી જાણકારી મળી રહે તે માટે જ આ વિષય નિબંધ માટે પસંદ કર્યો.

# ૧. ભારતીય પરંપરામાં સ્તોત્ર સાહિત્ય

પ્રાચીન ભારતની મુખ્ય બે પરંપરાઓ રહી છે.




વ્યક્તિના આત્માના વિકાસ માટે, આધ્યાત્મિક અનુભૂતિની પ્રાપ્તિ માટે અને સામાન્ય કક્ષાનો સાધક પણ પોતાને મળેલ આ મનુષ્ય જીવનને સફળ બનાવી શકે તે માટે ધર્મની મુખ્યત્વે ત્રણ ધારાઓ પ્રચલિત છે.

૧ જ્ઞાન માર્ગ
૨ ક્રિયા માર્ગ
3 ભક્તિ માર્ગ

આમાંથી કોઈપણ એક માર્ગનો આધાર લઈ વ્યક્તિ પોતાનો વિકાસ સાધી શકે છે.

જ્ઞાન માર્ગ : કર્મ-અકર્મથી પરિચિત કરાવી શાશ્વત લક્ષ્યનો બોધ કરાવે છે.

ક્રિયા માર્ગ : તે લક્ષ્ય પ્રાપ્તિ સુધી પહોંચાડવામાં મદદ કરે છે.

ભક્તિ માર્ગ : દ્વારા તે લક્ષ્યને પ્રાપ્ત કરી શકાય છે.

આમ, આ ત્રણેયનો સમન્વય સાધકને તેનો લક્ષ્ય પ્રાપ્ત કરાવે છે.

બુદ્ધિશાળી વર્ગ જ્ઞાનમાર્ગે ચાલીને જ્ઞાનની ઉપાસના કરતાં કરતાં પોતાની ધ્યેયપ્રાપ્તિ તરફ આગળ વધતો રહે છે. પરંતુ તે માર્ગમાં એક ભયસ્થાન છે અને તે છે **'અહંકાર'**. ગમે તેવો પ્રચંડ બુદ્ધિશાળી કે પ્રકાંડ સાધક હોય તો પણ તેનામાં જો જ્ઞાનનો અહંકાર આવી જાય તો, તે સાધકને તેના માર્ગથી ચલિત કર્યા વિના ન રહે.

જીવન વિકાસની બીજી ધારા તે ક્રિયામાર્ગ છે. જે માર્ગ પર સાધક ધર્મક્રિયા, સેવા કે આરાધના નિષ્કામ ભાવે કરતો રહે. પરંતુ આ માર્ગમાં પણ એક ભયસ્થાન છે અને તે છે **'પરિણામની અપેક્ષા'**.

જ્ઞાનમાર્ગે અને ક્રિયામાર્ગે આગળ વધતો સાધક જો અહમ અને આસક્તિમાં અટવાઈ જાય તો તે અશાંતિ, ઉદ્વેગ, સંઘર્ષ તથા કલેશથી ઘેરાઈ જાય છે.

ત્રીજો માર્ગ ભક્તિ માર્ગ છે, જે સાચો અને સરળ હોવાથી ત્યાં કોઈ ભયસ્થાન નથી. ઉત્કૃષ્ટ ભાવથી કરેલ ભક્તિ અહંકારને દૂર કરે છે અને આસક્તિઓને તોડી નાખે છે. ભક્તિ સાધકને નમ્ર અને વિવેકી બનાવે છે અને દેવ-ગુરુની સમીપ લઈ જાય છે.

પ્રભુભક્તિથી આત્મા જેમ જેમ આનંદ પામે છે તેમ તેમ આત્મા પર લાગેલા કર્મના આવરણો નષ્ટ થતાં જાય છે. તેવી જ રીતે ભક્તિભાવ પૂર્વક સ્તોત્રનું પઠન કરતાં કરતાં કર્મની નિર્જરા થાય છે અને મોક્ષાભિમુખ થવાય છે.

## ❖ સ્તોત્રોનો ઉદ્દભવ

મનુષ્ય જન્મ પામેલ 'માનવ' અનેક સંકટોથી અનેકવાર ઘેરાય છે. આવા સંકટના સમયે તે ઘણીવાર દુઃખી થઈને સંકટમાંથી બહાર નીકળવા માટે સહાયતાની શોધ કરે છે, તો ક્યારેક કંઈક વિશેષ જ્ઞાનની પ્રાપ્તિ માટે પ્રયત્ન કરે છે. આવી સ્થિતિમાં સુખની

આકાંક્ષા, કૃપાની કામના, અપેક્ષાની પ્રાર્થના અને ઉપેક્ષિતની અવગણનાને માટે ઈષ્ટ કે સહાયકને યાદ કરતા જે હૃદયના ઉદ્દગારો નીકળે છે તે પરમાત્માની સ્તુતિ કે સ્તોત્ર બની જાય છે. આવી રીતે અંતઃસ્થલમાંથી નીકળતા શબ્દો જ સ્તુતિ સ્તોત્રનું ઉદ્દગમસ્થાન છે.

માતાના હૃદય સાથે બાળકના હૃદયતારનું અનુસંધાન હોય છે. બાળકના સમગ્ર અસ્તિત્વ અને શ્રધ્ધાના કેન્દ્રમાં 'મા' જ હોય છે. 'મા' જ મારું રક્ષણ કરે છે, પોષણ કરે છે, મારી મુશ્કેલી, બિમારીમાં મદદરૂપ છે, મારા શરણરૂપ છે તેવી અતૂટ શ્રધ્ધા બાળકના મનમાં હોય છે. જ્યારે તે 'મા' ને યાદ કરે છે, પોકારે છે ત્યારે તેના રોમેરોમમાંથી 'મા' નો પોકારનાદ ગૂંજવા લાગે છે. બાળકની જેમ સાધકના શ્રધ્ધાના કેન્દ્રસ્થાને પરમાત્મા છે. જ્યારે તે પરમાત્માને પોકારે છે ત્યારે તે પોકારના શબ્દો સ્તોત્ર રૂપે બહાર આવે છે.

તાત્પર્ય કે સૃષ્ટિના જડ અને ચેતન દરેક પદાર્થમાં એક યા બીજા પ્રકારે પરમાત્માની સ્તુતિ - સ્તવના થતી હોવાનો આભાસ મળે છે. પછી તે શાબ્દિક હોય કે અશાબ્દિક. આ પ્રભુની અપરંપાર કૃપાનો જ પ્રભાવ છે કે જેના પરિણામે દરેકમાં સ્પંદનો જાગતા જોવા મળે છે અને એ સ્પંદનો પ્રભુની સ્તવના - સ્તુતિ - સ્તોત્ર સ્વરૂપના હોય છે.

ચિત્ત પ્રભુમય બને, પરમાત્મામાં તન્મય અને તલ્લીન બને, ચિત્ત પ્રભુમાં વિલીન થાય ત્યારે અંદરથી એક ધ્વનિ ઉત્પન્ન થાય છે. તે ધ્વનિ સાથે નાભિનો નાદ મળે, નાદ, સાદ બને અને સાદ શબ્દ બની સ્તુતિ રૂપે પરિણમે છે. શબ્દના સહારે હૃદયના સ્પંદનો બહાર સરી જાય છે અને હૃદયમાં ઉભરાયેલી ભક્તિ સ્તોત્ર બની શબ્દ રૂપે બહાર વહે છે.

વહેલી સવારનું ખુશનુમા વાતાવરણ તન અને મનને તાજગી આપે છે. સમુદ્રનો નિર્દંભ ધ્વનિ આંતરધ્વનિને ઝંકારે છે. વરસાદ વરસી ગયા પછીનું નિરભ્ર આકાશ મનને પ્રસન્નતાથી ભરી દે છે તેમ પ્રભુની સ્તવના - સ્તોત્ર તન, મનને અપૂર્વ શાંતિ અને પ્રસન્નતાથી ભરી દે છે.

સ્તોત્ર વિષે એટલું ચોક્કસ કહી શકાય છે કે આ જગતમાં ભાગ્યે જ કોઈ એવો દેશ હશે જેનાં સાહિત્યમાં અલ્પાંશે પણ સ્તુતિ-સ્તોત્રને સ્થાન ન મળ્યું હોય. તેમાં પણ ખાસ કરીને ભારતની પવિત્રભૂમિ ઉપર ઊગેલા ધર્મવૃક્ષોનું સ્તોત્રરૂપી સરિતામાંથી વહેતા ભક્તિરસથી સિંચન થયેલું વિશેષરૂપમાં જણાય છે.

પરમાત્માની કરુણા, વાત્સલ્ય અને પ્રેમસભર સ્વરૂપનું, તેમના ગુણોનું સતત સ્મરણ અને તે સ્મરણનું મહાત્મ્ય ઉઠે છે જે સ્તોત્ર કે સ્તુતિના રૂપે વહે છે. આ શબ્દો દ્વારા ભક્તનો પરમાત્મા પ્રત્યેનો અહોભાવ, આદરભાવ, સમર્પણભાવ પ્રકટ થાય છે. પરમાત્મા પ્રત્યેનો અહોભાવ ભક્તના અહમ્.ભાવને દૂર કરે છે અને ભક્તમાં બાળક જેવી સરળતા, નમ્રતા પ્રગટાવે છે અને આ સરળતા જ ધર્મનો પાયો છે. જેના સહારે આધ્યાત્મિક ઉન્નતિ શક્ય બને છે.

## ❖ સ્તોત્રની વ્યાખ્યા

વિશ્વના બધા જ ધર્મોનું ઉત્તમોત્તમ તથા પ્રાથમિક સાહિત્ય જે મળી આવે છે તે સ્તોત્રરૂપમાં પ્રાપ્ત થાય છે. વિવિધ ધર્મોના આવા સાહિત્યનું અવલોકન કરતાં જાણવા મળે છે કે, 'ઈષ્ટદેવ પ્રત્યે કૃતજ્ઞતા અથવા આત્મનિવેદનનું નામ જ સ્તોત્ર છે.'

'ષ્ટુઅ' ધાતુમાં 'ત્ર' પ્રત્યય લગાવવાથી સ્તોત્ર અને 'સ્તિન્તિ' પ્રત્યય હોવાથી સ્તુતિ શબ્દ બને છે. એનો અર્થ છે સ્તુતિ

અર્થાત્ 'સ્તોતવ્ય'. દેવતાના પ્રશસનીય ગુણોના સંબંધિત શબ્દો જ સ્તુતિ અથવા સ્તોત્ર કહેવાય છે.

મહાન દિગમ્બરાચાર્ય સ્તુતિવિદ્યાના રચિયતા શ્રી સમન્તભદ્રએ સ્તુતિ કરવાનો મુખ્ય હેતુ 'आगसां जये' અર્થાત અપરાધો પર વિજય પ્રાપ્ત કરવાનું કારણ માન્યું છે.

અગ્નિપુરાણમાં અલંકારોની શૃંખલામાં સ્તુતિને એક સ્વતંત્ર અલંકાર જ માન્યો છે. જ્યારે એ જ પ્રકારની વિષ્ણુસહસ્ત્રનામ અને લલિત સહસ્ત્રનામ વગેરેમાં તો દેવતાઓના નામ જ સ્તુતિ - સ્તોત્ર ગણાવ્યાં છે.

શ્રી બિપિનચંદ્ર ત્રિવેદી સ્તુતિ - સ્તોત્રની વ્યાખ્યા આપતા જણાવે છે કે, ''સ્તુતિનો અર્થ છે ગુણકીર્તન, સ્તુતિ એટલે પ્રશંસા - તેમાં આપણે જેની સ્તુતિ કરીએ છીએ તેના ગુણો અને મહિમાનું વર્ણન મુખ્ય હોય છે.''

આચાર્યશ્રી મહાપ્રજ્ઞ સ્તોત્રની વિભાવના આપતા કહે છે કે, 'અવરોધોને દૂર કરવાનું મોટું આલમ્બન બને છે તે - સ્તોત્ર'.

આચાર્યશ્રી પદ્મસાગરસૂરિ મહારાજ સાહેબ જણાવે છે કે, ''આપણા આરાધ્યદેવના સદ્‌ગુણોની છંદોબધ્ધ પ્રશંસા જ સ્તુતિ, સ્તવન કે સ્તોત્ર છે. સ્તોત્રથી ભાવો પવિત્ર થાય છે, જે સદ્‌ગુણોની પ્રશંસા કરવામાં આવે છે તેને પોતાના જીવનમાં અપનાવવાથી પરોક્ષરૂપી પ્રેરણા મળે છે. શ્રધ્ધાળુ શ્રધ્ધેય બનવા લાગે છે. આ જ કારણે પ્રાચીન કાળથી આધ્યાત્મિક જગતમાં સ્તુતિ - સ્તોત્રનું વિશિષ્ટ સ્થાન રહેલું છે.''

અન્ય વિદ્વાનો સ્તોત્રની વ્યાખ્યા આપતાં કહે છે કે, 'प्रतिगीतमंत्रसाध्य स्तोत्रम्, छन्दोबद्धस्वरूपं गुणकीर्तनं वा' અર્થાત્

પ્રત્યેક ગીતપદ્યમાં જે મંત્રવિચારણા પ્રસ્તુત થાય છે તે સ્તોત્ર છે અથવા છંદોબધ્ધ રૂપમાં જે ગુણકીર્તન કરવામાં આવે છે તે સ્તોત્ર છે.

આમ, વિવિધ ગ્રંથોમાં આચાર્યો, વિદ્વાનોના મત પ્રમાણે સ્તોત્રની વિભાવના આપવામાં આવી છે. એના આધારે એવું કહી શકાય કે સ્તુતિ - સ્તવન - સ્તોત્ર બધામાં ઈષ્ટદેવના વિદ્યમાન ગુણોનું યથાયોગ્ય રીતે વર્ણન, છંદોબધ્ધ રીતે કરવામાં આવે છે અને આવું વર્ણન સાધકને ઈષ્ટદેવમાં શ્રધ્ધાવાન બનાવે છે.

ગીતામાં પણ કહ્યું છે કે, 'यो यच्छ्रध्यः स एव सः' - જે જેના પર શ્રધ્ધા રાખે છે તે તેના જેવો જ બની જાય છે. ભક્તની પોતાના ઈષ્ટદેવ પ્રત્યેની શ્રધ્ધા જ તેને તેના જેવા બનાવી દે છે અને આજ કારણે આધ્યાત્મિક જગતમાં સ્તુતિ - સ્તોત્રનું વિશિષ્ટ મહત્વનું સ્થાન છે. સ્તોત્રની રચના મોટે ભાગે ભક્તકવિ કરે છે, તેથી તેમાં કાવ્યકલા, ભક્તિરસ અને શાંતિરસનાં દર્શન થાય છે.

### ❖ સ્તોત્રનું સ્વરૂપ

સ્તોત્રનું સ્વરૂપ એવું હોય છે કે જેમાં ભક્ત સ્તોત્રકારને ઈષ્ટદેવ પ્રત્યે અપાર શ્રધ્ધા હોય છે. તેમાં તર્કને કોઈ સ્થાન નથી હોતું. શ્રધ્ધા વગર સ્તોત્રની રચના શક્ય નથી. તેમાં શબ્દોના સાથિયા, ભાષાની ભભક કે આડંબરને સ્થાન નથી. ત્યાં ભાષા કરતા ભાવની અગત્યતા વધારે હોય છે.

સ્તોત્રો પ્રાકૃત કે સંસ્કૃત ભાષામાં રચાયેલાં હોય છે. સ્તુતિ એક કે બે પદ્યપ્રમાણ છે, સ્તવન પાંચ કે સાત પ્રદ્યપ્રમાણ છે. જ્યારે સ્તોત્રની પદ્યસંખ્યા આઠ - દસ પદ્યોથી શરૂ કરીને સો કે તેથી અધિક પદ્યોનું પણ હોય છે.

કોઈપણ સ્તોત્રની શરૂઆત મંગલાચરણથી જ કવિઓ કરતા હોય છે. ત્યારબાદ સ્તોત્રકાર ભક્તિભાવપૂર્વક પોતાના મનઃહૃદયમાં રહેલા ભાવોને શબ્દરૂપી સ્વરૂપ આપતા હોય છે. તે પોતાના ઈષ્ટદેવના સ્વરૂપ, ગુણગાન, રૂપ અને પ્રભાવનો મહિમા અનેક રીતે સ્તોત્રમાં વર્ણવે છે અને અંતમાં સ્તોત્ર દ્વારા મળતા ફળનું પણ વર્ણન કરે છે.

શ્રી બાણભટ્ટે રચેલ 'ચંડીશતક' અને તેમના જ સમકાલીન મહાન આચાર્ય શ્રી માનતુંગસૂરિ વિરચિત 'ભક્તામર સ્તોત્ર' - સંકટ સમયે રચાયેલા સ્તોત્રમાંનુ શ્રેષ્ઠત્તમ ઉદાહરણ છે.

મહાત્મા માનવી અન્યનું દુઃખ જોઈ ન શકે ત્યારે તેનું અંતર પ્રભુને પોકારે છે. અન્યના દુઃખ દૂર કરવા આજીજીના સ્વરમાં પ્રભુ પાસે અન્યના સુખ - સ્વાસ્થ્ય માંગે છે. તેવા સ્તોત્રની રચનામાં શ્રુતકેવલી શ્રી ભદ્રબાહુ સ્વામીનું 'ઉવસગ્ગહર સ્તોત્ર' ઉદાહરણરૂપ છે.

'पूजा कोटिसमं स्तोत्रम ।'

કરોડગણી પુજા બરોબર એક સ્તોત્ર થાય છે' તેવું પણ સમીકરણ છે.

સ્તોત્ર ભક્તિવાદ અને આત્મસમર્પણનું પ્રતિક છે.

## ❖ જૈન સ્તોત્ર સાહિત્ય

જૈન ધર્મમાં સ્તોત્રની રચના અનેક શાસ્ત્રકારો, આચાર્યો અને કવિઓએ કરી છે. અરિહંત પરમાત્માની ધર્મદેશના સમયે તેમણે આપેલી દેશનાને આધારે ગણધરોએ સ્તોત્રની રચના કરી. ત્યારબાદ થયેલા વિદ્વાનો, આચાર્યો અને શાસ્ત્રકારોએ પણ સ્તોત્રની રચના કરેલી જોવા મળે છે.

જૈન સાહિત્યમાં રચાયેલા સ્તોત્રમાં વૈવિધ્યતા જોવા મળે છે. આ વૈવિધ્યતા ભાષાની દ્રષ્ટિએ અર્થાત્ સ્તોત્રમાં ઉપયોગમાં લેવામાં આવેલા અંલકારો, છંદો, વિવિધ પ્રકારની સ્તુતિઓ, મંત્ર - તંત્ર - યંત્ર, યોગક, ભેષક, આદિ ભિન્ન પ્રકારના હોય છે.

જૈન સ્તોત્રમાં એક વિશેષતા એવી પણ જોવા મળે છે અને તે છે સ્તોત્રોમાં શૃંગારસનો સંપૂર્ણ અભાવ, કારણ પ્રભુ મોહ - માયાનાં બંધનોથી પર છે. તે સિવાય મહાભારત અને રામાયણ જેવા મહાકાવ્યોમાં વર્ણવવામાં આવતા હિંસાત્મક પદ્યોનો સંપૂર્ણ લોપ જોવા મળે છે. તેનું પ્રધાન કારણ, જૈન ધર્મના પાયાનો સિધ્ધાંત 'અહિંસા પરમો ધર્મ' છે. તિર્થંકર રાગદ્વેષથી રહિત છે તેથી વીર રસને પણ તેમાં સ્થાન નથી.

## ✣ જૈન સ્તોત્ર સાહિત્યનો ઇતિહાસ

જૈન સ્તોત્રનો આરંભ ક્યારથી થયો તે વિષે શ્રી શેખરચંદ જૈન જણાવે છે કે, જૈન ધર્મમાં સ્તોત્ર સાહિત્યની પ્રધાનતા છે. તેનો જન્મકાળ ત્યારથી માનવામાં આવ્યો છે, જ્યારથી તિર્થંકરના ગર્ભમાં આવવાની શુભ વેળા અને જન્મોત્સવના સમયે ઈન્દ્રો દ્વારા સ્તુતિના રૂપમાં ગાવામાં આવ્યા. જેને આચાર્યોએ સ્તોત્રના રૂપમાં સજાવ્યા. ગૌતમ ગણધર, ભદ્રબાહુ સ્વામી, કુંદકુંદાચાર્યથી લઈને આજ સુધી અર્ધમાગધી, સંસ્કૃત, હિંદી અને પ્રાદેશિક ભાષામાં સેંકડો સ્તોત્ર રચવામાં આવ્યા. ભારતીય ભાષાઓ ઉપરાંત વિદેશી ભાષાઓમાં પણ આના અનુવાદ થયા. તે તેની ઉત્કૃષ્ટતાનું જ કારણ છે. બીજી શતાબ્દીથી વર્તમાન ૨૩મી સદી સુધી તેની રચનાઓ થતી રહી છે.

છેલ્લા ૨૦૦૦ વર્ષમાં અનેક સ્તોત્રોની રચના થઈ છે. આવા સુંદર અલૌકિક સ્તોત્રોનો અનુવાદ શ્રી હર્મન યકોબી, વિન્ટરનિટ્સ

જેવા વિદેશી વિદ્વાનોએ વિદેશી ભાષામાં પણ કર્યો છે. જે જૈન સ્તોત્રનું ગૌરવ વધારે છે.

## ❖ જુદા જુદા આચાર્યો દ્વારા સ્તોત્ર કાવ્યોની રચના

### (૧) ગૌતમ સ્વામી

તેમણે ઋષિમંડલ સ્તવનની રચના કરી હતી અને તેઓ તિર્થંકર મહાવીરના પ્રથમ ગણધર હતા.

### (૨) સ્વામી સમન્તભદ્ર

વિક્રમની બીજી સદીમાં થયેલ પ્રાચીન સ્તોત્રકાર હતા. એમણે જૈન સ્તોત્ર સાહિત્યમાં અનેકવિધ નવીન પરંપરાની શરૂઆત કરી હતી.

| | | | |
|---|---|---|---|
| (૧) | સ્વયંભૂ – સ્તોત્ર | (૨) | દેવગમ સ્તોત્ર |
| (3) | જિનશતક સ્તોત્ર | (૪) | વીરજિન-સ્તોત્ર |

આ ચાર તેમના મુખ્ય સ્તોત્રો છે. તેઓ સંસ્કૃત સાહિત્યમાં ચિત્રકાવ્યના આદ્યપ્રણેતા હતા.

### (3) ભદ્રબાહુ સ્વામી

વિક્રમની બીજી સદીમાં થયા. તેમણે ઉવસગ્ગહર સ્તોત્રની રચના કરી. જેમાં પાર્શ્વનાથ ભગવાનની સ્તવના કરેલી છે. પર્યુષણ પર્વમાં કલ્પસૂત્રની વાચના થાય છે તે તેમની રચના છે. તે સિવાય દસ ગ્રંથો પર નિર્યુક્તિઓ રચેલી છે.

### (૪) સિધ્ધસેન દિવાકર

સાહિત્ય કલારત્ન આચાર્ય વિજયયશોદેવસૂરિ મહારાજ સાહેબ તેમના સંદર્ભમાં જણાવે છે કે "તેમણે જૈન સ્તોત્રકારોમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરેલ છે, તેમનો સમય વિક્રમની પ્રથમ સદી માનવામાં આવે છે. શ્રી સુખલાલ જૈન, સિધ્ધસેન દિવાકરને આદ્યજૈન તાર્કિક, આદ્યજૈન કવિ તથા આદ્ય સર્વદર્શન સંગ્રાહક માન્યા છે."

તેમનું કલ્યાણ મંદિર સ્તોત્ર અતિ લોકપ્રિય અને પ્રસિધ્ધ છે. જેમાં પાર્શ્વનાથ ભગવાનની સ્તુતિ કરી છે.

(૫) **વિદ્યાનંદ પાદ કેશરી**

ઈ.સ.ની છઠ્ઠી સદીનો તેમનો સમયકાળ ગણવામાં આવ્યો છે. તેમનું રચેલું 'પાદ કેશરી સ્તોત્ર' પ્રસિધ્ધ છે. જેમાં ૫૦ પદોથી મહાવીરની સ્તુતિ છે.

(૬) **આચાર્ય દેવનંદિ**

**વિક્રમની છઠ્ઠી સદીમાં આચાર્ય દેવનંદિએ સિદ્ધપ્રિય સ્તોત્રની** રચનામાં પાદાન્તયમક્ અને ચક્રબંધનો પૂર્ણ પ્રયોગ કર્યો છે.

સાતમી સદીથી રચાયેલા હિન્દુ ધર્મના સ્તોત્રોમાં સરળતા અને સ્વાભાવિકતાને સ્થાને તત્કાલીન ઐશ્વર્યસંપન્ન ભદ્ર સમાજની વિલાસીનતાને કારણે કૃત્રિમતા અને શૃંગારે પ્રવેશ કર્યો. પરંતુ જૈન ધર્મ વિતરાગી હોઈ શૃંગાર ચિત્રણથી મહદ્ અંશ દૂર રહ્યો. એ જૈન અને હિન્દુ સ્તોત્ર વચ્ચેનો મુખ્ય ભેદ છે.

(૭) **નંદિષેણ ગણિ**

શ્રી અજિતશાંતિસ્તવનના કર્તા શ્રી નંદિષેણગણિ શેત્રુંજયતીર્થની યાત્રાએ ગયા. ત્યાં મૂળપ્રસાદમાં પ્રથમ તીર્થંકર આદિનાથને નમસ્કાર કરીને પછી બે પ્રસાદમાં રહેલા અજિતનાથ અને શાંતિનાથ જિનની એક સાથે સ્તુતિ કરી અને અજિત - શાંતિ સ્તોત્રની રચના કરી.

નંદિષેણ ગણિને કોઈ મહાવીર જિનના શિષ્ય તો કોઈ શ્રી નેમિજિનના શિષ્ય કહે છે.

આમ, લગભગ ઈ.સ.ની નવમી સદીમાં તેઓ થઈ ગયા. તેમણે સ્તોત્રમાં વિવિધ છંદો, અલંકારો, ઉપમાઓનો ઉપયોગ કર્યો છે.

**(૮) માનતુંગસૂરિ** માનતુંગસૂરિનો સમયકાળ અનિશ્ચિત છે. તેમણે નમિઉણ (ભયહર) સ્તોત્ર, ભક્તામર સ્તોત્ર અને ભત્તિબ્ભર સ્તોત્રની રચના કરી. ભક્તામર સ્તોત્ર શ્રી તીર્થંકર આદિનાથની પ્રશંસા કરતું ૪૪ શ્લોકનું સ્તોત્ર છે.

**(૯) બપ્પભટ્ટ સૂરિ**

વિક્રમની નવમી શતાબ્દીના શૃંગારરૂપ, 'આમ' નરેશ્વરના પ્રતિબોધક, વાદિકુંજકેસરી પ્રમુખ બિરુદોથી વિભૂષિત એવા શ્રી બપભટ્ટસૂરિએ 'ચતુર્વિંશતિકા' રચી. તેમણે મહાકવિ તરીકેની નામના મેળવી હતી.

આ સિવાય સરસ્વતી સ્તોત્ર, વીર શાંતિ સ્તવ વગરે સ્તોત્રો સંસ્કૃતમાં રચ્યા.

**(૧૦) ધનપાલ અને શોભનમુનિ**

૧૧મી સદીમાં વિખ્યાત થયેલા ધનપાલ અને શોભનમુનિ બંને ભાઈઓ હતા.

ધનપાલે 'તિલક મંજરી' જેવા અદ્ભૂત સ્તોત્રની રચના કરી છે. તેમણે 'શ્રી વીરસ્તવ'માં દશેય પદ્યોમાં, પ્રત્યેકમાં પૂર્વાધ સંસ્કૃતમાં અને ઉત્તરાર્ધ પ્રાકૃતમાં રચીને નવીન કાવ્યશૈલીનું દર્શન કરાવ્યું. 'ઋષભપંચાશિકા'માં આદિનાથ ભગવાનની સ્તુતિની રચના કરી છે.

ધનપાલના લઘુબંધુ શ્રી શોભનમુનિએ ૨૪ તિર્થંકરોની યમક અલંકારમાં 'શોભનસ્તુતિ'ની રચના કરી છે. જેની પર ધનપાલે સંસ્કૃત ભાષામાં 'શોભન સ્તુતિ વૃત્તિ' રચી છે. ડૉ. જર્મન યકોબીએ જર્મન ભાષામાં તેનો અનુવાદ કર્યો છે. જ્યારે પ્રો. હીરાલાલ કાપડિયાએ ગુજરાતી અને અંગ્રેજી ભાષામાં અનુવાદ કર્યો છે.

(૧૧) અમિતગનિ

૧૧મી શતાબ્દિમાં થયેલા અન્ય સ્તોત્રકારોમાં તેમનું નામ આદરણીય છે.

ડૉ. જ્યોતિપ્રસાદ જૈન તેમનો સમય ઈ.સ. ૯૭૫ થી ૧૦૨૦ દર્શાવે છે.

શ્રી મણિભાઈ પ્રજાપતિ તેમને ધારાનગરના શાસક મુંજની સભામાં નવરત્નોમાંના એક બતાવે છે. જેમણે 'પરમાત્મક ષટ્ ત્રિંશિંકા' રચી. તેમાં મોક્ષપ્રાપ્તિના માર્ગરૂપ જૈન આચારધર્મને પ્રાસાદિક શૈલીમાં રજૂ કર્યો છે.

(૧૨) વાદીરાજસૂરિ

૧૧મી સદીમાં થયેલા, તેમની રચનાઓમાં 'એકીભાવ સ્તોત્ર', 'જ્ઞાન લોચન સ્તોત્ર', 'આધ્યાત્મક શતક' આદિનો સમાવેશ થાય છે.

(૧૩) કલિકાલસર્વજ્ઞ આચાર્ય હેમચંદ્રસૂરિ

તેમનો સમય ઈ.સ. ૧૧૪૫ થી ૧૨૨૯ સુધીનો છે. ચાલુક્યવંશથી ગુર્જરેશ્વર સિધ્ધરાજ જયસિંહ અને કુમારપાળ સાથેની વિદ્વતા અને ધાર્મિકતાનો તેમનો સંબંધ ઇતિહાસમાં જાણીતો છે. હેમચંદ્રસૂરિના જીવનમાં ધર્મ, સરસ્વતી અને રાજનીતિનો ત્રિવેણી સંગમ જોવા મળે છે. તેઓ શ્રીએ 'વિતરાગ સ્તોત્ર', 'સકલાર્હત સ્તોત્ર', 'મહાદેવ સ્તોત્ર', 'અનન્યયોગવ્યવિચ્છેદ દ્વાત્રિંશિંકા' અને 'અયોગ્યવ્યવિચ્છેદ દ્વાત્રિંશિંકા'ની રચના કરી છે. જૈનધર્મની દ્રષ્ટિએ વાસ્તવિક પરમાત્મા કોણ કહેવાય તેની સુંદર, સચોટ રજૂઆત કરી છે અને તેમની સર્જન શક્તિ એ જૈન સ્તોત્ર - સાહિત્યનો ખજાનો સમૃધ્ધ બનાવ્યો છે.

## (૧૪) રામચંદ્રસૂરિ

તેમનો સમય ૧૨મી સદીનો ગણાય છે. તેઓ શ્રી કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રસૂરિના શિષ્ય હતા. તેમને તેમના ગુરુ પાસેથી. 'કવિ કટાર મલ્લ'નું બિરુદ મળેલું. તેમણે અનેક દ્વાત્રિંશિંકાઓ રચી. એક જ અલંકાર પ્રયોજી આખી બત્રીસીની રચના કરવી તે તેમની વિશેષતા છે. તે સિવાય તેમની રચનાઓમાં 'કુમારવિહારશતક', 'આદિદેવસ્તવન', 'નેમિસ્તવ', 'મુનિસુવ્રતદેવ સ્તવ', 'જિન સ્તોત્રો' વગેરેનો સમાવેશ થાય છે.

## (૧૫) જિનવલ્લભસૂરિ

વિક્રમની ૧૨મી સદીમાં થયેલા, તેમણે સંસ્કૃત અને પ્રાકૃત ભાષામાં ૧૦૦ જેટલા સ્તોત્રો રચ્યા છે. તેમાં 'પાર્શ્વનાથ સ્તવન', 'પંચ કલ્યાણક સ્તોત્ર', 'વીર સ્તોત્ર' 'સ્તોત્ર પંચક' ઇત્યાદિ જેવા સ્તોત્રો મુખ્ય છે.

## (૧૬) વસ્તુપાલ

રાજસ્થાન આબુના પ્રખ્યાત 'દેલવારાના દહેરા' બનાવનાર વસ્તુપાલ ૧3મી સદીમાં થઈ ગયા. રાજપુરુષ હોવા છતાં તેમણે ઉત્કૃષ્ટ સ્તોત્રોની રચના કરી છે. તેમણે સર્વપ્રથમ ૧૨ પદ્યવાળા 'આદિનાથ સ્તોત્ર'ની રચના કરી. તે સિવાય 'અમ્બિકા - સ્તવન'ની રચના કરી. 'આરાધના' તે તેમની છેલ્લી રચના છે. જેના દસ શ્લોકમાં સંસારની ક્ષણભંગુરતા અને ધર્મની કલ્યાણમયતા વર્ણવી છે.

## (૧૭) જિનપ્રભસૂરિ

વિક્રમ સંવત ૧૩૬૫માં થયેલા જિનપ્રભસૂરિએ ચિત્રબંધોમાં કાવ્યની રચના કરી છે. તેમણે ૭૦૦ સ્તોત્રોની રચના કરી. પદ્માવતી દેવીની કૃપાથી તેમને પ્રખર વિદ્દૃષકતા મળી હતી અને

તેમને એવો અભિગ્રહ [illegible]
કરીને જ આહાર ગ્રહણ કરવો.

### (૧૮) ધર્મઘોષસૂરિ

૧૪મી સદીના પ્રખર વિદ્વાન તરીકે તેમની ગણના થાય છે. તેમણે રચેલ સ્તોત્ર સાહિત્ય અતિ વિશાળ છે. તેમના 'સર્વજિન સ્વતન' માં અંતિમ આઠ પદમાં કમલબંધ છે. તે સંસ્કૃત અને પ્રાકૃત ભાષામાં રચાયેલું છે.

### (૧૯) સોમસુંદરસૂરિ

૧૫મી સદીમાં થયેલાં તેમણે ષટ્‌ભાષામાં કે એકથી અધિક ભાષાઓના પ્રયોગવાળા સ્તોત્રો રચ્યા છે. સંસ્કૃત, પ્રાકૃત, અપભ્રંશ, માગધી, પૈશાચી, સૌરસેની જેવી ભાષાઓમાં સ્તોત્રની રચના કરી છે. જેમાં 'સાધારણ જિન સ્તવન', 'શાંતિજિન સ્તવન', 'નેમિજિન સ્તવન', 'પાર્શ્વજિન સ્તવન'નો સમાવેશ થાય છે.

### (૨૦) મુનિસુંદરસૂરિ

વિક્રમ સંવત ૧૪૮૫માં થયેલા તેઓ સોમસુંદરસૂરિના સહ્સ્રાવધાની શિષ્ય હતા. તેમણે 'શાંતિકર સ્તવ (લઘુશાંતિ)'ની રચના કરી. મહામારીના ઉપદ્રવને નિવાર્યો હતો. તેમણે 'જિન સ્તોત્ર રત્નકોષ', 'સીમંધર સ્તુતિ' વગેરેની રચના કરી હતી.

### (૨૧) રત્નશેખરસૂરિ

૧૫મી સદીમાં થયેલા, તેમણે ત્રિસંધાનસ્તોત્રાદિ દ્વારા કંઈક નવા માર્ગોની શરૂઆત કરી. તેમણે 'ઘોઘામંડન પાર્શ્વજિન સ્તવ', 'નવખંડ યમક પાર્શ્વસ્તવ' આદિની રચના કરી છે.

## (૨૨) ન્યાયવિશારદ મહામોપાધ્યાય યશોવિજયજી

૧૮મી સદીમાં થયેલા, તેમણે અનેક સ્તોત્રોની રચના કરી છે. તેમણે જૈન સ્તોત્ર સાહિત્યને વિશેષ સમૃધ્ધ બનાવ્યું છે.

તેમણે મૂળભૂત પ્રાકૃત, સંસ્કૃત, ગુજરાતી અને હિન્દી ભાષામાં સ્તોત્રોની રચના કરી છે. તેમણે અનેક નહીં પરંતુ સેંકડોની સંખ્યામાં કૃતિઓની રચના  કરી છે.

ઉપર્યુક્ત વિદ્વાન આચાર્યોએ સંસ્કૃત અને પ્રાકૃત ભાષામાં સ્તોત્રોની રચના કરી છે. તે ઉપરાંત ગુજરાતી તથા અપભ્રંશ ભાષામા પણ ૧૨મી સદીથી અનેકાનેક સ્તોત્રો અને સ્તવનો વિદ્વાનોએ રચ્યા છે.

જૈન સાહિત્યમાં સ્તોત્ર પરંપરા મૂળ આગમોથી શરૂ થાય છે. આગમોમાં તીર્થંકરોની સ્તુતિ અલંકારિક શૈલીમાં કરી છે અને દેવોએ ૧૦૮ પદ્યોમાં સ્તુતિ કરી હતી તેવો નિર્દેશ કરવામાં આવ્યો છે.

પ્રાકૃત સ્તોત્રમાં ગૌતમ ગણધરનું 'જયતિહુઅણ સ્તોત્ર' સૌથી પ્રાચીન છે. ભગવાન મહાવીરના સમવસંરણમાં પ્રવેશ કરતી સમયે ગૌતમ ગણધરે આ સ્તોત્ર દ્વારા પ્રભુની અભ્યર્થના કરી હતી.

અપભ્રંશ ભાષામાં સ્તુતિ - સ્તવન કે સ્તોત્રની રચના કરવામાં વાદિદેવસૂરિ, જયવંતસૂરિ, અભયદેવસૂરિ, પાર્શ્વચંદ્રસૂરિ, ભાવસુંદર, કુશલલાભ, લાવણ્યસમય, સમયસુંદર, કુશલવર્ધન આદિ અન્યનો સમાવેશ થાય છે.

૧૨મી સદીનાં નવાંગવૃત્તિકાર અભયદેવસૂરિએ અપભ્રંશ ભાષામાં 'જયતિહુયણા' સ્તોત્રની રચના કરી.

ગુજરાતી ભાષામાં સ્તોત્રની રચના કરનાર કવિઓમાં વીરવિજયજી, ચિદાનંદજી, ઉદયરત્ન, મોહનવિજય, યશોવિજયજી મહારાજ આદિને ગણાવી શકાય.

પ્રાચીનતમ જૈન શાસ્ત્રકારોએ રચેલ સ્તોત્રનો મહિમા આજે પણ એટલો જ જોવા મળે છે.

## ૨. જિનભક્તિ

ભક્તિસભર રચાયેલા સ્તોત્રો દ્વારા અનંત સુખની પ્રાપ્તિ થાય છે. શ્રી અરિહંતદેવનું નામ મહામંગલકારી છે. તેઓના અનંત ગુણોનું વર્ણન સ્તોત્રોમાં થયેલા હોય છે. અર્થાત્ ભક્તિનું મૂળસ્વરૂપ સ્તોત્ર છે. પ્રભુભક્તિની આરાધનામાં સ્તુતિ - સ્તોત્રનું સ્થાન મહત્વનું છે.

જિનેશ્વર પ્રભુની ભક્તિ કરવી, તેમના ગુણગાન ગાવા તે જિનભક્તિ છે. જૈનદર્શનમાં ત્રણ ગુણો રત્નતુલ્ય હોવાથી તેને **રત્નત્રયી કહે છે.**




આ ત્રણેય મોક્ષપ્રાપ્તિનું સાધન છે. તેથી જ વાચક શ્રી ઉમાસ્વાતિજી તત્વાર્થ સૂત્રમાં પહેલા અધ્યાયની પહેલી ગાથામાં જ કહે છે કે......

**सम्यग् दर्शन – ज्ञान – चारित्राणि मोक्षमार्गः**

આ રત્નત્રયીને પ્રાપ્ત કરવા માટે જિનભક્તિ આવશ્યક છે.

જિનભક્તિ ધર્મની આરાધનામાં આગળ વધવાનું પ્રથમ પગથિયું છે. જિનભક્તિ આધ્યાત્મિક વિકાસ સાધવાનું મંગલ પ્રસ્થાન છે. જિનભક્તિ, યોગસિધ્ધિ તથા મંત્ર - સિધ્ધિનું પુષ્ટ આલંબન છે. તેથી જ જૈન ધર્મમાં જિનભક્તિ પર ભાર મૂકાયેલો છે.

જેમ મૂળ વિના થડ કે ડાળીની સંભાવના નથી, તેમ જિનભક્તિ વિના જૈન ધર્મનું આરાધન સંભવતું નથી. જ્યાં જિનભક્તિની શરૂઆત થાય છે ત્યાં મિથ્યાત્વ દૂર ભાગે છે.

માત્ર શાસ્ત્રનો અભ્યાસ કરવાથી અધ્યાત્મનો પ્રસાદ પ્રાપ્ત થતો નથી. પરંતુ શાસ્ત્રમાં કહેવાયેલી ક્રિયાઓ કરવી જરૂરી છે. જે નીચે મુજબ છે.

❖ **જિનભક્તિના પ્રકારો**

શાસ્ત્રકારોએ જિનભક્તના ચાર પ્રકારો માનેલા છે.




બે હાથ જોડીને તથા મસ્તક નમાવીને અથવા બે ઢીંચણ, બે હાથ તથા મસ્તક - એ પાંચ અંગો ભેગા કરીને જિનમૂર્તિને પંચાંગ - પ્રણિપાત કરવો તે 'વંદન' કહેવાય છે.

શરીર - મનને સ્વચ્છ કરીને તથા શુધ્ધ વસ્ત્રો ધારણ કરીને જિનમૂર્તિના નવ અંગોને ચંદનાદિ પ્રશસ્ત દ્રવ્યો વડે તિલક કરવા તે '**પૂજન**' કહેવાય છે.

જિનમૂર્તિ સમક્ષ અક્ષતનો સ્વસ્તિક કરવો, તેના પર બદામ, રૂપાનાણું, ફળ, નૈવેદ્ય વગેરે મૂકવા તે '**સત્કાર**' કહેવાય છે.

જિનેશ્વર દેવોના અદ્દભૂત ગુણોનું કીર્તન કરવું તે '**સન્માન**' છે.

આમ, વંદન એ '**દેવદર્શન**'ની ક્રિયા છે. પૂજન એ '**અંગપૂજા**'ની ક્રિયા છે. સત્કાર એ '**અગ્રપૂજા**' અને સન્માન એ '**ભાવપૂજા**'ની ક્રિયા છે.

આ ચારેય ક્રિયાઓ સુંદર ફળ આપનારી છે અને દરેકનું વિશિષ્ટ મહત્વ છે. ઉત્તરોત્તર વંદન કરતા પૂજનનું, પૂજન કરતા સત્કારનું અને સત્કાર કરતા સન્માનનું ફળ વિશેષ છે. આમ, જિનભક્તિમાં ભાવપૂજાનું, ગુણકીર્તનનું મહત્વ વધારે છે.

હૃદયમાં ભાવોલ્લાસ લાવીને જો પરમાત્માના ગુણોનું કીર્તન કરીએ તો જિનભક્તિનો મૂળ ઉદ્દેશ પાર પડે છે. પરમાત્માના વિવિધ ગુણોનું સ્મરણ કરીને તે ગુણોને જીવનમાં વિકસાવવાના છે.

આચાર્ય સમન્તભદ્ર કહે છે કે પ્રાર્થનાથી ભક્ત ભગવાનના ગુણોને પ્રાપ્ત કરે છે.

**मोक्षमार्गस्य नेतारं भेतारं कर्मभूभृताम् ।**
**ज्ञातारं विश्वतत्वानां वन्दे तद्गुणलब्धये ।।**

અર્થાત્ મોક્ષમાર્ગના નેતા, કર્મરૂપી પર્વતોને ભેદનાર વિતરાગી, વિશ્વના તત્વોને જાણવાવાળા સર્વજ્ઞ, આપ્ત (અર્હંત)ની ભક્તિ તેમના જેવા ગુણો પ્રાપ્ત કરવા માટે કરૂં છું.

ઉપાધ્યાય શ્રી યશોવિજયજીએ કહ્યું છે કે,

"શ્રુતરૂપી મહાસાગરનું અવગાહન કરીને અમે એ સાર પ્રાપ્ત કર્યો છે કે શ્રી જીનેશ્વર ભગવાનની ભક્તિ એ સર્વ જ્ઞાનસંપદાઓનું બીજ છે."

**सारमे तन्मया, लब्धं, श्रुताब्धरवगाहनात् ।**
**भक्ति र्भागवती बीजं, परमानन्द संपदाम् ।।**

જિનેશ્વર દેવના ભક્તિભાવે દર્શન પૂજા કરતા ચક્ષુ તથા મન પવિત્ર થાય છે અને સર્વ પાપો નાશ પામે છે. એ વખતે અપૂર્વ ઉલ્લાસ જાગે તો સ્વર્ગ કે મોક્ષના દ્વારા ખુલી જાય છે.

તિર્થંકર ભગવાન તો વિતરાગી છે તે પોતે કોઈ પર પ્રસન્ન થતા નથી કે કોઈપર રોષ પણ કરતા નથી. પરંતુ તે ભક્ત માટે કલ્પવૃક્ષ સમાન છે. ભક્તને તેની ભક્તિનું ફળ આપોઆપ મળી જાય છે. સૂર્ય કે અગ્નિની સન્મુખ થનારની ઠંડી જેમ ઉડે જ, તેમ તીર્થંકરનું નામ એટલું પ્રભાવશાળી છે કે ભક્તને લાભ થાય જ.

ઉત્તરાધ્યયન સૂત્રના ૨૯માં અધ્યયનના ૧૪મા શ્લોકમાં કહ્યું છે કે..

**थय – थई – मंगलेणं भंते । जीवे किं जणयई ?**

**नाणदंसण – चास्ति – वोहिलाभं संणणई,**

**नाणदंसण – चारित – बोहिलाभं सं□न्ने जं,**

**जीवे अंतकिरियं कप्□–चिमाणो ववतियं आराहणं आराईइ ।।१४।।**

**પ્રશ્ન** ભન્તે ! સ્તવ - સ્તુતિ મંગળથી જીવને શું મળે છે ?

**ઉત્તર** સ્તવ - સ્તુતિ મંગળથી જીવને જ્ઞાન, દર્શન, ચારિત્ર્ય સ્વરૂપ બોધિનો લાભ થાય છે અને લાભથી જીવ અન્તક્રિયા યોગ્ય અથવા વૈમાનિક દેવોમાં ઉત્પન્ન થવા યોગ્ય આરાધના કરે છે.

આવશ્યક ટીકામાં કહ્યું છે કે....

**भतीइ जिणवराणं □रमाए खीण – विञ्ज – दोसाणं ।**

**आरुग्गवोहिलाभं समहाहिमरणं च □वेंति ।।**

"રાગ અને દ્વેષનો ક્ષય કરનાર જિનેશ્વરોની પરમભક્તિ કરવાથી મનુષ્યો આરોગ્ય, બોધિલાભ અને સમાધિમરણ પામે છે."

જેવી રીતે સૂર્યના પ્રગટ થવાથી ક્ષણવારમાં ગાઢ અંધકારનો નાશ થઈ જાય છે તેવી જ રીતે આત્મા પર લાગેલા કર્મના આવરણો શ્રી જિનેશ્વરદેવની ભક્તિ કે સ્તવના કરવાથી ક્ષણવારમાં નાશ પામે છે.

જિનેશ્વર ભગવાનની ભક્તિ સર્વ પ્રકારે સુખસંપત્કરી અને શ્રેયસ્કરી છે.

## ૩. રચિયતા શ્રી ભદ્રબાહુ સ્વામીનું જીવન અને કવન



મહાપ્રભાવક શ્રી ઉવસગ્ગહર સ્તોત્રની રચના કરીને તેના સમર્થ રચયિતા શ્રી ભદ્રબાહુ સ્વામીએ સમગ્ર જૈનશાસન ઉપર પરમ ઉપકાર અને કરુણાની વર્ષા કરી છે. આ સ્તોત્ર શ્વેતામ્બર - દિગમ્બર બંને પરંપરામાં, દરેક ઘરમાં અત્યંત લોકપ્રિય છે. આ સ્તોત્ર દ્વારા વ્યક્તિ પોતાની વિભિન્ન મનોકામનાઓ પૂર્ણ કરે છે અને સાથે સાથે આત્માથી ભક્તિવંત બની સમર્પિત હૃદય દ્વારા અહંકાર શૂન્ય થઈ મોક્ષમાર્ગે પ્રયાણ કરે છે.

જૈનદર્શન પુરુષાર્થ દર્શન છે. 'આત્માની સ્વતંત્રતાનો સ્વીકાર કરે છે' આ પડતા કાળમાં આત્મકલ્યાણ માટે ભક્તિમાર્ગ એ રાજમાર્ગ છે. અહમ્ - મમત્વનો ત્યાગ કરીને પ્રભુને સમર્પિત થવાનો માર્ગ છે. જેના હૃદયમાં પ્રભુ વસે તેને સહજપણે સર્વત્ર ચારે ગતિના જીવમાં પ્રભુના દર્શન થાય છે. આવા ભક્તિમાર્ગને પામવા મહાપ્રભાવક 'ઉવસગ્ગહર સ્તોત્ર' આ કાળમાં દરેક જીવ માટે પરમ ઉપકારી છે. આ સ્તોત્રના યથાર્થ ચિંતન, મનન અને ભક્તિ વડે ભક્તની મનોકામના આજે પણ આશ્ચર્યજનક રીતે પૂર્ણ થતી જોવાય છે.

### ❖ આચાર્યશ્રી ભદ્રબાહુશ્રીનો સંક્ષિપ્ત પરિચય

આચાર્યશ્રીનો જન્મ ભારતવર્ષની દક્ષિણે આવેલા પ્રતિષ્ઠાનપુરમાં વીર નિર્વાણ સં. ૯૪માં વિષ્ણુમિત્ર પુરોહિત નામના બ્રાહ્મણના ઘેર થયો હતો. તેમની શરીર સંપત્તિ ઉત્તમ હતી. તેમની ભુજાઓ લાંબી, સુંદર અને સુદ્રઢ હતી. આમ આજાનબાહુ હોવાથી તેઓ ભદ્રબાહુ કહેવાયા.

ભદ્રબાહુ નાનપણથી જ ધર્મશાસ્ત્ર, ન્યાયશાસ્ત્ર, વ્યાકરણ, કાવ્ય વગેરેમાં નિપુણતા ધરાવતા હતા. તેઓ સંસ્કૃતના પ્રખર વિદ્વાન હતા અને વેદોના નિષ્ણાત હતા. સાથે સાથે જ્યોતિષ વિદ્યામાં પણ પારંગત હતા. તેઓ વિદ્યાદેવીના ઉપાસક અને પ્રીતિપાત્ર હતા.

એક વખત તેઓ જૈનધર્મના પ્રતિભા સંપન્ન મહાજ્ઞાની શ્રી યશોભદ્રસૂરિજીના પરિચયમાં આવ્યા. જેઓ જૈન શાસનનું સુકાન સંભાળી રહ્યા હતા. તેમની અદ્દભૂત ઉપદેશશૈલી, અસાધારણ વિદ્વતા, ઉત્તમ ચારિત્ર્ય અને પરમ શાંત મુદ્રાથી શ્રી ભદ્રબાહુ અતિ પ્રભાવિત થયા. આ મહાપુરુષ પાસે તેમને પોતાનું જ્ઞાન અધૂરું લાગ્યું. તેઓએ યશોભદ્રસૂરિજીના શિષ્ય બની આત્મકલ્યાણ કરવાનું નક્કી કર્યું. આથી તેમની પાસેથી દીક્ષા ગ્રહણ કરી અને જૈન શાસ્ત્રોનો અભ્યાસ શરૂ કર્યો.

કાળક્રમે તેમણે આચારાંગ આદિ અગિયાર અંગોનું જ્ઞાન મેળવ્યું અને અત્યંત ધીરજ, ખંત અને પરિશ્રમથી બારમું અંગ, દ્રષ્ટિવાદનો પણ અભ્યાસ પૂર્ણ કર્યો. તેઓ ચતુર્દશ પૂર્વધર અર્થાત્ શ્રુતકેવલી બન્યા.

અનુક્રમે ગુરુએ શ્રી ભદ્રબાહુની યોગ્યતા જાણી તેમને આચાર્યપદ આપ્યું અને તેઓ તીર્થંકર મહાવીરની શ્રમણ પરંપરાના સાતમા પટ્ટધર બન્યા.

❖ તીર્થંકર ભગવાન મહાવીર સ્વામીની પાટે



શ્રી સંભૂતિવિજયસૂરિજીની પાટે તેમના શિષ્ય શ્રી સ્થૂલભદ્રજી આવતા, પરંતુ આચાર્ય શ્રી સંભૂતિવિજયજી આચાર્યપદ પર માત્ર આઠ જ વર્ષ રહ્યા હતા અને તેમના સ્વર્ગવાસ સમયે શ્રી સ્થૂલભદ્રજી નવા જેવા જ હતા. આચાર્ય ભદ્રબાહુ સ્વામી સ્થૂલિભદ્ર કરતા સંયમપર્યાયમાં મોટા હોવાને કારણે શ્રી ભદ્રબાહુજીનું અનુભવજ્ઞાન અધિક પરિપક્વ હતું, એટલું જ નહિ, પરંતુ તેમની પાસે આગમજ્ઞાન અને પૂર્વશ્રુતનું જ્ઞાન અધિક હતું. તેઓ ચૌદ પૂર્વનું સાર્થ જ્ઞાન મેળવી ચૌદ પૂર્વના જ્ઞાતા બન્યા હતા. જ્યારે સ્થૂલિભદ્ર ૧૧ અંગશાસ્ત્રના ધારક હતા. તેમને ૧૨મું અંગ દ્રષ્ટિવાદનું અધ્યયન બાકી હતું. તેથી ગુરુ - શિષ્યની પરંપરાને આધારે આચાર્ય સંભૂતિવિજય પછી શ્રી સ્થૂલભદ્રનો ક્રમ આવે છતાં યથાયોગ્ય મહાજ્ઞાની આચાર્ય શ્રી ભદ્રબાહુ સ્વામીને વીરનિર્વાણ સં. ૧૫૬માં શ્રમણ નાયક પદનું ઉત્તરદાયિત્વ સોંપ્યું. આચાર્ય ભદ્રબાહુ જેવા સામર્થ્યવાન, શ્રુતસંપન્ન અને અનુભવ સંપન્ન વ્યક્તિત્વને પામીને જિનશાસન કૃતાર્થ બન્યું.

❖ **આચાર્ય ભદ્રબાહુ સ્વામીના શિષ્યો**

કલ્પસૂત્ર સ્થવિરાવલીમાં ભદ્રબાહુ સ્વામીના ચાર મુખ્ય શિષ્યોનો ઉલ્લેખ છે.

(૧) સ્થવિર ગોદાસ (૨) સ્થવિર અગ્નિદત્ત

(૩) સ્થવિર ભદ્રદત્ત (૪) સ્થવિર સોમદત્ત

ચારેય મુનિઓએ રાજગૃહીમાં ભદ્રબાહુ પાસે દીક્ષા ગ્રહણ કરી. દીક્ષા ગ્રહણ કર્યા પછી શ્રુતની સાધના કરી અને વિશેષ સાધનામાં પોતાનું જીવન જોડી દીધું. આ ચારેય મુનિઓ નિરહંકારી, પ્રિયભાષી, મિતભાષી, ધર્મ પ્રવચનકાર અને દયાના ભંડાર હતા. ચારેય મુનિઓ સાધુચર્યામાં દ્રઢ રહી મરણાંત કષ્ટ સહન કરીને સાધુ

આચારનો અનન્ય આદર્શ પૂરો પાડ્યો હતો. આ ચારેય શિષ્યોના સ્વર્ગવાસ પછી તેમની શિષ્ય પરંપરા આગળ વધી નહિ.

આચાર્યશ્રી ભદ્રબાહુ સ્વામી મહાપ્રાણ ધ્યાનની ઉત્કૃષ્ટ યોગસાધના કરવા નેપાલ ગયા. તેઓએ સતત ૧૨ વર્ષ સુધી મહાપ્રાણ ધ્યાનની ઉત્કૃષ્ટ સાધના કરી.

❖ **આચાર્યશ્રી ભદ્રબાહુ સ્વામીની રચનાઓ**

આચાર્યશ્રી ભદ્રબાહુ સ્વામીએ પોતાની અગાધ વિદ્વતાનો લાભ જૈન સમાજને પ્રદાન કરેલ છે.

આચાર્યશ્રીએ છેદસૂત્રો, નિર્યુક્તિઓ, સ્તોત્ર રચના જેવી રચનાઓ કરી જૈન સાહિત્યને સમૃધ્ધ બનાવ્યું છે.

❖ **છેદસૂત્રો**

આચાર્યશ્રીએ ચાર છેદસૂત્રોની રચના કરી મુમુક્ષુ સાધકો પર મહાન ઉપકાર કર્યો છે.

ચારિત્ર્યની વિશુદ્ધિ જ સાધુજીવનનો પ્રાણ છે. તેથી કદાચિત દોષ લાગી જાય તે તેની આલોચનાદિ કરી વિશુદ્ધિ પ્રાપ્ત કરવી તે છેદસૂત્રોનો હેતુ છે.

નિશીથભાષ્યમાં છેદસૂત્રોને ઉત્તમ કહ્યા છે. કારણ કે તેમાં પ્રાયશ્ચિત - વિધિનું નિરૂપણ છે. જેનાથી ચારિત્ર્યની, આચારધર્મની વિંશુદ્ધિ થાય છે. જિનઆજ્ઞા ની વિરાધનાથી બચી જવાય છે. સાધુ, સંયમનો સાચો આરાધક બને છે. જેનાથી સાધુ યથાર્થ આરાધના કરી, ઉત્કૃષ્ટ ભાવે સંયમ ચારિત્ર્ય પાળી મોક્ષ સન્મુખ બને છે. તેથી છેદસૂત્રો સાધુ - સાધ્વીજી માટે જૈન આચારધર્મની ચાવી સમાન છે અન મોક્ષમાર્ગની દિવાદાંડી સમાન છે.

જૈન આગમ સાહિત્યમાં કુલ છ છેદસૂત્રો છે. જેમાંથી ચાર છેદસૂત્રોની રચના શ્રુતકેવળી શ્રી ભદ્રબાહુ સ્વામીએ કરી છે.

છેદસૂત્રોનું તેમનું સંકલન તેમના અદ્દભૂત પાંડિત્ય, દીર્ધદ્રષ્ટિ અને સ્યાદ્વાદના રહસ્યવેત્તા તરીકેના ગૌરવમાં ઉમેરો કરે છે.

ભદ્રબાહુ સ્વામી રચિત છેદસૂત્રો →
- (૧) નિશીથ સૂત્ર
- (૨) વ્યવહાર સૂત્ર
- (૩) બૃહતકલ્પ સૂત્ર
- (૪) દશાશ્રુતસ્કંધ સૂત્ર

નિર્યુક્તિઓ →
- (૧) આવશ્યક નિર્યુક્તિ
- (૨) દશવૈકાલિક નિર્યુક્તિ
- (૩) ઉત્તરાધ્યયન નિર્યુક્તિ
- (૪) આચારાંગ નિર્યુક્તિ
- (૫) સૂત્રકૃતાંગ નિર્યુક્તિ
- (૬) દશાશ્રુતસ્કંધ નિર્યુક્તિ
- (૭) બૃહતકલ્પ નિર્યુક્તિ
- (૮) વ્યવહાર નિર્યુક્તિ

❖ **અન્ય રચનાઓ**

**(૧) વસુદેવચરિયં**

આચાર્ય શ્રી ભદ્રબાહુ સ્વામીએ 'વસુદેવ ચરિયં'ની રચના પ્રાકૃતમાં કરી. આ ગ્રંથ આજે ઉપલબ્ધ નથી. પૂર્ણતલ ગચ્છના આચાર્ય દેવચંદ્રસૂરિ કે જેઓ કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રાચાર્યના ગુરુદેવ છે. તેઓએ પોતાના પ્રાકૃતમાં રચેલા 'સંતિનાહચરિયં'માં જણાવ્યું છે કે જેમણે અતિરસિક અને કલાપૂર્ણ એવું ૧,૨૫,૦૦૦ શ્લોક પ્રમાણ વસુદેવચરિત્ર રચ્યું છે, તે ભદ્રબાહુ સ્વામીને હું વંદું છું.

## (૨) ભદ્રબાહુ સંહિતા

આચાર્ય ભદ્રબાહુ સ્વામીએ પ્રાકૃતમાં 'ભદ્રબાહુ સંહિતા' નામના જ્યોતિષશાસ્ત્રના ગ્રંથની રચના કરી છે. આ ગ્રંથ ઉપલબ્ધ નથી.

## (૩) ઉવસગ્ગહર સ્તોત્ર

જૈન સમાજમાં વ્યંતર દ્વારા ઉપદ્રવને શાંત કરવા આચાર્ય શ્રીએ આ સ્તોત્રની રચના કરી. આ સ્તોત્રમાં ૨૩મા તિર્થંકર પ્રભુ **શ્રી પાર્શ્વનાથની સ્તવના છે. નવસ્મરણમાં આ સ્તોત્રનું દ્વિતિય સ્થાન છે.**

## (૪) કલ્પસૂત્ર

આચાર્ય શ્રી ભદ્રબાહુ સ્વામી આ યુગના મહાન નવસર્જનકાર છે. આજે ભારતભરમાં જૈનસંઘોમાં પર્યુષણ પર્વમાં પવિત્ર 'કલ્પસૂત્ર'નું વાંચન થાય છે. તેની રચના આચાર્યશ્રીએ કરેલ છે.

આ ગ્રંથની વિષયવસ્તુ તેમણે 'પ્રત્યાખ્યાન પ્રવાહ' નામના નવમાં પર્વમાંથી લઈ દશાશ્રુતસ્કંધ નિર્યુક્તિના આઠમા અધ્યયન રૂપે વિસ્તાર કરીને રચેલ છે.

## (૫) નવગ્રહશાંતિ સ્તોત્ર

આ સ્તોત્ર પ્રતિદિન એક વખત ભણવાથી ગ્રહોની શાંતિ થાય છે.

**"આવસ્સય નિજ્જુત્તિ"**– આવશ્યક નિર્યુક્તિ

ઉવસગ્ગહર સ્તોત્રમાં શ્રી ભદ્રબાહુએ 'વિસહર ફૂલિંગ' મંત્ર દર્શાવ્યો છે. તેવી જ રીતે 'આવસ્સય નિજ્જુતિ'ની ગાથા ૧૨૭૦માં તેમણે 'સવ્વવિસ નિવારણી' વિદ્યા દર્શાવી છે જે ગંધર્વ નાગદત્તના કથાનકમાં દર્શાવી છે.

❖ દ્રષ્ટાંત

ગારૂડી વિદ્યામાં નિપૂણ નાગદત્ત ઘણા પ્રકારે પ્રતિબોધ પામતો નથી. પૂર્વભવના મિત્રદેવ તેને ધર્મ પમાડવા માટે ગારૂડીક મુનિનું રૂપ લઈને હાથમાં સાપનો કરંડિયો લઈ, નાગદત્ત જ્યાં ક્રીડા કરે છે ત્યાં આવે છે. નાગદત્ત સર્પોને પ્રગટ કરવાનું કહે છે ત્યારે મિત્રદેવ કહે છે કે મારા સર્પોને દેવો પણ ગ્રહણ કરી શકે તેમ નથી. તો તું મારા સર્પો સાથે કેવી રીતે ક્રીડા કરી શકીશ ? છતાં તું તારા સ્વજનોને બોલાવ, રાજાને સાક્ષી કરે તો જ હું મારા સર્પને ક્રીડા માટે મૂકું. નાગદત્તે સર્વેને બોલાવ્યા. ત્યારે ગારૂડિક મોટા સ્વરે બોલ્યાં કે હે લોકો ! સાવધાન થઈ સાંભળો - મારા વિષધર સર્પો જે ક્રોધ, માન, માયા અને લોભ નામના છે તેની સાથે નાગદત્ત ક્રીડા કરવા માંગે છે જો તેને કરડે તો મને દોષ ન દેવો.

સ્વજનોએ નાગદત્તને ખૂબ સમજાવ્યો, પરંતુ તે માન્યો નહિ. ગારૂડિકે ચારે સર્પોને છોડ્યા જે એકી સાથે નાગદત્તને ડસ્યા. નાગદત્ત ચેતના રહિત થઈ ગયો. ત્યારે બંધાએ ગારૂડિકને સમજાવ્યું કે કોઈણ રીતે નાગદત્તને જીવાડ. ગારૂડિકે કહ્યું કે જો જીવન પર્યંત દુષ્કર ક્રિયા કરે તો જ તે જીવે. સર્વે સ્વજનોએ તે માટે સંમત્તિ આપી. ગારૂડિકે એક મોટું મંડળ આલેખી સર્વ સિદ્ધોને નમસ્કાર કરી તથા સમગ્ર મહાવિદ્યાઓને પ્રણામ કરી, આ પ્રમાણે વિદ્યાનો ઉચ્ચાર કર્યો - સર્વ પ્રાણાતિપાત, સર્વ મૃષાવાદ, સર્વઅદત્તાદાન, સર્વ મૈથુન અને સર્વ પરિગ્રહનો તું જાવજ્જીવ સર્વથા ત્યાગ કર. આ દંડકને ત્રણવાર બોલી છેડે 'સ્વાહા' શબ્દનો ઉચ્ચાર કરી તે ગારૂડિકે નાગદત્તને સચેતન કર્યો. ત્યારબાદ સ્વજનોએ ગારૂડિકે કહેલી સમગ્ર ક્રિયા કરવાનું નાગદત્તને કહ્યું. પણ નાગદત્ત માન્યો નહિ અને ઘર તરફ ચાલ્યો કે તરત જ ભૂમિ પર પડ્યો. અને ચેતના રહિત થયો.

સ્વજનોના કહેવાથી ગારૂડિકે ફરીથી સચેતન કર્યો. છેવટે ત્રીજી વખતે નાગદત્તે ગારૂડિકનું વચન સ્વીકાર્યું.

ત્યારપછી મિત્રદેવે નાગદત્તને વનમાં લઈ જઈ પોતાનું દેવપણું પ્રગટ કરી પૂર્વભવનું સ્વરૂપ કહ્યું. નાગદત્તને જાતિસ્મરણ જ્ઞાન થયું. પછી નાગદત્ત પ્રત્યેકબુદ્ધ મુનિ થયા અને ચારેય કષાયરૂપી વિષધર સર્પોને જીતી કર્મનો ક્ષય કરી કેવલજ્ઞાન પામી મોક્ષે ગયા.

આવા અનેક **સર્જનો** દ્વારા તેમની અદ્દભૂત જ્ઞાનપ્રભા, **તત્કાલીન સર્વદર્શનોનું** પરિશીલન, ગણધરવાદની નિપુણતા, દેશ - વિદેશનું જ્ઞાન, ઈતિહાસપટુતા, વિતરાગ વાણીને સરળ કરવાની કળા, સ્યાદ્દવાદને વ્યાપક બનાવવાની ધગશ, ઉત્સર્ગ અને અપવાદનું યુક્તિસંગત વિશ્લેષણ કરવાની વ્યવસ્થા શક્તિ અને કાવ્ય પ્રતિભા વગેરેનો સંપૂર્ણ પરિચય મળે છે.

## ૪. ઉવસગ્ગહર સ્તોત્રની ઉત્પત્તિ

મહાપ્રભાવક ઉવસગ્ગહર સ્તોત્રની ઉત્પત્તિ અંગે જૈન પરંપરામાં નીચેની કથા પ્રચલિત છે.

ભારતવર્ષની દક્ષિણે પ્રતિષ્ઠાનપુરમાં જન્મેલા, શ્રી ભદ્રબાહુ અને વરાહમિહિર નામે બે ભાઈઓ હતા. બંને ખૂબ જ તેજસ્વી હતા. બંને સંસ્કૃતના પ્રખર વિદ્વાન હતા તે બ્રાહ્મણ હતા. એક દિવસ તેઓ જૈનાચાર્યશ્રી યશોભદ્રસૂરિને મળ્યા અને તેમનાથી ખૂબ જ પ્રભાવિત થઈ દીક્ષા ગ્રહણ કરી. બંને ભાઈઓ જૈન આગમોનું અધ્યયન કરવા લાગ્યા. ભદ્રબાહુશ્રીએ ખૂબજ ધીરજ અને ખંતથી ચૌદપૂર્વનો અભ્યાસ પૂર્ણ કર્યો તેથી ગુરુશ્રીએ તેમને આચાર્યની પદવી આપી. આથી વરાહમિહિર ખૂબ ક્રોધિત થયો અને સાધુવેશ છોડી ફરી બ્રાહ્મણ બની ગયો.

વરાહમિહિર રાજાના માન્ય પુરોહિત બની ગયા. તેમની પાસે જ્યોતિષશાસ્ત્રનું સારું જ્ઞાન હતું, તેથી તે વિદ્યાથી તે રાજા અને પ્રજાનું મનોરંજન કરતો.

એકવારમાં રાજાને ત્યાં પુત્રનો જન્મ થયો. વરાહમિહિરે તેની કુંડળી બનાવી, ભવિષ્ય ભાખ્યું કે, "આ પુત્રનું ભવિષ્ય ઘણું ઉજ્જવળ છે, તે મહાન બનશે અને પૂરાં ૧૦૦ વર્ષ જીવશે" આથી રાજા અને પ્રજાને આનંદ થયો અને મોટો ઉત્સવ ઉજવાયો. તે વખતે બધાં ધર્મના ગુરુઓ ખુશાલી બતાવવા રાજા પાસે ગયા. પરંતુ ભદ્રબાહુ ન ગયા. આ પ્રસંગનો લાભ લઈ વરાહમિહિરે ભદ્રબાહુ વિરુધ્ધ રાજાના કાન ભંભેર્યા.

રાજાએ મંત્રીને ભદ્રબાહુ પાસે મોકલ્યા, ત્યારે તેમણે જણાવ્યું કે રાજકુંવરનું માત્ર સાત દિવસનું આયુષ્ય જ છે. સાતમા દિવસે બાળકનું મૃત્યુ થશે અને તેમાં બિલાડી નિમિત્ત બનશે.

રાજાને દ્વિધા થઈ કે રાજપુરોહિતે સો વર્ષનું આયુષ્ય ભાખ્યું અને ભદ્રબાહુ સ્વામીએ માત્ર સાત જ દિવસનું આયષ્ય ભાખ્યું. રાજા વિચાર કરે છે કે ગમે તેમ તો ય ભદ્રબાહુ સ્વામી પણ જ્ઞાની છે. માટે મારે સાવધાન રહેવું જોઈએ. તેથી રાજાએ રાજ્યમાં જેટલી બિલાડીઓ હતી તે બધીને રાજ્ય બહાર કાઢી મુકાવી અને કુંવરની આજુબાજુ ચોકી પહેરા ગોઠવી દીધા.

સાતમા દિવસે ધાવમાતાના ખોળામાં બાળક સૂતો હતો અને અચાનક લાકડાનો આગળિયો બાળકના માથા પર પડ્યો અને બાળક મૃત્યુ પામ્યો. સર્વત્ર શોક છવાઈ ગયો.

ભદ્રબાહુ રાજાને મળવા ગયા અને સંસારનું સ્વરૂપ સમજાવ્યું. રાજાએ તેમના જ્યોતિષજ્ઞાનની પ્રસંશા કરી. પરંતુ

બિલાડીથી બાળકનું મૃત્યુ ન થયું તેમ પૂછ્યું, ત્યારે આચાર્યશ્રીએ લાકડાનો આગળિયો મંગાવ્યો જેનાથી બાળક મૃત્યુ પામ્યો હતો. તે આગળિયા પર બિલાડીનું મુખ કોતરેલું હતું. આથી રાજાને સંતોષ થયો અને આચાર્યશ્રીનો પરમ ભક્ત બન્યો.

આ પ્રસંગથી વરાહમિહિર અપમાનિત થયો અને તેનો દ્વેષ સતેજ થયો અને મૃત્યુ પામીને વ્યંતર બન્યો. વ્યંતરભવમાં અવધિજ્ઞાનના બળે પોતાનો પૂર્વભવ જોયો અને ભદ્રબાહુ સ્વામી સામે અને જૈનસમાજ પ્રત્યે બદલો લેવાની વૃત્તિ જાગી.

વ્યંતરે જૈન સમાજમાં મરકીનો રોગ ફેલાવ્યો. જેનાથી સંખ્યાબંધ લોકો મૃત્યુ પામવા લાગ્યા. સર્વત્ર હાહાકાર મચી ગયો. સંઘના આગેવાનો એકત્રિત થયા અને ભદ્રબાહુ સ્વામી પાસે પહોંચ્યા અને સંઘની રક્ષા કરવાની વિનંતી કરી.

સંઘની રક્ષા માટે, ધર્મની રક્ષા માટે તેમણે ભગવાન પાર્શ્વનાથને હૃદયપૂર્વક વિનંતી કરી, પ્રાર્થના કરી અને અનેક મંત્રોથી ગર્ભિત એવા જે સ્તોત્રની રચના કરી તે ઉવસગ્ગહર સ્તોત્ર છે.

આચાર્યશ્રીએ સંઘને વિધિવત્ મંત્ર આપ્યો. વાસણમાં પાણી લઈ તેને અભિમંત્રિત કરી તે પાણીનો છંટકાવ રોગીઓ પર કરાવ્યો જેનાથી સમાજ રોગમુક્ત અને સુરક્ષિત બન્યો.

ત્યારથી આ સ્તોત્ર ઇહલૌકિક તથા પરલૌકિક કલ્યાણ અર્થે શ્રી સંઘ દ્વારા ભણાવા લાગ્યું.

### ❖ સ્તોત્ર રચતા પહેલાની રચિયતાની સ્થિતિ

સકળ સંઘ પર અને જૈન સંઘ પર આવેલા ઉપસર્ગ - ઉપદ્રવનું નિવારણ કરવા માટે ભદ્રબાહુ સ્વામી સ્વયં સમર્થ હતા. ચૌદમા પૂર્વોમાં નવમું પૂર્વ વિદ્યાપ્રવાદ પૂર્વ છે, જે અનેક વિદ્યાઓ,

મંત્ર - તંત્ર - યંત્રનો ખજાનો મનાય છે. ભદ્રબાહુ સ્વામી તેના સારા જ્ઞાતા હતા. તે વખતનો સમય પણ મંત્ર - તંત્ર - યુગનો હતો. શાસન પર આવેલા ઉપદ્રવને ટાળવો અને સકળ શ્રી સઘંની રક્ષા કરવાની જવાબદારી તેમણે માથે લીધી. આ મહાન જ્ઞાની-ગીતાર્થ મહાપુરુષે શાસન અને સિદ્ધાંતની મર્યાદામાં રહીને યોગ્ય મંત્ર-તંત્ર-યંત્રનો આશ્રય લઈને ઉપાયરૂપે જે સ્તોત્રની રચના કરી તે उवसग्गहर स्तोत्र છે. સાથે સાથે તેઓ એ દીર્ઘ ભવિષ્યનો, લોકોની માનસિકતા વગેરેનો પણ ઊંડો વિચાર કરેલો. તેમણે વિચાર્યું કે|શું લોકોને માત્ર ટૂંકો મંત્ર જ આપી દેવો ? કે પછી યંત્ર બનાવીને આપવા ? અથવા શું કોઈ વધુ શક્તિશાળી દેવી-દેવતાનાં મંત્ર કે યંત્રની સ્થાપના કરવી ? શું લોકોને ગણવા - જપવા પણ ન પડે અને ફક્ત ગળે બાંધી આપવા (કંઠે ધારેઈ) અથવા તો શું કોઈ દેવી દેવતાને હાજર રાખી લેવા ? અથવા તો ફક્ત નમસ્કાર (પણામો વિ.) પ્રણામ કરવા માત્રથી કાર્ય પૂર્ણ થાય તેવું કરવું ? આ બધા વિકલ્પો તેમની સમક્ષ હતા અને તેઓ બધુ કરવા સમર્થ હતા.

સામે તીવ્ર ઉપદ્રવ હતો, મારી-મરકના ઉપદ્રવમાં દરરોજ કોઈને કોઈનું મૃત્યુ થતું હતું. સંઘના મોવડીઓ, વડીલો, આગેવાનો એક પછી એક મૃત્યુનો ભોગ બનતા. આથી જલદપ્રભાવી ઉપાય અજમાવવામાં વિલંબ કરાય તેમ ન હતું. વાત પણ સાચી છે કે - રોગની જેટલી તીવ્રતા વધુ, તેનાથી દશગણી વધુ અસરકારક દવા હોવી જોઈએ. તો ઝડપથી રોગ પાછો ઠેલાય.

આમ ઘણા લાંબા વિચારને અંતે તે મંત્રવેત્તા મહાપુરુષે મંત્રને ગુપ્ત રાખીને સ્તોત્રમાં વણીને બધાને આપવાનો કીમિયો ઠરાવ્યો. જેમ કોઈ ઔષધિ દૂધમાં, છાશમાં, દાળમાં વગેરેમાં સંતાડીને આપવી. સામેવાળાને ખબર પણ ન પડે અને રોગને ઝડપથી મટાડે. તેવી જ રીતે સ્તોત્રની વચ્ચે સંતાડીને મંત્ર આપવો. બહારથી સ્તોત્ર સાવ સાદો

- સરળ, પ્રભુભક્તિ, પ્રધાન અર્થવાળો લાગે પરંતુ અંદર ગંભીરતા ભર્યો હોય. મંત્ર એવી રીતે ગૂંથેલો, વણેલો હોય કે તે તેનો પ્રભાવ દેખાડે પણ કોઈ મંત્રનો દુરુપયોગ ન કરી શકે.

ભદ્રબાહુ સ્વામી તીર્થંકર મહાવીરની પાટે બિરાજેલા મહાપુરુષ હતા, ચૌદપૂર્વી હતા. તેમણે એ પણ વિચાર્યું કે સ્તોત્ર રચના કર્યા પછી જે હજારો વર્ષો સુધી લાંખો લોકોને ઉપયોગમાં આવવાનો છે માટે તત્કાલીન ઉપદ્રવ શાંત કરવાનો લક્ષ ન રાખતા કાયમ માટે લોકો તેની ઉપાસના કરતા કરતા ઉપસર્ગ નિવારણ સાથે અજરામર પદની પણ પ્રાપ્તિ કરી શકે. આ બધું વિચારીને આ મહાપુરુષે મહાપ્રભાવક કલ્યાણકારી ઉવસગ્ગહર સ્તોત્રની રચના કરી.

આ મંત્રમાં ભદ્રબાહુ સ્વામીએ ચૈતન્ય ભરી દીધુ હતું. શ્રી પાર્શ્વનાથના અધિષ્ઠાયક દેવ-દેવીઓને બાંધી લીધા. જે કોઈ આ સ્તોત્રનું પઠન કરે તેની રક્ષા કરવા દેવી-દેવતાઓ ત્યાં પહોંચી જતા અને શ્રી પાર્શ્વનાથના અધિષ્ઠાયક પાર્શ્વયક્ષ, ધરણેન્દ્ર દેવ અને દેવી પદ્માવતી લોકોની તકલીફોનું નિવારણ કરવા લાગ્યા.

પરંતુ લોકો મંત્ર સ્વીકારીને નાની નાની મૂંઝવણોમાં પણ દેવ-દેવીઓને બોલાવવા લાગ્યા. તેમનો દુરુપયોગ થવા લાગ્યો. આથી ધરણેન્દ્રદેવે આચાર્ય ભદ્રબાહુશ્રીને તેની જાણ કરી અને મંત્રમાંથી દિવ્યશક્તિ પાછી ખેંચી લેવા વિનંતી કરી. આચાર્યશ્રીએ, જે શક્તિ દેવોને વારંવાર બોલાવતી હતી, તે ગાથા અને મંત્રો પાછા ખેંચી લીધા. સંઘ સમાજની લાલસા અને અયોગ્યતાને કારણે અદ્દભૂત મંત્રમાંથી આ શક્તિ ખેંચાઈ ગઈ. પણ બાકી રહેલી ગાથાઓ આજે પણ એટલીજ પ્રભાવશાળી છે કે આજે પણ શ્રધ્ધાથી આ મંત્રની ઉપાસના કરવામાં આવે તો તેનું પરિણામ મળ્યા વિના રહેતું નથી. પાર્શ્વનાથના અધિષ્ટાયક દેવો આજે પણ લોકોને સહાય કરે છે.

## ૫. શ્રી ઉવસગ્ગહર સ્તોત્રનો પરિચય અને વિશેષતા

જૈન સાહિત્યમાં આગમો સૌથી પ્રાચીન છે. એવા એક આગમ સુધર્માસ્વામી પ્રણીત આચારાંગસૂત્ર છે. જેમાં શ્રી તીર્થંકર મહાવીર સ્વામિના કઠોર જીવન, તપશ્ચર્યા વગેરેની માહિતી અપાઈ છે. બીજો આગમ 'સૂયગડ' છે, જેમાં અધ્યયન-૬માં તીર્થંકર મહાવીર સ્વામીની સ્તુતિરૂપે 'વીરત્થુઈ' છે. શક્રસ્તવ તરીકે ઓળખાતા 'નમુત્થુણં'ને વિવિધ આગમોમાં સ્થાન અપાયું છે. જે સમસ્ત તીર્થંકરોના સ્વરૂપ પર પ્રકાશ પાડે છે. જેમાં પ્રભુના ગુણકીર્તન કરવામાં આવેલ છે. આવસ્સયના છ વિભાગો પૈકી 'લોગસ્સ'માં પ્રથમ તીર્થંકર શ્રી ઋષભદેવથી માંડીને અંતિમ તીર્થંકર શ્રી મહાવીર સ્વામીનું વંદન પૂર્વકનું કીર્તન છે. શ્રી મહાવીર સ્વામીના આદ્યશિક્ષક ગોશાલકે પ્રસંગોપાત શ્રી મહાવીર સ્વામીની પ્રશંસા કરી છે. જે 'ઉવાસગદશા'માં રજુ કરાઈ છે. આમ, આજથી લગભગ ૨૫૦૦ વર્ષ પૂર્વે જૈન સ્તુતિ - સ્તોત્રો રચાયા છે. એનું એક ફળ તે ચરમ શ્રુતકેવળી શ્રી ભદ્રબાહુ સ્વામીએ રચેલું, અનેકાર્થક અને સૂત્રાત્મક શ્રી ઉવસગ્ગહર સ્તોત્ર છે.

**ततः पूर्वेभ्य उद्धृत्य, 'उवसग्गहर पासं' इत्यादि।**
**स्तवनं गाथा पञ्चकमयं संदब्धं गुरुभिः ॥**

ભગવાન મહાવીરે સૌ પ્રથમ ૧૪ પૂર્વો દર્શાવ્યા છે. તે પછી જ અંગો દર્શાવ્યા. તે ૧૪ પૂર્વો પૈકી ૧૦માં પૂર્વ વિદ્યાપ્રવાહમાં ભગવંતે અર્થથી વિદ્યાઓ અને મંત્રો દર્શાવ્યા. આથી 'नमिऊण मंत्र' ને અર્થથી પ્રકાશનાર ભગવાન શ્રી વર્ધમાન સ્વામી જ કહી શકાય અને ચરમ શ્રુતેકવળી શ્રી ભદ્રબાહુ સ્વામીએ પૂર્વોમાંથી ઉધ્ધાર કરીને જ શ્રી ઉવસગ્ગહર સ્તોત્રની રચના કરી.

## ❖ શ્રી ઉવસગ્ગહર સ્તોત્રનો સંક્ષિપ્ત પરિચય

શ્રી પાર્શ્વનાથ પ્રભુને સમર્પિત થયેલા સ્તોત્રોમાં ત્રણ નામ મોખરે છે. શ્રી નમિઉણ સ્તોત્ર, શ્રી કલ્યાણમંદિર સ્તોત્ર અને શ્રી ઉવસગ્ગહર સ્તોત્ર. શ્રી ઉવસગ્ગહર સ્તોત્ર તેની પ્રભાવકતાને કારણે નિત્ય ગણાતું સ્તોત્ર છે.

### (૧) સ્તોત્રના રચયિતા

આ સ્તોત્રના રચયિતા મહાનિમિત્તિક, વિકૃષ્ટ તપસ્વી, સત્ય સંકલ્પી, વર્તમાન અવસર્પિણીકાળના અંતિમ ચૌદપૂર્વધર, ચરમ તીર્થંકર શ્રી મહાવીર સ્વામીની છઠ્ઠી પાટે થયેલ શ્રુતકેવળી, યુગપ્રધાન આચાર્ય શ્રી ભદ્રબાહુ સ્વામી છે.

### (૨) સ્તોત્રનો રચનાકાળ

આ સ્તોત્રની રચનાનું નિશ્ચિત રચનાવર્ષ અપ્રાપ્યછે. પરંતુ એ વાત નિર્વિવાદ છે કે વીર સંવત ૧૫૬ થી ૧૭૦ સુધીનાં ચૌદ વર્ષના યુગપ્રધાન આચાર્ય શ્રી ભદ્રબાહુ સ્વામી હતા અને આ સમયગાળા દરમ્યાન જ આ સ્તોત્ર રચાયું હતું.

### (3) સ્તોત્રનું પ્રયોજન

વ્યંતરકૃત ઉપદ્રવ દૂર કરવા આચાર્ય શ્રી ભદ્રબાહુ સ્વામીએ આ સ્તોત્રની રચના કરી. જેના પ્રભાવે શ્રી સંઘ નિરુપદ્રવી થયો. આમ, સ્તોત્રની રચના જિનશાસનની રક્ષા તથા પ્રભાવનાના ઉદ્દેશ્યથી કાર્યવશાત્ થયેલી છે.

### (૪) સ્તોત્રની દેહરચના

* ભાષા — આ સ્તોત્રની ભાષા પ્રાકૃત (અર્ધમાગધી) છે.
* પદ્યાત્મક રચના — શ્રી ઉવસગ્ગહર સ્તોત્ર સર્વાંશે પદ્યાત્મક રચના છે. તેમાં એકંદરે પાંચ પદ્યો છે.

* છંદ — સ્તોત્રના પાંચય પદ્યો 'ગાહા' છંદમાં છે.
* ગાહાછંદ — પ્રાકૃત આદિ ભાષાનો અતિ પ્રાચીન છંદ છે. તે જૈન આગમોના તથા અન્ય સૂત્રોમાં મહર્ષિઓ દ્વારા વિપુલ પ્રમાણમાં વપરાયેલો હોવાથી પવિત્ર મનાય છે. (સંસ્કૃત ભાષામાં તેને 'આર્યા' છંદ પણ કહે છે.)

ગાહા બોલવા અંગે છંદશાસ્ત્રીઓનું સૂચન એવું છે કે...

**□ठमं वी (मि) हंसअं बिए, सिहंस्सविक्कमजाआ ।**
**ती (तई) ए गजवर लु (ल) लियं आहिवर लुलियं चउत्थ□ं गाहा ।।**

આચાર્ય શ્રી ભદ્રબાહુ સ્વામીએ મહાપ્રભાવક શ્રી ઉવસગ્ગહર સ્તોત્રની લયબધ્ધતા સમજાવી છે.

**પહેલું પદ :**



પહેલું પદ **"હંસ ગતિ"**થી બોલવાનું હોય છે. જેમ હંસ ધીરે ધીરે પાંખ ફેલાવી ઉડવાની તૈયારી કરે છે તેમ આ સ્તોત્રનાં એક એક અક્ષર ધીમે ધીમે મુખકમલમાંથી નીકળવા જોઈએ !

**બીજું પદ :**



બીજું પદ સિંહના નાદની જેમ બોલવાનું છે. સિંહની ગર્જનાની જેમ ફોર્સથી નાભિના ઊંડાણથી અક્ષરો બહાર કાઢવા જોઈએ. આવો અંતરનો નાદ આપણી આસપાસ એક એવા સુરક્ષા મંડળની રચના કરે છે જે આપણી સાધનાને વિચલીત થવા ન દે !

**ત્રીજું પદ :**

આ પદ **"હસ્તિ ગતિ"** થી બોલવાનું છે. હસ્તિ એટલે હાથી. હાથી જેમ ધીમે ધીમે સ્થિરતાપૂર્વક એક જ ગતિથી ચાલે તેમ એક જ તાલમાં એક એક શબ્દનો ધ્વનિ નીકળવો જોઈએ.



કોઈની ગણના પણ નહીં અને કોઈની અવગણના પણ નહીં !

**ચોથું પદ :**

આ પદ સર્પગતિથી બોલવાનાં હોય છે. સર્પ જેમ એક સમાન એક સરખા લયથી સરકે છે તેમ સ્તોત્રના એક એક અક્ષર અંતરમાંથી લયબધ્ધ નીકળવા જોઈએ. આ લયતા જ લીનતા અપાવે છે !



સુવિધીપૂર્વક બોલાયેલા ધ્વનિની અસર માનસ ઉપર થાય છે અને તેના તરંગોની અસર આખા શરીર ઉપર થાય છે.

- પહેલું પાદ - હંસની જેમ ધીમે ધીમે બોલવું.
- બીજુ પાદ - સિંહની ગર્જના પેઠે ઊંચેથી બોલવું.
- ત્રીજુ પાદ - ગજગતિની જેમ લલિતપણે ઉચ્ચારવું.
- ચોથુ પાદ - સર્પની ગતિની જેમ ડોલતા ગાવું.

❖ અક્ષર પ્રમાણ

- પ્રથમ ગાથા - ૩૭ અક્ષર
- બીજી ગાથા - ૩૮ અક્ષર
- ત્રીજી ગાથા - ૩૭ અક્ષર
- ચોથી ગાથા - ૩૫ અક્ષર
- પાંચમી ગાથા - ૩૮ અક્ષર

આમ કુલ ૧૮૫ અક્ષરો છે. (સંયુક્ત અક્ષરોનો એક જ અક્ષર ગણાવે છે.)

શ્રી ઉવસગ્ગહર સ્તોત્ર ૧૮૫ અક્ષર પ્રમાણ પાંચ ગાથા સહિતનું પદ્યાત્મક સ્તોત્ર છે. જે સ્તવનીય સ્તુતિરૂપ સ્તોત્રના સર્વ લક્ષણોથી અંલકૃત, યંત્ર - મંત્રથી પરિપૂર્ણ છે.

### (૫) સ્તોત્ર શીર્ષક

પ્રાકૃતમાં 'ઉવસગ્ગ' શબ્દનો અર્થ આપદા, વિપત્તિ, મુશ્કેલી, સંકટ, ઉપસર્ગ થાય છે. નામ પ્રમાણે આ સૂત્ર આપદાહરણ કરનાર સૂત્ર છે.

### (૬) સ્તોત્રમાં સંબોધન

મંગલ અને કલ્યાણના ધામરૂપ, મહાયશસ્વી, પાર્શ્વયક્ષ જેમના અધિષ્ઠાયક દેવ અને શ્રી સંઘના રક્ષકદેવ છે એવા ચંદ્રસમાન ત્રેવીસમા તીર્થંકર શ્રી પાર્શ્વનાથ પ્રભુને સંબોધીને આ ભક્તિ સ્તોત્રની પાવન રચના થયેલ છે.

### (૭) સ્તોત્રમાં ગાથા પ્રમાણ

વિક્રમની સત્તરમી સદીમાં થયેલી આચાર્ય શ્રી હર્ષકીર્તિસૂરિએ જણાવ્યું છે કે પૂર્વે આ સ્તોત્રની સાત ગાથા હતી. પરંતુ આચાર્ય ભદ્રબાહુ સ્વામીએ તેની બે ગાથા ભંડારમાં સ્થાપિત કરી એટલે અત્યારે પાંચ ગાથા પ્રવર્તે છે.

સમય જતાં આ સ્તોત્રની પ્રભાવક્તા વધતા, વિદ્વાનો દ્વારા તેની ગાથાઓમાં વધારો થતો ગયો અને હાલમાં ૯, ૧૩, ૧૭, ૨૧ અને ૨૭ ગાથાના પ્રમાણો ઉપલબ્ધ છે.

### (૮) સ્તોત્રની જુદી જુદી ગાથાઓના જુદા જુદા પ્રભાવ

આ સ્તોત્રની પાંચ ગાથાઓ પૈકી પ્રથમ ગાથાનો પાઠ ઉપસર્ગ - ઉપદ્રવ અને વિષધરના વિષ દૂર કરનાર છે.

પ્રથમ તથા બીજી ગાથાનો સંયુક્ત રીતે કરાયેલો પાઠ યા સ્મરણ ગ્રહ - રોગ - મારિ, વિષય જવરનો નાશ કરનાર છે.

પ્રથમ, બીજી અને ત્રીજી ગાથાના સ્મરણથી વિષમરોગ, દુઃખ તથા દરિદ્રતાનો નાશ થાય છે.

પ્રથમ, દ્વિતીય, તૃતીય અને ચતુર્થ ગાથાના પાઠથી સર્વ વાંછિત પ્રાપ્ત થાય છે. આ ચાર ગાથામાં શ્રી પાર્શ્વચિંતામણિ મંત્ર સ્થાપન કરાયેલો છે અને સંપૂર્ણ સ્તોત્રના પાઠથી આલોક તથા પરલોકના સર્વ કાર્યની સિધ્ધિ થાય છે.

## (૯) વિવિધ સંપ્રદાયોમાં શ્રી ઉવસગ્ગહર સ્તોત્ર

જૈન શ્વેતાંમ્બરના ત્રણેય ફિરકાઓમાં આ સ્તોત્ર માન્ય છે.

દિગમ્બર સંપ્રદાય આ સ્તોત્રને આચાર્ય માનતુંગસૂરિ કૃત માને છે.

## (૧૦) શ્રી ઉવસગ્ગહર સ્તોત્રની મંત્રમયતા

આ સ્તોત્રમાં શ્રી પાર્શ્વનાથ સ્વામીની સ્તવના છે. તેમાં ૐ, હ્રીં જેવા કોઈ બીજ મંત્રોનો ઉપયોગ ન હોવા છતાં મંત્ર તરીકે સ્વીકારાયેલો છે. જેનું સમાધાન એ જ છે કે પાર્શ્વનાથ ભગવંતનું નામ એ જ પરમ મંત્ર છે. તેમનું નામ જ સર્વ મંત્રાક્ષરોમાં શ્રેષ્ઠ મંત્ર છે.

## (૧૧) મંત્રની ફળદાયકતાનું કારણ

મંત્ર સિધ્ધ થવામાં બે વાતો સર્વચિંતન છે.

(૧) જો મંત્ર સિદ્ધ કરવો હોય તો તેના અધિષ્ઠાયક દેવ યા દેવી પ્રત્યે અનન્ય કોટિની શ્રધ્ધા હોવી જરૂરી છે.

(૨) ગુરુદ્વારા આમ્નાય પ્રાપ્ત થયેલ હોવો જોઈએ.

જો આ બે વસ્તુઓ ન હોય તો મંત્ર ફળદાયક થતો નથી. ભલે તે મંત્રનો જાપ - તપ આદિ કરવામાં આવે. તેથી

શ્રી ઉવસગ્ગહર સ્તોત્રની પાંચમી ગાથાના બીજા ચરણમાં **'भत्तिभर निब्भरेण हियएण'** પદ મૂકી પાર્શ્વનાથ ભગવાનની શ્રધ્ધા વ્યક્ત કરાઈ છે.

જે મંત્રના જે અધિષ્ઠાયક દેવો હોય છે તેઓ તે મંત્રના સંકેતથી બંધાયેલા હોય છે. તેથી મંત્રના જાપ દ્વારા તેઓ ભક્ત પર તૃષ્ટ થઈ તેમની મનોકામનાઓ પૂર્ણ કરે છે.

❖ **શ્રી ઉવસગ્ગહર સ્તોત્રની વિશેષતા**

શ્રી ઉવસગ્ગહર સ્તોત્ર એ ભક્તિયોગ, મંત્રયોગ અને ધ્યાનયોગનો ત્રિવેણી સંગમ છે.

ભક્તિયોગમાં પરમાત્માના સ્વરૂપને હૃદયંગમ કરવાનું છે.

મંત્રયોગમાં વર્ણાત્મક મંત્ર અને તેના અર્થના આવલંબનથી સાધના માર્ગ સ્પષ્ટ કરવાનો છે.

ધ્યાનયોગમાં ધ્યાતા ધ્યેય સાથે તાદાત્મયતા અનુભવે છે.

શ્રી ઉવસગ્ગહર સ્તોત્ર પ્રાકૃત ભાષાનું (અર્ધમાગ્ધી) પદ્યમય મૂર્ધન્ય ભક્તિ કાવ્ય છે. તે સ્તોત્રોનું આભૂષણ છે. પ્રતિદિન સ્મરણ કરવા યોગ્ય સ્તોત્રો કે જેને 'નવસ્મરણ' કહેવામાં આવે છે. આ નવસ્મરણમાં આ સ્તોત્રનું બીજુ સ્થાન છે. જૈન ધર્મમાં નવકાર મહામંત્ર પછી સૌથી વધુ શ્રધ્ધાથી ગણાતું જો કોઈ મંત્ર સ્તોત્ર હોય તો તે શ્રી ઉવસગ્ગહર સ્તોત્ર છે. જે સ્તોત્રનું ઉત્કૃષ્ટ સ્થાન દર્શાવે છે.

મુનિશ્રી યશોવિજયજી કહે છે કે, આ સ્તોત્ર મૂર્તિપૂજક સંપ્રદાયમાં નિત્યક્રમ રૂપે ચૈત્યવંદનમાં નિશ્ચિત સ્થાન પામેલું છે. લાખો જૈનો મંદિરમાં બોલે છે અને ઘરમાં રહીને પણ સૌથી વ્યક્તિઓ દ્વારા વધુ સંખ્યામાં ગણાતું આ સ્તોત્ર છે.

આ સ્તોત્રના પઠનથી પરંપરાએ સિધ્ધપણું એ ફલ છે.

આ લોક અને પરલોકના સુખના અભિલાષીઓ આ સ્તોત્રનું હંમેશા સ્મરણ તથા પઠન કરે છે.

એટલે આ સ્તોત્ર ઉભયફળને આપનાર છે.

❖ ગાથા વિશેષતા

મહાપ્રભાવક શ્રી ઉવસગ્ગહર સ્તોત્રમાં ભદ્રબાહુ સ્વામીજીએ અર્થનો જે ભંડાર ભર્યો છે તે ખરેખર અદ્દભૂત છે. આટલી અઢળક લક્ષ્મી અર્થાત અર્થરૂપ સંપત્તિને સાચવવા માટે આ સ્તોત્ર એક તિજોરી જેવું છે.

સમગ્ર સ્તોત્રમાં પાર્શ્વનાથ પ્રભુની ૧૨,૮૦૦ પ્રકારે સ્તુતિ થાય છે.

પહેલી ગાથાના ૮૦ અર્થ, બીજી ગાથાના ૪૦ અર્થ

૮૦ × ૪૦ = ૩૨૦૦ પ્રકાર

૩૨૦૦ × ૨ = ૬૪૦૦ પ્રકાર (જે ત્રીજી ગાથાના બે અર્થ)

૬૪૦૦ × ૧ = ૬૪૦૦ પ્રકાર (ચોથી ગાથાનો એક પ્રકાર)

૬૪૦૦ × ૨ = ૧૨,૮૦૦ પ્રકાર (પાંચમી ગાથાના બે પ્રકાર)

આ સ્તોત્ર અનેકાર્થી છે. એનો સંબંધ કેવળ પુરુષાદાનીય પાર્શ્વનાથ સાથે જ નથી પણ તેમના શાસનદેવ પાર્શ્વયક્ષ, તેમના કૃતજ્ઞ ભક્ત ધરણેન્દ્ર, તેમજ તેમની શાસનદેવી પદ્માવતી સાથે પણ છે.

❖ **પહેલી ગાથાના ચાર પદના અર્થ નીચે દર્શાવેલ છે.**

(૧) **उवसग्गहरं पासं**

તેના કુલ પાંચ અર્થ નીચે મુજબ છે.

- ઉપસર્ગોને હરનાર પાર્શ્વયક્ષ જેમની સેવામાં છે તેવા .
- ઉપસર્ગોને હરનાર ધરણેન્દ્રદેવ જેમની પાસે છે તેવા.
- ઉપસર્ગોને હરનાર અને ત્રિકાલવર્તી જ્ઞાનથી જગતને જોનાર તેવા.
- ઉપસર્ગોને હરનાર અને જેમની આશા-આકાંક્ષા ચાલી ગઈ છે તેવા.
- ઉપસર્ગોને હરનાર અને જેના હાથમાં પાદ્ય નામનું આયુધ છે તેવી પદ્માવતી દેવી જેમની સેવામાં છે તેવા શ્રી પાર્શ્વનાથ ભગવાન છે.

(૨) **कम्मधणमुक्कं**

- ધન - ગાઢ કર્મોથી મક્ત.
- 'કમ્મ' એટલે મનોહર ધન - શરીરથી જોનારને હર્ષ આપનારા એવા દિવ્ય તેજસ્વી દેહધારી પદ્માવતીદેવીથી પરિવૃત્ત.

(3) **विसहंर विसनिन्नासं**

- સર્પોના વિષનો નાશ કરનાર.
- વિષ - જળ છે ગૃહ જેનું - વિષગૃહ એવાં ગંગા નદીના કાંઠે એટલે કે - વારાણસીના મણિકર્ણિકાના ઘાટે પંચાગ્નિ તપ કરનાર કમઠ તાપસના હિંસારૂપ ધર્મ (વૃષ)ના વિનાશક.

- વિષ - પાણી - વિષધર એવા મેઘમાલી નામે કમઠસુરે ભગવાન ઉપર કરેલા મેઘ તાંડવને પોતાની ફણાના છત્ર વડે નિવારણ કરનાર ધરણેન્દ્રથી પરિપૂજિત.
- મિથ્યાત્વ - કષાયાદિ ભાવ - આંતરિક વિષને દૂર કરનાર.

(૪) **मंगल कल्लाण आवासं**

- મંગલ એટલે વિપત્તિઓનું ઉપશમન અને સંપત્તિના **ઉત્કર્ષરૂપ આવાસ.**
- કલ્યાણકારી ભગવાનની આજ્ઞા - શાસનથી ભાવિત હૃદય મનવાળા એવા ધરણેન્દ્રથી પૂજિત.

આ રીતે પ્રથમ પદના પાંચ અર્થોને બીજા પદના બે અર્થથી ગુણતા ૧૦ (દશ) અર્થ થાય અને તે ૧૦ ને ત્રીજા પદના ૪ અર્થોથી ગુણતા ૪૦ અર્થો થાય. તે ૪૦ ને ચોથા પદના ૨ અર્થો વડે ગણતાં ૮૦ અર્થો થાય છે. આ રીતે પહેલી ગાથાના ૮૦ અર્થો થાય છે.

❖ **બીજી ગાથાના ચાર પદના અર્થ નીચે દર્શાવેલ છે.**

(૧) **विसहर – फुलिंगमतं**

- વિસહર અને કુલિંગ - તેમાં રહેલા ગર્ભિત મંત્રને.
- વિસહર કુલિંગ સ્વરૂપ વિશિષ્ટ મંત્રમાં જેમનું સંનિધાન છે તેવા પાર્શ્વપ્રભુ.
- પ્રસ્તુત મંત્ર શ્રી ધરણેન્દ્ર દેવ, પદ્માવતી દેવી તથા પાર્શ્વયક્ષથી અધિષ્ઠિત છે.
- વિષધર સર્પ અને અગ્નિકણ (સ્ફુલિંગ) આ શબ્દના ઉપલક્ષણથી બીજા પણ નાના મોટા ક્ષુદ્ર ઉપદ્રવોના નિવારક.

- કેટલાક આચાર્યો જુદા જુદા મંત્રબીજોથી આ અઢાર અક્ષરવાળા મૂળમંત્રને પરિવર્ધિત કરે છે, તે સર્વેનો અહીં સમવેશ થાય છે.

(૨) **मणुओ**

- મનુષ્ય - એટલે ભવ્ય જીવ.
- માંત્રિક - મંત્રના જાણકાર મંત્રવેત્તા.

(3) **दुठ्ठ**

- દુર્જન, શત્રુ અથવા કુપિત રાજા.
- દુષ્ટ જવર, દાહજ્વર, શીતજ્વર જેવી વ્યાધિઓ.

(४) **उवसाम**

- ઉપશાંત થવું, વિરામ પામવું, અટકી જવું.
- વશ થવું એટલે કે આ મંત્ર આકર્ષણ, વશીકરણ વગેરે કરવામાં સમર્થ છે. આમ બીજી ગાથાના પહેલાપદના પાંચ અર્થોને ૨ ગુણતા ૧૦ થાય છે. ૧૦ને ૨ થી ગુણતા ૨૦ થાય છે. ૨૦ને ૨ થી ગુણતા ૪૦ થાય. આમ બીજી ગાથાના ૪૦ અર્થ થાય છે.

❖ **ત્રીજી ગાથા**

(૧) **नरतिरिएसु**

- મનુષ્ય અથવા તિર્યંચ ગતિમાં રહેલા જીવો.
- નરતિર્યંચ, નરપશુ, બાળક, ગોવાળ જેવા મૂઢ જીવો.

❖ **ચોથી ગાથા**

(૧) **चिंतामणि कप□□ाय वब्भइए**

- ચિંતામણિરત્ન અને કલ્પવૃક્ષથી અધિક મહિમાવાળું તારું સમ્યક્ત્વ છે.

❖ પાંચમી ગાથા

(૧) महायस

- મહાયશસ્વી - પાર્શ્વનાથ પ્રભુ.
- अमहागस - રોગ અને પાપના નાશક.

આમ, પ્રથમ ગાથા ૮૦ અર્થને ૮૦

બીજી ગાથાના ૪૦ અર્થ વડે ગુણતા ૩૨૦૦

ત્રીજી ગાથાના ૨ અર્થ વડે ગુણતા ૬૪૦૦

ચોથી ગાથાના ૧ અર્થ વડે ગુણતા ૬૪૦૦

પાંચમી ગાથાના ૨ અર્થ વડે ગુણતા ૧૨,૮૦૦ થાય.

આમ, **સમગ્ર અર્થ વિસ્તાર**નો મૂળસ્તોત્ર ચૌદમી સદીમાં થયેલા **આચાર્ય શ્રી જિનપ્રભુસૂરિજીના વિચરિત અર્થ - કલ્પનાવૃત્તિ છે.**

❖ **શ્રી ઉવસગ્ગહર સ્તોત્રમાં દર્શાવેયાલા ત્રણ પ્રકારના ભક્ત આત્માઓ**

**પ્રથમ કક્ષા** ના આત્મા કે જેઓ ભૌતિક આપત્તિઓના નિવારણને જ પ્રાધાંન્ય આપે છે. જે દર્શાવતી ગાથા 'विसहरफुलिंगमंत' છે.

**બીજી કક્ષા** ના આત્માઓ કે જે મધ્યમ કક્ષાના છે. તેમને પ્રાપ્ત થનારા ફલો તરીકે સ્વર્ગ આદિની સંપદાઓ, રાજ્ય, સુખ, સમૃદ્ધિ અને દુઃખ માત્રનો નાશ દર્શાવ્યો છે. તે દર્શાવતી ગાથા 'चिठ्ठउदूरे मंतो'

**ત્રીજી કક્ષા** ના આત્માઓ જે ઉત્તમ આત્માઓ છે જેમને પ્રાપ્ત થનાર ફલો તરીકે નિર્વિઘ્ને અજરામર પદની પ્રાપ્તિ દર્શાવાઈ છે. એટલે કે પરલોકમાં મોક્ષની પ્રાપ્તિ અને જ્યાં સુધી તે

પ્રાપ્ત ન થાય ત્યાં સધી આ લોકમાં સુખ સંપદાઓ તેને મળ્યા જ કરતી હોય તેમ દર્શાવાયું છે.

આમ, ત્રણેય પ્રકારના આત્માઓ માટે આ સ્તોત્ર ફલદાયક છે અને સૌને પોતપોતાની કક્ષાનુસાર ફળ મળે છે.

### ❖ શ્રી ઉવસગ્ગહર સ્તોત્રમાં વપરાયેલ ભગવાનશ્રી પાર્શ્વનાથના ચાર નામો

શ્રી ઉવસગ્ગહરની પ્રથમ ગાથામાં **मंगल** તથા **कल्लाण** અને ચોથી ગાથામાં **चिन्तामणि** તથા **कप्पपायव** એમ ચાર શબ્દો વપરાયેલા છે. આ ચારેય નામની શ્રી પાર્શ્વનાથ સ્વામીની મૂર્તિઓ એક જ જગ્યાએ જોવા મળે છે.

આબૂગિરિ ઉપર 'ખરતરવસહી' નામના મંદિરમાં નીચેના માળમાં ચારે બાજુ મૂલનાયક શ્રી પાર્શ્વનાથ ભગવાન છે. તેમની મૂર્તિઓ ભવ્ય અને નવફેણયુક્ત પરિકરવાળી છે. તે દરેકની નીચે શિલાલેખ છે.

- **પૂર્વ દિશામાં** - મંગલકર પાર્શ્વનાથ.
- **પશ્ચિમ દિશામાં** - મનોરથ કલ્પદ્રુમ પાર્શ્વનાથ.
- **ઉત્તર દિશામાં** - ચિંતામણિ પાર્શ્વનાથ.
- **દક્ષિણ દિશામાં** - કલ્યાણકર પાર્શ્વનાથ છે.

જે ભગવાન પાર્શ્વનાથના માહાત્મયનો સાક્ષાત્કાર કરાવે છે.શ્રી પાર્શ્વનાથજીનું જીવન ચરિત્ર તેમની અનુપમ કૃપા - કરુણા અને સિધ્ધિઓનો વિશુધ્ધ પરિચય કરાવે છે.

પાર્શ્વનાથ ભગવાન મંગલ અને કલ્યાણને કરનારા છે. ચિંતામણીરત્નની જેમ ચિંતાઓનું પરિહરણ કરે છે અને કલ્પવૃક્ષની જેમ મનોવાંછિતને મૂર્ત કરે છે.

## ❖ શ્રી ઉવસગ્ગહર સ્તોત્રમાં પંચ પરમેષ્ઠિની સ્થાપના

શ્રી ઉવસગ્ગહર સ્તોત્રની રચના અંતિમ શ્રુતકેવળી પૂજ્ય શ્રી ભદ્રબાહુ સ્વામીએ કરી છે. આ સ્તોત્રમાં અનેક મંત્રો અને યંત્રો રહેલા છે. સર્વ પ્રકારના ઉપસર્ગોનો ક્ષય કરનારું અને સમ્યક્દર્શન પ્રગટાવનારું આ સ્તોત્ર છે, જે શ્રી નમસ્કાર મહામંત્રના બીજથી વાસિત છે.

'શ્રી ઉવસગ્ગહર' સ્તોત્રમાં પાંચ પરમેષ્ઠિના નામોનાં આદ્યાક્ષરો ગોઠવવામાં આવ્યા છે. એવું સૂચન આચાર્ય શ્રી જિનપ્રભસૂરિએ પોતાની રચેલ 'અર્થકલ્પલતા' ટીકામાં કર્યું છે અને જણાવ્યું છે કે વિદ્યાઓનું સર્વસ્વ અને મંત્રોનું ઉપાદાન કારણ પંચ પરમેષ્ઠિ મહામંત્ર નમસ્કાર મંત્ર છે. જેમાં પંચ પરમેષ્ઠિને નમસ્કાર કરવામાં આવ્યા છે. તેમના નામના અક્ષરોની રચના આ શ્રી ઉવસગ્ગહર સ્તોત્રની ગાથામાં નિરૂપણ થયેલી છે.

**પ્રથમ ગાથા** ની આદિમાં **उव** એ બે અક્ષરથી ઉપાધ્યાય સમજવાના છે.

**બીજી ગાથા** ની આદિમાં **'વિસ'** એ બે વર્ણથી સાધુઓ સમજવાના છે. કારણ કે વિષ સર્વ રસાત્મક છે. સ્તોત્રના કર્તા શ્રી ભદ્રબાહુ સ્વામીએ દશવૈકાલિકની નિર્યુક્તિમાં શ્રમણોને વિષ સમાન કહ્યા છે.

**ત્રીજી ગાથા** માં **'ચિઠ્ઠ'** - આ બે અક્ષર શરૂઆતમાં છે. તે બે અક્ષરથી આચાર્ય સમજવાના છે. કેમ કે ભગવાન તીર્થંકરદેવો મોક્ષમાં ગયા પછી જ્યાં સુધી તીર્થ હોય, ત્યાં સુધી આચાર્યો કહેવાય છે.

**ચોથી ગાથા** માં 'તુહ' - આદિ અક્ષરો છે. તે બે અક્ષરથી અર્હંત ભગવાન સમજવાના છે. 'તુહ' નો અર્થ નાશ કરવો એવો

થાય છે. સકલ જગતના સંશયોના સમૂહનો નાશ કરે તે 'તુહ' કહેવાય છે. જેમને કેવળજ્ઞાન થયું છે તે અર્હંત ભગવંતો કહેવાય છે.

**પાંચમી ગાથા માં 'ઈય' - આદિમાં રહેલા અક્ષરોનો અર્થ** સિધ્ધ ભગવંતો છે. 'ઈ' ધાતુનો અર્થ છે ગતિ કરવી. 'ઈય' એટલે ગયેલા ફરી પાછા ન આવવા માટે એટલે કે મુક્તિ પામેલા સિધ્ધો.

આ સ્તોત્રમાં મુખ્ય તો અર્હંત ભગવાનનું જ પ્રાધાન્ય છે.

(૧) તેનું અધ્યયન ઉપાધ્યાયોએ જ કરાવવું જોઈએ, જેથી આદિમાં ઉપાધ્યાય કહ્યા છે.

(૨) ઉપાધ્યાય પાસે આ સૂત્રનું અધ્યયન કરનારને સાધુઓ જ સહાય કરે છે કારણ કે સહાય કરવાનો અધિકાર સાધુઓને છે. માટે ઉપાધ્યાય પછી સાધુ આવે છે.

(૩) અધ્યયન કરાયેલા સૂત્રોના અર્થ આચાર્યો જ કરે છે માટે સાધુઓ પછી આચાર્યો મુકાયા છે.

(૪) આચાર્યોના ઉપદેશથી અર્હંતોનું જ્ઞાન થાય છે. તેથી આચાર્ય પછી અર્હંત કહ્યા છે.

(૫) આ સ્તોત્રના પાઠથી થનારું ભાવફળ પરંપરાએ સિધ્ધપણું છે. તેથી અર્હંત પછી સિધ્ધ આવે છે.

આ રીતે શ્રી ઉવસગ્ગહર સ્તોત્ર પંચ પરમેષ્ઠિ ગર્ભિત સ્તોત્ર છે. આ વિગત 'જ્ઞાતાધર્મકથાંગસૂત્ર'ના પૃ. ૨૪૬ પર અંકિત થયેલી છે.

ચોવીસ તીર્થંકરો પૈકી જે તીર્થંકરો શ્વેત છે તેમની આરાધના અરિહંતની આરાધના છે, જે તીર્થંકરો રક્ત વર્ણના છે તેમની આરાધના સિદ્ધની આરાધના છે, જે તીર્થંકરો કનક વર્ણના છે તેમની આરાધના આચાર્યની આરાધના છે, જે તીર્થંકરો નિલ વર્ણના છે તેમની આરાધના ઉપાધ્યાયની આરાધના છે અને જે તીર્થંકરો શ્યામ વર્ણના છે તેમની આરાધના સાધુની આરાધના છે.

ઉપાધ્યાયની આરાધના માટે નીલ વર્ણવાળા શ્રી પાર્શ્વનાથ ભગવંતની આરાધના ઈષ્ટ મનાય છે. તેમની આરાધના માટેનું સ્તોત્ર તે 'શ્રી ઉવસગ્ગહર' સ્તોત્ર છે. તે દ્વારા પ્રાપ્ત થનાર ફળ તરીકે સર્વ ભયોનો નાશ તથા ઈહલૌકિકલાભ - આ લોકના પદાર્થોનો લાભ છે, જે ક્રમશઃ 'શ્રી ઉવસગ્ગહર' સ્તોત્રની બીજી ગાથાના ત્રીજા તથા ચોથા ચરણ - 'तस्स गहरोग, मारी, दुट्ठजरा जंति उवसामं' - દ્વારા તથા ત્રીજી ગાથાના બીજા ચરણના 'बहुफलो होइ' - પદ દ્વારા દર્શાવેલ છે.

❖ **શ્રી ઉવસગ્ગહર સ્તોત્ર પર રચાયેલી ટીકાઓ**

ઉવસગ્ગહર સ્તોત્ર પર નાની મોટી ટીકાઓ રચાઈ છે. વર્તમાન કાલમાં કેટલીક ટીકાઓ પ્રાપ્ત નથી, પરંતુ જે પ્રાપ્ત છે તે નીચે મુજબ છે.

| ક્રમ | ટીકાનું નામ | કર્તા | રચનાકાલ |
|---|---|---|---|
| ૧. | શ્રી ઉવસગ્ગહર લઘુવૃત્તિ | પૂર્ણચન્દ્રસૂરિ (મુદ્રિત) | ૧૨મી શતાબ્દી |
| ૨. | શ્રી ઉવસગ્ગહર લઘુવૃત્તિ | દ્વિજપાર્શ્વ દેવ ગણિ (મુદ્રિત) | ૧૨મી શતાબ્દી |
| ૩. | અર્થકલ્પલતા વૃત્તિ | જિનપ્રભસૂરિ (મુદ્રિત) | વિ.સં. ૧૩૬૫ |
| ૪. | શ્રી ઉવસગ્ગહર અવચૂર્ણિ | અજિતપ્રભસૂરિ (અમુદ્રિત) | રચના સંવત અપ્રાપ્ય |
| ૫. | શ્રી ઉવસગ્ગહર પદાર્થ | જિનસૂરિમુનિ (અમુદ્રિત) | ૧૬મી શતાબ્દિ |
| ૬. | શ્રી ઉવસગ્ગહર ટીકા | સિધ્ધિચન્દ્રગણિ (મુદ્રિત) | ૧૭મી શતાબ્દિ |
| ૭. | શ્રી ઉવસગ્ગહર વૃત્તિ | હર્ષકીર્તિસૂરિ (મુદ્રિત) | ૧૭મી શતાબ્દિ |
| ૮. | શ્રી ઉવસગ્ગહર 'વૃત્તિ | સમયસુંદર વાચક (મુદ્રિત) | વિ.સં. ૧૬૯૫ |

આ સ્તોત્ર પર વર્તમાનાચાર્ય શ્રી ધર્મધુરંધરસૂરિએ પણ પાદપૂર્તિરૂપે એક કૃતિની રચના કરી છે.

આ સ્તોત્ર પર વૃત્તિ ટીકા અવચૂરી મળીને કુલ ૧૧ રચનાઓ થઈ છે.

શ્રી તેજસાગરમુનિએ આ સ્તોત્રની પ્રત્યેક ગાથા - ચરણની પાદપૂર્તિરૂપે એક સ્તુતિની રચના કરી છે.

શ્રી જિનપ્રભસુરિ રચિત શ્રી ઉવસગ્ગહર સ્તોત્રની પાદપૂર્તિ રૂપે પાર્શ્વજિન સ્તોત્ર પણ પ્રાપ્ત થાય છે.

❖ **શ્રી ઉવસગ્ગહર સ્તોત્રીની પ્રભાવક્તા**

શ્રી જિનસૂરિજી મુનિવરે પ્રિયંકર નૃપકથામાં શ્રી ભદ્રબાહુ સ્વામી રચિત શ્રી ઉવસગ્ગહર સ્તોત્રનો મહિમા મુક્તકંઠે ગાયો છે.

મુનિશ્રી જિનસૂરિજી જણાવે છે કે......

**उवसग्गहर स्तोत्रं, कृतं श्री भद्रबाहुना ।**
**ज्ञानादित्येन संघस्य, शान्तये मंगलाय च ।।१।।**

અર્થાત્, આ 'શ્રી ઉવસગ્ગહર' નામનું સ્તોત્ર જ્ઞાનના સૂર્ય સમાન શ્રી ભદ્રબાહુ સ્વામીએ સંઘની શાંતિ અને કલ્યાણ માટે બનાવ્યું છે.

આ સ્તોત્રનો પ્રારંભ 'શ્રી ઉવસગ્ગહર' શબ્દથી થતો હોવાથી તે'શ્રી ઉવસગ્ગહર' સ્તોત્ર તરીકે ઓળખાય છે.

સંસ્કૃતમાં **'उ□सर्गहरं स्तोत्र' પણ કહે છે.**

**एतस्त प्रभावो हि, वक्तुं केना□ि शक्यते ?**
**गुरुणा हरिणा वा वाक् प्रज्ञाऽप्येक जिवया ।।२।।**

ઉવસગ્ગહર સ્તોત્રના રચિયતા શ્રી ભદ્રબાહુ સ્વામી મહાજ્ઞાની હતા. ૧૪ પૂર્વધર હતા. જેમાં શ્રી પાર્શ્વનાથ પ્રભુની

સ્તવના છે. તેવા આ સ્તોત્રનો પ્રભાવ એટલો દિવ્ય અને અપૂર્વ છે કે તેનું વર્ણન ખુદ બૃહસ્પતિ કે ઈન્દ્ર પણ એક જીભ વડે કહી શકે નહિ. એટલે કે તેનું પૂરૂં વર્ણન કરવા સેંકડો જીભો જોઈએ.

**उ□सर्गहरं स्तोत्रे, स्मृते श्युः शुभसं□दः ।**

**संयोगसन्ततिर्नित्यं, स्युं समीहितसिद्धयः ।।3।।**

અર્થાત્, શ્રી ઉવસગ્ગહર સ્તોત્રનું નિત્ય સ્મરણ કરવાથી શુભ સંપત્તિઓ, સંતતિનો યોગ તથા ઈચ્છિત સિદ્ધિઓની પ્રાપ્તિ થાય છે. (શુભ સંપત્તિ એટલે વિદ્યાસંપત્તિ, કલાસંપત્તિ, ધર્મસંપત્તિ તથા ધનસંપત્તિ)

**उदयोच्च□दो□ाया, उत्तमत्वमुदारता ।**

**उकाराः □ंच □ुसः स्युरु□सर्गहरस्मृते ।।४।।**

અર્થાત્, ઉપસર્ગહર સ્તોત્રનું સ્મરણ કરતાં પુરૂષને પાંચેય ઉ કારની પ્રાપ્તિ થાય છે. શ્રી ઉવસગ્ગહર સ્તોત્રનો આદ્ય અક્ષર (ઉ) છે.




* ઉદય : દિન-પ્રતિદિન ચડતી થાય.
* ઉચ્ચપદ : મહાનપદની પ્રાપ્તિ થાય.
* ઉપાય : ઈષ્ટ પ્રાપ્તિના સાધનો પ્રાપ્ત થાય.
* ઉત્તમતા : શ્રેષ્ઠપણું પ્રાપ્ત થાય.
* ઉદારતા : દાન - પરોપકારના ભાવ જાગે.

पुण्यः पापक्षयः प्रीतिः, पद्मा च प्रभुता तथा ।

पकाराः पंच पुसां स्युः पार्श्वनाथस्य संस्मृतै ।।૫।।

આ સ્તોત્રનું સ્મરણ કરતા પરમ પ્રભાવી પુરુષાદાનીય શ્રી પાર્શ્વનાથ પ્રભુનું સ્મરણ થાય છે. શ્રી પાર્શ્વપ્રભુનું સ્મરણ કરતાં પુરુષોને પાંચ પ્રકારની પ્રાપ્તિ થાય છે.

શ્રી પાર્શ્વનાથ સ્વામીનાં નામમાં આદ્ય અક્ષર 'પ' છે.




* પુણ્ય : પુણ્યની અભિવૃદ્ધિ થાય.
* પાપક્ષય : પાપનો નાશ થાય.
* પ્રભુતા : અગ્રેસરતા પ્રાપ્ત થાય છે.
* પ્રીતિ : લોકપ્રિયતા પ્રાપ્ત થાય છે.
* પદ્મા : લક્ષ્મી પ્રાપ્ત થાય છે.

જિનસૂરમુનિવર આગળ જણાવે છે કે....

उपसर्गहर स्तोत्रम ष्टोत्तरशत सदा ।

योध्यायति स्थिरस्वान्तो मौनवान निश्चलासनः ।।૬।।

तस्य मानव राजस्य, कार्यसिद्धिः पदे पदे ।

भवैच्च सततं लक्ष्मीश्चलाऽपि हि निश्चला ।।૭।।

અર્થાત્ - જે માણસ આસન પર સ્થિરતા કેળવી, મૌનપણે સ્થિર ચિત્તથી ઉપસર્ગહર સ્તોત્રનું ૧૦૮ વાર હંમેશા સ્મરણ કરે છે, તે શ્રેષ્ઠ મનુષ્યને પગલે પગલે કાર્યસિદ્ધિ થાય છે. ત્યારે સ્વભાવે ચંચળ હોવા છતાં લક્ષ્મી ત્યાં સ્થિરતા કરે છે.

शाकिन्यादिभयं नास्ति च न राजभयं जने ।

**षण्मासं ध्यायमानेऽस्मि न्नुसर्गहर स्तवे ।।८।।**

અર્થાત્ - આ ઉપસર્ગ સ્તોત્રનું છ મહિના સુધી સ્મરણ કરનાર માણસને આ લોકમાં શાકિની વગેરેનો તથા રાજા તરફથી ભય રહેતો નથી.

આ સ્તોત્ર અત્યંત પ્રભાવશાળી છે.

**प्रत्यक्ष । यत्र नो देवा, न मंत्रा न च सिद्धयः ।**

**उपसर्गहरस्यास्य प्रभावो दृश्यते कलौ ।।९।।**

અર્થાત્, જે સમયમાં દેવો પ્રત્યક્ષ થતા નથી તેમજ મંત્રો અને સિદ્ધિઓ પણ પ્રત્યક્ષ હોતી નથી, એવા આ કળિયુગમાં આ ઉપસર્ગહર સ્તોત્રનો પ્રભાવ બરાબર જોવામાં આવે છે.

**प्राप्नोत्यपुत्रः सुतमर्थहीनः, श्री दायते पतिरपीशतीह ।**

**दुःखी दुःखी चाथ भयेन्न किं किं, त्वद्रूपचिन्तामणि चिन्तनेन ।।१०।।**

અર્થાત્ - આ સ્તોત્રના સ્મરણથી પુત્ર વિનાનો પુત્રને પ્રાપ્ત કરે છે. ધન વગરનો કુબેર બને છે. સામાન્ય સૈનિક રાજા બને છે. દુઃખી માણસ સુખી થાય છે.

હે સ્તોત્રરાજ ! તારા જેવા ચિંતામણિનું ચિંતન કરવાથી બધુ જ થાય છે.

**ऐकया गाथयाऽप्यस्य, स्तवस्य स्मृतमात्रया ।**

**शांतिः स्यात किं पुनः पूण पंचगाथाप्रमाण कम् ।।११।।**

અર્થાત્ - આ સ્તોત્રની માત્ર એક ગાથાનું સ્મરણ કરવાથી પણ શાંતિનો અનુભવ થાય છે, તો પાંચા ગાથા પ્રમાણ પૂર્ણ સ્તોત્રના સ્મરણથી અવશ્ય શાંતિ થાય છે.

उपसर्गाः क्षयं यान्ति, छिद्यन्ते विघ्नवल्लयः ।
मनःप्रसन्नतामेति, ध्यातेऽस्मिन् स्तवपुंगवे ।।१२।।

અર્થાત્ - આ સ્તોત્રરાજનું ધ્યાન ધરવાથી, સ્મરણ કરવાથી ઉપસર્ગો ક્ષય પામે છે. વિઘ્નો દૂર થાય છે અને મન પ્રસન્નતાને પામે છે.

## ૬. પુરુષાદાનીય શ્રી પાર્શ્વનાથ ભગવાન

જૈન ધર્મમાં સહુથી ઊંચુ સ્થાન તીર્થંકરો એટલે જિનો કે અર્હતોનું છે. તેથી જ પંચ પરમેષ્ઠીને નમસ્કાર કરતાં પ્રથમ નમસ્કાર અર્હતોને - અરિહંતોને કરવામાં આવે છે.

ભૂતકાળમાં આવા અનંત અરિહંતો થઈ ગયા છે અને ભવિષ્યમાં પણ થશે, કારણ કે કાલ અનાદિ-અનંત છે, પરંતુ એક કાલચક્રના ઉત્સર્પિણી અને અવસર્પિણી એ બે વિભાગો પૈકી દરેક વિભાગમાં ભરતક્ષેત્રમાં ચોવીશી તીર્થંકરો થાય છે.

એ રીતે વર્તમાન અવસર્પિણી કાળના ત્રીજા આરાના અંતભાગથી લઈને ચોથા આરાના અંત સુધીમાં, ભરતક્ષેત્રમાં ચોવીશ તીર્થંકરો થયા છે અને તેમણે સમયે સમયે સત્ય ધર્મની જ્યોત પ્રકટાવીને લાખો - કરોડો માનવીના અજ્ઞાનરૂપી અંધકારને દૂર કરેલ છે. તથા તેમને સન્માર્ગે પ્રવર્તાવીને મુક્તિસુખના અધિકારી બનાવેલ છે. અને તે જ કારણે આજે તેમની પૂજા અર્ચના થાય છે. અને તેના ગુણોની કીર્તના કરવામાં આવે છે. આ જગતમાં અરિહંત જેવું ઉપકારી અન્ય કોઈ નથી.

સર્વ તીર્થંકર ભગવંતો જન્મથી જ ત્રણ જ્ઞાન સંયુત પ્રભાવે હોય છે, સર્વ તીર્થંકર પ્રભુ અતુલ બલ, રૂપ, ઐશ્વર્ય અને કાંતિના ભંડાર સમા હોય છે.

વર્તમાન અવસર્પિણી કાલના ૨૩મા તીર્થંકર શ્રી પાર્શ્વનાથ સ્વામીનું સર્વ તીર્થંકર જેટલું જ અતુલ બળરૂપ ઐશ્વર્ય હોવા છતાં જેમ શ્રી શાંતિનાથ સ્વામી, શ્રી કુંથુંનાથ સ્વામી, શ્રી અરનાથ સ્વામી - આ ત્રણ તીર્થંકરો વિશેષમાં ચક્રવર્તીના પુણ્યનો ભોગવટો કરનાર હતા. એક જ ભવમાં બે પદવીને પામ્યા. માતાને ચૌદ મહાસ્વપ્નોનાં બે વાર દર્શન થયા. તેમ શ્રી પાર્શ્વનાથ સ્વામી વિશિષ્ટ કોટિના આદેય નામકર્મના ઉદયવાળા હોવાથી તેમના નામનો પ્રભાવ કલિકાળમાં પણ વિશેષ છે. ચૌદ પૂર્વધર શ્રી ભદ્રબાહુ સ્વામીએ શ્રી કલ્પસૂત્ર મહા આગમમાં પણ તેમને પુરુષાદાનીય (જેમના વચન માટે બધાને માન હોય) પાર્શ્વનાથ તરીકે વર્ણવ્યા છે. તેમની પૂજા, ભક્તિ, સ્મરણ, ગુણગાન, ઉત્સર્પિણી કાળથી ચાલુ હતા.

ગઈ ચોવીશીના નવમાં તીર્થંકર શ્રી દામોદર જિનેશ્વર પરમાત્માને શ્રી અષાઢી શ્રાવકે પૂછ્યું કે, હે ભગવંત ! હું કયા ભગવંતના શાસનમાં મોક્ષે જઈશ ? ત્યારે શ્રી દામોદર જિનેશ્વરે જવાબ આપ્યો કે, તમે આવતી ચોવીશીમાં ત્રેવીસમાં તીર્થંકર શ્રી પાર્શ્વનાથ સ્વામીના ગણધર થઈ મોક્ષે જશો. તે સાંભળી હર્ષ પામી અષાઢી શ્રાવકે પાર્શ્વનાથ સ્વામીની પ્રતિમા બનાવી, કેવળજ્ઞાની પાસે તેની અંજનશલાકા કરાવી તેના પૂજા - ભક્તિ - નામસ્મરણ શરૂ કર્યા.

બીજા ભાવમાં તેઓ દેવ થયા. ત્યાં પણ તે પ્રતિમાજીને લઈ ગયા અને તેની આરાધના કરી. અનુક્રમે તે પ્રતિમાજી સૂર્ય - ચંદ્રના વિમાનમાં, ભવનપતિ અને વ્યંતરના આવાસોમાં પણ ગઈ. ત્યારબાદ ધરણેન્દ્રે આ પ્રતિમાજી નમિ-વિનમિ ને આપી અને પાછી તેને ધરણેન્દ્ર પાતાલમાં લઈ ગયા.

જરાસંઘે છોડેલી જરાવિદ્યાથી આખું યાદવ સૈન્ય જ્યારે મૂર્છિત થયું ત્યારે ગૃહસ્થાવાસમાં રહેલા ૨૨મા તીર્થંકર શ્રી નેમિનાથ સ્વામીની પ્રેરણાથી વાસુદેવ શ્રી કૃષ્ણ મહારાજાએ અઠ્ઠમ તપ કરી ધરણેન્દ્ર પાસેથી એ પ્રતિમા પ્રાપ્ત કરી. પ્રતિમા પર પંચામૃતનો પ્રક્ષાલ કરી તે પાણી મૂર્છિત સૈન્ય પર છાંટ્યું. તરત જ સૈન્ય ઊભું થયું અને શ્રી કૃષ્ણ મહારાજાએ હર્ષથી શંખનાદ કર્યો અને ત્યાં શંખપુર ગામ વસાવી શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ સ્વામીનું ભવ્ય ચૈત્ય બનાવ્યું. જેથી દ્વારિકા નગરીથી પોતે દરરોજ પ્રણામ કરી શકે.

કલિકાલમાં કામધેનું ગાય, ચિંતામણિરત્ન, કલ્પવૃક્ષો જ્યારે નથી રહ્યા ત્યારે તે બધા કરતા વધારે પ્રભાવશાળી શ્રી પાર્શ્વનાથ ભગવાનનું સ્મરણ છે.

એટલે ગઈ ચોવીશીથી જ શ્રી પાર્શ્વનાથ સ્વામી પૂજાવા શરૂ થયા અને અત્યારે આ ચોવીશીમાં પણ તેમનો મહિમા તેટલો જ છે. અત્યારે પણ શ્રી પાર્શ્વનાથ સ્વામીના તીર્થો એકસો આઠથી પણ અધિક છે.

શ્રી પાર્શ્વનાથ સ્વામીના અધિષ્ઠાયકો અન્ય તીર્થંકર ભગવંતો કરતાં વિશેષ છે. એ પણ શ્રી પાર્શ્વનાથ સ્વામીનો મહિમા વધારવામાં નિમિત્તભૂત ઘટના છે. શ્રી પાર્શ્વનાથ સ્વામીની ઘણી આર્યાઓ, જે પૂર્વભવમાં પાર્શ્વનાથ સ્વામીની સાધ્વીઓ હતી તે બધી જ દેવીપણાને તથા ઈન્દ્રાણીપણાને પામી છે. તે હકીકત જ્ઞાતાધર્મ કથાસૂત્રના દ્વિતીય શ્રુતસ્કંધમાં દર્શાવવામાં આવી છે.

તેઓ વિશિષ્ટ કોટિના આદેય નામકર્મવાળા હતા. કારણ કે જ્યારે તેઓ પૂર્વના દેવલોકના ભવમાં હતા ત્યારે તેમણે સૌથી વધારે ૫૦૦ ભગવાનના કલ્યાણકો ઉજવ્યા હતા. તેઓ વિશિષ્ટ

પુણ્યપ્રકૃતિ સંપન્ન હતા. તેમનો મહિમા અચિંત્ય અને અલૌકિક હતો અને અત્યારે પણ છે. શ્રી પાર્શ્વનાથની ભક્તિ સર્વે વિઘ્નો હરે છે.

આજ કારણથી ચૌદપૂર્વધર શ્રી ભદ્રબાહુ સ્વામીએ વ્યંતરકૃત ઉપદ્રવ નિવારવા, પુરુષાદાનીય પાર્શ્વનાથની સ્તવનારૂપ 'શ્રી ઉવસગ્ગહર સ્તોત્ર'ની રચના કરી.

### ❖ તીર્થંકર પાર્શ્વનાથનું જીવનચરિત્ર

જંબુદ્વીપના ભરતક્ષેત્રના પવિત્ર ગંગા નદીને કિનારે વારાણસી નગરી છે. ત્યાં ઈક્ષ્વાકુવંશમાં અશ્વસેન રાજાના, રાણી વામાદેવીની કુક્ષિએ, વિક્રમ સંવત ૮૨૦ પૂર્વે ચૈત્ર વદ-૪ના મધ્યરાત્રિએ, વિશાખા નક્ષત્રમાં પાર્શ્વપ્રભુનું દશમાં દેવલોકમાં આયુષ્ય પૂર્ણ કરી, ચૌદ મહાસ્વપ્ન પૂર્વક ચ્યવન કલ્યાણક થયું. પ્રભુ જ્યારે ગર્ભમાં હતા ત્યારે કૃષ્ણ પક્ષની મધ્યરાત્રીએ તેમની માતાએ કૃષ્ણ સર્પને જતા જોયો. આથી માતા - પિતાએ તેમનું નામ પાર્શ્વકુમાર પાડ્યું.

પાર્શ્વકુમારના જન્મ સમયે ચૌદ રાજલોકમાં અજવાળા થયા. ૫૬ દિક્ કુમારીઓએ સૂતિકર્મ કર્યું. મેરૂ પર્વતની અતિપાંડુ કંબલા શિલાના સિંહાસન પર ૬૪ ઈન્દ્રોએ તથા માતા-પિતાએ વારાણસી નગરીમાં પ્રભુનો જન્મ મહોત્સવ ઉજવ્યો.

નવ હાથની ઊંચી કાયા અને નીલવર્ણ વાળા પાર્શ્વકુમારે યૌવનમાં પ્રવેશ કર્યો. યૌવન વયમાં કુશસ્થળ નગરના રાજા પ્રસેનજીતને કલિંગદેશના યવન રાજાના ત્રાસથી બચાવ્યા અને પિતાના આગ્રહથી પ્રસેનજીતની પુત્રી પ્રભાવતી સાથે લગ્ન કર્યાં.

એક દિવસ પાર્શ્વકુમારે ગંગા નદીના કિનારે પંચાગ્નિ તપ સાધતા કમઠ તાપસના દર્શનાર્થે નગરના લોકોને જતા જોયા. તેથી

તે પોતે પણ કમઠ તાપસ પાસે પહોંચ્યા. તેમણે પોતાના જ્ઞાનથી જોયું કે અગ્નિમાં બળતા લાકડાનાં એક સર્પ - સર્પિણી બળી રહ્યા હતા. તેમણે સેવક પાસે તે લાકડું બહાર ખેંચાવી, બળતા સર્પયુગલને સાવચેતીથી બહાર કઢાવ્યા. તેમને નમસ્કાર મહામંત્ર સંભળાવી પચ્ચક્ખાણ કરાવ્યા. આ બધું જોઈ કમઠ ખૂબ જ ગુસ્સે થયો. શ્રી પંચ નમસ્કાર અને પાર્શ્વનાથ સ્વામીના દર્શનમાં એકાગ્ર થયેલો સર્પ મૃત્યુ પામી ધરણ નામે ભુવનપતિની નાગકુમાર નિકાયના ઈન્દ્ર બન્યા. અને નાગણી તે પદ્માવતી દેવી બન્યા.

પોષવદી અગિયારસના દિવસે શ્રી પાર્શ્વનાથ પ્રભુએ અઠ્ઠમ તપની આરાધના કરીને ત્રણસો રાજાઓની સાથે દીક્ષા અંગીકાર કરી અને તરત જ ચોથુ જ્ઞાન મનઃ પર્યવજ્ઞાન ઉત્પન્ન થયું. ત્યારબાદ ગામ, નગરમાં વિચરવા લાગ્યા.

તીર્થંકર પાર્શ્વનાથે સમભાવની સાધના કરવા માટે મોટા ભાગે કાર્યોત્સર્ગમાં રહેવાનું પસંદ કર્યું. કમઠ તાપસ મૃત્યુ પામી મેઘમાળી દેવરૂપે ઉત્પન્ન થયો. તેણે વિભંગજ્ઞાનથી પોતાનો પૂર્વભવ જાણી તથા શ્રી પાર્શ્વનાથ સ્વામી પરના દરેક ભવોના વેરથી, જ્યાં પ્રભુ તાપસના આશ્રમ પાસે વડવૃક્ષ નીચે કાઉસગ્ગ ધ્યાનમાં છે ત્યાં આવીને પ્રભુ પર મેઘવર્ષા કરી. પ્રભુની નાસિકા સુધી જળ - વૃષ્ટિ કરી. અવધિજ્ઞાનથી ધરણેન્દ્રે આ જાણ્યું. તરત જ પોતાની દેવીઓ સાથે આવી પ્રભુના ચરણ નીચે સુવર્ણ કમળ રચ્યું અને ફણા વડે પ્રભુના માથે છત્ર કર્યું અને મેઘમાળીને દૂર કર્યો.

દીક્ષાના ૮૪ દિવસો બાદ, ચૈત્રમાસની કૃષ્ણ ચતુર્થીએ તેમને કેવળજ્ઞાન પ્રાપ્ત થયું. તરત જ દેવોએ સમવસરણની રચના કરી. જ્યાં શ્રી પાર્શ્વનાથ ભગવંતે દેશના આપી અસાર સંસારનું રહસ્ય સમજાવ્યું.

પ્રભુની દેશના સાંભળી અનેક ભવ્ય જીવોએ દીક્ષા અંગીકાર કરી. પ્રભુને શુભદત્ત સહિત ૧૦ ગણધરો થયા. તેમણે પ્રભુની ત્રિપદી પરથી દ્વાદશાંગીની રચના કરી.

પાર્શ્વનાથના તીર્થમાં પાર્શ્વ નામે યક્ષ શાસનદેવતા અને પદ્માવતી નામે યક્ષિણી સાસનદેવી થઈ. તેઓ નિરંતર પ્રભુની સેવામાં રહ્યા.

**વિહાર કરતા શ્રી પાર્શ્વનાથ પ્રભુનો પરિવાર**

| | |
|---|---|
| ૧૬,૦૦૦ | મહાત્મા સાધુઓ |
| ૩૮,૦૦૦ | સાધ્વીઓ. |
| ૩૫૦ | ચૌદ પૂર્વધારીઓ |
| ૧,૪૦૦ | અવધિજ્ઞાનીઓ |
| ૭૫૦ | મનઃપર્યવજ્ઞાની |
| ૧,૦૦૦ | કેવળજ્ઞાની |
| ૧,૧૦૦ | વૈક્રિય લબ્ધિવાળા |
| ૬૦૦ | વાદ લબ્ધિવાળા |
| ૧,૬૪,૦૦૦ | શ્રાવકો |
| ૩,૭૭,૦૦૦ | શ્રાવિકાઓનો પરિવાર થયો. |

પોતાનો નિર્વાણ સમય નજીક જાણીને શ્રી પાર્શ્વનાથ પ્રભુ સમ્મેતશિખર પર્વત પર પધાર્યા ત્યાં તેઓએ ૩૩ મુનિઓ સાથે અનશન ગ્રહણ કર્યું.

શ્રાવણ સુદ આઠમે વિશાખા નક્ષત્રમાં તેત્રીસ મુનિઓ સાથે શ્રી પાર્શ્વનાથ પ્રભુએ મુક્તિપદ પ્રાપ્ત કર્યું. શરીર છોડીને અશીરીરી થયાં - સંસાર છોડીને મહાઆનંદરૂપ સિધ્ધ સ્વરૂપ પામ્યા. ઈન્દ્રોએ પ્રભુનો મોક્ષકલ્યાણક ઉજવ્યો.

શ્રી પાર્શ્વનાથ પ્રભુએ ગૃહસ્થપણામાં ત્રીસ વર્ષ અને વ્રત પાળવામાં સિત્તેર વર્ષ એમ સો વર્ષનું આયુષ્ય ભોગવ્યું. પ્રભુના પાંચેય કલ્યાણકો વિશાખા નક્ષત્રમાં થયા.

શ્રી નેમિનાથ પ્રભુના નિર્વાણ પછી ૮૩,૭૫૦ વર્ષ બાદ તેઓ મોક્ષે પધાર્યા.

૨૩મા તીર્થંકર શ્રી પાર્શ્વનાથ અને ૨૪ મા તીર્થંકર શ્રી મહાવીર સ્વામી વચ્ચેનો સમય ૨૫૦ વર્ષનો હતો.

ભગવાન મહાવીરના સમયમાં પણ લોકોમાં ભગવાન પાર્શ્વનાથ પ્રત્યે અસાધારણ શ્રધ્ધા હતી. લોકોમાં દ્રઢ વિશ્વાસ હતો કે તેમના નામ - સ્મરણથી દરેક સંકટ દૂર થાય છે. અનેક કાર્ય સિધ્ધ થયા છે. આજ કારણથી મહાવીરના સમયમાં પણ ભગવાન પાર્શ્વનાથ પુરુષાદાનીય જેવા આદરપૂર્ણ સંબોધનથી પ્રચલિત હતા અને ભગવાન પાર્શ્વનાથનો ચાતુર્યામ ધર્મ ભારતના મુખ્ય ધર્મમાર્ગના રૂપે પ્રસિદ્ધ હતો. પરંતુ ભગવાન મહાવીરની તીર્થસ્થાપના બાદ પંચયામધર્મનો પ્રચાર થયો.

પુરોગામીઓએ ઉપદેશેલા ધર્મ કરતાં પાર્શ્વનાથે ઉપદેશેલો ધર્મ વધુ વ્યાપક હતો. તીર્થંકર પાર્શ્વનાથે આધ્યાત્મિક ઉન્નતિ માટે મિથ્યા આચારો અને કર્મકાંડ નિરર્થક છે' એવું લોકોને સમજાવી, આત્મસાક્ષાત્કાર માટે પૂર્ણ જ્ઞાન, શ્રધ્ધા અને ચારિત્ર પર ભાર મૂક્યો.

૨૪મા તીર્થંકર મહાવીરના સમયમાં પણ લોકોમાં ભગવાન પાર્શ્વનાથ પ્રત્યે અસાધારણ શ્રધ્ધા હતી. લોકોમાં દ્રઢ વિશ્વાસ હતો કે તેમના નામસ્મરણથી દરેક સંકટ દૂર થાય છે. આજ કારણથી ભગવાન મહાવીરના સમયમાં પણ તેઓ 'પુરુષાદાનીય' જેવા આદરપૂર્ણ સંબોધનથી પ્રચલિત હતા.

❖ **અધિષ્ઠાયક દેવો - પાર્શ્વયક્ષ-ધરણેન્દ્ર દેવ-પદ્માવતી દેવી**

આચાર્ય ભગવંત સાહિત્ય કલારત્ન શ્રી યશોદેવસુરીશ્વરજી મહારાજ જૈનસંઘમાં ભગવતી શ્રી પદ્માવતી દેવી અને પાર્શ્વયક્ષની નિયુક્તિ વિશે જણાવે છે કે આજ થી લગભગ ૨૮૭૦ વર્ષો પૂર્વે જન્મેલા અને કલિકાલમાં કલ્પવૃક્ષ જેવા સાહજિક રીતે જ લોકપ્રિય આદેય નામકર્મવાળા ત્રેવીસમાં તીર્થંકર ભગવાન શ્રી પાર્શ્વનાથ ભગવાનને યોગ્ય સમયે કેવળજ્ઞાન ઉત્પન્ન થયું. દેવચરિત સમવસરણમાં દેશના આપી તે પછી તરત જ તીર્થસ્થાપના કરી. આ પ્રસંગે શ્રી પાર્શ્વનાથ ભગવાનના શાસનના તથા સંઘના યોગક્ષેમ માટે એટલે કે પ્રજાના, બાહ્ય, અભ્યંતર, ધાર્મિક, આધ્યાત્મિક ઉપરાંત ભૌતિક ઉત્કર્ષમાં સહાયક બને તે માટે સમગ્ર સભા વચ્ચે જાહેર રીતે કોઈપણ એક દેવ - દેવીની નિયુક્તિ થાય છે. આ પરંપરા પુરાતનકાળથી ચાલે છે. તેને અનુસરીને પાર્શ્વનાથજીના શાસનના અધિષ્ઠાયક સંરક્ષક યક્ષ તરીકે પાર્શ્વયક્ષ અને યક્ષિણી તરીકે પદ્માવતી દેવીની નિયુક્તિ કરી હતી.

❖ **પાર્શ્વયક્ષ**

કાચબાના વાહનવાળો, કૃષ્ણવર્ણ ધારણ કરનારો, હસ્તી જેવા મુખવાળો, નાગની ફણાના છત્રથી શોભતો, ચાર ભુજાવાળો, બે વામ ભુજામાં નકુલ તથા સર્પ અને બે દક્ષિણ ભુજામાં બીજોરું તથા સર્પ ધારણ કરેલ છે.

આ યક્ષ ૪૮,૦૦૦ યક્ષોથી પરિવરેલો છે. આ પાર્શ્વયક્ષ, ભગવંત પ્રત્યે અનન્ય શ્રધ્ધા ધરાવતા ભક્તોના કષ્ટોને સદા દૂર કરનાર છે.

શ્રી ઉવસગ્ગહર સ્તોત્રની પ્રથમ ગાથામાં 'શ્રી ઉવસગ્ગહર પાસં' નો એક અર્થ એવો પણ થાય છે કે, ઉપસર્ગોને હરનાર પાર્શ્વયક્ષ જેમને છે તેવા શ્રી પાર્શ્વનાથ ભગવાન.

## ❖ ધરણેન્દ્ર દેવ

પૂર્વ ભવમાં ધરણેન્દ્ર અને પદ્માવતી એક નાગદંપતી હતા. પંચાગ્નિમાં મૃત્યુ વશ બનેલા આ દંપતી પ્રભુ પાર્શ્વનાથના મુખે નમસ્કાર મહામંત્ર સાંભળી સમાધિ મોત પામ્યા અને બીજા ભવમાં ભુવનપતિ લોકના નાગ નિકાયના ઈન્દ્ર ધરણેન્દ્ર અને દેવી પદ્માવતી બન્યા. પદ્માવતી દેવી ધરણેન્દ્રના પત્ની બન્યા અને બંને પાર્શ્વનાથના પરમ ભક્ત બન્યા.

સ્તુતિ ચતુર્વિંશતિકમાં ધરણેન્દ્રની પત્ની તરીકે વૈરોટ્યા દેવીનો પણ ઉલ્લેખ છે.

શ્રી ધરણેન્દ્રએ તીર્થંકર ઋષભદેવ સ્વામીના પૌત્રો નમિ અને વિનમિને 'રોહિણી' પ્રજ્ઞપ્તિ આદિ ૪૮,૦૦૦ મહાવિદ્યાઓ શીખવી હતી.

લંકાધિપતિ રાવણને દશાનન દ્વારા ૧૦૦૦ વિદ્યાઓ શીખવી હતી.

ચેટક નૃપતિને પણ સહાય કરી હતી.

શ્રી ધરણેન્દ્રએ આચાર્ય શ્રી માનતુંગસૂરિને ૧૮ અક્ષરનો મંત્ર -

नमिऊण ▯ास विसहर वसह जिण फुलिंग ।। આપ્યો હતો. જેની પરથી 'ભયહર' સ્તોત્રની રચના થઈ.

પ્રિયંકર નૃપકથામાં દર્શાવ્યું છે કે શ્રી ધરણેન્દ્ર પ્રિયંકર રાજાના શ્રી ઉવસગ્ગહર સ્તોત્રના જાપ અને શ્રધ્ધાથી પ્રભાવિત થઈ તેમને પોતાના સ્થાનકે પાતાળલોકમાં લઈ ગયા હતા.

વર્તમાનમાં એવું પણ કહેવાય છે કે શ્રી ધરણેન્દ્ર, સર્પરૂપ ધારણ કરી વિહાર કરતા હોય છે. જેસલમેર નજીક આવેલ લૌદ્રવા પાર્શ્વનાથ તીર્થના મંદિરની પ્રદક્ષિણામાં આવેલ એક સ્થાને તેઓ પૂજાય છે અને યાત્રાળુઓને વખતોવખત દર્શન આપે છે.

❖ પદ્માવતી દેવી

પદ્માવતી મા તે સમ્યગ્દ્રષ્ટિ દેવી છે. તે ભક્તોને ધર્મ તરફ વાળી ઈષ્ટ પ્રદાન કરવાવાળી છે. ભક્તને મુક્તિનો માર્ગ દર્શાવે છે અને જૈન શાસનને અજવાળે છે. શાસનની રક્ષા કરે છે. સાધકને ધર્મ કરવાની શક્તિ આપે છે. શ્રાવક - શ્રાવિકાઓ શ્રી પાર્શ્વનાથની ભક્તિ સાથે માતા પદ્માવતી પર પણ અનેરી શ્રધ્ધા ધરાવે છે.

દેવી પદ્માવતી તીર્થંકર પાર્શ્વનાથની શાસનદેવી છે. તેમનો વર્ણ સુવર્ણ છે. દેવીનું વાહન કુક્કુટ જાતિનો સર્પ છે, તેના મસ્તક પર ત્રણ - પાંચ ફેણોનો મુકુટ દર્શાવાય છે. પદ્માવતી દેવીની મૂર્તિઓ ભારતના અનેક પ્રાચીન મંદિરોમાં જોવા મળે છે.

દિગમ્બર સંપ્રદાયમાં પદ્માવતી દેવીના અનેક સ્વરૂપોનું વર્ણન છે. તેમાં ચાર, છ, આઠ અને ચોવીસ હાથનું વર્ણન કરેલું છે અને વીસ હાથવાળાં દેવીસ્તોત્રની રચના પણ થયેલ છે.

જ્યાં જ્યાં પાર્શ્વનાથ ભગવાનનાં મંદિરો છે ત્યાં ત્યાં પદ્માવતી દેવીનું સ્થાન છે. દેવીના એક હાથમાં પદમ છે જે પવિત્રતા અને ભક્તિનો સંકેત છે. આરાધના કરનારને ઉત્તમ વરદાન આપનારી છે. સર્વ શત્રુઓને અંકુશમાં રાખનારી છે, ઈચ્છિત ફળ પ્રદાન કરનારી છે, તે સૌભાગ્ય પ્રદાન કરનારી છે, ત્રણ નેત્રવાળી હોવાથી અગમ - નિગમની વાતો જાણી શકે છે અને નાગનું છત્ર હોવાથી તેમની નાગજાતિ દર્શાવે છે.

જે કોઈ 'મા' ના શરણે જાય છે તેને કાર્યસિદ્ધિ થાય છે, આધિ - વ્યાધિ - ઉપાધિ તેનાથી દૂર ભાગે છે.

જૈન ધર્મના ઇતિહાસમાં, પૂજાઓ રચનાર પ. પં. શ્રી વીરવીજયજી મહારાજ, ૧૩મી સદીમાં શ્રી જિનપ્રભસૂરિ, આચાર્યશ્રી સોમપ્રભૂસૂરિજી, દાદાસાહેબ જિનકુશળસૂરિજી જેવા ઘણાં વિદ્વાનોએ 'મા' પદ્માવતીની સાધના કરી તેમની કૃપા પ્રાપ્ત કરી હતી.

'મંત્રરાજ રહસ્યમાં' કહ્યું છે કે, હ્રીં કારમાં શ્રી પાર્શ્વનાથ, શ્રી ધરણેન્દ્ર અને પદ્માવતી દેવી રહેલા છે. વર્ણની અંતે રહેલો 'હ' એ પાર્શ્વજિન છે. કલા એ નાગની ફેણ છે. બિંદુ એ નાદ છે અને નાગની મસ્તકે રહેતા મણિ છે. 'ર' એ નાગ ધરણેન્દ્ર છે અને 'ઈ' એ પદ્માવતી દેવી છે. હ્રીં કારની ઉપસાનાથી પદ્માવતી દેવી પ્રસન્ન થાય છે.

શ્રી ઉવસગ્ગહર સ્તોત્રમાં પદ્માવતી દેવીના સંબોધનવાળી નીચેની ત્રણ ગાથાઓ પૂર્વે હતી.

**ॐ ह्रीं श्रीं ▯ास विसहर विज्जामंतेण झाणज्झायव्वो ।**
**धरण ▯उमावइदेवी ॐ ह्रीं क्ष्म्ल्व्र्यूं स्वाहा ।। (८)**

**ॐ थुणामि ▯ासं ॐ ह्रीं ▯णमामि ▯रमभत्तीए ।**
**अट्ठक्खर धरणिंद▯उमावइ ▯यपि्कित्तिं ।। (९)**

**जस्स ▯यकमले सया वसइ ▯ोमावई धरणिंदो ।**
**तस्स नामेणं सयलं विसहरविसं नासेह ।।**

પરંતુ આ મંત્રસ્તોત્રનો દુરુપયોગ થવો શરૂ થયો અને તેથી ઉપરની ત્રણે ગાથાઓ આ સ્તોત્રમાથી કાઢી નાખવામાં આવી છે. આ ગાથાઓની રચનાઓમાં ભગવાન પાર્શ્વનાથનાં અધિષ્ઠાયકમાં પદ્માવતી દેવીનું સ્થાન કેટલું મહત્વનું હોવું જોઈએ તે સમજી શકાય છે.

❖ **તીર્થંકર પાર્શ્વનાથ અને સર્પનું જોડાણ**

૨૩મા તીર્થંકર પાર્શ્વનાથ મસ્તક પર નાગફણાની આકૃતિ જોવા મળે છે. તેમનું લાંછન પણ સર્પ છે. તેમનો યક્ષ પણ 'પાર્શ્વ' નામ ધરાવે છે. પાર્શ્વ એટલે પાસેનું, પડખેનું.

શ્રી પાર્શ્વનાથના જીવન સાથે સર્પ સંકળાયેલ છે. કમઠના પંચાગ્નિ તપના યજ્ઞમાં નાખેલા કાષ્ઠમાંથી સર્પ યુગલ બહાર કઢાવી અંતિમ સમયે પાર્શ્વકુમારે નવકારમંત્ર સંભળાવતા તે મૃત્યુ પામી ધરણેન્દ્ર-પદ્માવતી બન્યા અને તેમણે જ મેઘમણીના ઉપદ્રવ વખતે પ્રભુના મસ્તક પર ત્રણ દિવસ ફણાનું છત્ર ધર્યું. બીજું, પાર્શ્વયક્ષ, ધરણેન્દ્ર અને પદ્માવતી પણ સર્પની ફેણનું છત્ર ધરાવે છે. તેમનું પ્રતિક પણ સર્પ છે. આ બધુ સર્પ સાથેના સંબંધો દર્શાવે છે. વાસ્તવમાં નાગકુલ સાથેનો સંબંધ એ અધ્યાત્મ જગતમાં કુંડલિની સાથેનો સંબંધ છે.

તંત્રશાસ્ત્ર પ્રમાણે કુંડલિની કરોડરજ્જુના છેડે મૂલાધાર ચક્રમાં સાડા ત્રણ ચક્કર લગાવીને સર્પના આકારે સુષુપ્તદશામાં રહેલી છે. જ્યારે તે જાગૃત થાય છે ત્યારે સુષુમણા નાડીના દ્વારા પાસે આવે તો પોતાના મુખને ઊંચુ કરી, તે ધારમાં થઈ, છ ચક્રોને વીંધી, મસ્તકમાં આવેલા સહસ્ત્રદળ ચક્રમાં પહોંચી, પરમતત્વ સાથે ઐક્ય સાધે છે. આ દશામાં સાધક ગહન શાંતિ અને પરમ આનંદનો અનુભવ કરે છે. કુંડલિની શક્તિ તે પદ્માવતી છે અને પદ્માવતી તે કુંડલીની શક્તિ છે.

આ પદ્માવતી એ પાર્શ્વનાથના અધિષ્ઠાત્રી છે. બીજું પાર્શ્વ યક્ષ છે. પાર્શ્વ એટલે પાસે. સૌથી વધારે પાસે છે પોતાનો આત્મા. આત્મા એ પાર્શ્વ છે અને આત્મશક્તિ તે કુંડલિની છે. પાર્શ્વ - પદ્માવતી છે, તેથી શુદ્ધ અને પૂર્ણ રૂપે થતી સાધના - આરાધના સ્વરૂપનો સાક્ષાત્કાર કરાવનારી છે.

## ૭. શ્રી ઉવસગ્ગહર સ્તોત્ર ગાથા વિવરણ

મહાપ્રભાવક 'શ્રી ઉવસગ્ગહર' નામ અને ગુણથી સંપન્ન સ્તોત્ર છે. જે પુરુષાદાનીય પાર્શ્વનાથ પ્રભુને સમર્પિત થયેલું છે. જે સમસ્ત જૈન સંઘની અમૂલ્ય નિધિ છે. ભગવદ્ - ભક્તિનું ભવ્ય ભેટણું છે.

શ્રી ઉવસગ્ગહર સ્તોત્ર નિત્ય નિયમિત શ્રધ્ધાપૂર્વક સમરવા યોગ્ય છે, વારંવાર ચિંતવવા યોગ્ય છે, પરંતુ એ ચિંતન તેના અર્થ સમજ્યા વિના યથાર્થપણે થઈ શકે નહિ, તેથી તેનું અર્થ - વિવરણ જરૂરી છે.

અર્થ એ જ્ઞાનનો પ્રકાશ છે. તથા ભાવમંદિરમાં પ્રવેશ કરવાનું મંગળ દ્વાર છે. જૈન પરંપરામાં સૂત્રની સાથે અર્થ શિખવવાની ખાસ પ્રણાલિકા છે અને તે બંનેની શુદ્ધિને જ્ઞાનાચારનું એક વિશિષ્ટ અંગ માનવામાં આવ્યું છે.

કોઈપણ સ્તુતિ - સ્તોત્ર તેના અર્થ સમજીને ભાવ સાથે કરવામાં આવે તો તેની શક્તિ અનેકગણી થાય છે. શાબ્દિક અર્થ સાથે તેમાં રહેલા ગૂઢ આધ્યાત્મિક રહસ્યને પ્રગટરૂપે પામવું એ એટલું જ અનિવાર્ય છે.

શ્રી ઉવસગ્ગહર સ્તોત્રમાં સામાન્ય રૂપે પાંચ ગાથાવાળા પાઠને માન્યતા મળેલી છે. સ્તોત્રના સર્વે ટીકાકારોએ પાંચ ગાથાઓ પર જ ટીકા કરેલી છે.

* **ગાથા પ્રમાણ** : આ સ્તોત્રની ગાથાની સંખ્યા વિશે મતભેદ પ્રવર્તે છે.
* **પાંચ ગાથા** : શ્રી દ્વિજ પાર્શ્વદેવગણિએ આ સ્તોત્રમાં પાંચ ગાથા હોવાનું કહ્યું છે.

* છ ગાથા : શ્રી જિનસૂરે પ્રિયંકરનૃપકથામાં આ સ્તોત્રની પહેલા છ ગાથા હતી એમ કહ્યું છે અને વિશેષમાં એમણે ઉમેર્યું છે કે આ છ ગાથાના સ્તવનું સ્મરણ કરતાં ધરણેન્દ્ર પ્રત્યક્ષ જ આવીને કષ્ટ દૂર કરતા હતા. તેથી તેમને વારંવાર ભક્ત પાસે આવવું પડતું હોવાથી, પોતાના સ્થાને રહી શકતા ન હતા. આથી ભદ્રબાહુ સ્વામીને વિનંતી કરીને છઠ્ઠી ગાથા ભંડારમાં સ્થાપિત કરવાનું કહ્યું અને કહ્યું કે પાંચ ગાથાનું સ્મરણ કરનારને પણ હું અહીં રહીને મદદ કરીશ. ત્યારથી આ સ્તોત્રની પાંચ ગાથા છે.

* સાત ગાથા : શ્રી હર્ષકીર્તિસૂરિએ શ્રી ઉવસગ્ગહર થોત્ત (પૃ.-૧૪૭)માં કહ્યું છે કે આ સ્મરણની પૂર્વે સાત ગાથા હતી. પરંતુ બે ગાથા ભદ્રબાહુ સ્વામીએ ભંડારમાં સ્થાપિત કરી ત્યારથી અત્યારે પાંચ જ ગાથા પ્રવર્તે છે.

* વીસેક ગાથા : પ્રો. હીરાલાલ ર. કાપડિયાના મતે આધુનિક પ્રકાશનમાં વીસ કે એકવીસ ગાથા પણ જોવાય છે. વીસ ગાથા પૈકી પહેલી ત્રણ, ૧૧મી અને ૧૩મી એ આજે પ્રચલિત પાંચ ગાથા છે. જ્યારે વીસમી ગાથા નમિઊણ થોત્તની અઢારમી ગાથા રૂપે જોવાય છે.

તેમનાં મતે છઠ્ઠી તેમજ સાતમી
ગાથા કઈ હશે તે વિશે કોઈ પ્રાચીન
પ્રમાણિક ઉલ્લેખ નથી.

સમય જતા આ ગાથાના ૯, ૧૩, ૧૭, ૨૧ અને ૨૭ ગાથાના પાઠો પ્રચલિત બન્યા.

❖ મૂળ પાઠ ગાથા

## મૂળપાઠ

[ ગાહા ]

उवसग्गहरंपासं, पासं वंदामि कम्म—घण—मुक्कं ।
विसहर—विस-निन्नासं, मंगल-कल्लाण-आवासं ॥१॥

विसहर—फुलिंग—मंतं, कंठे धारेइ जो सया मणुओ ।
तस्स गह—रोग-मारी- दुट्ठजरा जंति उवसामं ॥२॥

चिट्ठउ दूरे मंतो, तुज्झ पणामो वि बहुफलो होइ ।
नर—तिरिएसु वि जीवा, पावंति न दुक्ख-दोगच्चं[१] ॥३॥

तुह सम्मत्ते लद्धे[२], चिंतामणि—कप्पपायवब्भहिए ।
पावंति अविग्घेणं, जीवा अयरामरं ठाणं ॥४॥

[३]इअ संथुओ महायस ! भत्ति—भर—निब्भरेण हियएण[४] ।
ता देव ! दिज्ज[५] बोहिं, भवे भवे पास ! जिणचंद ! ॥५॥

---

શ્રી ઉવસગ્ગહર સ્તોત્ર ફળની દ્રષ્ટિએ બે વિભાગમાં વહેંચી શકાય. પહેલી, બીજી અને ત્રીજી. આ ત્રણ ગાથામાં સામાન્ય ફળો, ઈહલૌકિક ફળોની પ્રાપ્તિ દર્શાવી છે. જેમાં ઉપસર્ગોનું હરણ થાય,

ઉપદ્રવો દૂર થાય, વિષધરનું વિષ-ઝેર ટળે, ગ્રહોની પીડા મટે, રોગ-બિમારીઓ મટે, મારી-મરકીના ઉપદ્રવો ટળે, દુષ્ટ-દુર્જન શત્રુઓ દૂર થાય, જવરાદિ મટી જાય, દુઃખ અને દારિદ્રય ટળે- આ રીતે દુન્યવી આધિ ભૌતિક-આધિદૈવિકાદિ દુઃખો ટાળે તે પ્રથમ ત્રણ ગાથાઓમાં દર્શાવ્યું છે. સર્વ સામાન્ય જીવોની ઈચ્છા-માંગણી સંતોષી છે અને જીવોને સ્તોત્ર તરફ આકર્ષ્યા છે. આ રીતે સ્તોત્રનો તથાં તીર્થંકર પાર્શ્વનાથનો મહિમા પણ દર્શાવ્યો છે.

ચોથી ગાથામાં અજરામર-મોક્ષલક્ષી બનવા માટે સમ્યક્ત્વરત્નની શ્રેષ્ઠતા ચિંતામણિરત્ન અને કલ્પવૃક્ષ કરતાં વણ વધારે દર્શાવી છે. અને પાંચમી ગાથામાં સમ્યક્ત્વ-બોધિ મળે તે માટે યાચના-પ્રાર્થના પાર્શ્વપ્રભુના ચરણોમાં કરવામાં આવી છે.

આવા બે વિભાગો સ્પષ્ટ જોવા મળે છે. માનવી તે સામાજિક પ્રાણી છે. તેના બધી જાતના ભયો દૂર ટળે નહિ ત્યાં સુધી તે નિર્ભય બની શકે નહિ. અને જો નિર્ભય નહિ બની શકે તો તે અજરામર પદની ઉપાસના - સાધના પણ નહિ કરી શકે.

ભદ્રબાહુ સ્વામીનો સ્પષ્ટ સંકેત છે કે - જે સાધકાત્મા અજરામર પદ - મોક્ષપ્રાપ્તિની દિશામાં આગળ વધી રહ્યો છે, તેના માર્ગમાં આવતા **અવરોધો, ઉપસર્ગો, દુઃખ, દારિદ્રયાદિ, ગ્રહપીડાદિ,** આદિ ટાળવા જ જોઈએ અને મોક્ષમાર્ગ નિષ્કંટક બનાવવો જોઈએ. જેથી મોક્ષમાર્ગી - મુમુક્ષુ સાધક નિર્ભય - નીડર બનીને મોક્ષપ્રાપ્તિની દિશામાં **'અવિગ્ઘેણં'** વિના - વિઘ્ને આગળ વધી શકે.

આ સ્તોત્ર પ્રથમ છેડે ઉપસર્ગો આદિ નિવારનારૂં સામાન્ય લાગે છે, તે જ અંતિમ અજરામરપદદાયક પણ છે.

આ રીતે આ સ્તોત્ર છેક પ્રથમ પાયાની ગરજ સારીને પ્રાથમિક આવશ્યક્તાઓ પૂર્ણ કરીને જીવને છેક છેલ્લા અંતિમ સ્થાન, અંતિમ ધામ - મોક્ષ સુધી પહોંચાડનારું છે.

<u>મૂળગાથા-૧</u>

**उवसग्गहरं□ासं, □ासं वंदामि कम्मघणमुक्कं ।**

**विसहर विसनिन्नासं, मंगल कल्लाण आवासं ।।१।।**

**શબ્દાર્થ**

उवसग्ग - મહામારી જેવા રોગો, અપમાનો, દુઃખો, વિઘ્નો વગેરે. □ासं -પાર્શ્વનાથ ભગવાન. वंदामि - પ્રણમું છું. कम्म - કર્મ. घण - વાદળ. मुक्कं –મુક્ત. विसहर - ઝેરી સાપ. विस – ઝેર. निन्नासं - નષ્ટ કરનાર. आवासं -સ્થાન

પ્રથમ ગાથા મંગલાચરણ રૂપ છે. પ્રથમ ગાથા પ્રવેશદ્વારાનું કાર્ય કરે છે.

**અર્થ** - દેવાદિકૃત સર્વ પ્રકારના ઉપદ્રવોને દૂર કરનાર એવા, પાર્શ્વયક્ષ જેમના સેવક છે, તથા ગાઢ કર્મોથી મુક્ત થયેલા, વિષધર સર્પોના વિષનો નાશ કરનારા, મંગળ અને કલ્યાણના નિવાસ સ્થાન સમા ૨૩મા અરિહંત શ્રી પાર્શ્વનાથ ભગવંતને હું વંદન કરું છું.

**વિશેષાર્થ** - 'उवसग्गहरं □ासं' - ઉપસર્ગોનો નાશ કરનાર પાર્શ્વયક્ષ જેમનો સેવક છે તેવા, (પાર્શ્વનાથ ભગવાનને હું વંદન કરું છું.)

(દેવ, મનુષ્ય કે તિર્યંચ સંબંધી ઉપદ્રવોને ઉપસર્ગ કહેવાય છે. ઉપસર્ગને જે દૂર કરે તે **'ઉવસગ્ગહર'** કહેવાય છે. અહીં 'ઉવસગ્ગહર' એ પાસં શબ્દનું વિશેષણ છે.)

પાર્શ્વનાથ ભગવાનના અધિષ્ઠાયક પાર્શ્વયક્ષ, પાર્શ્વનાથ ભગવાન પ્રત્યે ભક્તિભાવવાળા ભક્તોના ઉપસર્ગોનો વિનાશ કરે છે. અહીં ઉપસર્ગહર પાર્શ્વનાથ ભગવાન માટે નહિ પરંતુ પાર્શ્વયક્ષ માટે વિશેષણ વપરાયું છે. તેનું કારણ એ પણ છે કે જેના ભક્તમાં આવી શક્તિ છે, તે ભગવાનમાં તો કેટલી વિશિષ્ટ શક્તિ હોય તે સ્પષ્ટ પણે જાણી શકાય છે.

**जीव उ[illegible]सृज्ये सम्बध्यते [illegible]दिभिः सह यस्मात् स उ[illegible]सर्ग ।**

જેના દ્વારા જીવ દુઃખ, વેદના વગેરે સાથે સંબંધવાળો થાય છે તે ઉપસર્ગ છે.

ઉપસર્ગ શબ્દ ઉ[illegible] ઉપસર્ગ અને સૃજ ધાતુથી બનેલો છે. તેનો અર્થ વિઘ્ન, આધિ, વ્યાધિ, બિમારી કે આફત થાય છે. પરંતુ જૈન સાહિત્યમાં બીજા વડે કરાયેલા ઉપદ્રવને, ઉપસર્ગ કહે છે.

**આ ઉપસર્ગો ચાર પ્રકારના છે.**

| ઉપસર્ગો | | | |
|---|---|---|---|
| **૧ - દેવ કૃત** | **૨ - મનુષ્ય કૃત** | **૩ - તિર્યંચ કૃત** | **૪ - આત્મસંવેદનીય** |
| - હાસ્યથી કરાયેલા | - હાસ્યથી કરાયેલા | - ભયથી કરાયેલા | - ઘટ્ટનથી થતા |
| - દ્વેષથી કરાયેલા | - દ્વેષથી કરાયેલા | - પ્રદ્વેષથી કરાયેલા | - પ્રપતનથી થતા |
| - પરીક્ષા માટે કરાયેલા | - પરીક્ષા માટે કરાયેલા | - આહારના હેતુથી કરાયેલા | - સ્તંભનથી થતા |

| ઉપસર્ગો | | | |
|---|---|---|---|
| ૧ - દેવ કૃત | ૨ - મનુષ્ય કૃત | ૩ - તિર્યંચ કૃત | ૪ - આત્મસંવેદનીય |
| - ઉપરોક્ત ત્રણ પૈકી બેના મિશ્રણથી | - મૈથુનના સેવન માટે કરાયેલા | - બચ્ચા, ગુફા, માળા ના રક્ષણ માટે બુદ્ધિથી કરાયેલા | - શ્લેષણથી થતા |
| ભૂત, પ્રેત, પિશાચ, વ્યંતર, શાકિની, ડાકિની આદિ દેવો દ્વારા કરાયેલા ઉપસર્ગ | મંત્ર, યંત્ર, તંત્ર આદિ પ્રયોગો દ્વારા મનુષ્ય દ્વારા કરાયેલા ઉપસર્ગો | ભૂચર, ખેચર, જલચર વગેરે પ્રાણીઓ દ્વારા કરાયેલા ઉપસર્ગ | આત્માને અશાતા -વેદનીય કર્મના ઉદયથી ભોગવવા પડતા દુઃખો |

- **ઘટ્ટનથી થતો ઉપસર્ગ** એટલે આંખમાં રજ કે કચરો પડવાથી આંખ મશળવામાં આવે અને આંખ દુઃખવા આવે તેવી પીડા.
- **પ્રપતનથી થતો ઉપસર્ગ** તે છે કે ધ્યાનપૂર્વક જોઈને ચાલવાનો ખ્યાલ ન રહેવાથી પડવાનું થાય અને એની થતી પીડા.
- **સ્તંભનથી થતો ઉપસર્ગ** એટલે જે સ્થિતિમાં ઉભા હોય, બેઠા હોય ત્યાં સ્થિર થઈ જવું.
- **શ્લેષણથી થતો ઉપસર્ગ** એટલે પગ વાળીને વધુ સમય બેસવાથી પગ તે જ સ્થિતિમાં રહી જાય.

આ રીતે ચારેય પ્રકારના ઉપસર્ગના ચાર ચાર ભેદ ગણતા કુલ ૧૬ ભેદો થાય છે.

આ બધા પ્રકારના ઉપસર્ગોને દૂર કરવાનું સામર્થ્ય પાર્શ્વ યક્ષમા છે. અને આવો પાર્શ્વ યક્ષ જેમની સેવામાં છે તેવા પર્શ્વનાથ ભગવાન છે.

❖ **પાસં વંદામિ**

શ્રી પાર્શ્વ નામના ત્રેવીસમાં તીર્થંકરને હું વંદન કરું છું. વંદનની ક્રિયા બે પ્રકારે થાય છે. એક દ્રવ્યથી અને બીજી ભાવથી. પ્રભુને પંચાંગ પ્રણિપાત કરીએ કે વચનથી 'વંદામિ' એવો શબ્દ બોલીએ, પણ તેમાં અંતરનો વિશુદ્ધ, પવિત્ર ભાવ ભળે નહિ તો તે માત્ર દ્રવ્યવંદન ક્રિયા જ ગણાય. વંદનની ક્રિયા યથાર્થપણે કરવા માટે દ્રવ્યવંદનની સાથે ભાવવંદનની ક્રિયા અવશ્ય કરવી જોઈએ. મન, વચન અને કાયાથી કરેલો પ્રણામ તે જ સાચું વંદન છે.

વંદન - પ્રણામ - નમસ્કાર એ નમ્રતાનું પ્રતિક છે, ભક્તિનું નિશાન છે, અને કૃતજ્ઞતાનો સંકેત છે.

પાસંના નીચે મુજબ અર્થ કહી શકાય.

પાસં - આ પદનો અર્થ 'સમીપ' પણ કરાયો છે એટલે ઉપસર્ગોને દૂર કરનાર પાર્શ્વયક્ષ, ધરણેન્દ્ર, પદ્માવતી જેની સમીપ છે તે.

ઉપસર્ગોને દૂર કરનારું સામીપ્ય જેમનું છે તેવા, આ પ્રમાણે પણ અર્થ થાય છે.

પાંસ - પાસં પદનો અર્થ 'જોનાર પણ' થાય છે.

એટલે ત્રણે કાળમાં વર્તતી વસ્તુઓનાં સમૂહને જુએ તે (□શ્ય) પશ્યનું રૂપાંતર પાસં થાય છે.

પાસં નો **અર્થ જેની આશાઓ સંપૂર્ણ પણે ચાલી ગઈ છે તેવા અને આકાંક્ષા વિનાના - પાર્શ્વનાથ પ્રભુ એ પ્રમાણે પણ** થાય છે.

પાસં નો અર્થ 'પમેશ્વરયુક્ત' એ પ્રમાણે પણ થાય છે.

પાસં - જેના હાથમાં પાશ છે તે 'પાશા' એટલે પદ્માવતી માતા, એ પ્રમાણે પણ અર્થ કરી શકાય.

❖ **કમ્મઘણંમુક્કં**

ઘન કર્મથી મુકાયેલા એવા (પાર્શ્વનાથ ભગવાન)

ઘનકર્મ એટલે ઘાતી કર્મ. જે કર્મ આત્માના ગુણોનો ઘાત કરે છે તે ઘાતી કર્મો છે. આવા ચાર ઘાતી કર્મો - જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય અને અંતરાય - નો જેણે નાશ કર્યો છે. તેવા પાર્શ્વનાથ પરમાત્મા છે. જેઓ અનંતજ્ઞાન ગુણસંપત્તિના માલિક બન્યા છે, જેમણે આનંદમય લોકોત્તર સ્વરૂપને પ્રાપ્ત કર્યું છે. આવા પરમાત્માના સ્વરૂપને સ્મરણમાં લાવવાથી તેમના પ્રત્યેનો પૂજ્યભાવ વધે છે.

कम्मघणमुक्कं નું સંસ્કૃત રૂપાન્તર 'काम्यघनमुत्काम्' કરવામાં આવે છે. 'काम्य' એટલે મનોહર એવું, घन અટલે શરીર અને 'मृदु' એટલે જોનારને થાય છે. એટલે કે પોતાના દિવ્ય દેહ દ્વારા પ્રમોદ પેદા કરનારી દેવી પદ્માવતી છે.

❖ **વિસહર - વિસ - નિન્નાસં**

વિષધરનું વિષ દૂર કરનાર.

જે વિષને ધારણ કરે તેને વિષધર કહે છે. તેનો પ્રસિદ્ધ અર્થ સર્પ કે નાગ છે. અહીં સર્પ શબ્દ ન મૂકતાં 'વિષધર' શબ્દ મૂક્યો છે. કેમ કે સર્પ, નિર્વિષ પણ હોઈ શકે.

દસ નાગકુળ નીચે મુજબ છે.

**અનંક વાસુકિ તક્ષક કર્કોટ પદ્મ**
**મહાપદ્મ શંખપાલ કુલિક જય વિજય**

આ દશેય પ્રકારના નાગોનું ઝેર દૂર કરનાર.

બીજી રીતે જોતા, અહીં વિષનો અર્થ જળ સમજવું. ખાસ કરીને મણિકર્ણિકાનું જળ સમજવું. તેમાં 'ગ્રહ' એટલે ઘર છે,

તે વિષગ્રહ. વારાણસીના રહેવાસીઓ મોટે ભાગે પંચાગ્નિ તપ મણિકર્ણિકાના (વારસણીમાં આવેલ ઘાટનુ નામ) ઘાટ પર કરે છે. અહીં વિષધર એટલે કમઠ મુનિને સમજવા અને વૃષ એટલે ધર્મ (લૌકિકોએ તેને ધર્મરૂપે ગ્રહણ કરેલ છે), જે પંચાગ્નિ તપનો નાશ કરનાર તે વિષગ્રહ. પ્રજ્વલિત અગ્નિમાં બળતા લાકડાની અંદર (બળવાથી) મરી રહેલા સર્પના પ્રદર્શનથી લોકોના મનમાં એ (અજ્ઞાન) તપશ્ચર્યા, અધર્મરૂપ હોવાનો નિશ્ચય કરાવ્યો તેવા ભગવાન 'વિષગ્રહવૃષનિર્નાશ' છે.

ઉત્તરાધ્યયનના નવમાં અધ્યયનમાં કામભોગને 'વિષ' કહ્યા છે.

અથવા 'વિષ' શબ્દથી મિથ્યાત્વ, કષાય આદિ 'ભાવવિષ' સમજવું અને તેને ધારણ કરનારને 'ભાવવિષધર', તેમના તે વિષનો પોતાના વચનામૃતથી નાશ કરનાર તે विषधर – विष – निर्नाश.

આમ, ભગવાન પાર્શ્વનાથ દ્રવ્યવિષધર અને ભાવવિષધર એમ બંને પ્રકારના વિષધરોનો નાશ કરનારા છે.

શ્રી દેવભદ્રાચાર્યે શ્રી પાર્શ્વનાથ ચરિત્રમાં જણાવ્યું છે કે શ્રી પાર્શ્વનાથ ભગવાન પૃથ્વી પર વિચરતા હતા, ત્યારે કોઢની કથા નાશ પામી, ક્ષય નામનો મહારોગ નાશ પામ્યો, ભૂત, પ્રેત, પિશાચ તથા શાકિનીનો સમૂહ શીઘ્રપણે દૂર થયો. જે પ્રાણી પાર્શ્વનાથ પ્રભુનું શરણ કરે છે, કીર્તન કરે છે, પૂજે છે, તેમને સ્નાન કરાવે છે, તે પ્રાણીને પૃથ્વી પર ચાલતો કોઈપણ સર્પ ઉપદ્રવ ન કરે. એ રીતે ધરણેન્દ્રે પોતે પૃથ્વી પર ચાલતા સર્પસમૂહને આજ્ઞા આપી છે.

આમ, પાર્શ્વનાથનું સ્મરણ માત્ર જ વિષધરોના વિષનો નાશ કરવાવાળું છે.

આ પદ શ્રી ધરણેન્દ્રને પણ લાગુ પડે છે. વિષ એટલે પાણી, તેને ધારણ કરે તે વિષધર એટલે મેઘ અર્થાત્ કમઠાસુરે કરેલી મેઘવર્ષાનું પાણી અને તેનો નાશ કરનાર એટલે ફણના છત્ર વડે તેનું વારણ કરનારા તે 'વિષધરવિષનિર્નાશ' અર્થાત્ ધરણેન્દ્ર દેવ છે.

❖ **મંગલ - કલ્યાણ - આવાસં**

મંગલ અને કલ્યાણના સ્થાનભૂત (પરમાત્મા) શુભને લાવે અને અશુભને કાપે તે મંગલ છે. સુખને જે લાવે - સુખને જે આપે તે કલ્યાણ છે.

મંગલ એટલે વિપત્તિઓનું ઉપશમન અને કલ્યાણ એટલે સંપત્તિઓનો અથવા નીરોગિતાનો ઉત્કર્ષ અને આવાસ એટલે સ્થાન. પાર્શ્વનાથ ભગવાન આવા મંગલ અને કલ્યાણના સ્થાનભૂત છે, તેથી તેમના દર્શન, વંદન કે તેમની સેવા કરનાર આત્માઓ પણ મંગલ અને કલ્યાણનું પાત્ર બને છે.

મંગલકલ્પ એટલે મંગલ કરવામાં તત્પર એવી જે **आज्ञा** એટલે ભગંવતનું શાસન, તેનાથી આ એટલે સંપૂર્ણ રીતે વાસ - એટલે વાસના અથવા ભાવના છે જેની તેને. અર્થાત્ કલ્યાણકારી ભગવંતની આજ્ઞાથી ભાવિત છે મન જેમનું તેવા શ્રી ધરણેન્દ્ર દેવને વંદન કરું છું.

આ વિશેષણ શ્રી ધરણેન્દ્રને લાગુ પાડવામાં આવે છે. અને તેનું સંસ્કૃત રૂપાંતર - मंगलकल्पाज्ञोऽऽवासं થાય છે.

કોઈપણ સંસારી જીવ, પોતાની પર આવી પડેલી વિપત્તિ દૂર કરવા માંગે છે. વર્તમાનમાં વિપત્તિ ન હોય તે, ભવિષ્માં વિપત્તિ ન આવે તેવું ઈચ્છે છે. સાથે સાથે સંપત્તિ ટકી રહે અથવા વૃદ્ધિ

પામે, [illegible] અને આ બંનેને દૂર કરનાર પાર્શ્વનાથ ભગવંતનું નામ સ્મરણ છે.

શ્રી પાર્શ્વનાથ ભગવાન મંગલ અને કલ્યાણની સાક્ષાત મૂર્તિ છે, તેઓ પરમ મંગલમય તથા પરમ કલ્યાણમય છે.

આમ, પ્રસ્તુત ગાથામાં આધ્યાત્મિક રહસ્યને પ્રગટ કરતો અર્થ પણ સમાયેલો છે. કેવળજ્ઞાની પાર્શ્વનાથ ભગવાનનું નામસ્મરણ, આત્મા પર આવરણ કરનાર'આંઠ કર્મોરૂપી ઉપદ્રવોને દૂર કરે છે. પરમાત્માની આરાધનાથી વિષ સમાન, વિઘ્ન કરનાર રાગ - દ્વેષ અને કામભોગ જેવી વૃત્તિઓનો ક્ષય થાય છે. તે મંગલ એટલે મમત્વને ગાળનાર અને કલ્યાણ અર્થાત્ આત્માના આનંદ સ્વરૂપ છે.

આ ગાથામાં પાર્શ્વનાથ પ્રભુ માટે ત્રણ વિશેષણોનો ઉપયોગ થયેલ છે.

| | |
|---|---|
| कम्मघणमुक्कं | - સ્વાર્થ સમ્પતિ સૂચક છે. |
| विसहर विसनिन्नासं | - પરાર્થ સમ્પતિ સૂચક છે. |
| मंगलकल्लाण आवासं | - ઉભય (સ્વાર્થ અને પરાર્થ એમ બંને) સમ્પતિ સૂચક છે. |

❖ ગાથા-૨

**विसहरफुलिंगमंतं, कंठे धारेइ जो सया मणुओ ।**

**तस्सगहं – रोग – मारी – दुट्ठजरा जंति उवसामं ।।**

**શબ્દાર્થ :** વિસહર - વિષ દૂર કરનાર. ફુલ્લિંગ - એ નામનો મંત્ર. મંતં – મંત્ર. કંઠે – કંઠમાં. ધારેઈ - ધારણ કરે છે. સયા – સદા. મણુઓ – માનવી. તસ્ય – તેના. ગહ – ગ્રહ. મારી - મહામારી જેવા રોગો. દુટ્ઠજરા - વિષમ પ્રકારના તાવ. ઉવસામં જંતિ - શાંત થઈ જાય છે.

**સૂત્રાર્થ :**

**શ્રી પાર્શ્વનાથ ભગવાનના નામથી યુક્ત 'વિષધરફુલિંગ' નામના મંત્રનું જે મનુષ્ય નિત્ય સ્મરણ કરે છે, તેને ગ્રહો તરફથી પીડા થતી નથી. તેને વ્યાધિઓ સતાવતા નથી, તેના પર જો કોઈ મારણપ્રયોગ થયો હોય તો તે શાંત થઈ જાય છે. અથવા મરકી જેવો મહાન રોગચાળો ફાટી નીકળ્યો હોય તો તેનો બચાવ થાય છે અને ગમે તેવો ભયંકર તાવ લાગુ પડ્યો હોય, તો તે સત્વર ઉતરી જાય છે.**

**વિશેષાર્થ :**

'વિસહર ફુલિંગમંત', 'વિસહર' અને 'ફુલિંગ' એ મંત્રનો સંકેત છે. આ સંકેત દ્વારા અઢાર અક્ષરનો "नमिऊण ▯ास विसहर वसह जिण फुलिंग" મંત્ર અભિપ્રેત છે.

શ્રી ઉવસગ્ગહર સ્તોત્ર એ સૂત્રાત્મક છે. માત્ર સૂચન કરે તે સૂત્ર કહેવાય, તેથી અહીં તે સંપૂર્ણ મંત્ર ન લખતા માત્ર તે મંત્રમાં આવતા 'વિસહર' અને 'ફુલિંગ' શબ્દને જ સાંકેતિક રીતે દર્શાવીને સંપૂર્ણ મંત્ર સૂચવાયો છે.

મંત્ર તેને કહેવાય કે જે મનનું રક્ષણ કરે અથવા તો જે ગુપ્ત રીતે કહેવાય. આ મંત્ર મનનું, તનનું, સર્વનું રક્ષણ કરે છે.

આ સ્તોત્રમાં રહેલા અઢાર અક્ષરવાળા મંત્રનો જાપ કરવાથી પરમપદમાં રહેલા શ્રી પાર્શ્વનાથ પ્રભુ ધ્યાનમાં પ્રત્યક્ષ થાય છે.

આ મંત્ર 'विसहरफुलिंग' મંત્ર એટલા માટે કહેવાય છે કે તે વિષધરો એટલે સર્પો તથા સ્ફુલિંગો એટલે અગ્નિકણો. તેના ઉપલક્ષણથી બીજા પણ ક્ષુદ્ર ઉપદ્રવોનો નિવારક છે.

'नमिऊण □ास विसहर वसह जिणफुलिंग'

**नमिऊण**- નમસ્કાર કરાય છે. **□ास** - હે પાર્શ્વ. **विसहर** - તુ વિષને દૂર કર. **वसहजिण** - જિનોમાં વૃષભ. **फुलिंग** - પરબ્રહ્મરૂપી રવિના સ્ફુલિંગ સમા.

**અર્થ :** વિષધરસ્ફુલિંગ નામના શ્રેષ્ઠ મંત્રમાં રહેલા, વિષધરના વિષનો નાશ કરનારા તથા ઋષભાદિ જિનોમાં પ્રગટ પ્રભાવી હોવાથી જયને પ્રાપ્ત કરાવનારા એવા શ્રી પાર્શ્વનાથને વંદન કરું છું.

આ મંત્રનું સર્વ પ્રથમ પ્રાકટ્ય શ્રી ધરણેન્દ્ર દ્વારા આચાર્ય શ્રી માનતુંગસૂરિ સમક્ષ કરવામાં આવ્યું હતું.

આચાર્ય શ્રી માનતુંગસૂરિને એક વખત કર્મની વિચિત્રતાને યોગે મગજનો રોગ થઈ ગયો. તેમણે સમાધિ મોત માટે શ્રી ધરણેન્દ્રનું સ્મરણ કર્યું. અને પોતાના આયુષ્ય માટે પૂછ્યું. શ્રી ધરણેન્દ્રએ તેમને જણાવ્યું કે તમારું આયુષ્ય બાકી છે. અને આપના જેવાનું આયુષ્ય ઘણા લોકો પર ઉપકાર કરનાર છે. તેમણે આ ૧૮ અક્ષરનો ઉપર્યુક્ત મંત્ર શ્રી માનતુંગસૂરિને સમર્પણ કર્યો. અને કહ્યું કે આના સ્મરણથી તથા મંત્રિત જલથી સર્વે રોગ અને બધા પ્રકારના ભયનો નાશ થાય છે. તેના આધારે શ્રી માનતુંગસૂરિએ 'ભયહર' સ્તોત્રની રચના કરી. જે આજે પણ પ્રસિદ્ધ છે. આચાર્ય ભદ્રબાહુ તો શ્રુતકેવલી હતા. તેથી તેઓ મંત્રના જ્ઞાતા હતા. તેથી મંત્ર અપ્રકટ હતો. પરંતુ માનતુંગસૂરિ દ્વારા સર્વ જન સમક્ષ પ્રકટ થયો. જે ભવ્ય પુરુષ આ ભયહરસ્તવ 'नमिउण' નું સવારે અને સાંજે શુભભાવથી પાઠ કરે છે, તેના વિવિધ ઉપસર્ગો દૂર થાય છે.

શ્રી માનતુંગસૂરિએ 'ભયહર સ્તોત્ર'ની છેલ્લી ગાથામાં કહ્યું છે કે....

**एयस्स मज्झयारे अट्ठारस अक्खरे हि जो मंतो ।**
**जो जाणइ सो झायइ, परमपयत्थं फुडं पासं ।।**

અર્થાત્ આ સ્તોત્રની અંદર અઢાર અક્ષરના જે મંત્ર છે, તેને જે જાણે છે તે પરમપદમાં રહેલા પ્રકટ પાર્શ્વનાથનું ધ્યાન ધરે છે. પાછળથી આચાર્યશ્રી માનતુંગસૂરિની પરંપરામાં થયેલા અન્ય આચાર્યો દ્વારા આ મંત્રને જુદા જુદા સ્તોત્રોમાં પ્રગટ કરવામાં આવ્યો છે, જે આજે પણ પ્રાપ્ય છે. પરંતુ મંત્ર પ્રાકૃત ભાષામાં છે. તેની આગળ શીર્ષક તરીકે પ્રણવ તથા તે સાથે બીજાક્ષરો તથા અંતમાં બીજાક્ષરો તથા પલ્લવોના સંયોજન નથી. પરંતુ પાછળથી તેમાં ૐ હ્રીં વગેરે બીજો ઉમેરાતાં ગયા અને અઢાર અક્ષરનો મંત્ર અઠ્ઠાવીસ અક્ષરોનો થઈ ગયો.

શ્રી તરુણપ્રભસૂરિએ આ મંત્રનો અર્થ નીચે મુજબ કર્યો છે.

**ॐ परब्रह्म रवि स्फुलिंग, ॐ ह्रीं नमः श्रीं नमदिन्दवृन्द,**
**प्रणभ्यसे पार्श्व विषंहर त्वं, जिनर्षभ श्रीं भवते नमो ह्रीं ।**

અર્થાત્ પરબ્રહ્મરૂપી રવિના સ્ફુલિંગ સમા, જેને ઈન્દ્રોના સમૂહ નમે છે, જે જિનોમાં વૃષભ છે, તેવા હે પાર્શ્વ ! તુ વિષને દૂર કર.

શ્રી રત્નકીર્તિસૂરિ રચિત પાર્શ્વજિન સ્તોત્રમાં આ અર્થ નીચે પ્રમાણે થાય છે.

**नमिऊण पासं नाहं, विसहर विस नासिणं तमेव थुणे ।**
**वसह जिणफुलिंगजयं, फुलिंग वरमंत मज्यत्यं ।।**

અર્થાત્ સ્ફુલિંગો પર જય મેળવનારા, વિષધરોના વિષનો નાશ કરનાર જિનોમાં ઋષભ તેવા પાર્શ્વનાથને નમસ્કાર કરાય છે.

શ્રી કમલપ્રભાચાર્યે શ્રી પાર્શ્વપ્રભુ સ્તવનમાં કહ્યું છે કે...

नमिऊण □ास विसहर वसह जिणफुलिंग ह्रीं मंते ।

ॐ ह्रीं श्रीं नमक्खरेहिं, मइ वंछियं दिसउ ।।४।।

અર્થાત્ ॐ ह्रीं श्रीं नमः અક્ષરોથી મુક્ત અને ह्रीं જેના છેડે આવે છે, એવો नमिऊण □ास विसहर वसह जिण फुलिंग મંત્ર મને વાંછિત આપો.

વિષધર ફુલિંગ મંત્રમાં બીજાક્ષરો તથા પલ્લવાદિ ઉમેરીને જુદા જુદા મંત્રો બનાવવામાં આવ્યા છે અને તેનું જુદી જુદી રીતે અનુષ્ઠાન થાય છે જેમકે...

## ચિંતામણિ મંત્ર

ॐ ह्रीं श्रीं अर्हँ नमिऊण □ास विसहर वसह जिणफुलिंग ह्रीं नमः ।

## કુક્કુટેશ્વર પાર્શ્વનાથનો મંત્ર

ॐ ह्रीं श्रीं अर्हँ नमिऊण □ास विसहर वसह जिण फुलिंग
ह्रीं श्री नमः ।

## સર્વ કામદા વિદ્યા

ॐ ह्रीं श्रीं अर्हँ नमिऊण □ास विसहर वसह जिण फुलिंग
श्रीं ह्रीं सर्वकामदाय नमः ।

આમ, આ મંત્ર દ્વારા બે કાર્યો થાય છે.

(૧) विसहर - એટલે વિષોનું હરણ.

(૨) फुलिंग - (તણખા મૂકાયા હોય તેવા) કિલષ્ટ રોગોનો નાશ.

એટલે આ મંત્રને 'नमिऊण □ास' મંત્રથી વાચ્ય ન કરાતા, 'विसहर फुलिंग' મંત્રથી વાચ્ય કરાયો છે અને તે દ્વારા આ મંત્રથી સિદ્ધ થનારા કાર્યો સૂચવાયા છે.

कंठे धारेई – કંઠમાં ધારણ કરે છે.

કંઠમાં ધારણ કરે છે એટલે કે મંત્રને યંત્ર સ્વરૂપે લખી તેને માદળિયામાં નાંખી જે પોતાના કંઠમાં ધારણ કરે છે તે. અને બીજો અર્થ એ પણ થાય છે કે મંત્રને કંઠસ્થ કરીને રાત - દિવસ તેનું સ્મરણ કરવું તે.

બીજો અર્થ માંત્રિક પણ કરવામાં આવ્યો છે. મંત્ર એને કહેવાય કે જે મનનું રક્ષણ કરે. અથવા તો જે ગુપ્ત રીતે કહેવાય. શ્રી ઉવસગ્ગહર સ્તોત્ર સ્વયં એક મંત્રસ્વરૂપ છે. जो सया मणुओ - મનુષ્ય યોનિ સિવાય કોઈ યોનિમાં મંત્રસાધના યા મંત્રનો પાઠ સંભવિત નથી. मणुओ નો બીજો અર્થ માંત્રિક પણ થાય છે. ત્રીજો અર્થ મંત્રને જાણનારો એટલે વિધિ વગેરેને જાણનારો થાય છે.

तस्स गह रोग मारी

અર્થાત્ રોગાદિ વિનાશ પામે છે અને ગ્રહો વગેરે શાંત થાય છે.

જૈનશાસ્ત્રોમાં ૮૮ ગ્રહોનો ઉલ્લેખ આવે છે. પણ જ્યોતિશાસ્ત્રની દ્રષ્ટિએ સૂર્ય, ચંદ્ર, મંગળ, બુધ, ગુરૂ, શુક્ર, શનિ, રાહુ અને કેતુ એમ નવ ગ્રહોની મુખ્યતા છે. મનુષ્યના જન્મ સમયે તેઓ આકાશમાં જે સ્થાન ભોગવતા હોય છે, તે પ્રમાણે તેઓ શત્રુ અથવા મિત્રનું કામ કરે છે. અહીં ગ્રહ એટલે ગ્રહોની માઠી અસર વિશે કહ્યું છે.

'રોગ' શબ્દથી વાતજન્ય, પિત્તજન્ય, કફજન્ય તથા સન્નિપાત જન્ય વ્યાધિઓ, કોઢ વગેરે જેવા મહારોગો જણાવે છે.

'મારી' શબ્દથી અભિચાર કે મારણપ્રયોગથી ફાટી નીકળેલો રોગ (તુચ્છ મન્ત્ર, યન્ત્ર તથા યોગિની દ્વારા કરાયેલ મહાભયંકર ઉપસર્ગ) અથવા મરકીનો રોગ - જે રોગ થવાથી મનુષ્યો મોટા પ્રમાણમાં શીઘ્ર મરવા લાગે. પ્લેગ, કોલેરા, વગેરે તેના પ્રકારો છે.

'દુઠ્ઠજરા' એટલે દુષ્ટ જવરો, વિષમ જવરો, ભારે તાવ. જેમાં ન્યુમોનિયા, ટાઈફોઈડ, સન્નિપાત, મુદતિયા તાવ વગેરેનો સમાવેશ થાય છે. કે જેને કાબૂમાં લેવા ઘણાં ઉપચારો કરવા પડે છે. જ્યારે દુઠ્ઠ અને જરા બંને પદોને છૂટા પાડીએ ત્યારે દુઠ્ઠનો અર્થ દુષ્ટ જનો, શત્રુઓ અથવા તો કોપાયમાન થયેલા રાજા વગેરે થાય છે. અને જરા શબ્દથી સર્વ પ્રકારના જવર - તાવ સમજાવે છે.

'જંતિ' જાય છે, પામે છે.

'ઉવસામં' શાંત થાય છે. પીડા કરતાં બંધ થાય છે.

❖ ગાથા-૩

શ્રી ઉવસગ્ગહર સ્તોત્રની પહેલી ગાથામાં શ્રી પાર્શ્વનાથ ભગવાનના ગુણોનું વર્ણન કર્યું છે અને તેમના નામ સ્મરણથી સર્વ જાતના ઉપદ્રવો ટળી જાય, મહાભયંકર સર્પોનું ઝેર પણ ઉતરી જાય છે અને આનંદ - મંગલ પ્રવર્તે છે તે સમજાવ્યું છે.

બીજી ગાથામાં 'વિષધર સ્ફુલિંગ' મંત્રનો મહિમા સમજાવ્યો છે.

હવે ત્રીજી ગાથામાં પ્રભુ પાર્શ્વનાથને કરેલા પ્રણામનો મહિમા દર્શાવ્યો છે.

## સૂત્રાર્થ

હે ભગવાન ! વિષધર સ્ફુલિંગ નામનો તમારો મંત્ર અત્યંત પ્રભાવશાળી તો છે જ. પરંતુ વિશુદ્ધ ભાવથી તમને કરેલો પ્રણામ પણ સૌભાગ્ય, આરોગ્ય, ધન, ધાન્ય, દ્વિપદ, ચતુષ્પદ, રાજ્ય અને દેવલોકના સુખ આપનારો છે. અને કદાચ જો આયુષ્યબંધના કારણે દેવગતિમાં જન્મ ન થતાં મનુષ્યગતિમાં કે તિર્યંચગતિમાં જન્મ થાય તો પણ ત્યાં દુઃખ કે દુર્ગતિને પામતા નથી. એટલે કે ત્યાં પણ સુખ અને સન્માનની જ પ્રાપ્તિ થાય છે.

પૂર્વ ગાથામાં મંત્રનું માહત્મય બતાવ્યું છે પરંતુ મંત્રની સાધના સર્વજન માટે શક્ય નથી. તે તો ફક્ત મહાસાત્વિક અને ધૈર્યયુક્ત પુરુષો જ કરી શકે છે. અને તેવા પુણ્યવાન આત્માને અધિષ્ઠાયક દેવો તત્કાળ ફળ આપે છે. જ્યારે અન્યને પ્રયત્નથી અને વિલંબથી ફળ મળે છે. સર્વજન સમુદાય માટે પાર્શ્વનાથ ભગવાન કઈ રીતે ફળદાયક છે, તે જણાવતાં સ્તોત્રકાર કહે છે કે - મંત્રની વાત તો દૂર રહી, પરંતુ પાર્શ્વનાથ ભગવાનને સહૃદયથી કરેલો પ્રણામ માત્ર પણ સામાન્ય નથી, પરંતુ ઘણા ફળને આપનારો છે. વિશુદ્ધ ભાવથી કરાયેલો પ્રણામ પણ સૌભાગ્ય, આરોગ્ય, ધન, ધાન્ય, રાજ્ય અને દેવલોકના સુખો આપનારો છે.

આમ, છતાં આયુષ્ય બંધના કારણે દેવગતિમાં જન્મ ન લે અને મનુષ્ય કે તિર્યંચ તરીકે જન્મે તો ત્યાં પણ તે દુઃખ, દારિદ્રય કે દુર્ભાગ્યને પામતા નથી. એટલે કે ત્યાં પણ સુખ અને સન્માનની જ પ્રાપ્તિ થાય છે.

મનુષ્ય તરીકે જન્મે તો તેને શારીરિક કે માનસિક કોઈ પ્રકારનું દુઃખ રહેતું નથી. અને તિર્યંચના ભવમાં સુવર્ણ, રત્ન, ચિંતામણિ, કલ્પદ્રુમ રૂપે ઉત્પન્ન થાય અને સન્માનને પાત્ર બને છે.

**तुज्झ □णामो वि बहुफलो होइ -**

પાર્શ્વનાથ ભગવંતને વિશુદ્ધ ભાવે કરેલો એક પ્રણામ પણ બહુફલદાયી છે. તે ફળોમાં સર્વ ઐહિક ફલો જેવા કે - ધન, ધાન્ય, સ્ત્રી, પુત્ર, નોકર, ચાકર, વાહનો વગેરે ગણાવાયા છે.

પ્રણામનું મુખ્ય ફળ તો સંસાર સાગરથી તરવું તે છે પરંતુ જ્યાં સુધી ફળ પ્રાપ્ત ન થાય ત્યાં સુધી સંસારમાં રહેલા જીવને મુક્તિની પ્રાપ્તિ માટેના સાધનોની અનુકૂળતા આવશ્યક છે અને

ભગવંતને કરેલો પ્રણામ તે સઘળી અનુકૂલતાઓ પૂરી પાડે છે અને તે દ્વારા તેવો આત્મા મળેલા સુખમાં લુબ્ધ બન્યા વિના સુખપૂર્વક મુક્તિ પામે છે.

**नरतिरिएसु वि जीवा –**

વિશુદ્ધ શ્રદ્ધાથી ભગવંતને પ્રણામ કરનારો આત્મા વૈમાનિક દેવ સિવાય ક્યાંય ઉત્પન્ન થતો જ નથી. પરંતુ આ આત્માએ પૂર્વે જો ભવાન્તરનું આયુષ્ય બાંધી લીધું હોય તો તે વૈમાનિક દેવ સિવાય બીજી ગતિમાં પણ ઉત્પન્ન થાય, મનુષ્ય યા તિર્યંચગતિમાં પણ જાય તો પણ, ભગવંતને કરેલા નમસ્કારના પ્રભાવથી ત્યાં પણ દુઃખ કે દારિદ્રયને પ્રાપ્ત કરતો નથી. તે જો તિર્યંચ યોનિમાં જાય તો પણ પ્રતિદિન પૂજા થાય તેવા સ્થાનમાં જાય છે. જો તે મનુષ્યયોનિમાં જાય તો પણ શારીરિક કે માનસિક દુઃખોથી રહિત હોય છે અને તેના મનમાં ચિંતવેલા કાર્યો થયા કરતાં હોય છે.

અહીં પદમાં 'वि' નો પ્રયોગ વિસ્મય સૂચક છે. અને એવું સૂચવે છે કે નર અને તિર્યંચના ભવમાં દુઃખ કે દારિદ્ર ન હોય તે સંભવિત નથી પરંતુ, વિસ્મયની વાત છે કે તેમને પ્રણામ કરનારા ત્યાં પણ દુઃખ પામતા નથી.

❖ ગાથા-૪

સ્તોત્રની ચોથી ગાથામાં શ્રી પાર્શ્વનાથ પ્રભુના સમ્યકત્વનો મહિમા દર્શાવ્યો છે.

મૂળગાથા : तुह सम्मते लद्धे, चिंतामणि-कप्पपायवब्भहिए ।
पावंति अविग्घेणं, जीवा अयरामरं ठाणं ।।४।।

**શબ્દાર્થ**

तुह – તેમને. सम्मते - સંમતિ, અનુમતિ. लद्धे – મળે. चिंतामणि - વિચારીએ તેવું ફળ આપનાર મણિ. कप्प – કલ્પ. पायव – વૃક્ષ. ब्भहिए – અધિક. पावंति - પામે છે. अविग्धेण – વિઘ્નવગર. अयरामरं – અજરામર. ठाणं – સ્થાન.

**સૂત્રાર્થ**

(હે ભગવાન) ચિંતામણિરત્ન અને કલ્પવૃક્ષ કરતાં પણ અત્યંત ઉત્કૃષ્ટ એવું તમારું સમ્યક્ત્વ પ્રાપ્ત થતાં જીવો નિર્વિઘ્ન પણે અજર અને અમર એવા સ્થાનને (મોક્ષને) પામે છે.

तुह सम्मते लद्धे - તમારા સમ્યક્ત્વની પ્રાપ્તિ થવાથી.

❖ **સમ્યક્ત્વની વિભિન્ન વ્યાખ્યાઓ**

તત્વાર્થ સૂત્રમાં વાચક શ્રી ઉમાસ્વાતિજી કહે છે કે, 'तत्वार्थश्रध्धानं सम्यगदर्शनम्' (અધ્યાય-૧ ગાથા-૨)

તત્વોના અર્થોની શ્રધ્ધા કરવી તે 'સમ્યગ્ દર્શન' છે.

સમ્યગ્દર્શન, સમ્યક્ત્વનો પર્યાય શબ્દ છે અને ચાલુ વ્યવહારમાં તેને સમક્તિ પણ કહે છે.

હરિભદ્રસૂરિએ પ્રથમ પંચાશકમાં સમ્યક્ત્વની ટૂંકમાં વ્યાખ્યા કરતાં કહ્યું છે કે...

तत्तत्थसदहणं सम्मतं –

તત્વોના અર્થોની શ્રધ્ધા કરવી તે સમ્યકત્વ છે.

**નવતત્વ પ્રકરણ**

**जीवाइ नव पयत्थे, जो जाणइं तस्स होई सम्मतं ।**
**भावेण सद्दहंतो, अयाणमाणेवि सम्मतं ।।**

તત્વ શબ્દની બે રીતે વિચારણા કરવાની છે. એક પરમાર્થથી અને બીજી વ્યવહારથી.

પરમાર્થ દ્રષ્ટિએ, જીવ, અજીવ, પુણ્ય, પાપ, આશ્રવ, સંવર, બંધ, નિર્જરા, મોક્ષ - એ નવ તત્વો છે. આ નવ તત્વ પદાર્થોને જે યથાર્થ સ્વરૂપે જાણે અને સમજે અને જો ના સમજાય તો પણ શ્રી જિનેશ્વર દેવનું કહેલું બધુ જ સત્ય છે તેમ શ્રધ્ધાથી માને - તે સમ્યકત્વ છે.

વ્યવહારાદિ એ સુદેવ, સુગુરૂ અને સુધર્મમાં શ્રધ્ધા રાખવી તે સમ્યકત્વ છે.

**જ્ઞેય એટલે જાણવા લાયક,**
**હેય એટલે ત્યાગ કરવા લાયક,**
**ઉપાદેય એટલે આદરવા યોગ્ય**

વિશ્વના તત્વો પૈકી જે તત્વો જે રૂપે રહેલા છે, તે તે તત્વો પ્રત્યે અનુરૂપ અર્થાત્ ક્રમશઃ ઉદાસીનતા, અરુચિ અને રુચિનું હાર્દિક **વલણ એ સમ્યગ્દર્શન છે.** આ વલણ **જેમ જેમ સતેજ અને શુધ્ધ** બનતું આવે તેમ તેમ સમ્યગ્.દર્શન અધિકાધિક દ્રઢ અને નિર્મળ થતું આવે છે અને દર્શન મોહનીય કર્મનો ક્ષય થતો જાય છે.

શાસ્ત્રોમાં પણ જણાવ્યું છે કે.....

અરિહંત એ સુદેવ છે. પંચમહાવ્રતધારી સાધુ એ સુગુરૂ છે અને રાગદ્વેષથી સર્વથા રહિત શ્રી જિનેશ્વરદેવોએ પ્રરૂપેલો ધર્મ તે સુધર્મ છે. આ ત્રણેય પ્રકારની શ્રધ્ધા તે સમ્યકત્વ છે. સમ્યગ દર્શન એટલે આધ્યાત્મિક વિવેક. જૈન દર્શનમાં જીવ - અજીવ આદિનો વિવેક છે. અને આવા વિવેકનો ઉદય એજ સમ્યકત્વ છે.

સમ્યક્ત્વપણું એટલે સારાપણું. અર્થાત જે વસ્તુ જેવા સ્વરૂપમાં છે તેવા સ્વરૂપમાં જ તેને સ્વીકારવી.

અનેક પ્રકારના દર્શનો, મંત્ર - તંત્ર વગેરેના આકર્ષણો લોકોને સત્યથી દૂર લઈ જાય છે. લોકો શીઘ્ર ભૌતિક સુખોની ઝંખનામાં સત્ માર્ગને ભૂલીને ભટકે છે. સમ્યકત્વ, મિથ્યાત્વથી બચાવે છે.

સમ્યક્ત્વ એ આત્માનો ગુણ છે. જે મિથ્યાત્વ મોહનીય કર્મના આવરણોથી ઢંકાયેલો છે. પરંતુ સમ્યક્ત્વ દર્શનથી તે દૂર થાય છે. અને આત્માનો સમ્યક્ત્વ ગુણ પ્રગટ થાય છે. આ ગુણ પ્રગટ થતા આત્મા પરમવિવેકી બને છે. તેનામાં જીવ - અજીવ આદિ તત્વોમાં શ્રધ્ધા પ્રગટે છે. આથી જ તે હેયને હેયરૂપે અને ઉપાદેયને ઉપાદેયરૂપે સ્વીકારે છે.

**चिंतामणिकप्पायवब्लहिए** - ચિંતામણિરત્ન તે દેવતાષ્ઠિત એક રત્ન છે જે ચિંતિત વસ્તુને દેનારૂં છે અને કલ્પવૃક્ષ તે એક પ્રકારનું વૃક્ષ છે જે મનુષ્યને આહાર, પાણી, વસ્ત્ર આદિ તમામ વસ્તુઓ તરત જ આપે છે. આવા ૧૦ પ્રકારના કલ્પવૃક્ષો હોય છે.

છતાં આ બંનેથી પણ અધિક પ્રભાવવાળું પાર્શ્વનાથનું સમ્યકત્વ છે. ચિંતામણિરત્ન કે કલ્પવૃક્ષ પુણ્યવાન આત્માને ફક્ત ભૌતિક ઈચ્છિત સુખો આપી શકે છે જ્યારે શ્રી પાર્શ્વનાથનું સમ્યકત્વ તો મોક્ષસુખ - શાશ્વતસુખ સુખ આપે છે. એટલે તેને અધિક ફલદાયી કહ્યું છે.

શ્રી પાર્શ્વનાથનું સમ્યકત્વ એટલે શ્રી પાર્શ્વનાથ ભગવાનમાં અનન્ય શ્રધ્ધા.

**पावंति अविग्घेणं जीवा अयरामरं ठाणं**

જ્યાં જરા એટલે વૃદ્ધાવસ્થા નથી, તે અજર અને જ્યાં મરણ નથી તે અમર. આથી અજર અને અમર તે અજરામર.

ઠાણ એટલે સ્થાન. આવુ અજરામર સ્થાન લોકના અગ્રભાગે આવેલી સિદ્ધશિલામાં રહેલું છે. જ્યાં સિદ્ધગતિ પામેલાં સઘળા જીવો સ્થિર થાય છે. તેથી આ સ્થાન મુક્તિપુરી, મુક્તિધાન કે મોક્ષ કહેવાય છે.

સમ્યક્ત્વ અર્થાત સમ્યક્દર્શનની પ્રાપ્તિ થયા બાદ કાલક્રમે જીવને સમ્યગ્જ્ઞાન અને ત્યારબાદ સમ્યક્ચારિત્રની પ્રાપ્તિ થાય છે. આ રત્નત્રયીના પરિણામે જીવ અજરામર સ્થાન એટલે કે મોક્ષને પામે છે. તેથી સમ્યક્ત્વ એ અજરામર સ્થાનમાં જવા માટેનું મંગલ પ્રસ્થાન છે. અને આ જીવો જ્યાં સુધી મુક્તિપદને પ્રાપ્ત કરતા નથી ત્યાં સુધી તેમની સંસારની સ્થિતિ દરમ્યાન પણ તેઓને મનુષ્ય જન્મ, આર્યદેશ, આર્યકુળ, પંચેન્દ્રિયની પરિપૂર્ણતા, જિનધર્મની પ્રાપ્તિ, સદ્‌ગુરુનો યોગ, ધર્મશ્રવણેચ્છા, તથા ધર્મકાર્યો કરવા માટેની જોઈતી અનુકૂલતાઓ સાંપડ્યા જ કરે છે. મુક્તિની પ્રાપ્તિમાં વિઘ્ન થાય તેવા કોઈ સંયોગો ઉભા થતા નથી.

❖ ગાથા-૫

સ્તવન કે સ્તોત્રમાં ઈષ્ટદેવને નમસ્કાર કરવામાં આવે છે. તેમનાં અદ્દભૂત ગુણોનું કીર્તન કરવામાં આવે છે અને છેવટે પ્રાર્થના કરવામાં આવે છે. ધાર્મિકક્ષેત્રમાં પ્રાર્થના એક અતિ મહત્વનું અંગ છે. સ્તોત્રની પાંચમી અને છેલ્લી ગાથામાં પાર્શ્વનાથ પ્રભુને પ્રાર્થના એટલે કે યાચના કરવામા આવે છે.

મૂળપાઠ **इअ संथुओ महायस ! भत्ति-भर-निब्भरेण हियएण ।**
**ता देव ! दिज्ज बोहिं, भवे भवे पास ! जिणचंद !।।५।।**

संथुओ - સ્તુંતિ કરી છે. महायस - જેની કીર્તિ મહાન છે તે. भत्तिभर - ભક્તિથી ભરપૂર. निब्भरेण – ગાઢ. हियएण – હૃદયથી. ता - હે દેવ ! (સંબોધન). दिज्ज - દેજો, આપજો. बोहिं - બોધ.

भवेभवे - દરેક ભવમાં. □ास - હે પાર્શ્વનાથ. जिणचंद - જિનોમાં ચંદ્ર. જેવા. इअ - આમ

### સૂત્રાર્થ

મે આ પ્રમાણે ભક્તિથી ભરપૂર અંતઃકરણ વડે તમને સ્તવ્યા છે. તેથી હે દેવાધિદેવ ! હે પાર્શ્વનાથ ! હે જિનચંદ્ર ! મને ભવોભવમાં જૈનધર્મ આપો, જેથી તમારી નિરંતર ભક્તિ કરી શકુ અને એ રીતે ભવસાગર તરવાને સમર્થ થાઉં.

પ્રથમ ગાથામાં સ્તવના, બીજી ગાથામાં અધિષ્ઠિત મંત્રનું ફળ, ત્રીજી ગાથામાં પ્રણામનું ફળ, ચોથી ગાથામાં સમ્યકત્વનું ફળ અને પાંચમી ગાથામાં ઉપસંહાર કરતાં યાચના કરવામાં આવી છે.

પ્રભુની સ્તવના બાદ ભક્ત પરમેશ્વર પાસે જે વસ્તુની અપેક્ષા રાખે છે તે અપેક્ષાને આ ગાથામાં વાચા અપાઈ છે.

આ ગાથામાં પરમેશ્વર શ્રી પાર્શ્વનાથને ત્રણ વિશેષણોથી બિરદાવ્યા છે. महायस, देव અને जिणचंद.

महायस – એટલે મહાયશસ્વી. ત્રણેય લોકમાં એટલે કે સ્વર્ગ, મૃત્યુ અને પાતાલલોકમાં જેનો યશ વ્યાપી ગયો છે તેવા. એક દિશામાં ફેલાતી પ્રશંસાને 'કીર્તિ' કહે છે જ્યારે સર્વ દિશામાં ફેલાતી પ્રશંસાને 'યશ' કહે છે.

તીર્થંકર પરમાત્મા મહાસત્વથી યુક્ત છે. તેઓ સ્વયં સંસાર સાગર તરેલા છે અને અન્યને તે તારવામાં પ્રબળ નિમિત્ત પૂરું પાડે છે. આવા તીર્થંકર ભગવંતોનો યશ ત્રણેય લોકમાં અને દશેય દિશાઓમાં ફેલાયેલો હોવાથી મહાયશવાળા, મહાયશસ્વી કહેવાય છે.

દેવ – આ શબ્દ અહીં દેવાધિદેવ માટે વપરાયો છે. જગતમાં સુખસંપત્તિની અપેક્ષાએ દેવો મહાન ગણાય છે. પરંતુ પરમાત્મા તો આવા દેવોના પણ દેવ છે. તેઓ અનંત સુખના સ્વામી છે. અનંત જ્ઞાનાદિ સંપત્તિના માલિક છે. માટે તેઓ સાચા અર્થમાં દેવોના પણ દેવ છે.

जिनचन्द्र એટલે જિનોમાં ચંદ્ર. જિનોનો અર્થ છે સામાન્ય કેવલીઓ એટલે કે કેવળજ્ઞાન પ્રગટ થયું છે તેવા મહાત્માઓ. જિનશાસનરૂપી નભમાં ચમકતા સામાન્ય કેવલજ્ઞાની રૂપી તારકોમાં ભગવાન શ્રી તીર્થંકર પરમાત્મા ચન્દ્રની જેમ ચમકી રહ્યા છે માટે તેમને 'જિનચંદ્ર' કહ્યા છે.

**ભક્તિભર નિબ્ભરેણ** |

એટલે ભક્તિથી ભરેલું.

**ભક્તિ શબ્દની વ્યાખ્યા** - भज् ધાતુથી त्किम् પ્રત્યય આવવાથી भक्ति શબ્દ નિષ્પન્ન થાય છે. भज, ધાતુનો અર્થ છે સેવા કરવી. સાચી સેવા ત્યારે જ થાય જ્યારે જેની સેવા કરવાની હોય તેના પ્રત્યે હૃદયમાં પ્રેમ હોય. ઈશ્વરમાં પરમ અનુરાગ તે જ ભક્તિ.

ભક્તિ એ ભવસાગર તરવાનું ઉત્તમ સાધન છે. તેનો મહિમા વિવિધ નામે અને વિવિધ સ્વરૂપે ગવાયો છે. અનન્ય શ્રધ્ધા તે ભક્તિ છે. વિનય, વૈયાવૃત્ય, સદ્દભાવ, સેવા, સમર્પણ, પ્રણામ, પ્રશંસા, પ્રાર્થના એ બધા ભક્તિના પ્રકારો છે. વંદન, પૂજન, સત્કાર અને સન્માન એ ભક્તિની ક્રિયાઓ છે.

ભક્તિ પણ તેની જ કરવી કે જેનામાં કોઈ દોષ ન હોય અને સર્વે ગુણો જેનામાં વિદ્યમાન હોય. અને તે ફક્ત અરિહંત પરમાત્મા જ છે. તે બધાં દોષરહિત છે.

हियएण – એટલે અંતઃકરણ પૂર્વક

જો અરિહંત ભગવંતની ભક્તિ મન, વચન અને કાયાથી, શુદ્ધિ પૂર્વક કરવામાં આવે તો તે મુક્તિમાર્ગ દેનારી બને છે. અંતઃકરણ પૂર્વક કરેલી પ્રભુભક્તિ પૂર્વના અનેક કર્મોનો ક્ષય કરે છે.

આ ભક્તિ બે પ્રકારે થાય છે. - દ્રવ્યથી અને ભાવથી.

ચૈત્યનિર્માણ, ચંદનપૂજા, પુષ્પપૂજા, ગંધપૂજા, ધૂપપૂજા, આદિ દ્રવ્યભક્તિ છે.

ગુણોનું સ્મરણ, ગુણોનું કીર્તન, સમ્યકત્વ તથા આજ્ઞાપાલન એ ભાવભક્તિ છે.

બંને પ્રકારની ભક્તિમાં ભાવભક્તિ ઉત્તમ છે, કારણ તે આત્માનું શુદ્ધિકરણ કરે છે.

આ ગાથામાં 'ભક્તિથી વાસિત બનેલા મેં તમને સ્તવ્યાં' એમ ન કહેતા 'ભક્તિના સમૂહથી નિર્ભર એવા હૃદયથી મેં તમને સ્તવ્યા છે.' એવો શબ્દપ્રયોગ સ્તોત્રકારે કરેલ છે. શ્રી ઉવસગ્ગહર સ્તોત્રના સ્મરણ કે જાપ કરતી વખતે હૃદયરૂપી કમળમાં પ્રભુની સ્થાપના કરવાની છે.

હૃદયથી કરેલી પ્રભુભક્તિ સમ્યકત્વની પ્રાપ્તિ કરાવે છે. પરંતુ તેનાથી ઉલ્ટુ જો રાગ - દ્વેષ અને મોહ - આસક્તિમાં રહેતો માણસ નિત્ય પ્રભુ સ્મરણ કરે, અનેક માળાઓ ગણે, કરોડો જાપ કરે તો પણ કોઈ ફળ મળતું નથી. તેના પાપોનો નાશ થતો નથી.

❖ **ભક્તિની અધિકતા**

પારસમણિ રત્ન કથીરને કંચન કરે છે, પરંતુ કથીરને પારસમણિ તો નથી જ બનાવતો. ચિંતામણિરત્ન પણ ફક્ત ચિંતાઓને ટાળીને ઈચ્છિતને જ આપે છે. એવી જ રીતે કલ્પવૃક્ષ પણ કપડાં, દાગીના, મકાન, અન્ન આદિ ઈચ્છિતને જ આપે છે. પણ તે બીજાને કલ્પવૃક્ષ તો નથી જ બનાવતો. જ્યારે પરમાત્મા ભક્તિ

ભક્તને સદા ભક્ત જ નથી રાખતી પરંતુ એક દિવસ તેને પણ પરમાત્મા બનાવે છે. પોતાના સ્થાને બેસાડીને પોતાના સમકક્ષ બનાવે છે.

**'ભત્તિભર નિબ્ભરેણ હિયએણ'** - આ રીતે જો હૃદય પૂર્વક પરમાત્માની ભક્તિ કરવામાં આવે તો 'કમ્મઘણમુક્કં' - ઘનઘાતી કર્મનો ક્ષય થવાથી 'મંગલ કલ્લાણ આવાસ' - મંગલાકારી કલ્યાણકારી આવાસધામ 'અયરામરં ઠાણં' - વિના વિઘ્ને પામે છે અને જીવો સ્વયં તેવા બને છે.

ભક્તિસભર સહૃદયતા પૂર્વકની ઉત્કૃષ્ટ ભાવપૂર્વકની પ્રાર્થના જ ઔપશમિક - સમ્યકત્વથી ક્ષાયિક કરવાની પ્રક્રિયા છે. ઔપશમિક સમ્યકત્વતો આવીને કદાચ પાછું ચાલ્યું જાય પણ ક્ષાયિક સમ્યકત્વ ક્યારેય પાછુ જતું નથી તે ભવાંતરોમાં પણ સાથે જ રહે છે.

શ્રેણિક જેવા સમ્રાટે ક્ષાયિક સમ્યકત્વ પ્રાપ્ત કર્યું. અત્યારે ભલે તેઓ નારકીમાં છે. પરંતુ ક્ષાયિક સમ્યકત્વની ઉપલબ્ધિ તેમની સાથે જ છે. એનો અનહદ લાભ તેમને ત્યાં નરકમાં પણ પ્રતિક્ષણ છે. તેથી પળે પળે આર્ત - રૌદ્રધ્યાનથી, કૃષ્ણાદિ તીવ્ર લેશ્યાના કષાયો અને કર્મબંધથી બચે છે. ક્ષત્રિય કુળમાં જન્મેલા અને શિકારની આખેટ ક્રીડામાં રાચેલા શ્રેણિક રાજા જેવાને જીવનમાં પાછલી ઢળતી ઉંમરે પરમાત્મા મહાવીર જેવા પારસમણિનો સંયોગ મળતાં જ બોધિબીજ - સમ્યકત્વ રત્નની પ્રાપ્તિ થતાં જ કથીરમાંથી કંચન બની ગયા. ક્ષાયિક સમ્યકત્વ સાથે તેમણે સોનામાં સુગંધરૂપ તીર્થંકર નામકર્મ ઉપાર્જન પણ કરી લીધું અને આગામી ચોવીશીમાં પ્રથમ તીર્થંકર બનીને મોક્ષે જશે.

❖ યાચના

ता देव दिज्ज बोहि

અહીં ભક્ત પ્રભુ પાસે યાચના કરે છે કે, મને બોધિ આપો. બોધિ એટલે સમ્યગ્ દર્શન, સમ્યગ્ જ્ઞાન અને સમ્યગ્ ચારિત્ર રૂપ રત્નત્રયીની પ્રાપ્તિ. એટલા માટે બોધિની વ્યાખ્યા આપતા કહેવાયું છે કે...

**सम्यग्दर्शन ज्ञानचारित्राणामप्र्रा प्रा्णं बोधिः ।**

શ્રી સિધ્ધિચંદ્રગણિકૃત ટીકામાં પણ આવો જ અર્થ કરાયેલો છે. જ્યારે હર્ષકીર્તિસૂરિકૃત ટીકામાં કહ્યું છે કે બોધિ એટલે તત્વજ્ઞાન, સમ્યકત્વ. સમ્યકત્વ વિના મોક્ષ પ્રાપ્તિ નથી. એટલા માટે સમક્તિ ઉપર અર્થાત્ બોધિ ઉપર જૈન ધર્મમાં ઘણો ભાર મૂકવામાં આવ્યો છે.

અર્થકલ્પલત્તામાં જણાવ્યું છે કે **बोधि रत्नत्रयी प्रा सिं प्रेत्य जिनधर्म वा सिं वा** - બોધિ એટલે ચારિત્રરૂપ રત્નત્રયીની પ્રાપ્તિ.

જ્યાં સુધી બોધિ બીજ પ્રાપ્તિ ન થાય ત્યાં સુધી આત્માની ભિન્નતાના સ્પષ્ટ દર્શન ન થાય અને ત્યાં સુધી મોક્ષમાર્ગ પર આગળ વધી ન શકાય. એટલા માટે જિનેશ્વર ભગવાનની સ્તુતિ કરતી વખતે બોધિપ્રાપ્તિ માટે પ્રાર્થના કરાય છે.

**'લોગસ્સ સૂત્ર'માં કહેવાયું છે. (ગાથા-૬)**

**आरुग्ग बोहिलाभं समाहिवरमुतं दिंतु ।।**

'જયવીયરાય સૂત્ર'માં પણ કહેવાયું છે (ગાથા-૪)

**समाहि मरणं च बोहिलाभो अ ।**

'વંદિતુ સૂત્ર' (ગાથા-૪૭)

**दिंतु समाहि च बोहिं च ।**

'નમુત્થુણં સૂત્ર'માં 'बोहिदयाणं' પદની વ્યાખ્યામાં 'बोहि' શબ્દથી જિનપ્રણિત ધર્મની પ્રાપ્તિ એમ કહેવામાં આવ્યું છે.

'બોધિ' શબ્દ આત્માના જ્ઞાનપ્રકાશ માટે વપરાય છે. વ્યવહાર જગતમાં કિમતીમાં કિમતી પ્રકાશમાન પદાર્થ તે રત્ન છે તેથી તેને રત્નનું રૂપક આપવામાં આવે છે.

બોધિ અત્યંત દુર્લભ છે. સમુદ્રના જળમાં ચિંતામણિરત્ન પડી ગયું હોય તો 'તે' મેળવવાનું જેટલું દર્લભ છે તેટલું જ દુર્લભ બોધિ મેળવવાનું છે. તેથી જ આ પદ 'दिज्ज बोहि' દ્વારા બોધિની યાચના કરવાની છે.

જો કે, પાર્શ્વનાથ ભગવાન તો વિતરાગી છે, વિતરાગી કદી કોઈને કાંઈ આપતા નથી, તો પણ ભાવપૂર્ણ હૃદયથી કરેલી પરમાત્માની પ્રાર્થના જ તેવા પ્રકારના કર્મોનો ક્ષયોપશમ કરાવી, તે ગુણને પ્રાપ્ત કરાવે છે. ભાવથી કરેલી પ્રાર્થના અને સ્વશક્તિ અનુસાર તત્વમાર્ગને સમજવાનો અને આચરવાનો પ્રયત્ન જ સાધકને જન્માંતરમાં સમ્યકત્વનું દર્શન કરાવે છે.

## ૮. શ્રી ઉવસગ્ગહર સ્તોત્રમાં મંત્ર - યંત્રની ગૂંથણી

### ❖ મંત્રનો મહિમા

કોઈપણ શબ્દનું વારંવાર રટણ કરવામાં આવે, વારંવાર ઉચ્ચારણ કરવામાં આવે, સ્મરણ કરવામાં આવે, તેનો જાપ કરવામાં આવે તો તે શબ્દ મંત્ર બની જાય છે.

મંત્ર કે સ્તોત્રની જેમ જેમ જાપસંખ્યા વધતી જાય તેમ તેની ચમત્કારી શક્તિ વધુને વધુ ખીલતી જાય છે. લાખો અને કરોડો જાપ થતાં તે મંત્ર સિદ્ધ બની જાય છે.

શ્રી ઉવસગ્ગહર સ્તોત્ર રૂપ મંત્ર સ્વયં પોતે જ ચમત્કારિક શક્તિ ધરાવે છે. સદીઓ પૂર્વે તેની રચના થઈ. તેની અલૌકિક શક્તિઓ ગુરમુખે ગ્રહણ થતાં નીખરી ઉઠે છે. જપ સાધનામાં ગુરુમુખેથી પ્રાપ્ત મંત્ર જ ફળદાયી બને છે. જેમણે આ સ્તોત્ર રૂપ મંત્રને સિદ્ધ કર્યો હોય તેવા ગુરુદેવ દ્વારા આ મંત્ર પ્રાપ્ત થાય તો તેમાં ગુરુદેવની સાધનાની ઊર્જા ભળેલી હોય છે. ગુરુદેવની સાધનાના પૂરથી પુષ્ટ, ગુરુસાધનાના તરંગોથી તરંગિત મંત્ર ચાર્જ થઈ જાય છે અને શિષ્યની જપસાધનાને પુષ્ટ કરે છે.

આવા સિદ્ધયોગી પાસેથી આ સ્તોત્રરૂપી મંત્રને ગ્રહણ કરી, તેના જપમાં જે સાધકો તન્મય બને છે, તેનાં પાપકર્મો નિર્જરવા લાગે છે. જપ તે એક પ્રકારનો સ્વાધ્યાય છે, સ્વાધ્યાય તે એક પ્રકારનું તપ છે અને તપ તે કર્મોને દૂર કરવાનું અમોઘ સાધન છે, જપ સ્વાધ્યાય દ્વારા ભારે કર્મો હળવા બને છે, દીર્ઘ સ્થિતિવાળાં કર્મો અલ્પ સ્થિતિવાળાં બને છે, તીવ્રફળ આપનારાં કર્મો મંદ ફળદાયી બને છે. જેમ જેમ જપસાધના વધતી જાય તેમ તેમ કર્મો ક્ષીણ થતા જાય છે અને કર્મો ક્ષીણ થતાં મુશ્કેલીઓ, ઉપસર્ગો, બીમારીઓ, રોગો, પ્રતિકૂળતાઓ દૂર થાય છે.

'मननात् त्रायते इति मंत्र'

જેનું મનન કરવાથી રક્ષણ થાય તે મંત્ર છે.

પંચાશક વિવરણ, ગચ્છાચાર પયન્ના, પિંડનિર્યુક્તિ, વ્યવહાર સૂત્ર, રાયપસેણીય, પ્રવચન સારોદ્ધાર, દર્શનશુદ્ધિ પ્રકરણ આદિ આગમોમાં કહ્યું છે કે मन्त्रो देवाधिष्ठितो साधनो वाङक्षर रचनाविशेषः । મંત્ર એટલે દેવાધિષ્ઠિત અક્ષર સમૂહ અથવા જેની સાધના ન કરવી પડે તેવી અક્ષરોની રચનાવાળો સમૂહવિશેષ.

જે મંત્રના જે અધિષ્ઠાયક દેવો હોય છે, તેઓ તે તે મંત્રના સંકેતથી બંધાયેલા હોય છે. તેથી તે તે મંત્રના જાપથી તે તે દેવો મંત્રના સાધક પર તુષ્ટ થાય છે.

❖ **મંત્રની કેટલીક વ્યાખ્યાઓ**

(૧) જે અક્ષરરચના, સૂત્ર સિદ્ધાંત કે પાઠ વારંવાર મનન કરવા યોગ્ય હોય તે મંત્ર છે.

(૨) જે અક્ષરરચના વારંવાર મનન કરવાથી વિવિધ પ્રકારના ભયોમાંથી રક્ષણ આપે તે મંત્ર છે.

(૩) જે શબ્દો સદ્‌ગુરૂ વડે શિષ્ય ને ગુપ્ત રીતે અપાય તે મંત્ર છે.

(૪) જેનો પાઠ કરતાં જ કાર્ય સિદ્ધ થાય તે મંત્ર છે.

જૈન ધર્મમાં જે મુખ્ય મંત્રો છે તે તીર્થંકર ભગવંતો દ્વારા ઉદેશાયેલા છે તેમજ ગણધર ભગવંતો કે શ્રુતકેવળી, શ્રુત સ્થિવરો દ્વારા રચાયેલા છે. તેથી જ તે પરમ પવિત્ર અને પરમ પ્રભાવક રહ્યા છે. મંત્રપાઠ એ શ્રુતજ્ઞાનનો એક પ્રકાર છે.

મંત્ર એક એવું વિજ્ઞાન છે, જેનાથી શક્તિનો ઉદ્‌ભવ થાય છે. જેનાથી મનનો અંધકાર દૂર થાય છે. સત્ - ચિત્ત, આનંદસ્વરૂપ ઈશ્વરનો સાક્ષાત્કાર મંત્રશક્તિ કરાવે છે. મંત્રશક્તિની કોઈ સીમા નથી. મંત્રનો મહિમા મહાન છે. રહસ્યથી ભરેલો છે.

**મંત્રોની વિધિના પ્રકાર** →

- **ઉત્કૃષ્ટ વિધિ**
- **મધ્યમ વિધિ**
- **સામાન્ય વિધિ**

સંસારી આત્માઓનાં જીવ વર્તમાન કાળમાં એટલા બધા વૈભવ વિલાસી અને પુદ્‌ગલાનંદી બન્યા છે કે તેઓ ઉત્કૃષ્ટ કે મધ્યમવિધિ કરી શકે તેમ નહીં હોવાથી ફક્ત સામાન્ય વિધિ જ કરી

શકે છે. જો શ્રધ્ધા અને ભાવપૂર્વક સામાન્ય જાપ કરે, માળા ગણે, તો પણ ઘણું બધુ મેળવી શકે છે.

જપ દ્વારા અનેક આત્માઓએ આધ્યાત્મ માર્ગમાં પ્રવેશ કર્યો છે. તેમાં ક્રમે ક્રમે આગળ વધ્યા છે અને અંતે તેના પારને પણ પામી શકાય છે.

આમાં ઘૈર્ય - ધીરજ, ઉત્સાહ, પ્રસન્નત, સમતા અને બહુમાનપૂર્વકનો પ્રયત્ન ખાસ જરૂરી છે. ઉપરાંત નમ્રતા પૂર્વક અનુભવીઓની દોરવણી લેવા સદા તત્પર રહેનાર અને તેની સલાહ મુજબ ચાલનાર સુપાત્ર આત્મા જપ - સાધના દ્વારા આ ભવમાં જ સાહજિક અને આત્મિક આનંદનો અનુભવ કરવા ભાગ્યાશાળી બને છે.

❖ **સ્થાનની યોગ્યતા**

દેવમંદિર, ઉપાશ્રય, તીર્થભૂમિ, વનપ્રદેશ, પર્વતના ઉચ્ચ સ્થાન તથા નદીના કાંઠા ઉત્તમ સ્થાન ગણાય.

પણ જ્યાં આ અનુકૂળતા ન હોય ત્યાં મકાનનો જુદો ઓરડો પસંદ કરી, પવિત્ર અને એકાંત જગ્યા પસંદ કરવી.

વિધિ - પ્રભુ - પ્રતિમા કે છબી સન્મુખ, પૂર્વ કે ઉત્તર દિશા તરફ બેસવું. ધૂપ કરવો, દીપ પ્રગટાવવો. આસોપાલવનું તોરણ બાંધવું, કંદમૂળ - અભક્ષ્યનો ત્યાગ કરવો, બ્રહ્મચર્યનું પાલન કરવું અને ભૂમિશયન કરવું. નિયમિત સમયે, નિયમિત સ્થાને અને ભાવપૂર્વક મંત્ર ગણવાથી તેનું ફળ મળે છે.

❖ **જૈનધર્મમાં માંત્રિક પ્રયોગોનો પ્રવેશ**

ભારતીય પરંપરામાં મંત્રવિદ્યા ખૂબ જ પ્રાચીન હોવાનું જણાય છે. ભારતમાં જ વિકાસ પામેલ, મંત્ર, યંત્ર અને તંત્રની વિભિન્ન પરંપરાઓમાં (૧) બ્રાહ્મણ (૨) બૌદ્ધ અને (૩) જૈન એ મુખ્ય છે.

તેમાં જૈન મંત્ર - યંત્ર - તંત્રની પરંપરા ઘણી પ્રાચીન છે. શ્રી સંઘદાસગણિ વિરચિત 'વસુદેવ હિંડી' નામનો એક ગ્રંથ, જે ઈ.સ.ની પાંચમી સદીમાં રચાયેલો માનવામાં આવે છે. તેમાં મળતાં સંદર્ભો અનુસાર આ અવસર્પિણીકાળના પ્રથમ તીર્થંકર શ્રી ઋષભદેવ પ્રભુએ દીક્ષા અંગીકાર કરી ત્યારે તેઓએ પોતાની સંપત્તિ તથા રાજ્ય પોતાના પુત્ર - પૌત્રાદિને વહેંચી દીધા હતા. તે સમયે તેમના બે પુત્ર કચ્છ અને મહાકચ્છના બે પુત્રો નમિ અને વિનમિ બહાર ગયેલ હોવાથી તેમને કાંઈ આપ્યું ન હતું. નમિ અને વિનમિ પાછા આવ્યા ત્યારે સઘળોય વૃતાંત જાણી પ્રભુ પાસે પોતાનો ભાગ માંગવા આવ્યા. પરંતુ પ્રભુ મૌન અને ધ્યાનસ્થ હોવાથી તેઓ પ્રભુની સેવા કરવા લાગ્યા. એક વખત નાગરાજ ધરણેન્દ્ર પ્રભુને વંદન કરવા આવ્યા ત્યારે નમિ - વિનમિની સેવાથી પ્રસન્ન થઈ કહ્યું કે પ્રભુ તો ત્યાગી છે, હવે તેમની પાસે આપવા જેવું કશું જ નથી. પરંતુ પ્રભુની તમે કરેલ ભક્તિથી પ્રસન્ન થઈ, હું તમને ૪૮,૦૦૦ વિદ્યાઓ આપું છું. આમ તેમણે વિદ્યાઓ આપી તેઓને વૈતાઢ્ય પર્વતની ઉત્તર શ્રેણિ અને દક્ષિણ શ્રેણિમાં વિદ્યાધરોનાં નગરો વસાવી ત્યાંનું રાજ્ય સોંપ્યું. અને તેઓ વિદ્યાધર કહેવાયા અને તેઓનું કુળ પણ વિદ્યાધર કુળ કહેવાયું.

જૈનાચાર્યોના ૪ કુલોમાં એક વિદ્યાધર કુલ હતું. વિદ્યાચરણ અને જંઘાચરણ મુનિઓના ઉલ્લેખો જૈનશાસ્ત્રોમાં પ્રાપ્ત થાય છે.

દિગમ્બર ગ્રંથોમાં ૫૦૦ મહાવિદ્યાઓ અને ૭૦૦ વિદ્યાઓનું વર્ણન છે.

જૈનધર્મમાં દ્વાદશાંગીમાં બારમું અંગ દ્રષ્ટિવાદ હતું. તેના પાંચ વિભાગમાંથી ત્રીજા વિભાગના ચૌદ પૂર્વોમાં દસમું પૂર્વ 'વિદ્યાપ્રવાદ' નામનું હતું. જેમાં અનેક વિદ્યાઓ અને મંત્રો હતા. જૈનશાસ્ત્રમાં વિદ્વાનોના મત પ્રમાણે એક લાખ મંત્રો અને એક લાખ

યંત્રો છે. જૈન સંપ્રદાયમાં પણ મંત્રાદિની સાધના પ્રવૃત્તિ આદિકાળથી ચાલી આવે છે.

જૈનધર્મમાં ૨૨મા તીર્થંકર નેમિનાથ પછી ૨૩મા તીર્થંકર શ્રી પાર્શ્વનાથના સમયમાં ત્રણ પરંપરાઓ હતી. વૈદિક, તાપસ અને નાસ્તિક કે ભૌતિકવાદી.

પ્રાયઃ તાપસો જંતરમંતર કરતા, પંચાગ્નિ તપ કરતા, ઉલ્ટે મસ્તકે લટકવું, લોખંડની ખીલીઓ પર સૂવું, વગેરે ક્રિયાઓ કરતા હતા. પરંતુ તીર્થંકર પાર્શ્વનાથે આ બધી ક્રિયાઓને અનુચિત ગણી ધ્યાનની પ્રમુખતા આપી. અને તેનાથી આત્મકલ્યાણ કરવાનો ઉપદેશ આપ્યો.

'ઔપપાતિક આગમ'ના સોળમા અધ્યાયમાં એવો ઉલ્લેખ છે કે,

શ્રી શ્રમણ ભગવાન મહાવીર પરમાત્માના અન્તેવાસી ઘણા સ્થવિર ભગવંતો જેમ જાતિસંપન્ન, કુળસંપન્ન, રૂપસંપન્ન હતા તેમ ગુણપ્રધાન, ચારિત્રપ્રધાન, વિદ્યાપ્રધાન તથા મંત્ર પ્રધાન હતા કે જેઓ નિગ્રંથ પ્રવચનને સન્મુખ રાખીને વિચરતા હતા. તેથી જણાય છે કે ભગવાન મહાવીરના યુગમાં પણ મંત્રોનું પ્રચલન હતું.

તેમની પટ્ટપરંપરામાં ઘણા મહાન પ્રભાવક આચાર્યો થઈ ગયા છે. જેઓ મંત્ર - યંત્ર - તંત્રના જ્ઞાતા હતા. કલ્પસૂત્રની ટીકામાં સ્થવિરાવલીમાં જણાવ્યા પ્રમાણે આર્ય વજ્રસ્વામી વૈક્રિય લબ્ધિ તથા આકાશગામિની વિદ્યાના ધારક હતા. તે સિવાય આચાર્ય સ્થૂલિભદ્રજી, શ્રી પ્રિયગ્રંથસૂરિ, આર્યસમિતિસૂરિ વગેરે મંત્ર અને તંત્રના જ્ઞાતા હતા.

આ સિવાય મંત્ર - વિદ્યાના જાણકાર આચાર્યોમાં શ્રી વૃદ્ધવાદીસૂરિ, શ્રી સિદ્ધસેન દિવાકરશ્રી, શ્રી માનતુંગસૂરિ,

શ્રી નંદિષેણમુનિ, શ્રી હરિભદ્રસૂરિ, હેમચંદ્રસૂરિ, શ્રી જિનપ્રભસૂરિ જેવા અનેક આચાર્યો પ્રખ્યાત છે.

પઉમચરિય, વસુદેવહિંડી, ત્રિષષ્ટિ શલાકા, પુરુષ ચરિત્ર વગેરે ગ્રંથોમાં વિદ્યાઓનો ઉલ્લેખ છે. સોળ વિદ્યાદેવીઓ તથા યક્ષ - યક્ષિણીની પૂજા આરાધનને લગતી પદ્ધતિઓ જોવા મળે છે..

આમ, વિદ્યાઓ અને મંત્રોનો ઉપયોગ અવસર્પિણીના આજથી અસંખ્યાત વર્ષો પૂર્વે પણ હતો.

આ જગતમાં સૌ કોઈ મંગલની ઈચ્છા કરે છે. જગતમાં પરમેશ્વરનું નામ સૌથી વધુ મંગલમય છે. એટલે શ્રધ્ધાથી તેનું સ્મરણ કરવું, તેનો જાપ કરવો. તે જ શ્રેષ્ઠ મંગલકારી મંત્રપ્રયોગ છે.

પરમાત્માનું દરેક નામ એક પ્રકારનો નામમંત્ર છે. તેનું સ્મરણ કરતાં સર્વ અમંગલો દૂર થઈ મંગલની પ્રાપ્તિ થાય છે અને એટલું નહિ પરંતુ પ્રતિદિન મંગલની અભિવૃદ્ધિ થાય છે તેનાથી મનુષ્યની સર્વ મનોકામના પૂર્ણ થવા ઉપરાંત મહાન યશ - કીર્તિની પ્રાપ્તિ થાય છે.

હિન્દુ ધર્મમાં પણ આજ કહ્યું છે.

શ્રીમદ ભાગવદમાં ૧૨ સ્કંધના ૧૩માં અધ્યાયમાં કહ્યું છે કે,

**नामसंकीर्तनं यस्य सर्वपाप प्रणाशनम् ।**
**प्रणामो दुःखशमनस्तं, नमामि हरि परम् ।।**

જેમનું નામ સંકીર્તન સર્વ પાપોનો નાશ કરનારું છે અને તેમને કરાયેલો પ્રણામ સર્વ દુઃખોનું શમન કરનારો છે. તે પરમ હરિ (પરમેશ્વર) ને હું નમુ છું.

શ્રી તુલસીદાસજી જણાવે છે કે,

**नाम जपत मंगल दिशा दश हुं ।**

પરમાત્માનું નામ લેતા દશેય દિશામાં મંગલ પ્રવર્તે છે.

વ્યાસમુનિ કહે છે કે,

કેટલાક કહે છે કે ધર્મ વિનાનો નર કનિષ્ઠ છે. કેટલાક ગુણ વિનાનો નર કનિષ્ઠ કહે છે. પરંતુ સમસ્ત વેદ અને પુરાણોના વેત્તા એવા વ્યાસમુનિ કહે છે કે પરમાત્માના સ્મરણ વિનાનો નર કનિષ્ઠ છે.

જૈનધર્મમાં પણ નામકીર્તનનું મહત્વ સવીકારાયેલું છે. મહિર્ષિ નંદિષેણે અજિતશાન્તિ સ્તવનમાં કહ્યું છે કે....

**अजियजिण सुहप्पवत्तणं** (ગાથા-૪)

**तव पुरिसुत्तम नामकित्तणं ।**

**तहय धिइ – मइ – पवत्तणं**

**तव य जिणुत्तम संति कित्तणं ।।**

હે પરુષોત્તમ અજિતનાથ (બીજા તીર્થંકર) તમારું નામ કીર્તન નામ, નામ સ્મરણ સર્વ શુભ અથવા સર્વસુખને આપનારું છે. હે જિનોત્તમ શાંતિનાથ (સોળમાં તીર્થંકર) તમારું નામકીર્તન પણ આવુંજ છે.

ભકતામર સ્તોત્ર (શ્લોક - ૩૬ – ૩૭)

**त्वन्नामकीर्तनजलं शमयत्यशेषम् ।**

તમારું નામકીર્તન રૂપી જળ સમગ્ર દોષોને શમાવે છે. (તીર્થંકર આદિનાથ)

આ વસ્તુ સર્વ તીર્થંકર પરમાત્માને લાગુ પડે છે.

❖ **નામમંત્ર**

ભગવાન શ્રી પાર્શ્વનાથ સ્વામીનું નામ એ જ પરમ મંત્ર છે. તેમનું નામ જ સર્વમંત્રાક્ષરોમાં શ્રેષ્ઠ છે. એ વાતનું સમર્થન કરતાં

અનેક વાક્યો સ્તોત્રકારોએ જે સ્તોત્રમાં ગૂંથ્યા છે તે નામમંત્ર પૈકીના કેટલાક નીચે મુજબ છે.

**निःशेष मन्त्राक्षरचारुमन्त्रं श्री □ार्श्वतीर्थेश्वर नामधेयम्**

શ્રી પાર્શ્વનાથ ભગવંતનું નામ એ જ પરમ મંત્ર છે. તેમનું નામ જ સર્વ મંત્રાક્ષરોમાં શ્રેષ્ઠ છે.

**त्वन्नामनागदमनी हृदि यस्य □ुंसः ।**

તમારા નામ રૂપી નાગદમની જે પરુષના હૃદયમાં હોય છે તેને વિષધરો ઉપદ્રવ કરી શકતા નથી.

**सर्वविद्या मन्त्रबीजाक्षरनामाक्षर प्रभो ।**

સર્વ વિદ્યા અને મંત્રોના બીજાક્ષરો જેમના નામક્ષરમાં છે એવા પ્રભુ

**प्रभूता भूताद्याः प्रबलतरंरोगा अ□ि तथा तव स्वामिन् नामस्मरण वशतो यान्ति विलयम् ।**

હે સ્વામી ! પ્રબળ એવા ભૂતો આદિ તથા અતિ રોગો પણ તમારા નામ સ્મરણથી વિલય પામે છે.

શ્રી સિધ્ધસેન દિવાકર ‘કલ્યાણ મંદરિ સ્તોત્ર’માં જિનેશ્વર પ્રભુનો મહિમા વર્ણવતા જણાવે છે કે...

**आस्तामचिन्तय महिमा जिन संस्तवस्ते,**
**नामा□ि □ाति भवतो भवतो जगन्ति;**
**तीव्रा□ो□हत □ान्थजनान्निदाधे,**
**प्रीणाति □द्मसरसः सरसोऽनिलोऽ□ि ।।**

(કલ્યાણ મંદિર - શ્લોક-૭)

અર્થાત્ 'હે જિનેશ્વર, તમારા સ્તોત્રનો મહિમા અચિંત્ય છે. તે તો દૂર રહો, પરંતુ માત્ર તમારું નામ જ ત્રણ જગતના પ્રાણીઓને ભવભ્રમણથી રક્ષણ આપે છે. જેમ કે ઉનાળાના સખત તાપથી વ્યાંકુળ થયેલા પથિકજનોને કમળના સરોવરનો ઠંડો વાયુ પ્રસન્ન કરે છે.'

જિનેશ્વર ભગવાનની ભક્તિ સર્વ પ્રકારે સુખસંપત્કરી અને શ્રેયસ્કરી છે.

પરમાત્માના નામમાં એવી અલૌકિક શક્તિ છે કે તે ઘોર પાપી કે નીચમાં નીચ મનુષ્યને પણ શુધ્ધ કરી જગતમાં ગૌરવંતુ પાત્ર બનાવે છે. મનુષ્ય અનેક દોષવાળો હોવા છતાં જો પરમાત્માના મંગલમય નામનું સ્મરણ કરે તો તે ધર્મપારાયણ બને છે.

કળિયુગમાં ભવસમુદ્રમાં ડૂબતા જીવોના માટે પરમાત્માનું નામસ્મરણ જ બચાવનાર છે. જેના હૃદયમાં સતત પરમાત્માનું સ્મરણ છે, તેના પાપોનો નાશ થાય છે. અને જીવને પરમાત્મા તરફી સમર્પિત બનાવે છે. સમ્યકત્વ પ્રાપ્ત કરાવે છે.

❖ **શ્રી ઉવસગ્ગહર સ્તોત્રમાં દર્શાવાયેલાં મંત્રો**

શ્રી ઉવસગ્ગહર સ્તોત્રમાં 'नमिऊण ▯ास विसहर वसह जिण फुलिंग' મંત્ર તો દર્શાવાયેલો જ છે પરન્તુ તે ઉપરાંત પણ કેટલાક મંત્રો પૂર્ણચન્દ્રાચાર્યકૃત લઘુવૃત્તિ તથા દ્વિજપાર્શ્વદેવકૃત વૃત્તિમાં દર્શાવવામાં આવ્યા છે.

પ્રથમ પૂર્ણચન્દ્રાચાર્યકૃત લઘુવૃત્તિમાં જે મંત્રો દર્શાવ્યા છે તે અહીં નીચે દર્શાવ્યા છે.

ગાથા-૧ :

પ્રથમ ગાથામાં બે મન્ત્રો દર્શાવાયા છે. (૧) પાર્શ્વયક્ષ મંત્ર અને (૨) પાર્શ્વયક્ષિણી મંત્ર.

(૧) પાર્શ્વયક્ષ મન્ત્ર નીચે મુજબ છે:—

'ॐ म्ल्व्र्यूँ त्रिशूलमुद्रया ग्राँ ग्रीँ ग्रूँ ग्रौँ ग्रः हा हा छिन्द छिन्द भिन्द भिन्द विदारय विदारय ठ्म्ल्व्र्यूँ त्राँ त्रीँ त्रूँ त्रौँ त्रः हा हा ताडय ताडय ध्म्ल्व्र्यूँ घ्राँ घ्रीँ घ्रूँ घ्रौँ घ्रः युं युं फुट् ह्म्ल्व्र्यूँ ह्राँ ह्रीँ ह्रूँ ह्रौँ ह्रः हा हा ये ये (घे घे) ज्वल ज्वल प्रज्वल प्रज्वल ॐ नमो भगवते पार्श्वयक्षाय चण्डक्रोधाय सप्तफटाविभूषिताय।'

(૨) પાર્શ્વયક્ષિણી મંત્ર નીચે મુજબ છે:—

'ॐ हुं क्षुं क्षुं रम्ल्व्र्यूँ र सा रा हा हा आँ क्रौँ ह्रीँ क्षीँ क्लीँ ब्लूँ ह्रौँ ह्रौँ पार्श्वयक्षिणी ज्वल ज्वल प्रज्वल प्रज्वल दह दह पच पच इदं भूतं निर्घाटय निर्घाटय धूमान्धकारिणी ज्वलशिखे हुं हुं फुट् फुट् य य य यन्त्रमातृदूतिकासहिते पार्श्वयक्षिणी आज्ञापयति स्वाहा।

વિધિ—આ બંને મંત્રો ઉપવાસ કરી વિપુલ ભોગસામગ્રી ધરવાપૂર્વક ચતુર્દશીને દિવસે ૧૦૮ વાર ગણી સાધવાના હોય છે.

ગાથા ૨ જી

આ ગાથામાં એક વિદ્યા દર્શાવાઈ છે. જે નીચે પ્રમાણે છે:—

'ॐ नमो भगवओ अरिहओ (अरहओ) पासस्स सिज्झउ मे भगवई महाविज्जा उग्गे महाउग्गजसे पासे सुपासे पासमालिणी ठः ठः स्वाहा।' આ વિદ્યા ઉપવાસ કરવાપૂર્વક પાર્શ્વનાથના જન્મનક્ષત્રમાં (વિશાખા નક્ષત્રમાં) એક હજાર ને આઠ વાર જાપ કરવાથી સિદ્ધ

થાય છે. તે સિદ્ધ થયા પછી આ વિદ્યાના જાપપૂર્વક ગામ આદિમાં ધૂપ અને બલિકર્મ કરવાથી મરકી, રોગ વગેરેનો ભય દૂર થઇ સુખસંપદાઓ થાય છે. એમ ચન્દ્રસેન ક્ષમાશ્રમણનું કહેવું છે.

## ગાથા ૩ જી અને ગાથા ૪ થી

ત્રીજી અને ચોથી ગાથામાં કોઇ મંત્રો દર્શાવાયા નથી.

## ગાથા ૫ મી

આ ગાથામાં ૫ મંત્રો દર્શાવાયા છે અને કહેવાયું છે કે 'આ મંત્રો બૃહદ્વૃત્તિમાં બતાવેલા છે.' દર્શાવેલા ૫ મંત્રો નીચે મુજબ છે.

(૧) 'ॐ क्म्ल्व्यूँ वं ए ह्रां आँ क्रोँ क्षीँ द्रीँ क्लीँ ब्लूँ द्राँ द्रौँ ज्वालामालिनी (नि) झंकारिणि विषं निर्विषं कुरु कुरु स्थावरविषम् जंगमं च कृत्रिमम् जाठरम् योगजम् अपहर अपहर इमं डंकम् अमृतेन सिंचय सिंचय उत्थापय उत्थापय दण्डेनाक्रम्य विषमविषं ठः स्वाहा ।'

વિધિ—પુરુષપ્રમાણ દંડ લઇ તેને ઉપરના મંત્રથી સાતવાર મંત્રિત કરી જેને સર્પ કરડ્યો હોય તેના સર્વ સાંધાઓમાં ત્રણ વાર તાડન કરવાથી સર્પ કરડેલ મનુષ્ય નિર્વિષ થાય છે.

(૨) 'ॐ क्रौँ प्रोँ नृ ठः ठः'

વિધિ—આ મંત્રથી જેને સર્પ કરડ્યો હોય તેના ફરતી જલની ધારા કરવાથી તે તા નિર્વિષ થાય છે.

(૩) ऐँ ह्रीँ श्रीँ

વિધિ—રક્ત પુષ્પોથી આ મન્ત્રનો એક લાખ વાર જાપ કરવાથી સમસ્ત નગર ક્ષુબ્ધ થઈ જાય છે.

(૪) 'ॐ ह्रीँ श्रीँ क्लीँ कलिकुण्डस्वामिने नमः।'

વિધિ—આ મંત્રનો નિત્ય જાપ કરવાથી તે સર્વ અર્થોને સાધનાર બને છે.

(૫) 'ॐ नमो भगवते श्रीपार्श्वनाथाय क्षेमंकराय ह्रीँ नमः।'

વિધિ—નિત્ય જાપ કરવાથી આ મન્ત્ર ક્ષેમને કરનારો થાય છે.

આમ પૂર્ણચન્દ્રાર્યકૃત વૃત્તિમાં કુલ ૭ મંત્રો અને એક વિદ્યા દર્શાવેલ છે.

દ્વિજપાર્શ્વદેવકૃત વૃત્તિમાં નીચે મુજબ મંત્રો દર્શાવાયા છે. પ્રથમ ગાથામાં ૭ મંત્રો દર્શાવાયા છે.

(૧) 'ॐ म्म्ल्व्यूँ गरः त्रिशूलमुद्राय ग्राँ ग्रीँ ग्रूँ ग्रौ ग्रः हर हर छिंद छिंद भिंद भिंद विदारय विदारय व्म्ल्व्यूँ ब्राँ ब्रीँ ब्रूँ ब्रौँ ब्रः हाः हाः ताडय ताडय ध्म्ल्व्यूँ ध्राँ ध्रीँ ध्रूँ ध्रः यूँ

यूँ हूँ हूँ फट् फट् ह्म्ल्व्यूँ ह्रोँ (ह्राँ) ह्रीँ ह्रूँ ह्रौँ ह्रः ह्रा ह्रा घे घे कठोरमुद्रायां ज्वल ज्वल ज्वाल-

ज्वालय प्रज्वल प्रज्वल प्रज्वालय प्रज्वालय ॐ नमो भगवते पार्श्वयक्षाय चण्डक्रोधाय सप्तफणा-

हूँ क्ष्लूँ श्रूँ श्म्ल्व्यूँ श्रा श्री श्रौँ श्रः हा हा घे घे वज्रासित्रिशूलधारया हन हन इदं भूतं हन ह-

दह दह पच पच त्रासय त्रासय ख ख खाहि खाहि मंत्रराज आज्ञापयति हूं फट् स्वाहा

पार्श्वयक्ष मंत्र

(२) 'ॐ म्ल्व्यूँ र र र र र र र रां रां ह्रँ ह्राँ ह्रँ ह्रीँ आ क्रौँ क्ष्वीँ ह्रौँ क्लीँ ब्लूँ द्रोँ द्रीँ पार्श्वयक्षिणी ज्वल ज्वल प्रज्वल प्रज्वल दह दह पच पच इदं भूतं निर्घाटय निर्घाटय धूमांधकारिणी ज्वलनशिखे हुं फट् फट् फट् यः मातृदूतिकासहिते पार्श्वयक्षिणी आज्ञापयति स्वाहा ।'

पार्श्वयक्षिणी मंत्रः

વિધિ—ઉપર્યુક્ત બંને મંત્રો ચતુર્દશીને દિવસે ઉપવાસ કરી ભોગ ધરવાપૂર્વક ૧૦૮ વાર જાપ કરવાથી સિદ્ધ થાય છે અને તે ભૂતપ્રેતાદિ દોષનો નિગ્રહ કરે છે.

(૩) 'ॐ क्ल्व्यूँ वं वं वं वं वं हां आं क्रौँ क्षीँ ह्रँ क्लीँ ब्लूँ द्रां द्रीं ज्वालामालिनी झंकारिणी मातृदूतिसहिते विषं निर्विषं कुरु कुरु स्थावरविषं अंगजं कृत्रिमं विषं जाठरं योगजं जंगमविषं अपहर अपहर इमं डंकं अमृतेन अभिसिंचय अभिसिंचय उत्थापय उत्थापय दंडेनाक्रम्य विषमं विषं ठः ठः ठः ज्वालामालिन्याज्ञापयति स्वाहा ।'

વિધિ—પુરુષ પ્રમાણ દંડ લઈને તેને ઉપરના મંત્રથી ૧૦૮ વાર અભિમંત્રિત કરવો અને તે દંડથી સર્પ કરડેલ મનુષ્યને તેના સર્વ સાંધાઓમાં તાડન કરવું જેથી તે કાલ-સર્પથી કરડાયો હોય તો પણ નિર્વિષ થાય છે.

(४) 'ॐ नमो भगवती श्री घोणे हर हर दर दर धर धर लव्ध लव्ध स्वर स्वर सांचस सांचस सांचस मं मं क्ष क्ष क्षौं ह्रीं ह्रां ह्रूं ह्रां ह्रूं भगवति श्री घोणे घः घः घः सः सः सः ठः ठः ठः हः हः हः रः रः रः घे घे झीं झों झीं वीं वीं वीं वरविहंगममासुजेयनद्गर्लेवरि-सोसय सोसय सोसय गं गं गं ठः ठः ठः हुं फट् स्वाहा। श्रीघोणसमंत्रः'

(५) 'ॐ नमो भगवती श्रीघोणे हर हर दर दर सर सर धर धर भव भव हरसा हरसा क्षः क्षः ठः ठः ह्म्ल्व्यूं ट्म्ल्व्यूं म्ल्व्यूं म्म्ल्व्यूं न्म्ल्व्यूं सर्पस्य गतिस्तंभं कुरु कुरु स्वाहा।'

વિધિ—ઉપર્યુક્ત બંને મંત્રોનું ત્રિકાલ સ્મરણ કરવાથી સર્પનો ભય નષ્ટ થાય છે.

(६) 'ॐ नमो भगवते श्रीपार्श्वनाथाय पद्मावतीसहिताय हिलि हिलि मिलि मिलि चिलि चिलि किलि किलि ह्रां ह्रीं ह्रूं ह्रौं ह्रः क्रां क्रां क्रां यां यां यां हंसः हुं फट् स्वाहा। सर्वज्वरनाशनमंत्रः।'

(७) 'ॐ आं क्रों क्ष्रौं ह्रीं क्लीं ब्लूं द्रां द्रीं ज्वालामालिनी नमः।'

વિધિ—આ મંત્રનું દરરોજ ત્રણે સંધ્યાએ ૧૦૮ વાર ધ્યાન કરવાથી સર્વસિદ્ધિ-વૃદ્ધિ અને લક્ષ્મીનો લાભ થાય છે.

આ રીતે પ્રથમ ગાથામાં સાત મંત્રો દર્શાવાયા છે.

ગાથા ૨ જી

આ ગાથામાં એક વિદ્યા દર્શાવી છે.

'ॐ नमो भगवओ अरिहओ पासस्स सिज्झउ मे भगवई महइ महाविज्जा उग्गे महा-उग्गे उग्गजसे पासे पासे सुपासे पस्समालिणि ठः ठः ठः स्वाहा।'

વિધિ—આ વિદ્યાથી ગામ આદિમાં ધૂપ તથા બલિકર્મ કરવાથી મરકી અને રોગનો નાશ થાય છે. પરંતુ પ્રથમ આ વિદ્યાને શ્રીપાર્શ્વનાથના મંદિરમાં ઉપવાસ કરી જાઈના એક હજાર ને આઠ પુષ્પો દ્વારા એક હજાર ને આઠ વખત જાપ કરી સિદ્ધ કરવી જોઈએ.

ગાથા ૩ જી

આ ગાથામાં એક મંત્ર દર્શાવાયો છે.

'ॐ ह्रां ह्रूं नमो अरिहंताणं ह्रौं नमः।'

વિધિ—હંમેશ ત્રણે સંધ્યાએ એકસો આઠ શ્વેત પુષ્પો વડે એકાંત સ્થાનમાં જાપ કરવાથી સર્વ સંપત્તિ તથા લક્ષ્મી લાભ થાય છે.

ગાથા ૪-૫

આ બે ગાથામાં કોઈ મંત્ર દર્શાવેલ નથી.

આ રીતે દ્વિજપાર્શ્વદેવગણિએ પોતાની રચેલી વૃત્તિમાં ૮ મંત્રો અને એક વિદ્યા દર્શાવેલ છે.

❖ **યંત્રનું મહત્વ**

❖ **વ્યાખ્યા**

યંત્ર એટલે દેવ કે દેવીનું નગર, ઘર કે શરીર. જે દેવ - દેવીનું યંત્ર હોય તે દેવ - દેવી યંત્રમાં સાક્ષાત નિવાસ કરે. જેવી રીતે આત્માને શરીરથી જુદો ન કરી શકાય, તેવી રીતે યંત્ર અને દેવ-દેવીને જુદા ન ગણી શકાય.

દેવતાઓ યંત્રને આધીન છે, યંત્ર, મંત્રને આધીન છે અને મંત્ર મંત્રકર્તાને આધીન છે. માટે દેવી - દેવતાઓએ માનવકલ્યાણ અર્થે વિવિધ યંત્રોની વિધિ કહી છે.

'યમ્' ધાતુ અને 'ત્ર' પ્રત્યય મળીને યંત્ર શબ્દ બન્યો છે. - 'યમ' એટલે સીમા, 'ત્ર' એટલે રક્ષણ કરનાર.

**यच्छिंति त्रायत्रे यैति यन्त्रम्**

એટલે કે યંત્ર ઈચ્છિત વસ્તુ આપે છે અને રક્ષણ પણ કરે છે. એક અર્થ એવો પણ છે કે જે તેજ કે શક્તિઓનો પ્રાણોમાં સંચય થયેલો છે તેની વૃદ્ધિ કરવી, તેને મુક્ત કરી યોગ્ય રસ્તે અને યોગ્ય રીતે વહેવા દેવી.

યંત્ર શક્તિઓનો ભંડાર છે. અને સાધક પોતાની સાધનાના બળ ઉપર તેમાંથી ઈચ્છિત સિદ્ધિ પ્રાપ્ત કરી શકે છે.

| મંત્રોની જેમ યંત્રો પણ કાર્યસિદ્ધિનું સાધન મનાય છે અને તે અંગે ખાસ વિધિ વિધાનો નક્કી થયેલા હોય છે. સંપૂર્ણ ક્રિયા શુદ્ધિને લીધે પ્રતિષ્ઠિત કરેલા આ યંત્રો ઘણા અકસીર નીવડે છે.

'યંત્ર' જુદા જુદા મંત્રો અને દેવતાઓ પ્રમાણે જુદી જુદી આકૃતિમાં અને ધાતુ વગેરે પદાર્થ ઉપર દોરેલા રેખાચિત્રો યુક્ત હોય છે.

આ યંત્રો ત્રાંબાની જાડી પ્લેટ પર બનાવવામાં આવે છે. અને જરૂર પ્રમાણે તેને ચાંદી કે સોનાનો ઢોળ પણ ચઢાવવામાં આવે છે. જે યંત્રો પર વિધિ - વિધાન થયેલું ન હોય તેને 'સાદા' ગણવામાં આવે છે. અને જેના પર પ્રતિષ્ઠાનો વિધિ થયેલો હોય તેને 'અભિમંત્રિત' ગણવામાં આવે છે. યંત્ર પ્રતિષ્ઠિત થયા પછી તેને લાલ વસ્ત્રથી બાંધી દેવામાં આવે છે. જેથી તેની શક્તિ સંઘરાઈ રહે છે. આ યંત્રોને દેવતુલ્ય માની પવિત્ર સ્થાનમાં રાખવામાં આવે અને તેની સમક્ષ રોજ ઘીનો દીવો તથા અગરબત્તીનો ધૂપ કરવામાં આવે તે જરૂરી છે.

❖ **યંત્રનો મહિમા**

જેટલા મંત્ર તેટલા યંત્ર. મંત્રોની જેમ યંત્રોની સંખ્યા પણ બહુ મોટી છે. લાખ્ખો મંત્રો અને લાખ્ખો યંત્રો છે. એક સમય એવો હતો કે જ્યારે ત્યાગી - તપસ્વી મહાપુરુષો યોગ્ય વિધિથી મંત્રો દ્વારા યંત્રો સિદ્ધ કરીને યોગ્ય ગ્રહસ્થોને આપતા અને તેઓ વિધિપૂર્વક પૂજન - અર્ચન કરી તેનું ફળ પ્રાપ્ત કરતા હતા. યંત્રો દ્વારા તેમના કાર્યો સિદ્ધ થતા હતા. યંત્રો જીવનની ઉન્નતિમાં સહાયક બન્યા છે.

મંત્ર વિશારદો કહે છે કે જેમ દેહ અને આત્મા ઓતપ્રોત હોવાથી તેમાં અભેદ પ્રવર્તે છે. તેમ યંત્ર અને મંત્રદેવતાનો પણ પરસ્પર સંબંધ છે.

ઉદા. જૈન ધર્મમાં પંચરમેષ્ઠી (નવકારમંત્ર)ની પૂજા કરવી હોય તો નવપદજીના યંત્રની પૂજા કરવામાં આવે છે. સિદ્ધચક્રના મંત્રનું પૂજન પણ તેને સાક્ષાત મંત્રદેવતા માની કરવામાં આવે છે.

જેમ મંત્રમાં શબ્દનું સ્થાન અને અર્થ મહત્વનો છે. તેમ યંત્રની આકૃતિ અને ગોઠવણ મહત્વની અને મુખ્ય છે. અનેક પ્રકારના ભૌમિતિક આકારો યંત્રમાં નજરે પડે છે.

દા.ત. શક્તિના યંત્રો ત્રિકોણ ગર્ભિત હોય છે, અને તેના ભૂપુરો (યંત્રને બંધ કરતી બહિર્રેખા) પ્રાયઃ ચતુષ્કોણાત્મક હોય છે.

જૈનધર્મમાં વર્ધમાન વિદ્યાનો યંત્ર, વિજયપતાકા યંત્ર તથા ભક્તામર સ્તોત્ર વગેરેને લગતાં ઘણાં યંત્રો ચતુષ્કોણાત્મક છે.

શ્રી સિધ્ધચક્રજી તથા ઋષિમંડળનો યંત્ર વર્તુળમાં છે. સામાન્યતઃ યંત્રોમાં ત્રિકોણ, ચતુષ્કોણ અને વર્તુળની આકૃતિઓ વિશેષ જોવામાં આવે છે.

**યંત્રના પ્રકાર** →
- → **પૂજન યોગ્ય યંત્રો** - સોના, ચાંદી, ત્રાંબા, કાંસા કે પંચધાતુના બનાવવામાં આવે છે.
- → **પ્રાયોગિક યંત્રો** - તે ભૂજપત્ર કે કાગળ પર લખાયેલાં હોય છે.

- પૂજન યંત્રનો મૂર્તિની માફક સંસ્કાર વિધિ કરી, તેની પ્રતિષ્ઠા કરવામાં આવે છે. તેનું નિયમિત પૂજન – અર્ચન કરવામાં આવે છે.
- પ્રાયોગિક યંત્રનું લેખન કાર્ય શુભમૂહુર્તમાં અને શુદ્ધિપૂર્વક થવું જોઈએ.

આમ, યંત્ર એક આધ્યાત્મિક આકૃતિ છે. જે ભોજપત્ર, તાડપત્ર કે કાગળ પર દોરાય છે. અથવા ધાતુ કે પથ્થર પર કોતરાય છે. યંત્રોમાં મંત્રો સાથે જે તે દેવતાની આકૃતિ હોય છે.

શ્રી ઉવસગ્ગહર સ્તોત્રમાં પણ મૂળ પાંચ ગાથાઓના મંત્રની સાથે યંત્ર પણ દર્શાવેલ છે. શ્રી ઉવસગ્ગહર સ્તોત્રના શબ્દોમાં પણ ગર્ભિત વાપીયંત્ર રહેલો છે.



**શ્રી ઉવસગ્ગહર સ્તોત્ર ગર્ભિત વાપીયંત્ર**

### ❖ 'શ્રી ઉવસગ્ગહર' સ્તોત્રમાં નિર્દિષ્ટ યન્ત્રોની સમજૂતી

'શ્રી ઉવસગ્ગહર' સ્તોત્રમાં જે જે યન્ત્રો દર્શાવ્યા છે તેનું બે ટીકાકારો પૂર્ણચન્દ્રસૂરિ તથા દ્વિજપાર્શ્વદેવગણિએ વિશદ સ્પષ્ટીકરણ કર્યું છે. બંનેએ કરેલું વિવેચન અહીં ક્રમશઃ દર્શાવ્યું છે.

## ❖ પૂર્ણચન્દ્રસૂરિએ 'શ્રી ઉવસગ્ગહર' સ્તોત્રમાં નિર્દિષ્ટ કરેલા યંત્રોની

## સમજૂતી

પૂર્ણચન્દ્રસૂરિએ 'શ્રી ઉવસગ્ગહર' સ્તોત્રની લઘુવૃત્તિમાં જે યન્ત્રો દર્શાવ્યા છે તે દ્વિજ પાર્શ્વદેવકૃત વૃત્તિમાં દર્શાવેલા યન્ત્રોથી જુદા પડે છે. તેમ જ સંખ્યાની દ્રષ્ટિએ પણ તેમાં ન્યૂનાધિકતા છે.

અહીં પ્રથમ પૂર્ણચન્દ્રસૂરિએ જે યન્ત્રો દર્શાવ્યાં છે તેની નોંધ આપવામાં આવે છે.

### ❖ ગાથા ૧લી

આ ગાથામાં આઠ યન્ત્રો દર્શાવાયા છે. જેના નામ અનુક્રમે ૧ જગદ્દવલ્લભકર, ૨ સૌભાગ્યકર, ૩ લક્ષ્મીવૃદ્ધિકર, ૪ ભૂતાદિનિગ્રહકર, ૫ જ્વરનિગ્રહકર, ૬ શાકિનીનિગ્રહકર, ૭ વિષમવિષનિગ્રહકર અને ૮ દોષનિગ્રહકર છે.

આ આઠ યંત્રો પૈકી પ્રથમના સાત યંત્રોને કુંકુમ ગોરોચનથી ભૂર્જપત્ર ઉપર લખીને કુંવારી કન્યાએ કાંતેલા સૂતરથી વીંટીને ડાબી ભુજાએ ધારણ કરવાથી તે પોતાના નામ અનુસાર ફલો આપે છે. પરંતુ સર્વ પ્રથમ ત્રણ દિવસ ત્રણે સંધ્યાએ ૧૦૮ વખત યંત્રની સામે પાર્શ્વનાથ સ્વામીના સાંનિધ્યમાં 'ॐ ह्रीं श्रीं हर हर स्वाहा' આ મંત્રથી યંત્રોને પૂજવાના છે. સર્વ યન્ત્રોમાં આ પૂજામંત્ર છે.

જ્યારે આઠમા યંત્રને પૂર્વની માફક જ લખવાનું છે અને તેને 'ॐ क्रौं ह्रौं क्लीं क्लूँ द्राँ द्रीं ह्रीं ज्वालामालिनी नमः' આ મંત્રથી ૧૦૮ પુષ્પોથી પૂજવાનું છે.

❖ ગાથા ૨ જી

આ ગાથામાં બે ચક્રો દર્શાવાયાં છે. (૧) બૃહચ્ચક્ર અને (૨) ચિન્તામણિચક્ર.

પ્રથમ દર્શાવેલ બૃહચ્ચક્રને કુંકુમ આદિ સુંગધિ દ્રવ્યોથી તાંબાના ભાજનમાં અથવા તો ભૂર્જપત્રમાં લખવાનું છે. ચક્રની બહારના જમણા ભાગમાં પાર્શ્વયક્ષની પ્રતિમા અને ડાબા ભાગમાં પાર્શ્વયક્ષિણીની પ્રતિમા આલેખવાની છે અને ત્રણે સંધ્યાએ જાઈ આદિના પુષ્પોથી યંત્રની પૂજા કરી, સકલીકરણ કરી, નાસિકાના અગ્રભાગ ઉપર નેત્રયુગલ સ્થાપી, મૂળમંત્રનું ધ્યાન કરવાનું છે જેથી યંત્ર સર્વ સંપત્તિદાયક બને છે.

મૂલમંત્ર આ રીતે છે -

'ऐं ह्रीं श्रीं क्लीं क्रों श्रों क्षों व्लीं ह्रूँ नमः' અથવા 'ॐ ह्रीं श्रीं अर्हं नमिऊण' આ બેમાંથી કોઈપણ એક મંત્રનો જાપ કરવાનો છે

બીજા ચિન્તામણિચક્રને પૂર્વે જણાવેલ દ્રવ્યોથી જ તાંબાના ભાજન કે ભૂર્જપત્રમાં લખવાનું છે અને સાધકે શ્વેત વસ્ત્રો, આભૂષણો, માલા અને વિલેપનથી સહિત બની એકાંત સ્થળે બેસી ત્રણે સંધ્યાએ ૧૦૮ વિકસિત શ્વેત પુષ્પોથી તેને પૂજવાનું છે જેથી તે સર્વ રોગોનું ઉપશમન અને દુષ્ટોના ભયનું હરણ કરે છે. કીર્તિ, યશ અને સૌભાગ્ય આપે છે. સર્વ સંપત્તિ આપે છે અને ચિન્તિત અર્થોથી પણ અધિક અર્થોને નિઃસંશય સાધે છે.

અથવા તો જો તેને કુંકુમ આદિ દ્રવ્યોથી ભૂર્જપત્ર ઉપર લખીને સુગન્ધિત એવા એક હજાર પુષ્પોથી જાપ કરવા પૂર્વક કંઠમાં ધારણ કરવામાં આવે તો રાજા, અગ્નિ, ચોર અને શાકિની આદિ ક્ષુદ્ર ઉપદ્રવોનું નિવારણ કરે છે. પુષ્પોથી યન્ત્રને પૂજતી વેળા જે પહેલાં બતાવ્યો તે જ મંત્રનો જાપ કરવાનો છે.

❖ **ગાથા ૩ જી**

આ ગાથામાં પાંચ યંત્રો દર્શાવ્યાં છે જે નીચે મુજબ છે.

(૧) વન્ધ્યત્વનિવારક,

(૨) અપત્યપ્રાણદ,

(૩) અપ્રત્યપ્રાણદ,

(૪) બાલગ્રહપીડાનિવારક,

(૫) સૌભાગ્યકર, યા તો ભૂતાદિભય નિષેધક,

દરેક યંત્રોને લખવાની વિધિ જુદા પ્રકારની છે.

પ્રથમ યંત્રને સુગંધિ દ્રવ્યોથી લખી વિકસિત થયેલા ૧૦૦૮ પુષ્પોથી **ॐ ह्रीँ हूँ नमो अरिहंताणं हुं नमः** આ મંત્ર દ્વારા પૂજવાનું છે. તે પછી પંચ રત્નો તે યંત્ર સાથે રાખી તે યંત્રને કુંવારી કન્યાના કાંતેલા સૂતરથી ગૂંથી નારીના કંઠમાં યા તો ડાબા હાથ પર ધારણ કરવાનું છે જેથી વન્ધ્યત્વદોષનો નાશ થાય છે.

બીજા અને ત્રીજા યંત્રને સુગંધિ દ્રવ્યોથી લખી ઉપર જણાવેલ મંત્રદ્વારા પૂજવાનું છે. જેથી તે યંત્ર જે સ્ત્રીને મરેલા બાળકો અવતરતાં હોય તેના બાળકોને મરેલા અવતરતાં અટકાવે છે.

ચોથા યંત્રને કુંકુમ અને ગોરોચનથી લખીને ઉપર મુજબ તેની પૂજા કરવાથી બાળકોની ગ્રહપીડાનું નિવારણ થાય છે.

પાંચમા યંત્રને પણ ઉપર મુજબના દ્રવ્યોથી લખીને ઉપર જણાવેલ મંત્ર દ્વારા પૂજવાથી તે દુર્ભગ પ્રાણીઓનું સૌભાગ્ય વધારે છે અને અપસ્મારાદિ પીડાઓનો નાશ કરે છે. પરંતુ 'આ બધા કાર્યો પ્રથમ ગુરુપૂજા કરવાથી જ સિદ્ધ થાય છે. અન્યથા નહિં' એવું શ્રી પાદલિપ્તસૂરિનું કથન છે.

❖ ગાથા - ૪ થી

આ ગાથામાં લઘુદેવકુલ દર્શાવેલ છે આને સુગંધિ દ્રવ્યોથી આલેખી સુગંધિ પુષ્પોથી નિત્ય પૂજવાનું છે. જેથી તે સર્વ અર્થોને સાધનારૂં થાય છે.

આનો પૂજામંત્ર પણ પૂર્વે બતાવેલ છે તે જ છે. અહિ પણ ગુરુપૂજન આવશ્યક છે.

❖ ગાથા - ૫ મી

આ ગાથામાં એક યંત્ર દર્શાવેલ છે. આ યંત્રને કુંકુમ, કપુર, ગોરોચન આદિ સુગંધિ દ્રવ્યોથી ભૂર્જપત્ર ઉપર લખીને 'ॐ ङं वं ह्वः □क्षि □वीँ क्ष्वीँ हंसः स्वाहा'। આ મંત્રથી ૧૦૮ શ્વેત પુષ્પો વડે ત્રણ દિવસ પર્યંત પૂજન કરવાનું છે. જેથી આ યંત્ર શાન્તિક તથા પૌષ્ટિક બનવા ઉપરાંત ભૂત - પ્રેત - પિશાચ - શાકિની અને જ્વર આદિના ભયનો નાશ કરે છે અને જ્યારે રક્ષા કરવા અંગેનું પ્રયોજન હોય ત્યારે કુંવારી કન્યાએ કાંતેલા સૂતરથી યંત્રને વીંટીને હાથ ઉપર ધારણ કરવાથી સર્વત્ર રક્ષા થાય છે.

**આ પ્રકારે પૂર્ણચન્દ્રસૂરિએ પ્રથમ ગાથામાં ૮ યંત્રો, બીજી ગાથામાં બે ચક્રો, ત્રીજી ગાથામાં પાંચ યંત્રો, ચોથી ગાથામાં એક યંત્ર અને પાંચમી ગાથામાં એક યંત્ર એમ કુલ ૧૭ યંત્રો દર્શાવ્યા છે.**

**❖ દ્વિજપાર્શ્વદેવગણિએ 'શ્રી ઉવસગ્ગહર' સ્તોત્રમાં નિર્દિષ્ટ કરેલા યંત્રોની સમજૂતી**

દ્વિજપાર્શ્વદેવગણિએ રચેલી લઘુવૃત્તિમાં 'શ્રી ઉવસગ્ગહર' સ્તોત્ર અંગે કેટલાક યંત્રો દર્શાવ્યા છે જે નીચે મુજબ છે.

❖ ગાથા-૧ લી

શ્રી ઉવસગ્ગહર ની પ્રથમ ગાથામાં સાત યન્ત્રો દર્શાવાયાં છે.

સ્તોત્રની પ્રથમ ગાથા પરત્વે સાત યંત્રોનું વિધાન છે, તે સાત યંત્રોના નામ નીચે પ્રણામે છે.

(૧) **જગદ્વલ્લભકરયંત્ર**

જેનાથી જગત્ એટલે જનતાને અતિ પ્રિય થવાય, એવો યંત્ર.

(૨) **સૌભાગ્યકરયંત્ર**

જેનાથી સૌભાગ્યની વૃદ્ધિ થાય, એવો યંત્ર.

(૩) **લક્ષ્મીવૃદ્ધિકરયંત્ર**

જેનાથી લક્ષ્મીની વૃદ્ધિ થાય એવો યંત્ર.

(૪) **ભૂતાદિનિગ્રહકરયંત્ર**

જેનાથી ભૂત વગેરેનો નિગ્રહ થઈ શકે એટલે કે તેને વશ કરી શકાય અથવા તો તેની અસર દૂર કરી શકાય, એવો યંત્ર.

(૫) **જવરનિગ્રહકરયંત્ર**

જેનાથી જવર એટલે વિવિધ પ્રકારના તાવોને કાબૂમાં લઈ શકાય એવો યંત્ર.

(૬) **શાકિનીનિગ્રહકરયંત્ર**

જેનાથી શાકિનીનો નિગ્રહ થઈ શકે એવો યંત્ર. મેલીવિદ્યા જાણનારી સ્ત્રીને શાકિની કહેવાય છે.'शाकिन्यश्च दुष्टमन्त्रस्मरणवत्यः स्त्रियः'

(૭) **વિષમવિષનિગ્રહકરયંત્ર**

ગમે તેવા વિષમ વિષનો નિગ્રહ કરી શકે એવો યંત્ર.

આ સાતે યન્ત્રોને કુંકુમ અને ગોરોચનથી ભૂર્જપત્ર ઉપર લખીને કુંવારી કન્યાએ કાંતેલા સુતરથી વેષ્ટિત કરીને ડાબા ભુજાદંડ પર ધારણ કરવાથી ક્રમસર જગદ્વાલ્લભ્ય, સૌભાગ્ય, યશોવૃદ્ધિ,

લક્ષ્મીવૃદ્ધિ, ભૂત-પિશાચ-રાક્ષસભયરક્ષા, જ્વર, ગ્રહદોષ તથા શાકિની રક્ષા અને વિષ તથા વિષધર વગેરે ભયોથી રક્ષા થાય છે.




ચતુષ્ક




યન્ત્રત્રિક

આ યંત્રો લખ્યા પછી તેની પૂજા કરવાની હોય છે. શ્રી પાર્શ્વનાથની સમીપમાં યન્ત્રોને સામે રાખીને 'ૐ હ્રીં શ્રીં હર હર સ્વાહા' આ મંત્રનો ત્રણ દિવસ સુધી ત્રણે સંધ્યાએ એકસોને આઠ શ્વેત પુષ્પો દ્વારા એકસોને આઠ વખત જાપ કરવાથી આ યંત્રો સિદ્ધ થાય છે અને ઉપર નિર્દિષ્ટ કરેલાં ફલો આપે છે.

આ સાત યંત્રો ઉપરાંત આ ગાથામાં (આઠમું) દેવકુલ પણ દર્શાવ્યું છે. આ દેવકુલને પણ પૂર્વોક્ત સાત યંત્રો અનુસાર જ કુંકુમ આદિથી લખવાનું છે. તે પછી 'ૐ આં ક્રીં ક્ષ્વીં હ્રીં ક્લીં બ્લૂં દ્રાં દ્રીં જ્વાલામલિની નમઃ' આ મંત્રથી એકસોને આઠ પુષ્પોથી પૂજવાનું છે. જેથી તે સર્વ વિષના ઉપદ્રવોનો નાશ કરે છે.



દેવકુલ

❖ ગાથા-૨ જી

આ ગાથામાં આઠ આરાવાળું, આઠ વલયવાળું ચક્ર દર્શાવ્યું છે. આ યંત્રને કુંકુમ આદિથી લખવાથી અને ત્રણે સંધ્યાએ જાઈ આદિના પુષ્પોથી પૂજવાથી લક્ષ્મીને પ્રાપ્ત કરાવનાર થાય છે.

આ યંત્રની પૂજા નીચેના મંત્રને બોલવાપૂર્વક કરવાની છે.

'ऐँ ह्रौँ श्रीँ क्लीँ क्रौँ प्लौँ ब्लूं अर्ह् ह्रीँ नमः ।'

આ અષ્ટવલય ચક્ર ઉપરાંત બીજું બૃહચ્ચક પણ આ ગાથામાં દર્શાવ્યું છે. જેનું નામ ચિન્તામણિચક્ર છે.

આ ચક્રને પૂર્વોક્ત વિધિ અનુસાર આલેખી સાધકે શ્વેત વસ્ત્રો અને શ્વેત આભરણોથી સહિત બની નિરંતર ત્રણે સંધ્યાએ ધ્યાન કરવાનું છે અને ૧૦૮ પુષ્પોથી જાપ કરવાનો છે. જેથી તે સર્વ સંપત્તિઓને આપવા સમર્થ બને છે યા તો કુંકુમ આદિ દ્રવ્યોથી ભૂર્જપત્રમાં લખીને કંઠમાં ધારણ કરવાથી શરીરની રક્ષા કરે છે.



બૃહચ્ચક્રનું ચિત્ર

❖ **ગાથા-૩ જી**

આ ગાથામાં ૧૦ યન્ત્રો દર્શાવ્યા છે. જે નીચેના ક્રમાનુસાર છે.

૧. વંધ્યાગર્ભધારક તથા સર્વભૂતપિશાચરક્ષાકારક.

૨. બાલગ્રહરક્ષાકારક.

૩. સૌભાગ્યકારક.

૪. ક્ષુદ્રોપદ્રવરૌદ્રોપસર્ગશામક.

૫. ચૌરભયનાશક.

૬. સૌભાગ્યદાયક.

૭. સર્વજનપ્રિયંકર.

૮. બાલશાંતિપુષ્ટિકારક.

૯. અપમૃત્યુનાશક.

૧૦. દુર્ભગત્વનાશક.

આ યંત્રોની પૂજા આદિ માટે કોઈ વિશિષ્ટ વિધિ દર્શાવાઈ નથી.

**તૃતીયગાથા દર્શિત યંત્રો**



ચતુષ્ક



ચતુષ્ક




**યન્ત્રદ્વિક**

❖ **ગાથા-૪ થી**

આ ગાથામાં કોઈ યંત્ર દર્શાવાયું નથી.

❖ **ગાથા-૫ મી**

આ ગાથામાં એક યંત્ર દર્શાવેલ છે. આ યંત્ર શાંતિક તથા પૌષ્ટિક છે. અને જ્વર, રોગ, શાકિની, ભૂત, પ્રેત, રાક્ષસ, વગેરેનો નાશ કરે છે.

આ યંત્રને પણ શુભ દ્રવ્યોથી ભૂર્જપત્ર ઉપર લખીને અને કુંવારી કન્યાએ કાંતેલા સૂતરથી વેષ્ટિત કરીને બાહુ પર ધારણ કરવાનું છે. પરંતુ તે પૂર્વે યંત્રને 'ॐ झं वं ह्वः □क्षि ईवीं क्ष्वीं हंसः स्वाहा' આ મંત્રથી ૧૦૮ શ્વેત પુષ્પોથી ત્રણ દિવસ પર્યંત પૂજવાનું છે. ત્યારે જ તે ફલદાયક થાય છે.

## પંચમ ગાથા (દર્શિત યંત્ર)




**આ પ્રકારે દ્વિજ્પાર્શ્વદેવગણિએ પ્રથમ ગાથામાં ૮ યંત્રો, બીજી ગાથામાં ૨ યંત્રો, ત્રીજી ગાથામાં ૧૦ યંત્રો અને પાંચમી ગાથામાં ૧ યંત્ર એમ કલ ૨૧ યંત્રો દર્શાવ્યા છે.**

### ૯. શ્રી ઉવસગ્ગહર સ્તોત્રના વિશેષ પાઠવાળા સ્તોત્ર

શ્રી ઉવસગ્ગહર સ્તોત્રના મૂળ પાઠની પાંચ ગાથાઓ અને તેના યંત્રો અને મંત્રો પ્રાચીન સમયથી પ્રચલિત છે.

પરંતુ આ સ્તોત્રના વિશેષ ગાથાવાળા પાઠો પણ પ્રચલિત છે. જેમાં ૯, ૧૩, ૧૭, ૨૧ અને ૨૭ ગાથા પ્રમાણવાળા પાઠો પણ પ્રચલિત છે. જેનું આરાધકો પ્રતિદિન ભક્તિભાવથી સ્મરણ કરે છે.

આ ગાથાઓમાં પાઠભેદો ઘણા છે અને તેના ક્રમમાં પણ ફેરફાર જોવામાં આવે છે.

❖ **નવગાથાનું સ્તોત્ર**

उवसग्गहरंपासं, पासं वंदामि कम्मघणमुक्कं ।
विसहरविसनिन्नासं, मंगलकल्लाणआवासं ॥१॥
विसहरफुलिंगमंतं, कंठे धारेइ जो सया मणुओ ।
तस्स गह-रोग-मारी-दुट्ठजरा जंति उवसामं ॥२॥
चिट्ठउ दूरे मंतो, तुज्झ पणामो वि बहुफलो होइ ।
नरतिरिएसु वि जीवा, पावंति न दुक्खदोगच्चं ॥३॥
तुह सम्मत्ते लद्धे, चिंतामणि—कप्पपायवब्भहिए ।
पावंति अविग्घेणं, जीवा अयरामरं ठाणं ॥४॥
ॐ नट्ठट्ठमयठाणं, पणट्ठकम्मट्ठनट्ठसंसारं ।
परमट्ठनिट्ठिअट्ठं, अट्ठगुणाधीसरं वंदे ॥५॥
ॐ ह्रीँ श्रीँ ऐँ ॐ
तुह दंसणेण सामिय, पणासेइ रोगसोगदोहग्गं ।
कप्पतरूमिव जायइ, (ॐ)तुह दंसणेण सव्वफलहेऊ स्वाहा ॥६॥
ॐ अमरतरु—कामधेणु—चिंतामणि—कामकुंभमाइया ।
सिरिपासनाहसेवा—गहणे सव्वे वि दासत्तं ॥७॥
नमिऊण पणवसहियं, मायाबीएण धरणनागिंदं ।
सिरिकामराजकलियं, पासजिणिंदं नमंसामि ॥८॥
इअ संथुओ महायस, भत्तिब्भरनिब्भरेण हियएण ।
ता देव दिज्ज बोहिं भवे भवे पास जिणचंद ! ॥९॥

શ્રી ઉવસગ્ગહર સ્તોત્રનો નવ ગાથાવાળો પાઠ પણ ઘણો ચમત્કારિક મનાય છે. દરેક ગાથાના મંત્રો અને યંત્રો પણ દર્શાવેલ છે.

આ પાઠમાં **પાંચમી, છઠ્ઠી, સાતમી તથા આઠમી ગાથા** મૂળ પાઠ કરતાં વિશેષ છે. તેનું વિવેચન નીચે મુજબ છે.

❖ **પાંચમી ગાથા**

આ ગાથામાં પ્રારંભનો ૐ પંચપરમેષ્ઠિ સૂચિત પણ છે અથવા તો આ ગાથાનું મંત્રત્વ દર્શાવનારો પણ કહી શકાય.

આ આત્મા અનંત શક્તિવાળો છે પણ તેની એ શક્તિઓ આઠ પ્રકારનાં કર્મોથી આચ્છાદિત થઈ ગયેલી છે. જો એ આઠ કર્મો સંપૂર્ણ નાશ પામે તો તેને ફરી કોઈ ભવ કરવો ન પડે. તે લોકના અગ્ર ભાગે આવેલી સિદ્ધશિલામાં સિદ્ધ ભગવંત રૂપે બિરાજમાન થાય છે. શ્રી પાર્શ્વનાથ ભગવાન પણ આ પ્રમાણે આઠ કર્મોનો ક્ષય કરીને સિદ્ધિશિલામાં સિદ્ધભગવંત રૂપે બિરાજી રહ્યા છે, તેમને હું વંદન કરું છું.

જો આ ગાથા પર મનન કરીએ તો જીવનનું ધ્યેય સમજાય છે અને તે માટે કેવી પ્રવૃત્તિ કરવી જોઈએ, તેનો બોધ પણ થાય છે. પુણ્યના બળે ઉત્તમ જાતિ, ઉત્તમ કુળ અને વિવિધ પ્રકારના લાભ મળે, ઐશ્વર્યમાં વધારો થાય, બળ અને ફળમાં વૃદ્ધિ થાય, દીર્ઘ તપશ્ચર્યા કરવાનું બળ મળે અને શ્રુતનું વાસ્તવિક રહસ્ય સમજાય તો પણ મનષ્યે અભિમાન કરવું નહિ. અને આત્મસાધના આગળ વધારવી. અને મુખ્ય પ્રયત્ન આઠ કર્મોને જિતવાનો અને મોક્ષાધિકારી બનવાનો કરવો જોઈએ.

### ❖ છઠ્ઠી ગાથાનો અર્થ

છઠ્ઠી ગાથાની આગળ પાંચ બીજો ૐ હ્રીં શ્રીં હૂઁ ૐ લગાડવામાં આવે છે અને છેવટે પણ સ્વાહા બોલાય છે, એટલે આ ગાથા મંત્રરૂપ સમજવી.

ભાવાર્થ - હે પાર્શ્વનાથ પ્રભુ તમારા દર્શનથી તમામ પ્રકારના રોગો, તમામ પ્રકારનો શોક તથા દુર્ભાગ્ય નાશ પામે છે અને તમારું એ દર્શન એ સર્વ પ્રકારનાં ફળોને આપનાર કલ્પતરૂ જેવું બની જાય છે. તાત્પર્ય કે તમારા ભક્તિભાવે દર્શન કરનારના સર્વ મનોરથોની સિદ્ધિ થાય છે અને તેને આ જગતમાં કોઈ વાતની કમી રહેતી નથી.

### ❖ સાતમી ગાથાનો અર્થ

આ ગાથાના પ્રારંભમાં ૐ બોલાય છે, તે તેની મંત્રમયતાનું સૂચન કરે છે. શ્રી પાર્શ્વનાથ ભગવાનની સેવા કેવી પ્રભાવશાળી છે, તેનું આ ગાથામાં વર્ણન કરવામાં આવ્યું છે. તેમાં જણાવ્યું છે કે શ્રી પાર્શ્વનાથ પ્રભુની સેવા કલ્પવૃક્ષ, કામઘેનુ, ચિંતામણિરત્ન કે કામકુંભ જેવી છે, એટલે કે તેનાથી સર્વ મનોરથોની સિદ્ધિ થાય છે. વળી તે સેવા નિયમિત રીતે ભક્તિભાવ પૂર્વક કરવામાં આવે તો સર્વજનો પર તેનો પ્રભાવ પડે છે.

### ❖ આઠમી ગાથાનો અર્થ

ॐ ह्रीं □ार्श्वनाथाय ह्रीं धरणेन्द्राय श्री □द्मावती सहिताय क्लीँ नमः ।

પ્રણવ એટલે ૐકાર, માયાબીજ એટલે હ્રીંકાર અને કામરાજ એટલે क्लीँ તે ત્રણ બીજોનો અહીં ઉપયોગ છે. અને હ્રીંકાર વડે શ્રી ધણેન્દ્રનું સૂચન છે. શ્રી ધરણેન્દ્ર સાથે પદ્માવતી દેવી છે.

❖ નવ ગાથાના ખાસ મંત્રો

આ નવ ગાથા પરત્વે નંવ મંત્રોનું વિધાન નીચે પ્રમાણે થયેલું છે.

### પહેલી ગાથાનો મંત્ર

ॐ ह्रीं उवसग्गहरं कम्मघणमुक्कं विसहरफुलिंगमन्त्रायः
□ार्श्वनाथाय श्री स्वाहा ।

### બીજી ગાથાનો મંત્ર

ॐ ह्रीं अर्हं □ार्श्वनाथाय स्वाहा ।

### ત્રીજી ગાથાનો મંત્ર

ॐ ह्रीं अर्हं □ार्श्वनाथाय वंदिउ □ाया ह्री नमः ।

### ચોથી ગાથાનો મંત્ર

ॐ ह्री अर्हं हंसचिंतामणि □ाया वंदिउ क्ली नमः ।

### પાંચમી ગાથાનો મંત્ર

ॐ ह्रीं श्रीं क्लीं कलिकुं□स्वामिने अष्टशत् अष्टसहस्त्र अष्टलक्ष
अष्टकोटी मम
शरीरं रक्षंतु ॐ हूँ फुट् फुट् स्वाहा ।

### છઠ્ઠી ગાથાનો મંત્ર

ॐ श्रीं □रमोहि जिणाणं स्वाहा ।

### સાતમી ગાથાનો મંત્ર

ॐ क्लीं विजयादेवी मम सानिध्यं कुरु कुरु स्वाहा ।

### આઠમી ગાથાનો મંત્ર

ॐ ह्राँ □ार्श्वनाथय ह्रीँ धरणेन्द्राय श्री□द्मावती सहिताय क्लीँ नमः ।

### નવમી ગાથાનો મંત્ર

ॐ नमो भगवती □द्मावती सर्बजनमोहिनी सर्वकार्य करणी
विकटसंकटहरणी
मम लक्ष्मीं □ूरय □ूरय संकटं चूरय चूरय सोम्□द्मावती ऐं नमः ।

મંત્રપટ્ટમાં જણાવેલું છે કે ગાથા નવની આમ્નાયવિધિ જુદી જુદી છે, તે ગુરુગમથી ધારી, તેની સાધના, દીપોત્સવીના દિવસે કરવાથી ઈષ્ટ સિદ્ધિ થાય છે.

❖ **નવગાથાત્મક વિશિષ્ટ યંત્ર**

આ નવગાથાત્મક સ્તોત્ર અંગે એક વિશિષ્ટ યંત્ર મળી આવે છે. તેમાં વચ્ચે સ્તોત્રના અક્ષરોથી તેમજ અંકોથી સંકલિત મોટો યંત્ર છે અને ઉપર નીચે બીજા કેટલાંક નાના યંત્રો છે. તેમાં સત્તરિસયનો યંત્ર પ્રસિદ્ધ છે અને બીજા યંત્રો પંદરિયા તથા વીશાયંત્રની જાતિના છે. એક યંત્ર ૧૦૦૮ નો પણ છે.

❖ **તેર ગાથાનું સ્તોત્ર**

उवसग्गहरंपासं, पासं वंदामि कम्मघणमुक्कं ।
विसहरविसनिन्नासं, मंगलकल्लाणआवासं ।। १ ।।
विसहरफुलिंगमंतं, कंठे धारेइ जो सया मणुओ ।
तस्स गह-रोग-मारी-दुट्ठजरा जंति उवसामं ।। २ ।।

चिट्ठउ दूरे मंतो, तुज्झ पणामो वि बहुफलो होइ ।
नरतिरिएसु वि जीवा पावंति न दुक्ख-दोगच्चं ॥ ३ ॥
ॐ अमरतरु-कामधेणु-चिंतामणि-कामकुंभमाइया ।
सिरिपासनाहसेवा-गहणे सव्वे वि दासत्तं ॥ ४ ॥
तुह सम्मत्ते लद्धे, चिंतामणि-कप्पपायवब्भहिए ।

तुह सम्मत्ते लद्धे, चिंतामणि-कप्पपायवब्भहिए ।
पावंति अविग्घेणं, जीवा अयरामरं ठाणं ॥ ५ ॥
ॐ नट्ठट्ठमयठाणं, पणट्ठकम्मट्ठनट्ठसंसारं ।
परमट्ठनिट्ठिअट्ठं, अट्ठगुणाधीसर वंदे ॥ ६ ॥

ॐ ह्रीँ श्रीँ ऐँ ॐ
तुह दंसणेण सामिय, पणासेइ रोग-सोग-दोहग्ग ।
कप्पतरुमिव जायइ, तुह दंसणेण सव्वफल हेऊं
स्वाहा ॥ ७ ॥

ॐ नमिऊण पणवसहियं, मायाबीएण धरणनागिंदं ।
सिरिकामराजकलिअं, पासजिणिंदं नमंसामि ॥ ८ ॥
ॐ थुणामि पासनाहं, ॐ पणमामि परमभत्तीए ।
अट्ठक्खरधरणिंद, पउमावई पयडिय किर्त्ति ॥ ९ ॥
जस्स पयकमले सया, वसइ पउमावई अ धरणिंदो ।

तस्स नामेण सयलं, विसहरविस पणासेइ ॥ १० ॥
ॐ ह्रीँ सिरिपास विसहर,
विज्जामंतेण झाण ज्झाएज्जा ।

धरणपउमावइ देवी, 'ॐ ह्रीँ क्ष्म्ल्व्र्यूँ स्वाहा' ॥ ११ ॥

ॐ जयउ धरणिंद–पउमावइ य नागिणी विज्जा ।
विमलज्झाणसहिओ, 'ॐ ह्रीँ क्ष्म्ल्व्यूँ स्वाहा ।।१२।
इअ संथुओ महायस, भत्तिब्भरनिब्भरेण हियएण ।
ता देव दिज्ज बोहिं, भवे भवे पास जिणचंद ! ।।१३।।

આ સ્તોત્રમાં **નવમી, દશમી, અગિયારમી તથા બારમી** ગાથા વિશેષ છે. બાકીની બધી ગાથાઓ નવ ગાથાના સ્તોત્રમાં આવી જાય છે, તેનો અર્થો આ પ્રમાણે જાણવા.

**નવમી ગાથાનો અર્થ**

હું ૐકારના સ્મરણપૂર્વક શ્રી પાર્શ્વનાથની સ્તુતિ કરું છું. અને ૐકારના સ્મરણપૂર્વક પરમ ભક્તિથી પ્રણામ કરું છું. વળી, આઠ અક્ષરવાળા મંત્રરૂપ ધરણેન્દ્ર અને જેમની કીર્તિ પ્રકટ થયેલી છે, એવા શ્રી પદ્માવતી દેવીને પણ હું પ્રણામ કરું છું.

**દશમી ગાથાનો અર્થ**

જેમના ચરણકમલમાં સદા પદ્માવતી અને ધરણેન્દ્ર વસે છે, એવા શ્રી પાર્શ્વનાથ પ્રભુના નામથી બધી જાતના સર્પનું ઝેર નાશ પામે છે, અર્થાત્ ઉતરી જાય છે.

**અગિયારમી ગાથાનો અર્થ**

ૐકાર અને હ્રીઁકાર રૂપ તથા તમામ પ્રકારના વિષોનું હરણ કરનાર એવા શ્રી પાર્શ્વનાથ ભગવાનનું વિદ્યા અને મંત્ર વડે ધ્યાન ધરવું. વળી ધરણેન્દ્ર અને પદ્માવતી દેવીનું ૐ હ્રીં ક્ષ્મ્લ્વ્યર્વ્યું સ્વાહા એ મંત્રથી આરાધન કરવું. (એટલે સર્વ કાર્યોની સિદ્ધિ થાય છે.)

**બારમી ગાથાનો અર્થ**

ૐ ધરણેન્દ્ર અને પદ્માવતીના નામથી યુક્ત એવી નાગિણી વિદ્યા જય પામો. વિમલ ધ્યાનથી સહિત નીચેનો મંત્ર સદા સ્મરવો 'ૐ હ્રીં ક્ષ્મ્લ્વ્યર્વ્યું સ્વાહા ।'

આ સ્તોત્ર પરત્વે વિશિષ્ટ યંત્રો - મંત્રો નથી, એટલે તેમાં જે મંત્રોનો ઉલ્લેખ કર્યો છે, તે જ વિશેષ પ્રકારે સ્મરવા યોગ્ય છે.

उवसग्गहरं पासं, पासं वंदामि कम्मघणमुक्कं ।
विसहरविसनिन्नासं, मंगलकल्लाणआवासं ॥ १ ॥
विसहरफुलिंगमंतं, कंठे धारेइ जो सया मणुओ ।
तस्स गह-रोग-मारी-दुट्ठजरा जंति उवसामं ॥ २ ॥
चिट्ठउ दूरे मंतो, तुज्झ पणामो वि बहुफलो होइ ।
नरतिरिएसु वि जीवा, पावंति न दुक्ख-दोगच्चं ॥ ३ ॥
ॐ अमरतरु-कामधेणु-चिंतामणि-कामकुंभमाइया ।
सिरि पासनाह सेवा गहणे सव्वेवि दासत्तं ॥ ४ ॥
ॐ ह्रीँ श्रीँ ऐँ ॐ
तुह दंसणेण सामिय, पणासेइ रोग-सोग-दोहग्गं ।
कप्पतरुमिव जायइ, (ॐ) तुह दंसणेण सव्व फलहेऊं
स्वाहा ॥ ५ ॥

ॐ नमिऊण पणवसहियं, मायाबीएण धरणनागिंद ।
सिरिकामराजकलिअं, पासजिणिंद नमंसामि ॥ ६ ॥
ॐ ह्रीँ पास विसहर, विज्जामंतेण झाण ज्झाएज्जा ।
धरण पउमावइ देवी, 'ॐ ह्रीँ क्ष्म्ल्व्यूँ स्वाहा' ॥ ७ ॥
ॐ जयउ धरणिंद-पउमावइ य नागिणी विज्जा ।
विमलज्झाणसहिओ 'ॐ ह्रीँ क्ष्म्ल्व्यूँ स्वाहा' ॥ ८ ॥

ॐ थुणामि पासनाहं, ॐ पणमामि परम भत्तीए ।
अट्ठक्खरधरणिंदं, पउमावई पयडिय कित्ति ॥९॥

जस्स पयकमले सया, वसइ पउमावई अ धरणिंदो ।
तस्स नामेण सयलं, विसहरविसं पणासेइ ॥१०॥

तुह सम्मत्ते लद्धे, चिंतामणि-कप्पपायवब्भहिए ।
पावंति अविग्घेणं, जीवा अयरामरं ठाणं ॥११॥

ॐ नट्ठट्ठमयठाणं, पणट्ठकम्मट्ठनट्ठसंसारं ।
परमट्ठनिट्ठिअट्ठं, अट्ठगुणाधीसरं वंदे ॥१२॥

तुह नामसुद्धमंतं, सम्मं जो जवइ सुद्धभावेण ।
सो अयरामरं ठाण, पावइ न य दोग्गइं दुक्खं ॥१३॥

पन्नासं गोपीडां, कूरग्गह दंसणं भयं काये ।
आवीइ न हुंति एए, तहवि तिसंझं गुणिज्जासु ॥१४॥

पीडजंत भगंदर, कास सास सूल तह निव्वाहं ।
सिरिसामलपास महंत, नाम-पउर-पऊलेण ॥१५॥

रोगजलजलणविसहर, चोरारिमइंदगयरणभयाइ ।
पासजिणनामसंकित्तणेण पसमंति सव्वाइं ॥१६॥

इअ संथुओ महायस, भत्तिब्भरनिब्भरेण हियएण ।
ता देव दिज्ज बोहिं, भवे भवे पास जिणचंद ! ॥१७॥

આ સ્તોત્રના ગાથાક્રમમાં વધારે ફેરફાર છે. પણ તેમાં તેર ગાથાવાળા સ્તોત્રની બધી ગાથાઓ આવી જાય છે. વિશેષમાં તેરમી, ચૌદમી, પંદરમી અને સોળમી ગાથા બોલાય છે, તેના અર્થો નીચે પ્રમાણે છે.

**તેરમી ગાથાનો અર્થ**

હે પાર્શ્વનાથ પ્રભુ ! તમારા નામથી શુદ્ધ થયેલો મંત્ર જે કોઈ શુદ્ધ ભાવે સમ્યક્ પ્રકારે જપે છે, તે કદી દુર્ગતિ કે દુઃખને પામતો નથી, પરંતુ અજરામર સ્થાનને પામે છે.

**ચૌદમી ગાથાનો અર્થ**

સવાર, બપોર અને સાંજ એ ત્રણ સંધ્યાએ શ્રી પાર્શ્વનાથ ભગવાનના મંત્રની ગણના કરવાથી શરીરને વિશે પચાસ પ્રકારની ઈન્દ્રિયોની પીડા, ક્રૂર ગ્રહની અસર કે સર્પાદિ ઝેરી જંતુઓનો દંશ કદાપિ થતો નથી.

**પંદરમી ગાથાનો અર્થ**

શ્રી શામળિયા પાર્શ્વનાથનું નામ ઘણું મહાન છે, અર્થાત્ ચમત્કારિક છે. તે નામથી પ્રચુર એવો અગ્નિ હૃદયમાં પ્રકટ કરવાથી કોઈપણ પ્રકારની શારીરિક કે માનસિક પીડા થતી નથી, કોઈએ યંત્રપ્રયોગ કર્યો હોય તો તેની અસર પડતી નથી. વળી ભગંદર, ખાંસી, શ્વાસ અને શૂલ જેવા ભયંકર વ્યાધિઓ પણ શમી જાય છે.

**સોળમી ગાથાનો અર્થ**

શ્રી પાર્શ્વજિનનું નામસંકીર્તન કરવાથી રોગ, પાણીનાં પુર, અગ્નિ, સર્પ, ચોર, શત્રુ, મદસ્ત હાથી તથા યુદ્ધ એ સર્વના ભયો નાશ પામે છે.

उवसग्गहरंपासं, पासं वंदामि कम्मघणमुक्कं ।
विसहरविसनिन्नासं, मंगलकल्लाणआवासं ॥ १ ॥

विसहरफुलिंगमंतं, कंठे धारेइ जो सया मणुओ ।
तस्स गह-रोग-मारी-दुट्ठजरा जंति उवसामं ॥ २ ॥

चिट्ठउ दूरे मंतो, तुज्झ पणामो वि बहुफलो होइ ।
नरतिरिएसु वि जीवा, पावंति न दुक्ख-दोगच्चं ॥ ३ ॥

ॐ अमरतरु-कामधेणु-चिंतामणि-कामकुंभमाइया ।
सिरिपासनाह सेवा-गहणे सव्वेवि दासत्तं ॥ ४ ॥

ॐ ह्रीँ श्रीँ ऐँ ॐ
तुह दंसणेण सामिय, पणासेइ रोग-सोग-दोहग्गं ।
कप्पतरुमिव जायइ, (ॐ) तुह दंसणेण सव्वफलहेऊं
स्वाहा ॥ ५ ॥

ॐ [1] नमिऊण पणवसहियं, मायाबीएण धरणनागिंदं ।
सिरिकामराजकलिअं, पासजिणिंदं नमंसामि ॥ ६ ॥

ॐ ह्रीँ [2] पास विसहर, विज्जामंतेण ज्झाण ज्झाएज्जा ।
धरण पउमावइ देवी, 'ॐ ह्रीँ क्ष्म्ल्व्यूँ स्वाहा' ॥ ७ ॥

ॐ जयउ धरणिंद–पउमावई य नागिणी विज्जा ।
विमलज्झाणसहिओ 'ॐ ह्रीँ क्ष्म्ल्व्र्यूँ स्वाहा' ॥८॥
ॐ थुणामि पासनाहं, ॐ पणमामि परमभत्तीए ।
अट्ठक्खरधरणिंदं, पउमावई पयडिय कित्ति ॥९॥
जस्स पयकमले सया, वसइ पउमावई य धरणिंदो ।
तस्स नामेण सयलं, विसहरविसं पणासेइ ॥१०॥
तुह सम्मत्ते लद्धे, चिंतामणिकप्पपायवब्भहिए ।
पावंति अविग्घेणं, जीवा अयरामरं ठाणं ॥११॥
ॐ नट्ठट्ठमयठाणं, पणट्ठकम्मट्ठनट्ठ संसारं ।
परमट्ठनिट्ठिअट्ठं, अट्ठगुणाधीसरं वंदे ॥१२॥
इअ संथुओ महायस, भत्तिब्भर निब्भरेण हियएण ।
ता देव दिज्ज बोहिं, भवे भवे पासजिणचंद ! ॥१३॥
तुह नामसुद्धमंतं, सम्मं जो जवइ सुद्धभावेण ।
सो अयरामरं ठाणं, पावइ न य दोग्गइं दुक्खं ॥१४॥
पन्नासं गोपीडां, क्रूरग्गह दंसणं भयं काये ।
आवीइ न हुंति एए, तहवि तिसंझं गुणिज्जासु ॥१५॥
पीडजंत भगंदर कास, सास सूल तह निव्वाहं ।
सिरिसामलपास महंत नाम–पऊर–पउलेण ॥१६॥
रोगजलजलणविसहर—चोरारिमइंदगयरणभयाइं ।
पासजिणनामसंकित्तणेण पसमंति सव्वाइं ॥१७॥

तं नमह पासनाहं, धरणिंद नमंसियं दुहं पणासेइ ।
जस्स पभावेण सया, नासंति सयल दुरियाइं ॥१८॥
एए समरंताणं मणे, न दुहवाहि न तं महादुक्खं ।
नामं पि मंतसम्म, पयडं नत्थि तस्स संदेहो ॥१९॥
जलजलणभयसप्प–सीहचोरारि संभवे पि अप्पं ।
जो समरेइ पास पहु, पहवइ न कयावि किंचि तस्स ॥२०॥
इअ लोगट्ठि परलोगट्ठि, जो समरेइ पासनाहं तु ।
तत्तो सिज्झेइ खिप्पं, इह नाहं सरह भगवंतं ॥२१॥

આમાંની સત્તર ગાથાના અર્થો તો સત્તર ગાથાના સ્તોત્રમાં આવી ગયેલા છે. વિશેષમાં અઢારમી, ઓગણીસમી, વીસમી અને એકવીસમી ગાથા છે. તેના અર્થો આ પ્રમાણે છે.

**અઢારમી ગાથાનો અર્થ**

તેથી ધરણેન્દ્રે નમસ્કાર કરેલા એવા શ્રી પાર્શ્વનાથ ભગવાનને હે લોકો ! તમે નમસ્કાર કરો, કે જે દુઃખનો નાશ કરે છે અને જેમના પ્રભાવથી સર્વ પ્રકારના પાપો સદા નાશ પામે છે.

**ઓગણીશમી ગાથાનો અર્થ**

શ્રી પાર્શ્વનાથ ભગવાનનું સ્મરણ કરનારના મનમાં કોઈ પ્રકારનું દુઃખ થતું નથી કે તેને કોઈ વ્યાધિ સતાવતો નથી. વળી તેને જન્મ-જરા અને મૃત્યુરૂપ મહાદુઃખનો અનુભવ પણ થતો નથી. શ્રી પાર્શ્વનાથ ભગવાનનું નામ મંત્ર સમાન છે. ખરેખર ! તેઓ પ્રકટભાવી છે, તેમાં કોઈ સંદેહ નથી.

### વીશમી ગાથાનો અર્થ

| જલ, અગ્નિ, સર્પ, સિંહ, ચોર, શત્રુ વગેરે તરફથી ભય ઉત્પન્ન થતાં જે થોડું પણ પાર્શ્વનાથ પ્રભુનું સ્મરણ કરે છે, તે કદી કોઈ રીતે પરાજ્ય પામતો નથી.

### એકવીસમી ગાથાનો અર્થ

જે આ લોકના સુખ અર્થે કે પરલોકના સુખ અર્થે શ્રી પાર્શ્વનાથ ભગવાનનું સ્મરણ કરે છે, તેનો આત્મા જલ્દી સંસારસાગરનો પાર પામે છે, તેથી શ્રી પાર્શ્વનાથ ભગવાનનું સદા સ્મરણ કરો.

### ❖ સત્તાવીશ ગાથાનું સ્તોત્ર

उवसग्गहरंपासं, पासं वंदामि कम्मघणमुक्कं ।
विसहरविसनिन्नासं, मंगलकल्लाणआवासं ॥ १ ॥
विसहरफुलिंगमंतं, कंठे धारेइ जो सया मणुओ ।
तस्स गह–रोग–मारी–दुट्ठजरा जंति उवसामं ॥ २ ॥
चिट्ठउ दूरे मंतो, तुज्झ पणामो वि बहुफलो होइ ।
नरतिरिएसु वि जीवा, पावंति न दुक्खदोगच्चं ॥ ३ ॥
ॐ अमरतरु–कामधेणु–चिंतामणि–कामकुंभमाइया ।
सिरिपासनाहसेवा–गहणे सव्वे वि दासत्तं ॥ ४ ॥
ॐ ह्रीँ श्रीँ ऐँ ॐ
तुह दंसणेण सामिय, पणासेइ रोग सोग दोहग्गं ।
कप्पतरुमिव जायइ, (ॐ) तुह दंसणेण सव्वफलहेऊं
स्वाहा ॥ ५ ॥

ॐ नमिऊण पणवसहियं, मायाबीएण धरणनागिंदं ।
सिरिकामराजकलियं, पासजिणिंदं नमंसामि ॥६॥
ॐ ह्रीँ सिरिपास विसहर,
विज्जामंतेण झाण ज्झाएज्जा ।
धरणपउमावई देवी, 'ॐ ह्रीँ क्ष्म्ल्र्व्यूँ स्वाहा' ॥७॥
ॐ जयउ धरणिंद-पउमावइ य नागिणीविज्जा ।
विमलज्झाणहिओ, 'ॐ ह्रीं क्ष्म्ल्व्यूँ स्वाहा' ॥८॥
ॐ थुणामि पासनाहं, ॐ पणमामि परमभत्तीए ।
अट्ठक्खरधरणिंदं, पउमावइ पयडिय कित्ति ॥९॥
जस्स पयकमले सया, वसइ पउमावइ य धरणिन्दो ।
तस्स नामेण सयलं, विसहरविसं पणासेइ ॥१०॥
तुह सम्मत्ते लद्धे, चिंतामणि-कप्पपायवब्भहिए ।
पावंति अविग्घेणं, जीवा अयरामरं ठाणं ॥११॥
ॐ नट्ठट्ठमयठाणं, पणट्ठकम्मट्ठनट्ठसंसारं ।
परमट्ठनिट्ठिअट्ठं, अट्ठगुणाधीसरं वंदे ॥१२॥
ॐ गरुडो वनितापुत्रो नागलक्ष्मीं महाबलः ।
तेण मुच्चंति गुसा, तेण मुच्चंति पन्नगा ॥१३॥
तुह नामसुद्धमंतं, जो नर जवइ सुद्धभावेण ।
सो अयरामर ठाणं, पावइ न य दोग्गइं दुक्खं ॥१४॥
(ॐ) पंडु भगंदर दाहं, कासं सासं च सूलमाइणि ।
पासपहुपभावेण, नासंति सयल रोगाइं ह्रीँ स्वाहा ॥१५॥

(ॐ)विसहर दावानल, साइणि वेयालमारि आयंका।
सिरिनीलकंठपासस्स, सरणमित्तेण नासंति ॥१६॥
पन्नासं गोपीडां, कुरग्गहदंसणं भयं काये।
आवीइ न हुंति एए, तहवि तिसंज्झं गुणिज्जासु ॥१७॥
पीडजंत भगंदर, कास सास सूल तह निव्वाहं।
सिरिसामलपास महंत नाम-पउर-पऊलेण ॥१८॥
ॐ ह्रीँ श्री
पासधरणसंजुत्तं, विसहरविज्जां जवेइ सुद्धमणेण।
पावइ इच्छियसुहं, 'ॐ ह्रीँ श्रीँ क्ष्म्ल्व्र्यूँ स्वाहा' ॥१९॥
रोगजलजलण विसहर,-चोरारिमइंदगयरणभयाइ।
पासजिणनाम संकित्तणेण, पसमंति सव्वाइं ह्रीँ
स्वाहा ॥२०॥

ॐ जयउ धरणिंद नमंसिय
पउमावइ पमुह निसेविया पाया।
ॐ क्लीँ ह्रीँ महासिद्धिं, करेइ पास जगनाहो ॥२१॥
त नमह पासनाहं, धरणिंदनमंसियं दुहं पणासेइ।
जस्स पभावेण सया, नासंति सयलदुरियाइ ॥२२॥
[ ॐ ह्रीँ श्रीँ तं नमः पासनाहं,
ॐ ह्रीँ श्रीँ धरणिंदनमंसियं दुहं पणासेइ।
ॐ ह्रीँ श्रीँ जस्स पभावेण सया,
ॐ ह्रीँ श्रीँ नासंति सयलदुरियाहं ॥२२॥ ]

एए समरंताणं मणे, न दुहवाहि न तं महादुक्खं।
नामपि मंतसम्मं, पयडं नत्थि त्थ संदेहो ॥२३॥

[ ॐ ह्रीँ श्रीँ एए समरंताणं मणे,
ॐ ह्रीँ श्रीँ न होइ वाहि न तं महादुक्खं।
ॐ ह्रीँ श्रीँ नामंपि मंतसमं,
ॐ ह्रीँ श्रीँ पयडं नत्थित्थ संदेहो ॥२२॥ ]

जलजलणभय तह सप्पं, सीह चोरारि संभवे वि अप्पं।
जो समरेइ पासपहुं, पहवइ न कयावि किंचि तस्स ॥२४॥

[ ॐ ह्रीँ श्रीँ जलजलणभय तह सप्पं,
ॐ ह्रीँ श्रीँ सीहचोरारि संभवे वि अप्पं।
ॐ ह्रीँ श्रीँ जो समरेइ पासपहुं,
ॐ ह्रीँ श्रीँ पहवइ न कयावि किंचि तस्स ॥२४॥ ]

इअलोगट्ठि परलोगट्ठि, जो समरेइ पासनाहं तु।
तत्तो सिज्झेइ खिप्पं, इह नाहं सरह भगवंतं ॥२५॥

[ ॐ ह्रीँ श्रीँ क्लीँ ह्रीँ
इअलोगट्ठि पर लोगट्ठि,

ॐ ह्री श्रीँ जो समरेइ पासनाहं तु ।
ॐ ह्राँ ह्रीँ ह्रः हुँ गाँ गीँ गुँ गः
तत्तो सिज्झेइ खिप्पं,
इह नाहं सरह भगवंतं ॥२५॥ ]

ॐ ह्रीँ श्रीँ क्लीँ ग्राँ ग्रीँ ग्रूँ ग्रँ क्लीँ क्लीँ ।
कलिकुंड स्वामिने नमो नमः ॥२६॥
इअ संथुओ महायस, भत्तिब्भरनिब्भरेण हियएण ।
ता देव दिज्ज बोहिं, भवे भवे पासजिणचंद ! ॥२७॥

આ સ્તોત્રમાં **તેરમી, પંદરમી, સોળમી, ઓગણીસમી, એકવીશમી તથા છવ્વીસમી ગાથા** નવી છે. તેનો અર્થ આ પ્રમાણે થાય છે :

**તેરમી ગાથાનો અર્થ**

'ॐ गरुडो वनितापुत्रो नागलक्ष्मीं महाबलः ।' એ નામનો એક મંત્ર છે. તેનો પ્રયોગ કરવાથી ઊંદરો તથા સાપ દૂર ભાગી જાય છે.

**પંદરમી ગાથાનો અર્થ**

પાડું, ભગંદર, દાહ, ખાંસી, શ્વાસ, શૂલ આદિ તમામ રોગો શ્રી પાર્શ્વનાથ પ્રભુના પ્રભાવથી નાશ પામે છે. 'ह्रीं स्वाहा' એ એક

પ્રકારનું પલ્લવ છે, એટલે કે મંત્રાક્ષરોને છેડે આવનાર વિશિષ્ટ પદો છે.

**સોળમી ગાથાનો અર્થ**

શ્રી નીલકંઠ પાર્શ્વનાથ પ્રભુના સ્મરણ માત્રથી સાપ, દાવાનલ, શાકિની, વેતાલ, મારી - મહામારી તથા રોગો દૂર ભાગે છે.

**ઓગણીસમી ગાથાનો અર્થ**

શ્રી પાર્શ્વનાથ ભગવાન અન ધરણેન્દ્ર નાગરાજના નામથી સંયુક્ત એવી વિષધર વિદ્યાનો જે કોઈ શુદ્ધ મને જાપ કરે છે, તે ઈચ્છિત સુખને પામે છે. નીચેનો મંત્ર એ પ્રકારનો છે :

**'ॐ ह्रीं श्रीं क्ष्म्ल्व्यूँ स्वाहा ।।'**

જેમને શ્રી ધરણેન્દ્ર નમેલા છે તથા જેમના ચરણકમળ પદ્માવતી આદિ અન્ય દેવીઓએ વિશેષ પ્રકારે સેવેલા છે, તે જગતના નાથ શ્રી પાર્શ્વનાથ પ્રભુ ॐ क्लीं ह्रीं એ મંત્ર - જપ વડે મહાસિદ્ધિ આપે છે.

**છવ્વીસમી ગાથાનો અર્થ**

આ પાઠ એક ગાથા તરીકે બોલાય છે, પણ વાસ્તવમાં એ કલિકુંડ પાર્શ્વનાથનો મંત્ર છે.

શ્રી પાર્શ્વનાથ પ્રભુનાં વિવિધ નામો છે. શ્રી કલિકુંડ પાર્શ્વનાથ એ તેમનું જ એક નામ છે.

**આ રીતે શ્રી ઉવસગ્ગહર સ્તોત્રના પ્રભાવના કારણે વિવિધ આચાર્યોએ અને વિદ્વાનોએ જુદા જુદા સમયે ગાથાઓનો ઉમેરો કરેલ છે.**

## ૧૦. શ્રી ઉવસગ્ગહર સ્તોત્રનો પ્રભાવ દર્શાવતું કથાનક

શ્રી ઉવસગ્ગહર સ્તોત્રના પ્રભાવથી અપૂર્વ ઈહલૌકિક તથા પરલૌકિક સુખસંપદાઓ જેને પ્રાપ્ત થઈ તેમાં શ્રી પ્રિયંકર રાજવીનું નામ મોખરે છે.

શ્રી જિનદત્તસૂરિશ્વર વિરચિત શ્રી ઉવસગ્ગહર સ્તોત્રના મહાપ્રભાવને દર્શાવનાર શ્રી પ્રિયંકર રાજાનું ચારિત્ર નીચે પ્રમાણે છે.

### ❖ રાજા અશોકચંદ્ર

મગધ દેશની આ વાર્તા છે. ત્યાં અશોકપુર નામે નગર હતું. નગર ધન-ધાન્યથી સમૃદ્ધ હતું. ત્યાંના રાજાનું નામ અશોકચંદ્ર હતું. તે પરાક્રમી, પ્રતાપી અને ન્યાયી હતો. તેની રાણીનું નામ અશોકમાલા હતું. તે પણ વિવેકી, વિનયી અને શીલવાન હતી. આ રાજાને ત્રણ પુત્રો હતા. અરિશૂર, રણશૂર અને દાનશૂર.

### ❖ અરિશૂરનો વિવાહ

અરિશૂર યૌવનમાં પ્રવેશ્યો ત્યારે રાજાએ તેનો વિવાહ મહોત્સવ શરૂ કર્યો. મહેલ સજાવવામાં આવ્યો. અને મનોહર અલંકારો બનવા લાગ્યા ત્યારે પાટલીપુત્રથી કેટલાક સોની લોકો રાજા પાસે આવ્યા. જેઓ દેવતાના વરદાનવાળા હોવાથી એવા દિવ્ય આભૂષણો બનાવતા હતા કે જે પહેરીને રંક હોય તે રાજા બને, રાજા હોય તે મહારાજા બની જાય. સોનીની વાત સાંભળી રાજાએ અપૂર્વ હાર બનાવવા સોનું, મોતી, રત્ન વગેરે આપ્યું. સોનીઓએ ૬ મહિનામાં હાર તૈયાર કર્યો અને હારનું નામ 'દેવવલ્લભ' રાખ્યું.

### ❖ ભંડારામાંથી હાર ગાયબ

થોડા દિવસો બાદ હાર ભંડારમાંથી ગાયબ થઈ ગયો. રાજાએ નગરમાં ઘોષણા કરાવી કે જે માણસ હાર શોધી આપશે તેને પાંચ ગામ ઈનામમાં મળશે. પરંતુ હારનો પત્તો ન મળ્યો. રાજાએ

જ્યોતિષીઓ બોલાવ્યા. તેમણે કહ્યું કે હાર ઘણા વર્ષો બાદ મળશે અને હાર જેને મળશે તે તમારી પાટે રાજા થશે.

❖ પાર્શ્વદત્ત અને પ્રિયશ્રી

આ અશોકપુરમાં પાર્શ્વદત્ત નામનો એક ધનાઢ્ય શ્રેષ્ઠી રહેતો હતો. તેની પત્નીનું નામ પ્રિય શ્રી હતું. કર્મસંયોગે તેઓ નિર્ધન થયા તેથી નગરનો ત્યાગ કરી નજીકમાં જ 'શ્રી વાસ' નામના નગરમાં રહેવા લાગ્યા. ત્યાં તેમને પુત્ર થયો જે એક વર્ષનો થતાં. બાળરોગથી મૃત્યુ પામ્યો. થોડા દિવસ બાદ પ્રિયશ્રીએ સ્વપ્નમાં જોયું કે ભૂમિખોદતાં તેને મોટું ઝળહળતું વિંધાયા વિનાનું મોતી મળ્યું. તેણે પતિને સ્વપ્નાની વાત કરી. પતિએ કહ્યું કે તો આપણને રત્ન જેવા પુત્રની પ્રાપ્તિ થશે અને થોડા સમય બાદ પ્રિયશ્રીએ એક રત્ન જેવા પુત્રને જન્મ આપ્યો. અને કેટલાક દિવસ બાદ પુત્ર સાથે તેઓ અશોકપુર પાછા આવવા નીકળ્યાં. તેઓ અશોકપુરના બાહ્ય ઉદ્યાનમાં પહોંચ્યા. ત્યાં એક આમ્રવૃક્ષથી નીચે દેવપૂજા કરી, વિશ્રામ કરવા લાગ્યા. તે સમયે દેવવાણી સંભળાઈ કે આ બાળક ૧૫ વર્ષ પછી આ નગરનો રાજા થશે અને ચિરકાળ જીવશે અને રાજપુત્રો પણ તેમની સેવા કરશે. આ સાંભળી માતાપિતાએ પૂછ્યું કે તમે કોણ છો ? ત્યારે દેવ બોલ્યા કે હું તમારો પ્રથમ પુત્ર છું અને મૃત્યુ સમયે તમે મને નમસ્કાર મહામંત્ર સંભળાવ્યો હતો તેથી તેના પ્રભાવથી હું નાગરાજ ધરણેન્દ્રના પરિવારમાં દેવ બન્યો છું અને અહીં રહું છું. જ્યાં સુધી ભાઈને રાજ્ય નહિ મળે ત્યાં સુધી હું સાન્નિધ્યમાં રહીશ. મારો ભાઈ ભાગ્યશાળી છે અને તેનું નામ પ્રિયંકર રાખજો.

પાર્શ્વદત્ત અને પ્રિયશ્રી અશોકપુરમાં પાછા આવી ભાડે ઘર રાખી રહેવા લાગ્યા. કેટલાક દિવસો બાદ પ્રિયશ્રીના ભાઈના

લગ્નનો પ્રસંગ આવ્યો. પ્રિયશ્રી નિર્ધન હોવાથી પિયરમાં ખૂબ જ અપમાનિત થઈ ત્યારે તે વિચારવા લાગી કે પૂર્વભાવમાં પુણ્ય કર્યું નથી તેનું આ ફળ છે. તેથી તે શ્રી નમસ્કાર મહામંત્ર, શ્રી ઉવસગ્ગહર સ્તોત્ર જાપ, દેવવંદન, કાર્યોત્સર્ગ, પ્રતિક્રમણ આદિ પુણ્યકર્મો કરવા લાગી.

એક વખત પ્રિયશ્રીને માટી ખોદતા તે ખાડામાંથી ધનના ભંડાંર મળ્યા અને તેઓ ધનાઢ્ય બની ગયા. પ્રિયશ્રીને એવું લાગ્યું કે તેને તેની ધર્મઆરાધનાનું ફળ મળ્યું છે. તે ખૂબ ખુશ થઈ.

સમય જતા પ્રિયંકર મોટો થયો અને અધ્યયન કરવા લાગ્યો. પ્રિયંકર અલ્પ સમયમાં જ સર્વ વિદ્યાઓમાં કુશળ બની ગયો. અને ધર્મશાસ્ત્રનું અધ્યયન કમલપ્રભસૂરિજી પાસે શરૂ કર્યું. ગુરુદેવે બાર વ્રત, સમ્યગ્ દર્શન, જ્ઞાન-ચારિત્ર વગેરેનું જ્ઞાન આપ્યું. અને પ્રિયંકર મહાશ્રાવક બની ગયો. ગુરુએ હિતશિક્ષામાં કહ્યું કે બાલ્યવયથી જ ધર્મ કરવો જોઈએ. કારણ કે જે દિવસો જાય છે તે પાછા આવતા નથી. પ્રિયંકર પણ પ્રતિદિન સામાયિક, પ્રતિક્રમણ, જિનપૂજા, પ્રત્યાખ્યાન, દયાદાન કરવા લાગ્યો. તેની ધર્મ પ્રત્યેની શ્રધ્ધા જોઈને ગુરુએ શ્રી ઉવસગ્ગહર સ્તોત્રના આમ્નાય બતાવ્યા.

### ❖ પ્રિયંકર આપત્તિમાં

એક દિવસ પ્રિયંકર પાસેના ગામમાં ઉઘરાણી કરવા ગયો અને રસ્તામાં ભીલોએ તેને પકડ્યો અને પલ્લિપતિને સોંપી કેદખાનામાં પૂર્યો.

જ્યારે પાર્શ્વદત્ત અને પ્રિયશ્રીએ આ વાત સાંભળી અને તેઓ કલ્પાન્ત કરવા લાગ્યા. તેઓ ખૂબ દુઃખી થયા અને શ્રીનમસ્કાર મહામંત્ર અને શ્રી ઉવસગ્ગહર સ્તોત્રનો જાપ કરવા લાગ્યા. તેમને

દેવના વચન યાદ આવ્યા કે સંકટ સમયે મારી પાસે આવજો. તેથી તેઓ ઉદ્યાનમાં દેવાધિષ્ઠિત આમ્રવૃક્ષ નીચે પહોંચ્યા અને દેવને પ્રિયંકર અંગે પૂછ્યું. ત્યારે દેવે કહ્યું કે આજથી પાંચમાં દિવસે પ્રિયંકર લગ્ન કરીને ઘેર પાછો આવશે.

આ બાજુ પ્રિયંકરે કારાવાસમાં ગુરૂના વચન યાદ કરી સંકટમાં વિશેષે 'શ્રી ઉવસગ્ગહર સ્તોત્ર'ના બાર હજાર જાપ કર્યા. એટલામાં પલ્લિપતિની સભામાં જ્ઞાની વિદ્યાસિદ્ધ પધાર્યા તેમણે કહ્યું કે જે પ્રિયંકરને તમે જેલમાં પૂર્યો છે તે જ અશોકપુરનો રાજા બનશે. તે બહુ પુણ્યશાળી છે. દેવ તેને રાજ્ય અપાવશે. આથી પલ્લપતિએ પ્રિયંકરને છોડી દીધો અને તેની દીકરી વસુમતિના લગ્ન પ્રિયંકર સાથે કરાવ્યા.

પ્રિયંકરે વિચાર્યું કે આ પ્રભાવ શ્રી ઉવસગ્ગહર સ્તોત્રનો જ છે. મારી આપત્તિ દૂર થઈ. સંપત્તિ પ્રાપ્તિ થઈ, અપમાનના બદલામાં સન્માન મળ્યુ, પત્ની મળી આ કૃપા શ્રી પાર્શ્વનાથ ભગવતની અને એમના અધિષ્ઠાયક દેવોની છે.

❖ **પ્રિયકરને સ્વપ્ન આવ્યું**

એક રાત્રિએ પાછલા પહોરે પ્રિયંકરને મહાઆશ્ચર્યકારી સ્વપ્ન આવ્યું તેણે પોતાના શરીરમાંથી આંતરડા બહાર કાઢ્યાં. અને તે આંતરડાને લાંબા કરીને સમગ્ર અશોકપુરને લપેટી લીધુ. પછી તેણે પોતાના શરીરને સળગતું જોયું અને તે પોતે પાણીથી આગ હોલવે છે. આ સ્વપ્ન જોઈ તે જાગી ગયો અને નમસ્કાર મહામંત્રના ધ્યાંનમાં લીન થઈ ગયો ને પિતા પાર્શ્વદત્તના કહેવાથી તે ત્રિવિક્રમ ઉપાધ્યાય પાસે પહોંચ્યો અને સ્વપ્નના ફળ વિશે પૂછ્યું. ઉપાધ્યાયે આ સ્વપ્નનું ફળ રાજ્ય પ્રાપ્તિ કહ્યું અને તેથી તેની પુત્રી સોમવતી

જે ખૂબ રૂપમતી લાવણ્યમયી હતી. તેને પ્રિયંકર સાથે પરણાવી આમ પ્રિયંકરના રાજા ભવિષ્યમાં કથનને કારણે તેને બે પત્નીઓ મળી. પહેલી વસુમતી અને બીજી સોમવતી.

### ❖ ધનદત્ત શ્રેષ્ઠીને સહાયતા

પ્રિયંકરની પાસે જ 'ધનદત્ત' નામે ધનાઢ્ય શ્રેષ્ઠી રહેતો હતો. તેણે નવું મકાન બંધાવ્યું. નવા ઘરમાં દેવાલયની સ્થાપના કરી. દેવપૂજા કરી અને જૈનસંઘને ભોજન આપ્યું. ગરીબોને અનુકંપાદાન આપ્યું અને પોતાના પરિવાર સાથે નવા ઘરમાં રહેવા લાગ્યો.

પરંતુ નવા ઘરમાં દુષ્ટ વ્યંતર હેરાન કરવા લાગ્યો. તેથી તેઓ ભયભીત બન્યા. તેમણે મંત્રવિદોને બોલાવ્યા અને મંત્રોપચાર કરાવ્યો પરંતુ કાંઈ જ અસર ન થઈ. ઉપરથી વ્યંતર વધારે રોષાયમાન થયો અને વધારે કષ્ટ પહોંચાડવા લાગ્યો.

ધનદત્તે પ્રિયંકરને આ વાત કરી. પ્રિયંકરે નવા મકાનમાં શ્રી પાર્શ્વનાથ સ્વામિની પ્રતિમા પધરાવી અષ્ટપ્રકારી પૂજા કરી. મૌન પણે ૫૦૦ વાર શ્રી ઉવસગ્ગહરનો જાપ શરૂ કર્યો. અખંડ સ્તોત્ર જાપથી વ્યંતર ઘર છોડીને ભાગી ગયો. ધનદત્તે ખુશ થઈને તેની પુત્રી શ્રીમતીના લગ્ન પ્રિયંકર સાથે કરાવ્યાં અને પુષ્કળ ધન આપ્યું.

### ❖ મંત્રીશ્વર હિતંકર

ધનદત્તના ઘરમાંથી દેવનો ઉપદ્રવ દૂર થયાની વાત સાંભળી મંત્રીશ્વર હિતંકર, પ્રિયંકર પાસે આવ્યા. મંત્રીશ્વરની પુત્રીમાં કોઈ ભૂત-પ્રેતનો પ્રવેશ થયો હતો. ઘણાય ઉપચારો કરવા છતાં તે સારી થઈ ન હતી. તેથી પ્રિયંકરને વિનંતી કરી કે મારી પુત્રીને સારી કરી દો.

પ્રિયંકરે આઠમ – ચૌદશના દિવસે શ્રી પાર્શ્વનાથ સ્વામિની પુષ્પાદિથી અષ્ટપ્રકારી પૂજા કરી, ૫૦૦ વાર શ્રી ઉવસગ્ગહરનો જાપ શરૂ કર્યો. અને મંત્રી પુત્રીમાં સુધારો થતો ગયો.

તેવામાં પ્રિયંકરને ઘેર કોઈ અજાણ્યો નિર્ધન બ્રાહ્મણ આવ્યો. તેણે કહ્યું કે સિંહલદ્વિપમાં સિંહલેશ્વર રાજાએ યજ્ઞ કર્યો છે અને સર્વ બ્રાહ્મણોને ધન તથા લાખ રૂપિયાની કિંમતના હાથીઓનું દાન આપનાર છે. માટે હું ત્યાં જાઉં છું અને તમે મારી સ્વરૂપવાન પત્નીને સાચવજો. પ્રિયંકરે તેમ કરવાની ના કહેતા, બ્રાહ્મણે કહ્યું કે ઉત્તમ સ્ત્રીઓ ઉત્તમના ઘેર જ મૂકાય અને કહ્યું કે (૧) કાશીનગરનો (૨) કશ્યપ ગોત્રનો (૩) કામદેવ પિતા (૪) કામનદેવી માતા (૫) કેશવ નામનો (૫) કરવત હાથમાં રાખનારો (૭) કષાય રંગ વસ્ત્રવાળો.

આવા સાત કકકારની નિશાનીવાળાને આ સ્ત્રી આપવી અને ત્રીજા દિવસે જ સાત કકકારની નિશાનીવાળો બ્રાહ્મણ આવ્યો. તેના કહેવા મુજબ સ્વજનોએ તેને સહલદ્વિપ જવાની ના પાડી તેથી તે પાછો આવ્યો અને પ્રિયંકર પાસેથી પોતાની સ્ત્રીને લઈ ગયો.

કેટલાક મહિનાબાદ સાતગંજ પ્રમાણવાળાં મહાકાયાવાળા પર્વત જેવા ગજેન્દ્રને સિંહદ્વીપથી લઈ એક બ્રાહ્મણ પ્રિયંકરને ઘેર પોતાની સ્ત્રીને લેવા આવ્યો. પ્રિયંકરે કહ્યું કે તું પહેલાં જ સાત નિશાની બતાવીને તારી પત્ની લઈ ગયો છે. હવે કેમ ફરી આવ્યો છે? તેથી બ્રાહ્મણે ઝઘડો કર્યો. પ્રિયંકરે કહ્યું કે તું બ્રાહ્મણ નથી પણ કોઈ દેવ યા દાનવ છે.

બ્રાહ્મણ દેવરૂપમાં પ્રકટ થયો અને કહ્યું કે તું મંત્રીપુંત્રીને છોડી દે. અને દેવે કહ્યું કે આ મંત્રીપુત્રીએ મારું અપમાન કર્યું છે, તેથી હું તેના શરીરમાં રહું છું. પરંતુ તારા શ્રી ઉવસગ્ગહર સ્તોત્રના જાપથી હવે હું તેના શરીરમાં રહી શકું તેમ નથી. હું તારા પર સંતુષ્ટ છે. અને પ્રિયંકરના કહેવાથી તેણે મંત્રીપુત્રીને મુક્ત કરી પણ અભિશાષ આપ્યો કે આ છોકરીએ મારી નિંદા કરી છે તેથી તેને અનેક પુત્રપુત્રીઓ થશે અનો યક્ષે પ્રિયંકરને સર્વ પક્ષીઓની ભાષા

જાણવાની શક્તિ આપી અને હિતંકર મંત્રીએ એ 'યશોમતી' નામની દીકરીના લગ્ન પ્રિયંકર સાથે કરાવ્યા અને ઘણું ધન આપ્યું.

### ❖ પ્રિયંકરને રાજ્ય પ્રાપ્તિ

રાજાએ પણ પ્રિયંકરના ગુણો સાંભળીને એને દરરોજ રાજસભામાં આવવા નિમંત્રણ આપ્યું. રાજા તરફથી તેને સન્માન મળવા લાગ્યું.

કેટલાંક દિવસો બાદ રાજાના બે પુત્રો અરિશૂર અને રણશૂરનું અચાનક અવસાન થઈ ગયું. પુત્રના અવસાનથી રાજા શોકમગ્ન બની ગયો. તેનું મન વ્યાકુળ રહેવા લાગ્યું અને શરીર રોગગ્રસ્ત થઈ ગયું. એક દિવસ રાજાને સ્વપ્ન આવ્યું કે ગધેડા જોડેલાં વાહનમાં બેસીને એ દક્ષિણ દિશામાં ગયો. સ્વપ્નશાસ્ત્રના જ્ઞાતાઓને સ્વપ્નનું ફળ પૂછતાં તેમણે કહ્યું કે આ સ્વપ્ન જોનારનું અલ્પ સમયમાં મૃત્યુ થશે.

રાજા અને મંત્રી ચિંતામગ્ન બની ગયા. રાજાએ પ્રભુપૂજા, અનાથોને દાન... જેવા પુણ્યકાર્યો શરૂ કર્યા.

એક દિવસ પ્રિયંકર રાજસભામાં જતો હતો. રસ્તામાં દુર્ગા નામના પક્ષીએ પ્રિયંકરને કહ્યું કે આજે તને રાજા તરફથી ભય છે. ફરીથી પક્ષી બોલ્યું કે તારી ઉપર ચોરીનો આરોપ આવશે અને તું બંધનગ્રસ્ત બનીશ. ત્રીજી વાર પક્ષી બોલ્યું કે તને રાજ્ય મળશે પક્ષીના પરસ્પરના વિરોધ વચનો સાંભળી તેને આશ્ચર્ય થયું અને તે રાજ્યસભામાં પહોંચ્યો. રાજાને પ્રણામ કરતો હતો એવામાં ઓચિંતા તેના મસ્તક પર 'દેવવલ્લભ' હાર પડ્યો. સૌને આશ્ચર્ય થયું કે આ હાર તો ચોરાઈ ગયો હતો. રાજાને લાગ્યું કે આ હાર પ્રિયંકરે જ ચોર્યો હશે. સૈનિકોએ તેને દોરડાથી બાંધ્યો. તે જ સમયે દિવ્ય આભૂષણોથી શોભતી ચાર સ્ત્રીઓ રાજસભામાં આવી અને ચારેમાં જે

મોટી સ્ત્રી હતી તેણે કહ્યું કે અમે પાટલીપુત્રથી મારા પુત્ર પ્રિયંકરની શોધમાં આવ્યા છીએ. તે નારાજ થઈને ઘેરથી ચાલ્યો ગયો છે, રાજાએ પ્રિયંકરને બોલાવ્યો, તે જોતાં જ એ સ્ત્રી બોલી કે આ જ મારો પુત્ર છે. બીજી સ્ત્રીએ કહ્યું કે આ મારો ભાઈ છે, ત્રીજીએ દિયર અને ચોથીએ પતિ તરીકે ઓળખાવ્યો. રાજાએ તેના પિતા માટે પૂછ્યું તો તેઓએ પિતાને પણ બોલાવ્યા. આ જોઈ મંત્રીએ વિચાર્યું કે પ્રિયંકરના પિતા પાર્શ્વદત્ત અને માતા પ્રિયશ્રી તો આ નગરમાં જ રહે છે. આ બધા મનુષ્ય લાગતા નથી. તેમણે નગરમાંથી પાર્શ્વદત્ત અમે પ્રિયશ્રીને બોલાવ્યા. તેમને જોઈ આવેલા પિતા દેવરૂપ થઈ ગયા અને ચાર મહિલાઓ અદ્રશ્ય થઈ ગઈ. દેવે કહ્યું કે હું આ રાજ્યનો અધિષ્ઠાયક દેવ છું. આજથી સાતમા દિવસે રાજાનું મૃત્યુ થશે. અને રાજા બનવા યોગ્ય વ્યક્તિ પ્રિયંકર જ છે. તેણે હાર ચોર્યો નથી. હાર મારી પાસે હતો અને મેં જ પ્રિયંકરના માથા પર હાર નાંખ્યો હતો. રાજાએ પોતાના પુત્રને રાજા બનાવવા માટે પૂછ્યું તો દેવે કહ્યું કે તેનું આયુષ્ય અલ્પ છે. અને તે પ્રજાપ્રિય નથી. આથી રાજાએ જાતે જ પ્રિયંકરનો રાજ્યાભિષેક કરાવ્યો.

તે સમયે નગરમાં '**ધર્મનિધિ**' નામે આચાર્ય પધાર્યા. રાજા પ્રિયંકર તેમને વંદન કરવા ગયો અને તેમની પાસેથી રાજા પ્રિયંકરે શ્રી ઉવસગ્ગહર સ્તોત્રનો મહિમા જાણ્યો.

### ❖ રાજા પ્રિયંકર ધરણેન્દ્રની સાથે પાતાળ લોકમા

પ્રિયંકર રાજાની મહેલની પાસે જ તીર્થંકર પાર્શ્વનાથનું મંદિર હતું. રાજા દરરોજ રાત્રિના પ્રથમ પ્રહર દરમિયાન મંદિરમાં જઈ શ્રી ઉવસગ્ગહર સ્તોત્રનો જાપ તેમજ ધ્યાન કરતા હતા.

એક દિવસ તે સંધ્યા સમયે મંદિરમાં ગયા. રાત આખી વીતી ગઈ. પ્રભાત થયું. પરંતુ રાજા મંદિરની બહાર ન આવ્યા.

મંત્રીઓએ મંદિરના દ્વારા તોડવાનો પ્રયત્ન કર્યો પરંતુ દ્વાર તૂટ્યાં નહિ. ત્યારે અધિષ્ઠાયક દેવે કહ્યું કે રાજા આનંદમાં છે, તમે ચિંતા ન કરો. અને રાજાની દૃષ્ટિથી જ દ્વાર ખૂલશે. અને કહ્યું કે નાગરાજ ધરણેન્દ્ર રાજાને પોતાની સાથે લઈ ગયો છે.

દસમા દિવસે રાજાની દૃષ્ટિ પડતાં જ કમાડ ઉઘડી ગયા. પ્રધાનોએ રાજાને પાતાલનું સ્વરૂપ અને ધરણેન્દ્રની સમૃદ્ધિ પૂછતાં રાજા બોલ્યા કે જ્યારે તેઓ પ્રાસાદમાં શ્રી ઉવસગ્ગહર સ્તોત્રનો ધ્યાનમાં ગણતા હતા ત્યારે ત્યાં એક મહાકાય સર્પ શ્રી પાર્શ્વનાથ સ્વામીના આસન પર ચડ્યો. દેવની આશાતનાના ભયથી સર્પને પૂંછડેથી પકડ્યો. તરત જ સર્પ રૂપ છોડી ધરણેન્દ્ર થયા અને રાજાને પાતાલમાં લઈ ગયા. દસ દિવસ દેવતાઈ ભોજન કરાવ્યા. તેમની ઋદ્ધિનું વર્ણન થઈ શકે તેમ નથી. દેવદેવીઓ મારી સેવા કરતા હતા. દસમા દિવસે ધરણેન્દ્રે પોતાના હાથમાં રહેલી પ્રભાવસંપન્ન દેવતાઈ રત્નમય આકાશમાં રહેનારી અનેક માણસોને ભોજન કરાવી શકે તેવી મુદ્રિકા આપી.

પાતાળલોકમાં પુણ્યનું ફળ જોઈ રાજાને અને બીજા લોકોને પણ પુણ્ય કરવાની અભિરૂચિ થઈ.

- રાજાએ નવાં નવાં જિનમંદિર બનાવવાં શરૂ કર્યાં.
- લાખોની સંખ્યામાં જિનમૂર્તિઓ બનાવવા લાગ્યા.
- અનેક જ્ઞાનભંડારોની સ્થાપના કરવા લાગ્યા.
- સાધુ-પુરૂષોની સેવા-ભક્તિ કરવા લાગ્યા
- સાધર્મિક – વાત્સલ્ય કરાવવાનું શરૂ કર્યું.

પાર્શ્વદત્ત અને પ્રિયશ્રીની ઇચ્છા શત્રુંજ્ય મહાતીર્થની યાત્રા કરવાની થઈ. રાજા પ્રિયંકરે ગિરિરાજની સંઘયાત્રા કાઢી. શત્રુંજ્યની તળેટીમાં જ પાર્શ્વદત્તનો સ્વર્ગવાસ થયો. પ્રિયંકર રાજાએ પિતાના

નામે શત્રુંજ્ય પર્વત પર દેવમંદિર બંધાવ્યું અને મહોત્સવ કર્યો. તીર્થંકર શ્રી ઋષભદેવની પાદુકાયુક્ત સુવર્ણ રાયણવૃક્ષ પોતાના ઘેર બનાવી દરરોજ પૂજા કરવા લાગ્યા આ રીતે ધર્મ-અર્થ-કામ ત્રણે પુરુષાર્થની ઉચિત આરાધના કરતાં વૃદ્ધ બન્યા. ૭૬ વર્ષ રાજ્ય કરી પુત્ર જયશંકરને રાજ્ય સોંપી ધર્મમય બની ગયા. આઠમ-ચૌદસના દિવસે પૌષધવ્રત કરતા (૨) સુપાત્રને દાન આપતા. (૩) પ્રતિદિન તીર્થંકર પાર્શ્વનાથની પૂજા કરતા (૪) શ્રી નમસ્કાર મહામંત્ર અને શ્રી ઉવસગ્ગહર સ્તોત્રના જાપમાં લીન રહેતા હતા. ૯૨માં વર્ષે અનશન વ્રત સ્વીકારી સમાધિમૃત્યુ પામ્યા. મરીને તેઓ સૌધર્મ દેવલોકમાં દેવ થયા. ત્યાંનું આયુષ્ય પૂર્ણ કરી મહાવિદેહ ક્ષેત્રમાં મનુષ્ય જન્મ પામશે અને મોક્ષ પામશે.

આમ શ્રી ઉવસગ્ગહર સ્તોત્રના સ્મરણથી પ્રિયંકર રાજાના પહેલી, બીજા અને ત્રીજી ગાથા અનુસાર દુઃખ, દારિદ્રય દૂર થાય છે. સુખ, સૌભાગ્ય અને લક્ષ્મીની પ્રાપ્તિ થાય છે અને ચોથી અને પાંચમી ગાથા અનુસાર, સાચા હૃદયથી કહેલી પાર્શ્વપ્રભુની ભક્તિથી અજરામર પદને પામે છે.

પ્રિયકર રાજાની આ કથા સાંભળીને, બુદ્ધિશાળી માણસોએ આ સંસારમાં શુભધ્યાન, જિનેશ્વરદેવ અને સદ્દગુરુઓને પ્રણામ, દાન વગેરે ધર્મકાર્યો કરવા, જેનાથી રાજ્યસુખ અને સુખસંપત્તિ, છેલ્લે મોક્ષ પ્રાપ્તિ થાય છે.

વિશાલરાજ સુરીશ્વરના (શિષ્ય) તથા સુધાભૂષણ સદ્દગુરુના શિષ્ય, જિનસૂર નામના મુનિએ સુકૃતને માટે આ કથાની રચના કરી, જેઓ કલ્યાણને કરવાવાળી એવી ઉપસર્ગહર સ્તોત્રના પ્રભાવનું વર્ણન કરતી એવી આ કથા સાંભળે છે અથવા બીજાને સંભળાવે છે તેઓ સુખ અને કલ્યાણને પ્રાપ્ત કરે છે.

## ૧૧. શ્રી ઉવસગ્ગહર પાર્શ્વ તીર્થ



श्री उवसग्गहरं पार्श्व तीर्थपति

भूगर्भ से प्राप्ति के बाद लेप

પરમતારક દેવાધિદેવ શ્રી ઋષભદેવથી તીર્થંકર મહાવીર સુધીના પરમાત્માઓના તપ-જાપ, સંયમી જીવન અને સાધનાથી શ્રી શેત્રુંજ્ય, સમ્મેતશીખર, પાવાપુરી, સમ્પાપુર, ગીરનાર વગેરે તીર્થોની સ્થાપના થઈ છે. આજે પણ તપ અને જપથી કર્મોને ખપાવવા પ્રેરિત કરે છે. અને આત્મકલ્યાણનો માર્ગ બતાવે છે.

આવી ગૌરવશાળી પરંપરામાં આચાર્ય ભગવંત શ્રી વિજય લબ્ધિસૂરિશ્વરજી તથા મહાન યોગીરાજ સમ્રાટ શ્રી શાંતી ગુરુદેવની પાવન નિશ્રામાં મધ્યપ્રદેશના શિવનાથ નદીના કિનારે છત્તીસગઢના નગપુરા ગામમાં શ્રી ઉવસગ્ગહર પાર્શ્વ તીર્થનો વિકાસ થયો

કહેવાય છે કે શિવનાથ નદીનો કિનારો અનેક મહાપુરુષોના આત્મકલ્યાણ માટેનું સ્થળ રહ્યું હતું. હજારો વર્ષ પહેલાં ૨૩ના તીર્થંકરશ્રી પાર્શ્વનાથ પણ અહીં પધાર્યા હતા. તેથી આ તીર્થની પ્રભાવક્તા વધુ છે.

## ❖ તીર્થનો પ્રભાવ

આ તીર્થના તીર્થપતિ પાર્શ્વપ્રભુના દર્શન કરતા જ હૈયું ભક્તિથી નાચી ઊઠે છે. પ્રભુજીની પ્રતિમા જ અલૌકિક છે. પાર્શ્વપ્રભુની અદ્વિતીય મનમોહન છબી જોઈ હૈયું હર્ષવિભોર થઈ જાય છે. પ્રભુનું લોહચુંબકીય આકર્ષણ એવું તો ખેંચે છે કે બસ પ્રભુને જોયા કરવાનું જ મન થાય. મનમાં 'શ્રી ઉવસગ્ગહર પાસં પાસં વંદામિ'ની લગની લાગેલી જ રહે છે. જાણે સાક્ષાત પાર્શ્વનાથ પ્રભુ સામે બિરાજમાન હોય તેવા મનમાં ભાવો થવા લાગે છે. આ તીર્થનો મહિમા અપરંપાર છે.

આ તીર્થના પ્રગટ પ્રભાવી અધિષ્ઠાયક દેવ શ્રી મણિભદ્રવીર અને પદ્માવતી દેવી ભક્તોની મનોકામના પૂરી કરે છે.

❖ **નાગ-નાગણનું આગમન**

આ તીર્થના શિલારોપણના દિવસથી જ એક નાગ-નાગણનું જોડું એક સાથે મૂળ ગભારા સુધી પ્રદક્ષિણા કરી અદૃશ્ય થઈ જાય છે

'શ્રી ઉવસગ્ગહર તીર્થ'ની વિશેષતાઓ

'શ્રી ઉવસગ્ગહર' પાર્શ્વ જિનાલય

**૧. મુખ્ય જિનાલય**

- આ મંદિર ૬૭ ફૂટ ઊંચું અને ૯૯૪૫ વર્ગ ફૂટ વિસ્તારમાં બનાવવામાં આવ્યું છે. પૂર્વભિમુખ ત્રણ શિખર યુક્ત આ જિનાલયમાં મૂળ ગભારામાં તીર્થપતિ સહિત શ્રી પાર્શ્વપ્રભુની ૧૫ પ્રતિમાઓ બિરાજમાન છે.
- રંગમંડપ ના ગોખલામાં ૧૪ પ્રતિમાએ પ્રતિષ્ઠિત છે.
- નૃત્ય મંડપની એક બાજુ શ્રી ઉવસગ્ગહર સ્તોત્રના રચિયતા શ્રી ભદ્રબાહુસ્વામી અને કેશી સ્વામીની પ્રતિમા છે.
- મંડપના ૧૪ ગોખલામાં શ્રી ઉવસગ્ગહર સ્તોત્ર સંદર્ભિત મહાપ્રભાવિક યંત્રની સ્થાપના કરી છે.
- મુખ્ય મંદિરના ત્રણ શિખરોના ગભારામાં ક્રમશઃ એક બાજુ પાર્શ્વ પ્રભુની ૩ પ્રતિમા વચ્ચે પાર્શ્વપ્રભુની કાર્યોત્સર્ગ મુદ્રા સહિત ૩ પ્રતિમા, તથા ગોખલામાં મુનિસુવ્રત સ્વામી અને શ્રી પાર્શ્વનાથ અને બીજી બાજુ પાર્શ્વપ્રભુની ૫ પ્રતિમાઓ પ્રતિષ્ઠિત છે.
- મંદિરનાં આગળના ભાગમાં શ્રી લબ્ધિસૂરિશ્વરજી ગુરુમહારાજ અને વિક્રમસૂરિ મહારાજની દેરીઓ છે.
- મુખ્ય મંદિરની શરૂઆતમાં સીડીની સામે જ શ્રી પાર્શ્વપ્રભુની ખંડિત ચરણપાદુકાની દેરી છે.

## ૨ શ્રી કલ્યાણ મંદિર જિનાલય

- દેવાધિદેવ શ્રી પાર્શ્વપ્રભુના દસ ભવોનું કલાત્મક ચિત્રણ કરીને **કલ્યાણ મંદિરનું શિખરયુક્ત જિનાલય બનાવ્યું છે.**
- કાયોત્સર્ગ મુદ્રામાં શ્રી પાર્શ્વનાથની પ્રતિમા, શ્રી પદ્માવતી દેવીએ ધારણ કરેલ છે. ઉપર મેઘમાલીનો ઉપસર્ગ અને ૧૦ ભવની ગાથા છે.
- આ મંદિરનાં પાર્શ્વયક્ષ યક્ષિણી સહિત પાર્શ્વપ્રભુની પ્રતિમા પ્રતિષ્ઠિત છે.
- ઉપર ગભારામાં ૠષભદેવ ભગવાન અને તેની સાથે ધ્યાન મંડપની દિવાલો પર શ્રી કલ્યાણમંદિર સ્તોત્ર અર્થ સહિત અંકિત છે.

## 3. શ્રી નમિઉણ પાર્શ્વ જિનાલય

મુખ્ય મંદિરની એક બાજુ આરસ પર ભાવાર્થ સહિત શ્રી **'नमिऊण स्तोत्र'** અંકિત કરેલ છે. અને સાથે ભવ્ય નમિઉણ પાર્શ્વ જિનાલય છે. જેમાં મૂળનાયક નમિઉણ સહસ્ત્રફણા પાર્શ્વનાથ સહિત પાર્શ્વપ્રભુની અને શ્રી મહાવીર પ્રભુની એક તથા શિખર ગભારામાં શ્રી સીમંધર સ્વામીની પ્રતિમા પ્રતિષ્ઠિત છે.

## ૪. શ્રી માણિભદ્ર વીર અને પદ્માવતી મંદિર

તીર્થના મુખ્ય મંદિરની એક બાજુ શ્રી માણિભદ્રવીરનું મંદિર છે. સાથે પુનિયાબાબા, શ્રી નાકોડાજી ભૈરવની મૂર્તિઓ પ્રતિષ્ઠિત છે. તેની દિવાલો પર તીર્થદર્શન પટ્ટ સહિત પ્રમુખ સ્થાનો પર સ્થાપિત શ્રી માણિભદ્રવીરની પ્રતિમાઓના ચિત્ર ખૂબ જ સુંદર છે.

બીજી બાજુ પદ્માવતીદેવીની અસાધારણ ભવ્ય પ્રતિમા યુક્ત શોભિત મંદિર છે. આ મંદિરમાં શ્રી ચક્રેશ્વરી દેવી,

શ્રી અંબિકાદેવી, શ્રી સરસ્વતી દેવી અને શ્રી લક્ષ્મીદેવીની મૂર્તિઓ પ્રતિષ્ઠિત છે. તેની દિવાલો પર તીર્થદર્શન પટ સહિત પ્રમુખ સ્થાનો પર સ્થાપિત પદ્માવતી દેવીની પ્રતિમાઓના ચિત્ર છે. આ એક સુંદર દર્શનીય સ્થળ છે.

### ૫. શ્રી ચારિત્ર મંદિર

મુખ્ય મંદિરની પાછળ ભવ્ય શ્રી ચારિત્ર મંદિર છે. જેમાં શ્રી ગૌતમસ્વામી, શ્રી પાર્શ્વપ્રભુના પ્રથમ ગણધર, જિનચંદ્ર સૂરિ, શ્રી કુશલસૂરિ તથા યોગીરાજ શ્રી શાંતિ ગુરુદેવની પ્રતિમાઓ પ્રતિષ્ઠિત છે. એટલે કે સુંદર દાદાવાડીનું નિર્માણ કરેલ છે.

### ૬. તીર્થંકર ઉદ્યાન

અહીં ૨૪ તીર્થંકારોનો સંપૂર્ણ પરિચય મળે છે. ૨૪ તીર્થંકર ભગવંતોને જે જે વૃક્ષો નીચે કેવળજ્ઞાન પ્રાપ્ત થયું તે તે વૃક્ષો ઉદ્યાનમાં લગાવ્યા છે. અને વૃક્ષથી નીચે કેવળજ્ઞાન પ્રાપ્તિની મુદ્રામાં આરસની તીર્થંકર પ્રતિમાઓ બિરાજમાન કરવામાં આવી છે.

### ૭. મેરુપર્વત

ભારતમાં પહેલી વાર મેરુ પર્વતની ભવ્ય રચના મુખ્ય મંદિરની પાછળ કરવામાં આવી છે. પર્વતના શિખર પર ધાતુની ચૌમુખી પ્રતિમા તથા ગુફામાં ૨૪ તીર્થંકરોની પ્રતિમા પ્રતિષ્ઠિત કરેલ છે.

### ૮. અન્ય

આ ઉપરાંત વિશાળ ઉપાશ્રય, જ્ઞાનભંડાર, કેસર-સુખડ ભવન, ભાતી ભવન, પીવાના પાણીની પરબ, શ્રી માણિભદ્રવીર જૈન ભોજનશાળા તથા ૪ ધર્મ શાળાઓનું નિર્માણ કરેલ છે.

આમ પાર્શ્વનાથ ભગવાન પર રચિત મુખ્ય **ત્રણ સ્તોત્રો**

૧. શ્રી ઉવસગ્ગહર સ્તોત્ર

૨. કલ્યાણમંદિર સ્તોત્ર

૩. નમિઉણ સ્તોત્ર

પરથી ભવ્ય જિનાલયની રચના થઈ છે.

## ❖ શ્રી ઉવસગ્ગહર પાર્શ્વનાથ પ્રભુનો પ્રાચીન ઇતિહાસ

ઈતિહાસના સંદર્ભગ્રંથો, તેનું વિવેચન અને શિલ્પકલાના પ્રાપ્ત આધારો પરથી નીચેની માહિતી પ્રાપ્ત થાય છે.

શ્રી ઉવસગ્ગહર પાર્શ્વ તીર્થ મધ્યપ્રદેશના દુર્ગ શહેરની ૧૪ કિ.મી. દૂર નગપુરાની આ પ્રતિમાની, ભગવાન મહાવીર જ્યારે ૩૭ વર્ષના હતા ત્યારે ભગવાન પાર્શ્વનાથના પ્રભાવી શિષ્ય આચાર્ય શ્રી કેશી ગણધરે પ્રતિષ્ઠા કરેલ હતી.

એમ કહેવામાં આવે છે કે કેશી સ્વામીએ પ્રદેશી રાજાને બોધ આપીને જૈન ઉપાસક બનાવ્યા હતા. તેમણે પ્રદેશીના રાજ્યમાં હિંસા બંધ કરાવી હતી. રાજા પ્રદેશીની અંતઃમનમાં જૈન ઉપાસના અને દેવાધિદેવ શ્રી પાર્શ્વપ્રભુની ભક્તિની લગની લાગી હતી. પ્રભાવી આચાર્ય શ્રી કેશીસ્વામીના બોધથી તેઓ પાર્શ્વપ્રભુની ભક્તિમાં ઓતપ્રોત બની ગયા હતા. ગંડક નદીના વિસ્તારમાં ફેલાયેલ પ્રદેશીની રાજધાનીએ તેની ઓત-પ્રોતતાને સાકાર રૂપ આવ્યું.

પ્રદેશી રાજા અને રાણી બંને ગંડક નદીની લહેરોમાં જલક્રીડા કરતાં કરતાં હાથથી આજુબાજુની રેતી ભેગી કરતા હતાં. ભાવવિહ્વલ થઈને ભેગી કરેલી રેતીમાં તેઓશ્રી પાર્શ્વનાથ ભગવાનનું રૂપ બનાવવામાં સફળ થઈ ગયા. અને પ્રતિમાના સ્થાપન માટે રાજા મંદિર બનાવે છે. કેશી ગણધર પાસે આ પ્રતિમાની પ્રતિષ્ઠા

કરાવે છે. પણ સમય જતાં મંદિર નષ્ટ થઈ ગયું અને પ્રતિમા ભૂમિગત થઈ ગઈ.

આ પ્રતિમા ધરણેન્દ્ર અને પદ્માવતીદેવી પોતાના રહેઠાણે પોતાની સાથે લઈ જઈ પૂજા વગેરે કરતા હતા. તેથી તે પ્રતિમા શ્રી ધરણેન્દ્ર અને પદ્માવતી દ્વારા પૂજાયેલી અને રક્ષાયેલી રહી. કલચૂરીના વંશ જ શ્રી ગજસિંહ જૈન ધર્મના અનુયાયી હતા. તેમણે પદ્માવંતી દેવીની શ્રેષ્ઠ ઉપાસના કરી હતી. ગજસિંહની ભક્તિથી પ્રભાવિત થઈ શ્રી પદ્માવતીદેવીએ આ શ્યામવર્ણી પ્રતિમા (૪૭ ઇંચ ઉંચાઈની) તેમને સોંપી. તેમણે ઈ.સ. ૯૧૯માં સંકલ્પ સાથે પ્રતિમા પ્રતિષ્ઠિત કરાવી કે આવી જ બીજી ૧૦૮ પ્રતિમા પોતાના ક્ષેત્રમાં સ્થાપિત કરશે. જો તે પોતાના જીવનકાળમાં ન કરી શકે તો તેના વંશ જ કરશે આ વાતનો ઉલ્લેખ તામ્રપત્ર પર કર્યો છે. આમ તેમણે તેનાં ક્ષેત્ર મહાકૌશલ (હાલનું ઓરિસ્સા)ના સહકારી માર્ગમાં ૧૦૮ જિનમંદિર બનાવી શ્રી પાર્શ્વપ્રભુ અને શ્રી પદ્માવતીદેવીની પ્રતિમાઓ પ્રતિષ્ઠિત કરાવી.

આજ પ્રતિમા ઓક્ટોબર ૧૯૮૧માં ફરીથી ભુવનસિંહને પ્રાપ્ત થઈ. તેની પુષ્ટિમાં એમ કહેવાય છે કે ઉગના ગામના મુખી શ્રી ભુવનસિંહ દ્વારા કૂવો બનાવવામાં આવી રહ્યો હતો ત્યારે ખોદકામ કરતાં ૪૪ ફૂટની ઊંડાઈએ અચાનક એક દિવસ આખો ખાડો દૂધથી ભરાઈ ગયો. એ ખાડામાંથી જીવતા સર્પોથી વિંટળાયેલી શ્રી પાર્શ્વપ્રભુની અલૌકિક પ્રતિમા મળી. આ પ્રદેશ પહેલા પ્રદેશી રાજાનો હતો.

પ્રતિમાનું સર્પોથી વિંટળાવવું અને મૂર્તિમાં ત્રિરંગી સાપનું રહેવું, તે આ પ્રતિમાના સુરક્ષિતપણાનું પ્રતિક છે. આ પ્રતિમાની

સ્થાપના માટે મંદિર નિર્માણની યોજના બનાવી. મંદિર નિર્માણ પૂરું થવા આવ્યું તેના થોડા દિવસ પહેલાં જ એક જ રાત્રે, એક જ સમયે અને એક જ સાથે હીરાચંદજી ભણસાલીજી, રામપુરિયાજી, ભુવનસિંહજી સહિત ૭ વ્યક્તિઓને સ્વપ્ન આવ્યું કે આ પાર્શ્વપ્રભુની પ્રતિમા નગપુરા ગામમાં શ્રી રાવતમલજી મંદિર બનાવી રહ્યા છે તેને સોંપી દો. આ પ્રતિમા નગપુરા તીર્થપતિના રૂપમાં સ્થાપિત થશે. કારણ કે તે સ્થળ સ્વયં પાર્શ્વપ્રભુના ચરણોથી પાવન છે.

આવેલ સ્વપ્ન મુજબ નગપુરા અને રાવલમલજીનો પત્તો લગાવવાની શરૂઆત થઈ. નગપુરા અને રાવતમલજીનો પત્તો લગાવ્યો. અને રાવતમલજીને સંપૂર્ણ કહીકત સંભળાવી અને પ.પૂ. આચાર્ય કૈલાસસાગર સૂરિજી મ.સા.ની સલાહ મુજબ પ્રતિમાજીને નગપુરા લાવવાનું નક્કી થયું. સંસ્કૃતમાં શ્લોક બોલતાં જ ત્રિરંગી સિવાયના બધાં જ સર્પો અદ્રશ્ય થઈ ગયા. પ્રતિમાજીને ડોલીમાં લઈને ત્રણ દિવસની યાત્રા બાદ સડક પર મેટાડોરમાં લાવીને મૂકી. ભાવોલ્લાસ સાથે બધા નગપુરા પહોંચ્યા. પરંતુ નગપુરાના પૂર્વનાળા પર આવીને જ મેટાડોર ઉભી રહી ગઈ. ના આગળ જાય ના પાછળ જાય. બધા જ પ્રયાસોની નિષ્ફળતા બાદ રાવતમલજીએ આ મૂર્તિને કાદવથી ભરેલા ખેતરમાં રાખવાનો નિર્ણય લીધો પછી તપાસ કરતા માલૂમ પડ્યું કે હજારો વર્ષ પહેલા તીર્થંકર પાર્શ્વ અહીં પધાર્યા હતા તેમના વિશ્રામી સ્થળ પર ભક્તજનોએ પ્રભુની પાદુકા સ્થાપિત કરી નાનું મંદિર બનાવ્યું હતું. તેથી આ જ સ્થળે મંદિરની પ્રતિષ્ઠા કરવાનો નિર્ણય લેવાયો અને ઉગના મંદિરમાં બીજી પાર્શ્વનાથની પ્રતિમાં મૂકવાનો નિર્ણય લેવાયો. આમ, ઇતિહાસ પરથી એમ મનાય કે આ જમીન કલચૂરીવંશની હતી કે જેઓ જૈન

તથા શીવના ઉપાસક હતા. આ જ કારણથી અહીંના દરેક ખોદકામો વખતે શ્રી પાર્શ્વપ્રભુ તથા શિવજીની પ્રતિમાઓ મલે છે. શ્રી ઉવસગ્ગહર પાર્શ્વતીર્થનું નિર્માણ આજે પણ કલચુરી વંશજોના જૈન રાજાઓના ઇતિહાસ તાજો કરાવે છે.

### ❖ શિલારોપણના દિવસે ભૂગર્ભ દૂધથી ભરાઈ ગયો

૧૨ ફેબ્રુઆરી ૧૯૮૬ના રોજ દેશભરમાંથી બિરાજેલ પ.પૂ. આચાર્યો, ઉપાધ્યાય, પન્યાસ, સાધુભગવતો દ્વારા અભિમંત્રિત વાસક્ષેપ જેવો પ.પૂ.શ્રી દર્શનવિજયજી મહારાજસાહેબ કૂર્મશિલારોપણ પર નાખ્યો કે તરત જ ભૂગર્ભમાંથી દૂધની ધારા છૂટી. જમીનમાં લગભગ ૧૪ ફૂટની ઊંડાઈ સુધી દૂધ જેવું પાણી અવર્ણનીય સુગંધ પ્રસરાવતું ત્રણ દિવસ સુધી ભરાઈ રહ્યું. જે આજે પણ આશ્ચર્યજનક લાગે છે.

પરમ પૂજ્ય આચાર્ય શ્રી કૈલાશસાગરસૂરિજી મ.સા.ના માર્ગદર્શન હેઠળ ત્યાં. 'શ્રી ઉવસગ્ગહર તીર્થ' નિર્માણ કામ શરૂ થયું અને ૧૦ વર્ષના સંઘર્ષ બાદ નિર્માણકાર્ય પૂરું થયું અને શ્રી લબ્ધિકૃપાપાત્ર પ.પૂ. આચાર્યદેવ શ્રીમદ્ રાજ્યયશ સૂરિશ્વરજી મ.સા.ની શુભ નિશ્રામાં ૫ ફેબ્રુઆરી ૧૯૯૫માં ભવ્ય અંનજશલાકા પ્રતિષ્ઠા મહોત્સવ દ્વારા તીર્થ નિર્માણ કાર્ય પૂરું થયું.

## ૧૨. શ્રી ઉવસગ્ગહર સ્તોત્ર 'આરાધના વિધિ'

જે ભાગ્યશાળી ભવ્ય આત્મા, પ્રાતઃકાળે બ્રહ્મ મૂહૂર્તે (સૂર્યોદય પહેલાંની ચાર ઘડી એટલે દોઢ કલાકને છ મીનીટ) જાગ્રત થઈ મૌનપણે શૌચ ક્રિયા આદિ કરી, સ્નાન કરી, શુદ્ધ પવિત્ર **થઈ પાર્શ્વનાથ પ્રભુની** પ્રતિમા પાસે અથવા પ્રભુની સુંદર આકર્ષક છબી પાસે પૂર્વ દિશા તરફ મુખ રાખી વાસક્ષેપથી પૂજન કરી, ધૂપ

દિપ કરી, નવકાર મંત્રની એક બાંધિ માલા ગણીને પછી શ્રી ઉવસગ્ગહરની માલા ગણવી. એક એક પારે પાંચ ગાથાવાળું આખું શ્રી ઉવસગ્ગહર ગણવું. તેમ પાંચ ગાથા એકસો આઠ વાર ગણવી.

આ સ્તોત્રની અંદર શ્રી ભદ્રબાહુ શ્રુતકેવલીએ અનેક મહામંત્રો ગોઠવેલા છે. જેનાથી ધરણેન્દ્ર, પદ્માવતી, વૈરોટ્યા વિગેરે સહાય કરે છે. આ સ્તોત્રના સાડાબાર હજાર જાપ કરવાથી સર્વ કાર્યો સિદ્ધ થાય છે.

ઉપર દર્શાવેલ સમયે ન બની શકે તો અનૂકૂળ સમયે માળા ગણી શકાય છે. દુષ્ટ ગ્રહ, ભૂત, પ્રેત, શાકિની, ડાકિની વગેરેના ભય તથા સર્વ પ્રકારના રોગ નાશ પામે છે. સુખ, સંતાન, સંપત્તિની પ્રાપ્તિ વગેરે મહાન કાર્યો સિદ્ધ થાય છે.

વર્તમાનકાળમાં ત્રણે ફીરકાના જૈનો, જૈનોતરો વિગેરે હજારો માણસો આ સ્તોત્રનો શ્રદ્ધાપૂર્વક જાપ કરે છે.

❖ **શ્રી ઉવસગ્ગહર સ્તોત્રનો જાપ કરવા અંગેની કાયિક ક્રિયા**

કોઈપણ મંત્ર યા સ્તોત્રનો જાપ કેવી રીતે કરવો તે અંગે ગ્રંથકારો વિધિ દર્શાવે છે. તે વિધિ શ્રી ઉવસગ્ગહર સ્તોત્રના જાપ અથવા સ્મરણ માટે પણ તેટલી જ કૃત્યકારી અથવા કાર્યસાધક છે.

(૧) **યોગશાસ્ત્રમાં જણાવ્યા મુજબ –**

'શરીરને સુખ થાય તેવા આસને બેસી, ઓષ્ઠ પુટને જોડેલું રાખી, નાસિકાના અગ્રભાગ ઉપર નેત્રયુગલને સ્થાપી, દાંતો પરસ્પર સ્પર્શ ન કરે તે રીતે રજોભાવ અને તમોભાવથી રહિત એવું પ્રસન્ન વદન રાખી. પૂર્વાભિમુખ ઉત્તરાભિમુખ યા જિનપ્રતિમાની અભિમુખ બની, પ્રમાદનો ત્યાગ કરી, શરીરને સીધું અને સરલ રાખી ધ્યાનનો પ્રારંભ કરવો જોઈએ.'

(૨) આચાર્ય શ્રી મેરુતુંગસૂરિ વિરચિત સૂરિમુખ્યમંત્ર કલ્પમાં તે નીચે પ્રમાણે સાંપડે છે

'ચંદ્રનાડી દ્વારા વાયુનું રેચન કરવું અને રેચન કરતાં એવી ભાવના કરવી કે રજોગુણરૂપ રક્તવાયુનું રેચન થઈ રહ્યું છે.'

તે પછી સૂર્યનાડી દ્વારા વાયુનું રેચન કરવું અને રેચન વખતે એવી ભાવના કરવી કે દ્વેષરૂપ કૃષ્ણવાયુનું રેચન થઈ રહ્યું છે.

તે પછી ચંદ્રનાડી દ્વારા વાયુને પૂરક કરીને નાભિમાં સ્થાપન કરવો અને તે વખતે ભાવના કરવી કે સત્વગુણ રૂપ શ્વેતવાયુનું આકર્ષણ થઈ રહ્યું છે.

તે પછી હોઠોને સારી રીતે બંધ રાખી, મુખને પ્રસન્ન રાખી, પરસ્પર દાંતોનો સ્પર્શ ન થાય તે રીતે, દૃષ્ટિ નાસિકાના અગ્રભાગ ઉપર યા તો જે ધ્યેય છે તેના બિમ્બ આદિ ઉપર રાખી, જીભનું પણ ચાલન ન થાય તે રીતે અનાહતનાદરૂપ ધ્યેયમંત્ર આદિનું સ્મરણ કરવું.'

### ❖ શ્રી ઉવસગ્ગહર સ્તોત્રનું ધ્યાન

ધ્યાન કરનારા સાધકે આ મનુષ્યલોકમાં રહેલાએ સ્વયં પદ્માસન આદિમાં સ્થિર બેસીને સિદ્ધશિલા ઉપર ઘનીભૂત કર્મોથી મુક્ત શુદ્ધાત્મા-સ્વરૂપે મંગલકારી – કલ્યાણકારી આવાસધામમાં જે મુકતાત્મા, સિદ્ધાત્મા – સ્વરૂપે બિરાજમાન છે, તેમના વિશુદ્ધ સ્વરૂપને જોવું અને સ્વઆત્મા સાથે સરખામણી કરવી. તેમાં પોતાનો આત્મા 'કમ્મઘણ' ઘન ઘાતી કર્મોથી લેપાયેલો છે, તે સ્વરૂપને જુએ અને ધ્યાનની તીવ્રતા વધારતો જાય.... ધ્યાનાગ્નિ ચારેય બાજુ પ્રગટે... અને આ ધ્યાનાગ્નિ સાધકના બધા કર્મો બાળી નાંખે... અને પોતે કર્મોને બળતા જુએ... પોતાને કર્મોથી મુક્ત થતાં જુએ.

ચૌદમાં ગુણ સ્થાનકમાં સોપાનોની નિસરણી પ્રત્યક્ષ દેખે અને પોતાને આગળ વધતો દેખે. પોતાના આત્મા પર લાગેલા મિથ્યાત્વના આવરણોને બળતા જુએ. પોતાને ચોથા સમ્યકૃત્વના ગુણસ્થાન આરૂઢ થતો જુએ. પોતાનામાં વિશુદ્ધ-શ્રદ્ધા જાગેલી જુએ અને આગળના ગુણસ્થાનકે પોતાને દેખે.

પાંચમે શ્રાવકરૂપે, છઠ્ઠે સાધુરૂપે અને સાતમે અપ્રમત યોગી રૂપે પદ્માસનસ્થ ધ્યાનમાં પોતના સ્થિર સ્વરૂપને દેખે. અને એવા સમયે અનાહતચક્ર, હૃદયમાં પાર્શ્વનાથ પ્રભુને સાક્ષાત્ જુએ. પ્રભુની પ્રતિમાને નીરખતો જ રહે... હૃદયમાંથી ભક્તિરસનું ઝરણું વહેતું જુએ. પોતે પોતાને નતમસ્તકભાવે નમેલા વંદન કરતા પ્રભુ સમક્ષ જુએ. આ ભાવોથી કર્મો બળતાં જ જાય છે.

આઠમે ગુણસ્થાનકે ક્ષપકશ્રેણી પર આરૂઢ થતો જુએ અને બારમે ગુણસ્થાનકે મોહનીય કર્મોનો ક્ષય થતા પોતાના આત્માને વિતરાગી સ્વરૂપે જુએ. તેરમાં ગુણસ્થાનકે પોતે પોતાને કેવળજ્ઞાની – કેવળદર્શની – અનંતવીર્યવાન દેખે અને ચૌદમે ગુણસ્થાનકે બાકી રહેલા અઘાતી કર્મોને બળતા દેખે, અંતે સર્વથા કર્મરહિત સૂર્યસમાન તેજસ્વી આત્માને સાક્ષાત દેખે અને જ્યાં પાર્શ્વનાથ પ્રભુ બિરાજમાન છે ત્યાં તેમની પાસે પોતે પોતાના આત્માને પણ દેખે. મારો આત્મા અને પાર્શ્વપ્રભુનો આત્મા, બંને તેજસ્વી તેજ-પુંજના બે ગોળા સૂર્યસમાન સ્વરૂપે જોતો જ રહે. વારંવાર આ અભ્યાસ કરવાથી એક અદ્ ભૂત અનોખો આનંદ અનુભવાય છે.

આ રીતે શ્રી ઉવસગ્ગહર સ્તોત્રનું યથાર્થ સ્વરૂપ સમજીને તેના ધ્યાનથી સાધના પણ ઉત્તમ રીતે થઈ શકે છે. સાધક, સાધન વડે સાધના કરતો કરતો સાધ્યને પામે છે.

## ૧૩. ચક્રોમાં શ્રી ઉવસગ્ગહર સ્તોત્ર ગણવાની પ્રક્રિયા

એક મહાત્માએ ચક્રોમાં શ્રી ઉવસગ્ગહર સ્તોત્ર ગણવાની પ્રક્રિયા વર્ષો પહેલાં બતાવી હતી. તે નીચે દર્શાવવામાં આવી છે.

**ચક્રોના સ્થાન**




નીચે મૂલાધાર ચક્રથી ઉપર સહસ્રાર ચક્ર સુધી અર્થભાવન સાથે પારાવાર ભાવપૂર્વક, આંતરજાગૃતિ રાખી આ પ્રક્રિયા કરવાની છે.

નીચેથી ઉપર એટલે મૂલાધાર, - સ્વાધિષ્ઠાન – મણિપુર – અનાહત-વિશુદ્ધિ-આજ્ઞા અને સહસ્રાર ચક્ર એમ ગણવાનું છે.

(૧) **મૂલાધાર ચક્રમાં પ્રથમ ગાથાની પહેલી પંક્તિ**
'શ્રી ઉવસગ્ગહર પાસં, પાસં વંદામિ'

- સર્વ પ્રકારના ઉપસર્ગો-ઉપદ્રવો-વિઘ્નોને દૂર કરનાર પાર્શ્વયક્ષ જેમની સેવામાં છે તેવા શ્રી પાર્શ્વનાથ ભગવંતને અત્યંત ભાવથી હું વંદન કરું છું.
- દેવાધિદેવ શ્રી પાર્શ્વનાથ જિનેશ્વર જો આપણા હૈયામાં આપણી પાસે હોય તો, સર્વ પ્રતિકૂળતાઓનો ક્ષય થાય છે. એવા શ્રી પાર્શ્વપ્રભુને હું મૂલાધાર ચક્રમાં ભાવપૂર્વક સ્થાપિત કરીને વંદન કરું છું.

(૨) **સ્વાધિષ્ઠાન ચક્રમાં** – પ્રથમ ગાથાની બીજી પંક્તિ
'કમ્મઘણમુક્કં'

- કર્મોરૂપી વાદળોથી અથવા ગાઢ કર્મોથી જે મુક્ત થયેલા છે એવા શ્રી પાર્શ્વનાથ ભગવંતને હું વંદન કરું છું. પ્રભુના નામ સ્મરણથી મારા ઘાતી કર્મોનો ક્ષય થાઓ. હે પ્રભુ ! આપ મારા સ્વાધિષ્ઠાન ચક્રમા સ્થાપિત થાઓ !

(3) **મણિપુર ચક્રમાં** – પ્રથમ ગાથાની ત્રીજી પંક્તિ
'વિસહર વિસ નિન્નાસં'

- ઝેરી સર્પોના વિષનો સંપૂર્ણ પણે ક્ષય કરનારા-મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ અને કષાય જેવા કર્મબંધના કારણરૂપ કાળોતરા નાગ અમને કરડ્યા છે. તેનું વિષ જે પ્રભુ પ્રત્યેની ભક્તિથી ક્ષય પામે છે. એવા શ્રી પાર્શ્વનાથ ભગવંતને હું મણિપુર ચક્રમાં પ્રસ્થાપિત કરીને ભાવપૂર્વક વંદન કરું છું.

(૪) **અનાહત ચક્રમાં** – પ્રથમ ગાથાની ચોથી પંક્તિ
'મંગલ કલ્લાણ આવાસ'

- મંગલો અને કલ્યાણોનો જે સ્થાન છે એવા શ્રી પાર્શ્વનાથ પ્રભુ મારા અનાહત ચક્રમાં બીરાજમાન થાઓ. હું એમના આ સ્વરૂપને ભાવપૂર્વક વંદન કરું છું.

(૫) **વિશુદ્ધિચક્રમાં** – શ્રી ઉવસગ્ગહર સ્તોત્રની ગાથા ૨ અને ૩

'વિસહર ફૂલિંગમંતં,
કંઠે ધારેઈ જો સયા મણુઓ ।
તસ્સ ગહ રોગ મારી,
દુટ્ઠ જરા જંતિ ઉવસામં ॥'

'વિસહર કુલિંગ' મંત્રને જે મનુષ્ય સદાકાળ જાપ કરે છે, તે જાપ કરનારના પ્રતિકૂળ ગ્રહો અથવા તો ભૂત-પ્રેત-પિશાચ વગેરેના આવેશો શાંત થાય છે.; અને રોગો મરકી તથા દુષ્ટ જવરો વિનાશ પામે છે.

'ચિટ્ઠઉ દૂરે મંતો,
તુજઝ પણામો વિ બહુફલો હોઈ ।
નરતિરિએસુ વિ જીવા
પાવંતિ ન દુક્ખ દોગચ્ચં ॥'

હે ભગવાન ! વિષધર સ્ફૂલિંગ મંત્રની વાત તો દૂર રહી, પરંતુ તમને કરેલ પ્રણામ જ અનેક ફળ આપે છે; કેમ કે તમારી પ્રત્યેની ભક્તિથી મનુષ્ય તો શું તિર્યંચ – પશુ પક્ષીઓ પણ દુઃખ અથવા દુર્ભાગ્ય પામતા નથી.

...... ગાથા ૩

આ પ્રકારની અંતઃકરણની ભાવના દ્વારા હું ગાથા ૨ અને ૩ ને મારા વિશુદ્ધિ ચક્રમાં પ્રસ્થાપિત કરું છું.

(૬) **આજ્ઞાચક્રમાં – શ્રી ઉવસગ્ગહર સ્તોત્રની ગાથા ૪**

'તુહ સમ્મત્તે લદ્ધે,

ચિંતામણિ કપ્પપાયવબ્ભહિએ

પાવંતિ અવિગ્ઘેણં

જીવા અયરામર ઠાણં'

હે પાર્શ્વનાથ પ્રભુ ! ચિંતામણિ રત્ન અને કલ્પવૃક્ષથી પણ અત્યંત અધિક એવા સમ્યક્ત્વને તમારી પાસેથી પ્રાપ્ત કરીને જીવો વિઘ્નરહિત પણે જરા મરણ રહિત એવા મોક્ષ સ્થાનને પામે છે. આ ભાવને ધારણ કરીને હું ભાવપૂર્વક ચોથી ગાથાને મારા આજ્ઞાચક્રમાં પ્રસ્થાપિત કરું છું.

(૭) **સહસ્રાર ચક્રમાં – શ્રી ઉવસગ્ગહર સ્તોત્રની ગાથા ૫**

'ઈઅ સંથુઓ મહાયસ !

ભત્તિબ્ભર – નિબ્ભરેણ હિઅએણ

તો દેવ ! દિજ્જ બોહિં,

ભવે ભવ પાસ જિણચંદ'

'મહાન છે યશ જેમનો એવો શ્રી પાર્શ્વનાથ પરમાત્મા ! મેં આ પ્રકારે ભક્તિથી છલકાતા હૈયા વડે તમારી ભાવપૂર્વક સ્તુતિ કરી છે તેથી કરીને હે પાર્શ્વ જિનચંદ્ર ! મારા દેવાધિ દેવ ! હું મોક્ષ પ્રાપ્ત કરું ત્યાં સુધીના દરેક ભવમાં મને સમ્યક્ ત્વ આપો ! આ શુદ્ધ ભાવ હું ધારણ કરીને આપને મારા સહસ્રાર ચક્રમાં પ્રસ્થાપિત કરું છું.'

ચક્રોમાં નીચેના મૂલાધારથી ઉપરના સહસ્રાર સુધીમાં શ્રી ઉવસગ્ગહર સ્તોત્રનું સ્મરણ અધિક અધિક ભાવોલ્લાસ માટે છે.

પાંચમી ગાથામાં પૂજ્ય શ્રી ભદ્રબાહુસ્વામીએ ગુણાનુવાદના સ્તોત્રની મુખ્ય ચાવી 'ભતિબ્ભર નિબ્ભરેણ હિઅએણ' પંક્તિ વડે

આપણને આપી છે. પરમાત્માની સ્તુતિ - ભક્તિ છલકાતાં હૈયા વડે કરવાની છે. હૃદયમાં પ્રભુ પ્રત્યેના ભાવો જો છલકાતા ન હોય, હૈયું રસાર્દ્ર ન બન્યું હોય, સ્તુતિના શબ્દો માત્ર યાંત્રિક પણે બોલાઈ જતા હોય તો તેમાં ભક્તિયોગની સ્પર્શના પણ નથી.

**૧૪. શ્રી ઉવસગ્ગહર સ્તોત્રનું વૈજ્ઞાનિક રહસ્ય**

સ્તોત્ર તથા મંત્રરચનામાં અક્ષરોની ગૂંથણી ધ્વનિની આવૃત્તિ પર આધારિત હોય છે. એના વડે દેવતાઈ તત્વોનું આહ્વાન થતું હોવાથી મંત્રોના હ્રસ્વ અને દીર્ઘ સ્વર, સૂર, છંદ વગેરેની વિચારપૂર્વક ગોઠવણી કરવામાં આવે છે. મંત્રમાં ગહન રીતે સ્થાપિત થયેલા બીજાક્ષરો ધારેલું ફળ આપવા શક્તિમાન બને છે. (જેમ કે બીજમાંથી વૃક્ષ તૈયાર થઈ ફળ આપે તેમ.)

શ્રી ઉવસગ્ગહર સ્તોત્રનું પઠન-પાઠ જાપ વિવિધ પ્રણાલીથી થાય છે જેમાં મુખ્યત્વે.....

(૧) સ્તોત્રની ગાથાઓને શુદ્ધ ઉચ્ચારપૂર્વક મોટેથી હ્રસ્વ અને દીર્ઘ સ્વર પ્રમાણે લયપૂર્વક પ્રગટ રીતે બોલવામાં આવે છે.

(૨) આ સ્તોત્રનો જાપ મનમાં કરાય છે.

(3) તેની માળા ગણવામાં આવે છે.

(૪) કાયોત્સર્ગ - કાઉસગ્ગની ક્રિયામાં આ સ્તોત્રનો જાપ કરાય છે.

(૫) કોઈ ભારે વિઘ્નના નિવારણ અર્થે અઠમ તપ કરી વિધિવત્ ત્રણ દિવસ આ સ્તોત્રના જાપ કરવામાં આવે છે.

ઉપરોક્ત કોઈપણ પ્રકારે સ્તોત્રનું પઠન કરવાથી તેના સૂર કંઠમાં રેલાય છે, જે કંઠમાં સ્થિતિ થાઈરોઈડ ગ્રંથિને ચેતનવંતી કરે

છે. મંત્રજાપ સમયે ચિત્ત નિર્મળ હોવું જોઈએ. ચિત્તની શુદ્ધિ કર્યા બાદ એકાગ્રતાથી ચેતન કેન્દ્રો પર જાપ કરવાથી, શરીરમાં સ્થિત વિવિધ અંતઃસ્રાવી ગ્રંથિઓમાં વહેતો સ્રાવ - હોર્મોન નિયમિત થઈ શરીર નિરોગી બનાવે છે. અંતઃસ્રાવી ગ્રંથીઓ અને સ્તોત્ર સાદ વચ્ચે વૈજ્ઞાનિક સંબંધ નીચે મુજબ છે.

અંતઃસ્રાવી ગ્રંથિઓમાંથી વહેતો સ્રાવ (હોર્મોન્સ) સીધો જ રક્તમાં પ્રવાહિત થાય છે. એ રક્ત શરીરના સંપૂર્ણ અવયવોમાં ફરે છે. જે શરીરનું નિયમન કરે છે.

જ્યારે સાધક લયપૂર્વક એકાગ્રતાથી મંત્રોચ્ચાર કરે છે, ત્યારે તેના રટણથી વાઈબ્રેશન થાય છે. જેનાથી મસ્તકમાં રહેલી પીચ્યુટરીગ્લેન્ડ જાગૃત થાય છે. અને મગજની અંદર કેવીટી (ખાલી જગ્યા) સાયનેસ હોય છે, ત્યાં વાઈબ્રેશનની અસર થાય છે. અને મગજની બધી ગ્રંથિઓ કાર્યરત થાય છે. તે સિવાય સ્વરયંત્રની ગ્રંથિ અને પેરાથાઈરોઈડ ગ્રંથિ પર પણ એની અસર થાય છે જે બંને પાચનતંત્રનું નિયમન કરે છે. સ્તોત્રને મોટેથી પ્રગટ રીતે બોલવાથી થાઈરોઈડના રોગ પર નિયંત્રણ આવે છે.

મહાપ્રભાવક શ્રી ઉવસગ્ગહર સ્તોત્ર નિયમિત ભણવાથી એડ્રેનલ ગ્રંથિઓ પ્રભાવિત થાય છે, જે નાભિ પાસે આવેલી છે જે જીવન ઉપયોગી વિવિધ સ્રાવો ઉત્પન્ન કરે છે.

આ સ્તોત્રના નિયમિત સ્મરણથી તનાવ, સ્ટ્રેસ, ચિંતા દૂર થાય છે. સાધક ગુસ્સો, ડર, શોક જેવા કષાયો પર કાબૂ મેળવે છે. સાધકના ચૈતન્ય કેન્દ્રો જાગ્રત થતા એકાગ્રતા, સહનશીલતા, ક્ષમા જેવા ગુણો ખીલે છે.

શ્રી ઉવસગ્ગહર સ્તોત્રના જાપથી આભામંડળ, લેશ્યા, ઓરા પણ પ્રભાવિત થાય છે. જો સાધક કષાય રહિત થઈ શુદ્ધ ભાવધારા

વહાવી નિર્મળ થઈ મંત્રજાપ કરે તો તેનામાં શુભધ્યાનની ધારાવહેતી થાય છે.

વૈજ્ઞાનિક સિદ્ધાંત પ્રમાણે દરેક વસ્તુના વાઈબ્રેશન હોય છે. જ્યારે સાધક મંત્રોચ્ચાર કરે છે ત્યારે આંતરમન પર તેની અસર થાય છે. તે સંપૂર્ણ જાગ્રત થઈ જાય છે. વહેલી સવારે મંત્રજાપ કરવાથી તેની અસર અર્ધજાગૃત મન પર વધારે પડે છે. જેમાં અનંતશક્તિ છુપાયેલી છે.

સ્તોત્રનાં ઉચ્ચાર પૂર્વક લયબધ્ધ જાપ કરતા તે વાતાવરણમાં એક ખાસ અસર પેદા કરે છે. જેના દ્વારા સાધકના સર્વ સંકલ્પો સિદ્ધ થાય છે. મંત્રધ્વનિથી અદ્રશ્ય રીતે દેવી દેવતા સહાય કરવા તત્પર થાય છે.

શ્રી જૈન વિશ્વભારતી લાડનૂના બી.એ.ના ‘જીવવિજ્ઞાન’ ના પુસ્તકમાં આધ્યાત્મિક વિજ્ઞાનના સમન્વય કરતા પ્રયોગ દર્શાવ્યા છે. જેમાં જણાવ્યા મુજબ કોઈ પણ વ્યક્તિની શારીરિક અને માનસિક પીડા ધાર્મિક પ્રવચન સાંભળવાથી શાંત થાય છે, વિજ્ઞાન જગત મુજબ જ્યારે વ્યક્તિ પોતાની શ્રધ્ધાના વિષયની વાત શ્રવણ કરે છે, ત્યારે મસ્તિષ્કમાં પ્રશાંતભાવ જાગૃત થાય છે. જેથી અંતઃસ્ત્રાવી ગ્રંથીઓ કાર્યશીલ બનતા પીડા શાંત થાય છે.

## ૧૫ ઉપસંહાર

જૈન પરંપરા આવા મહામંગલકારી સ્મરણો કે સ્તોત્રોમાં નમસ્કાર મહામંત્ર, શ્રી ઉવસગ્ગહર મંત્ર, સંતિકરં, નમિઊણ, ચિંતામણિ સ્તોત્ર, ભક્તામર સ્તોત્ર, કલ્યાણમંદિર જેવા અનેક સૂત્રો છે કે જેમાં તીર્થંકર ભગવાનની સ્તુતિ છે અને મંત્રોની ગૂંથણી છે. જેની રચના કોઈ સામાન્ય વ્યક્તિ દ્વારા નહિ પરંતુ જેની ચેતના તીર્થંકર ભગવાનની' ચેતના સાથે જોડાઈ ગઈ હોય તેવા મહાન

સાધકો, મહાપુરુષો દ્વારા થાય છે ત્યારે તેના શબ્દો, શબ્દ ન રહેતા, દરેક શબ્દ મંત્ર બની જાય છે.

તેમાં પણ ભદ્રબાહુ સ્વામી જેવા ચૌદપૂર્વના જ્ઞાનના જાણકાર કે જેમણે નેપાળમાં જઈ હિમાલયમાં સાડાબાર વર્ષ સુધી મહાપ્રાણ-ધ્યાનની આરાધના કરી હોય, તેવા મહાપુરુષ આ સ્તોત્રની રચના કરે તો તેના શબ્દોમાં કેટલી તાકાત હોય, તે સમજી શકાય છે. ચૈતન્યથી છલકાતા એક એક શબ્દ અને અક્ષર મંત્ર સમાન છે.

**શ્રી ઉવસગ્ગહર સ્તોત્ર એ પરમાત્માની એવી ઉત્કૃષ્ટ ભક્તિ** છે જે ભક્તિ કરતાં કરતાં અવગુણો ધોવાઈ જાય છે, આત્મા નિર્મળ બને છે અને સમ્યગ્ દર્શનની પ્રાપ્તિ થાય છે.

આ સ્તોત્રમાં સમ્યક્દૃષ્ટિ આત્માની વિકાસયાત્રાનું આલેખન છે. પ્રથમ તો સમ્યકદૃષ્ટિ આત્મા સંસારના સુખોને અને દુઃખોને સાચા હૃદયથી સ્વીકારતો હોવા છતાં ધર્મમય જીવનની સુરક્ષા માટે પ્રભુ પાસે દુઃખનાશની માગણી કરે છે. એથી આગળ વધીને બીજા પગલે સાંસારિક દુઃખ કરતાંય વધુ મહત્વનો દુર્ગતિનાશ ઇચ્છે છે. અને એનાથી આગળ વધીને તે સમ્યકદર્શનની-જે અંતે મોક્ષનું પરમ કારણ છે તેની તીવ્ર માંગણી કરે છે.

આ રીતે સ્તોત્રમાં પરમાત્માના દર્શન કરીને અને તેમનાં પ્રત્યે અહોભાવ પ્રગટ કરી એમને જોતાં, પામતાં, ધ્યાન ધરતાં, જપ કરતાં કરતાં પરમાત્મા જેવા બનવાનો ભાવ જાગે છે.

આ સ્તોત્ર પ્રગટ, પ્રભાવક, મહા ચમત્કારિક, મહા લબ્ધિવંત, કલિકાલ કલ્પતરુ સમાન મહાન સિદ્ધદાયક અને ભગવાનના સ્મરણથી સમક્તિદાયક છે.

## સંદર્ભગ્રંથ સૂચિ


ગુજરાતી :

(૧) ધામી, વિપુલકમાર મોહનલાલ, શ્રી પાર્શ્વ - પદ્માવતી, નવયુગ પુસ્તક ભંડાર, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ, ૨૦૦૨

(૨) શાહ, ધીરજલાલ ટોકરશી, શ્રી ભક્તામર રહસ્ય, નવભારત સાહિત્ય મંદિર, અમદાવાદ, બીજી આવૃત્તિ, ૧૯૯૯

(3) વોરા ડૉ. રેખાબેન વ્રજલાલ, ભક્તામર તુભ્યં નમઃ, જયભિખ્ખુ સાહિત્ય ટ્રસ્ટ, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ, ૨૦૦૯

(૪) **દોશી, અમૃતલાલ કાલીદાસ (સં.), શ્રી ઉવસગ્ગહર સ્તોત્ર** સ્વાધ્યાય, જૈન સાહિત્ય વિકાસ મંડળ, મુબંઈ,

(૫) નંદલાલ દેવલુક (સં.), શાસનપ્રભાક શ્રામણ ભગવંતો ભાગ-૧, અરિહંત પ્રકાશન, ભાવનગર, દ્વિતીય આવૃત્તિ, ૧૯૯૨.

(૬) સાધ્વીજી પ્રશમિતાશ્રીજી (સં.), સૂત્ર-સવેદના ભાગ-૨, સન્માર્ગ પ્રકાશન, પ્રથમ આવૃત્તિ, ૨૦03

(૭) ખેતાજી, દુર્લભજી (અનુ.), ઉત્તરાધ્યયન સૂત્ર, ચીમનલાલ શાહ, મુંબઈ, પ્રથમ આવૃત્તિ, ૧૯૭3

(૮) શ્રી ત્રિપુટી મહારાજ, જૈન પરંપરાનો ઇતિહાસ, ભાગ-૧, યશોવિજયજી જૈન આરાધના ભવન, પાલીતાણા, દ્વિતીય આવૃત્તિ, ૨૦૦૦

(૯) **શેઠ, નગીનદાસ ગિરધરલાલ (લે. સં.), મૂળ જૈન ધર્મ અને** હાલના સંપ્રદાયો, પ્રથમ આવૃત્તિ, ૧૯૬૨

(૧૦) શેઠ રસિકલાલ છગનલાલ, આગમસાર, નટવરલાલ છગનલાલ શેઠ, રાજકોટ, પ્રથમ આવૃત્તિ, ૧૯૯૦

(૧૧) મેહતા મોહનલાલ (લે.), જૈન સાહિત્યનો બૃહદ ઇતિહાસ ભાગ-3, આગમિક વ્યાખ્યાઓ, ડૉ. રમણીક શાહ (અનુ.) પ્રથમ આવૃત્તિ, ૨૦૦૭.

(૧૨) કુમારપાળ દેસાઈ (લે.), જિનશાસનની કીર્તિગાથા, અનિલભાઈ ગાંધી, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ, ૧૯૯૮

(૧૩) નંદલાલ દેવલુક (સં.), જૈન પ્રતિભાદર્શન અભિવાદન ગ્રંથ, અરિહંત પ્રકાશન, ભાવનગર, પ્રથમ આવૃત્તિ, ૨૦૦૦

(૧૪) ધામી, વિમલકમાર મોહનલાલ (લે.), ચોવીસ તીર્થંકર, નવીનચંદ્ર મોહનલાલ મહેતા, ત્રીજી આવૃત્તિ, ૨૦૦૦

(૧૫) દોશી, મનુભાઈ (લે.), મહાપ્રભાવક સ્તોત્રથી ભક્તામરનો ભક્તિમાર્ગ, જ્ઞાનદીપ પ્રકાશન, પ્રથમ આવૃત્તિ, ૧૯૯૮

(૧૬) ઉપાધ્યાયશ્રી ઉમાસ્વાતિજી, તત્વાર્થાધિગમ સૂત્ર, જૈનધર્મ પ્રસારણ ટ્રસ્ટ, સુરત., મહેતા ધીરજલાલ ડાહ્યાલાલ (અનુ.), દ્વિતીય આવૃત્તિ, ૨૦૦૩

(૧૭) શ્રી જૈનસ્તુતિ, સ્વાધ્યાય મંડળ, પ્રથમ આવૃત્તિ, ૧૯૯૪

(૧૮) શ્રી ત્રિષષ્ટિશલાકા પુરુષ ચારિત્ર, ભાગ-૩, શ્રી જૈન પ્રકાશક મંદિર, શ્રી કુંવરજીભાઈ, પ્રથમ આવૃત્તિ, ૧૯૯૬

(૧૯) જૈન હરિલાલ (લે.) શ્રી ચોવીસ તીર્થંકર ભગવંતોનું મહાપુરાણ, અખિલ ભારતીય જૈન યુવા ફેડરેશન, તૃતીય આવૃત્તિ, ૧૯૯૫

(૨૦) શ્રી ચિદાનન્દ સૂરીશ્વરજી મહારાજ, જીવત્વ - જીવનતત્વ વિચારક પ્રકાશક, પદ્માવતી પ્રકાશન મંદિર, દિલ્હી, દ્વિતીય આવૃત્તિ, (વિ.સ.-૨૦૫૫)

(૨૧) વિજય ભાનસૂરિશ્વરજી મહારાજ, પરંમતેજ ભાગ-૧, દિવ્યદર્શન ટ્રસ્ટ, કલિકંડ, તૃતીય આવૃત્તિ, ૧૯૯૬

(૨૨) આચાર્ય વિજય ભદ્રગુંણીસૂરીશ્વરજી મહારાજશ્રી ઉવસગ્ગહર સ્તોત્ર – વિવેચન શ્રી વિશ્વ કલ્યાણ પ્રકાશન ટ્રસ્ટ, પ્રથમ્ આવૃત્તિ, ૧૯૯૮

(૨૩) આચાર્ય મહાપ્રજ્ઞ, ભક્તામર અંતરાલનો સ્પર્શ, અનેકાન્ત ભારતી પ્રકાશન, સુરત, પ્રથમ આવૃત્તિ, ૧૯૯૮

(૨૪) આચાર્યશ્રી ધર્મધુરંધરવિજયજી મ. સા., શ્રી ઉવસગ્ગહર મહાપૂજન, એમ. બાબુલાલ પ્રિન્ટરી, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ, વિ.સં.-૨૦૪૩

(૨૫) શ્રી મૃગેન્દ્રમુનિશ્રી મહારાજ, શ્રી મોહનલાલજી અર્ધશતાબ્દિ સ્મારકં ગ્રંથ, મોહનલાલશ્રી અર્ધશતાબ્દિ સ્મારક ગ્રંથ પ્રકાશન સમિતિ, પ્રથમ આવૃત્તિ, ૧૯૬૪

(૨૬) મુનિશ્રી ગુણભદ્રવિજયજી, વેરના વમળમાં, જ્યોતિન ચીમનલાલ શેઠ, આઠમી આવૃત્તિ,, વિ.સં. ૨૦૫૩

(૨૭) પ.પૂ.પન્યાસશ્રી ભદ્રંકરવિજયજી ગણિવર, પ્રબોધટીકા, ભાગ-૧, ગુજરાત રાજ્ય સાહિત્ય વિકાસ મંડળ, મુંબઈ.

(૨૮) નવાબ, સારાભાઈ મણિલાલ, મહાપ્રભાવિક નવસ્મરણ, પ્રથમ આવૃત્તિ, ૧૯૩૮

(૨૮) શાહ, ધીરજલાલ ટોકરશી, શ્રી ઉવસગ્ગહર સ્તોત્ર જૈનમંત્રવાદની ગાથા, નવભારત સાહિત્ય મંદિર, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ, ૧૯૭૪

(૨૯) આચાર્યશ્રી નંદિઘોષ વિજયજી, જૈનદર્શનના વૈજ્ઞાનિક રહસ્યો, ભારતીય પ્રાચીન વૈજ્ઞાનિક રહસ્ય શોધ સંસ્થાન, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ, ૨૦૦૦

(30) રત્નશેખરસૂરીશ્વરજી મહારાજા (ટીકાકર્તા), શ્રાધ્ધવિધિ પ્રતિક્રમણ, ભદ્રંકર પ્રકાશન, અમદાવાદ, પંડિત દામોદર ગોવિંદાચાર્ય, દ્વિતીય આવૃત્તિ, વિ.સં. ૨૦૫૪

(૩૧) શાહ, કિરણભાઈ (સં.), જગમણિ પુષ્પમાલા, પ્રથમ આવૃત્તિ.

(૩૨) દેવસિચ-રાઈસ બે પ્રતિક્રમણસૂત્રો (અર્થ સહિત), બાબુલાલ જે. મહેતા, મહેસાણા, બારમી આવૃત્તિ, વિ.સં. ૨૦૪૭.

(33) શાહ ધીરજલાલ ટોકરશી, પાર્શ્વ - પદ્માવતી આરાધના, નરેન્દ્રકુમાર ધીરજલાલ શાહ, અમદાવાદ, બીજી આવૃત્તિ, ૧૯૭૫

(૩૪) નંદલાલ દેવલુક (સં.) પાર્શ્વનાથોસર્ગ હારિણી શાસનદેવીશ્રીપદ્માવતી માતા, અરિહંત પ્રકાશન, ભાવનગર, પ્રથમ આવૃત્તિ, ૧૯૯૫.

(૩૫) શાહ ધીરજલાલ ટોકરશી, મંત્રદિવાકર, નવભારત સાહિત્ય મંદિર, અમદાવાદ, બીજી આવૃત્તિ, ૧૯૯૮

(૩૬) શાહ જશવંતલાલ ગીરધરલાલ, પંચ પ્રતિક્રમણ સૂત્ર, જૈન પ્રકાશન મંદિર, અમદાવાદ, નવમી આવૃત્તિ.

(૩૭) શાહ ધીરજલાલ ટોકરશી, મંત્ર ચિંતામણી, નવભારત સાહિત્ય મંદિર, અમદાવાદ, બીજી આવૃત્તિ, ૧૯૯૮

(૩૮) ટી. કે. તુકોલ, જૈનદર્શન, ચત્રા શુકલ, પ્રથમ આવૃત્તિ, ૧૯૭૮

(૩૯) શાંતિલાલ ગોલછા, અદ્ભૂત અને મહાપ્રભાવિક શ્રી ઉવસગ્ગહર પાર્શ્વતીર્થની ગૌરવગાથા, મનમોહનચંદ કાનૂગા, શેઠ લબ્ધિનાથ શાંતિનાથ પારસ ટ્રસ્ટ, પો. નાગરપુર, જિ. દુર્ગ (મ. પ્ર.), પ્રથમ, આવૃત્તિ, ૧૯૯૨

(૪૦) ખુશાલદાસ જગજીવનદાસ (સં.) યોગશાસ્ત્ર, મહાવીર જૈન વિદ્યાલય, મુંબઈ, તૃતીય આવૃત્તિ, ૧૯૬૫

(૪૧) ગણિવર્ય વીરશેખરવિજયજી મહારાજ, શ્રી ઉવસગ્ગહર મહાયત્નપૂજન વિધિ, પ્રથમ આવૃત્તિ, ૧૯૮૨

(૪૨) યુગ દિવાસર શ્રી નમ્રમુનિસાહેબ, શ્રી ઉવસગ્ગહર સ્તોત્ર, પારસધામ, મુંબઈ, પ્રથમ આવૃત્તિ, ૨૦૧૧

(૪૩) ગુણવંત બરવાળિયા (સં.), શ્રી ઉવસગ્ગહર સ્તોત્ર - એક અધ્યયન, સૌરાષ્ટ્ર કેસરી પ્રાણગુરુ જૈન ફિલોસોફિકલ એન્ડ લીટરરી રીસર્ચ સેન્ટર, મુંબઈ, પ્રથમ આવૃત્તિ, ૨૦૧૦.

(૪૪) પ.પૂ. આચાર્યશ્રી વિજય રત્નચંદ્રસૂરિ મ. સા., ચાલો પૂજા ભણાવીએ, શ્રી પાર્શ્વ ભક્તિ મંડળ, અમદાવાદ, આઠમી આવૃત્તિ, વિ. સં. ૨૦૫૭

હિન્દી :

(१) साध्वी दिव्यप्रभा, कुसुम अभिनंदन ग्रंथ, प्रकाशन समिति, श्रीचन्द सुराना, वि.सं. १६६०

(२) मुनिश्री यशोविजयजी महाराज, स्तोत्रावलि, श्री यशोभारती जैन प्रकाशन समिति, मंबई, प्रथम आवृत्ति, १९७५

(३) उ□ाध्याय अमरचंदजी, कल्याणमंदिर स्तोत्र, सम्मति ज्ञान□ीठ, आगरा, प्रथम आवृत्ति, २००२

(४) मुनि माणिक, भद्रबाहु और कल□सूत्र, बिहारीलाल गिरिलाल जैनी, प्रथम आवृत्ति, १९१५

(५) मुन्शीक्षमा, □ार्श्वनाथ चरित महाकाव्य, लालभाई दल□तभाई भारतीय संस्कृति, अहमदाबाद, प्रथम आवृत्ति, १९८६

(६) का□□ीया हिरालाल □ी., प्रियंकर नृ□कथा, प्रथम आवृत्ति, १९३२

(७) साध्वी देवेन्द्र ऊर्हम वचनम्, ज्योतिश्रीजी महाराज, प्रथम आवृत्ति, २०६२

(८) □ॉ. अजितप्रसाद जैन, उवसग्गहरं □ार्श्व तीर्थ, नमस्कार मं□ल, मुंबई, प्रथम आवृत्ति, १९९५

(९) मुनिवर्य तत्वानंदविजयजी, नमस्कार स्वाध्याय, नवीनचंद्र अंबाबाल मुंबई, प्रथम आवृत्ति, १९६१

(१०) नवाब मणिलाल साराभाई, जैनस्तोत्र संदोह भाग-२, अहमदाबाद,

**English :**

(1) Shri Amar Muni, Illustrated Tirthankar, Chritra, Padam Prfakaran, Shricand Surana, First Editing, 1995.

**સમાચાર પત્ર :**

(૧) ગુજરાત સમાચાર, તા. ૨૪-03-૨0૧૩.